# સાબરકાંઠા જિલ્લાનો
# કચ્છ કડવા પાટીદાર સમાજ

## ડૉ. દિવ્યા પટેલ



# સાબરકાંઠા જિલ્લાનો
# કચ્છ કડવા પાટીદાર સમાજ

## ડો. દિવ્યા પટેલ



# સાબરકાંઠા જિલ્લાનો કચ્છ-કડવા પાટીદાર સમાજ

ડૉ. દિવ્યા પટેલ

જ્ઞાનમંદિર પ્રકાશન
૧૭૬૦, ગાંધી રોડ, બાલાહનુમાન પાસે, અમદાવાદ ૩૮૦ ૦૦૧

Sabarkantha JIllano Kutch-Kadva Patidar Samaj
By Dr. Divya Patel
Pub. by Gnyanmandir Prakashan, Gandhi Road, Ahmedabad 380 001
2013

ISBN 978-93-82614-03-6

પ્રકાશક
કુણાલ મદ્રાસી
જ્ઞાનમંદિર પ્રકાશન
1760, ગાંધીમાર્ગ, બાલાહનુમાન પાસે,
અમદાવાદ 380001

પ્રથમ આવૃત્તિ : 2013



₹ 100-00

મુદ્રક
રાજ પ્રિન્ટર્સ એન્ડ બાઈન્ડર્સ
11, પુનાજી એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ 380 004

## અર્પણ

**ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરઃ ।**
**ગુરૂ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ ॥**

**માનવજીવનમાં પડેલા અજ્ઞાનને દૂર કરી જ્ઞાનરૂપી દીપક પ્રગટાવનાર**
**ગુરુવર્ય સંત શ્રી તુલશીબાપા**
**અને**
**સંતશ્રી શાંતિદાસજી મહારાજને**

**મારા અજ્ઞાનને દૂર કરી જ્ઞાનરૂપી જ્યોતિના પ્રકાશમાં લઈ જનાર મારા બંને ગુરુજીઓને આ પુસ્તક અંતઃકરણપૂર્વક સાદર અર્પણ કરું છું.**

•

**ડૉ. દિવ્યા પટેલ**

# પ્રસ્તાવના

અરવલ્લીની ગિરિમાળાઓથી વીંટળાયેલા ઘેઘુર વનરાજી, અનેક નદીઓ તથા ઝરણાથી શોભતા જે વિસ્તારને આજે આપણે 'સાબરકાંઠા' તરીકે ઓળખીએ છીએ તે પ્રાચીન કાળમાં 'શ્વભ્ર' તરીકે ઓળખાતો હતો. શ્રી હસમુખ સાંકળિયાને મોડાસામાંથી આદિઅશ્મયુગ તથા છેલ્લા અશ્મયુગના પ્રાપ્ત થયેલાં ઓજારો તથા આ જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના સાડોલિયા ગામેથી મળી આવેલાં પથ્થરયુગનાં પતરી, હાથકુહાડી વગેરે હથિયારો આ જિલ્લાનું પ્રાગૈતિહાસિક મહત્ત્વ દર્શાવે છે. આ જિલ્લાનું વર્તમાન ખેડબ્રહ્મા પુરાણકાળમાં 'બ્રહ્મખેટક'ને નામે ઓળખાતું હતું. 'સાભ્રમતી મહાત્મ્ય'માં તેને 'બ્રહ્મખેટક' કહ્યું છે. સાબરમતી નદીના નામ પરથી આ જિલ્લાને 'સાબરકાંઠા' નામ મળ્યું છે. સાબરમતી નદી સતયુગમાં 'કૃતવતી', ત્રેતાયુગમાં 'ગિરિકંઠણિકા' અને દ્વાપરયુગમાં 'ચંદના' તરીકે ઓળખાતી હતી. કલિયુગમાં તે 'સાભ્રમતી' કે 'સાબરમતી' તરીકે ઓળખાય છે. પૂર્વકાળમાં આ જિલ્લાના વિસ્તારનો સમાવેશ 'આનર્ત'માં થયો હતો.

ઈસુની આઠમી સદીમાં વલભીનગરનું પતન થયું ત્યારે આ વિસ્તારમાં રાજપૂતોની સત્તા હતી તે 'મહકાંઠી' તરીકે ઓળખાતો હતો. ત્યાર બાદ ઈ.સ. ૧૮૧૨માં મહીકાંઠા એજન્સીની સ્થાપના કરવામાં આવી ત્યાં સુધી આ વિસ્તાર 'મહીકાંઠા, 'મહીકાંઠા ઈલાકો', વગેરે નામોથી ઓળખાતો હતો. મહીકાંઠા એજન્સીમાં 'નાની-મારવાડ, રહેવર, વાત્રક કાંઠો, બાવીસી, કટોસણ અને સાબરકાંઠા' એમ છ પરગણાંઓનો સમાવેશ થતો હતો. આમ સાબરકાંઠા ઈ.સ.૧૯૬૭ સુધી એક પરગણાં તરીકે ઓળખાતું હતું. આથી અનુમાની શકાય કે આ ભૂમિ વિસ્તાર માટે 'સાબરકાંઠા' નામ સૌ પ્રથમ ઈ.સ. ૧૮૬૭ની આસપાસ પ્રયોજાયું હોવું જોઈએ.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદારો આજે સમૃદ્ધિના ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરી રહ્યા છે. તે માત્ર સાબરકાંઠાના નહીં પરંતુ સમગ્ર ભારતનો પટેલ સમાજ છે. તેઓ મૂળ તો 'કણબી' (કૂર્મી) જ છે. એટલે

કે તે ખેડૂત છે કે જેને કવિઓએ તેમની કવિતામાં 'જગતના તાત-પિતા' તરીકે નવાજયો છે. ભારતનો કોઈપણ છેડો એવો નહીં હોય કે જયાં કચ્છી પટેલ ન વસ્યાં હોય.

ગામડાંઓમાં ગ્રામજીવનનો પ્રાણ હોવા છતાં નિષ્પ્રાણ હતો. આવી અર્ધચેતન અવસ્થામાં પણ ગ્રામ-વિસ્તારમાં તે સદા ખેતીની જમીનો નવસાધ્ય કરવા પ્રસરતા રહેતા. એક કાળે જમીન કોઈની માલિકીની ન હતી. ખેડે તેની જમીન ગણાતી પણ જે કાળથી જમીનની માલિકી રાજા અને રાજયની ગણાવા લાગી ત્યારથી જગતના આ તાતની અવદશા મંડાણી. સ્થાપિત હિતવાળા સામંતોના વિસ્તારોમાં તેને 'કણબા' કહી તુચ્છકારતા. તેની પરસેવાની કમાણીનો મોટોભાગ તો પાકના તૈયાર ખળામાંથી જ સામંતો, શાહુકારો અને લાગાવાળા બળજબરીથી ઉપાડી જતા. તેની પાસે વેઠો પણ કરાવતા. ધાન પકવનારનાં સંતાનો ધાન વગરના લાચાર બની રહેતા. કણબી તો લઘરવઘર કપડાંઓ પહેરી કાળી મજૂરીમાંથી જ ઊંચો ન આવતો. બીજી તરફ નિરક્ષરતા, અજ્ઞાનતા, ગરીબી તેને ઘેરી વળી તો હતી જ. શોષણથી તે સદા કણસતો હતો. ઓછામાં પૂરું અંધશ્રદ્ધા, વહેમ અને કુરિવાજોની આંધીમાં પણ તે છૂટી ન શકે. તે સતત ચૂસાતો રહ્યો.

કચ્છમાંથી આવેલા સાબરકાંઠા જિલ્લાના કચ્છી પટેલો ઉપરોક્ત પરિબળોનો ભોગ બનેલા. પરંતુ 'પરિશ્રમ એ જ પારસમણિ'ના સિદ્ધાંતને સાથે રાખીને ક્રમશઃ વિકાસ સાધતા રહ્યા. જયારે કચ્છમાંથી આવ્યા ત્યારે આ જિલ્લામાં ખાલી હાથે આવેલા. પરંતુ અહીંયા આવીને અહીંના સ્થાનિક ખેતી કરતાં તેમજ તેમનાં જ બંધુઓની જમીનમાં મજૂરી કરતાં અને ભાગે રાખતા. સમય જતાં ધીમે ધીમે થોડી થોડી જમીન ખરીદવા લાગ્યા તેમજ કેટલાક લોકો લાકડાંની લાટીઓ સો-મીલ ચલાવવા લાગ્યા. ત્યારબાદ દેશના આધુનિક વિકાસની સાથે તેઓ પણ તાલ મિલાવતા થયા.

આજે સાંપ્રત સમયમાં સાબરકાંઠાના કચ્છ કડવા પાટીદારોએ ખેતીક્ષેત્રે, ઉદ્યોગક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, રાજક્ષેત્રે વિકાસ સાધ્યો છે. ભારત અને વિશ્વભરનાં મોટા-મોટા શહેરોમાં ઉદ્યોગો સ્થપાયા છે તે આ સમાજની આર્થિક વિકાસયાત્રા દર્શાવે છે.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજની સામાજિક સ્થિતિ જોઈએ તો સમગ્ર સમાજો કરતાં આ સમાજની સામાજિક સ્થિતિ કંઈક અલગ જ તરી આવે છે. આ જિલ્લાનો સમાજ સંસ્કારી અને પ્રગતિશીલ રહ્યો છે. સમાજમાં એકતા તેમજ સમાજના બંધારણને સાથે

લઈને સમાજે સામાજિક ક્રાંતિ કરી છે.

આધ્યાત્મિકતાના સંસ્કાર પણ આ સમાજના આધારસ્તંભ બની રહ્યા છે. આ સમાજમાં રાષ્ટ્રીયતા, સમર્પણ, કરુણા વગેરે જોવા મળે છે. આથી ભારતીય સંસ્કૃતિના મૂળ મૂલ્યોને આવરી લઈને આ જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજના લોકજીવનની છણાવટ આ પુસ્તકમાં કરવામાં આવી છે.

આ પુસ્તક અભ્યાસુઓ અને સંશોધકો માટે મહત્ત્વનું બની રહેશે તેવી આશા રાખું છું. આ પુસ્તક લખવાની પ્રેરણા, માર્ગદર્શન અને લેખનકાર્ય દરમિયાન સદૈવ સહકાર આપનારા એવા મારા પીએચ.ડી.ના માર્ગદર્શક સાહેબ શ્રી ડૉ.લલિતભાઈ એસ. પટેલ તેમજ કૉલેજકાળથી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અભ્યાસ માટેની નવી દિશા સૂચવનાર મારા વિદ્યાગુરુ ડૉ.વસંતભાઈ આર.પટેલ સાહેબનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

વળી, જેમણે જન્મ આપી પાળી પોષી અને આગળ વધવાની મોકળાશ કરી આપી તેવા પૂજ્ય મમ્મી-પપ્પા તથા મારા ઉપર હંમેશા આશીર્વાદ રહ્યા છે એવા દાદી-દાદા તથા મારા સાસુ અને મારા પતિનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું તેમજ આ પુસ્તકના પ્રકાશન અર્થે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક થનાર સર્વેનું ઋણ અદા કરું છું તેમજ આ પુસ્તકનું કામ સુપેરે પૂરું કરવા બદલ આદર્શ પ્રકાશનના કમલેશભાઈ મદ્રાસીનો તેમજ તેમના પરિવારનો પણ આભાર માનું છું.

— ડૉ. દિવ્યા પટેલ

મુ. કોઠીકંપા
પો. વડાલી, જિ. સાબરકાંઠા

# અનુક્રમણિકા

# ૧

# સાબરકાંઠા જિલ્લાનો ઈતિહાસ અને તેની વિશેષતાઓ

ભારતીય ઉપખંડના પશ્ચિમભાગે આવેલું હાલનું ગુજરાત ભૌગોલિક દૃષ્ટિએ અગત્યનું સ્થાન ધરાવે છે. ૧ મે ૧૯૬૦ના રોજ પુનર્ગઠન દ્વારા એ એક અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું. તે અગાઉ તે ભૂતપૂર્વ દ્વિભાષી મુંબઈ રાજ્યનો એક ભાગ હતું. ભારતીય સંઘનું આ રાજ્ય ભારતના પશ્ચિમ કિનારે ૨૦:૧ અને ૨૪:૭ ઉત્તર અક્ષાંશ અને ૬૮°૪ અને ૦૪°૪ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલું છે. તેનો કુલ વિસ્તાર ૧,૯૫,૯૮૪ ચો.કિ.મી. છે.[૧] અને વસતી ૧૯૯૧ના વસતિગણતરીના અહેવાલ પ્રમાણે ૪,૧૩,૦૯૫,૮૨ છે. ભારતના રાજ્યોમાં વિસ્તારની દૃષ્ટિએ તે છઠ્ઠા નંબરે અને વસતિની દૃષ્ટિએ ૯મા નંબરે આવે છે. ઉત્તર અને ઈશાન સરહદે રાજસ્થાન, પૂર્વે મધ્યપ્રદેશ, દક્ષિણે અને નૈઋત્યે મહારાષ્ટ્ર, પશ્ચિમે અને દક્ષિણે અરબી સમુદ્ર અને વાયવ્યે પાકિસ્તાન આવેલું છે.[૨]

રાજ્યના બે મુખ્ય ભૌગોલિક વિભાગો છે. એક ગુજરાતની મુખ્ય ભૂમિ અને બીજો દ્વિપકલ્પીય ગુજરાત. ગુજરાતની આ મુખ્ય ભૂમિ પૂર્વથી પશ્ચિમ તરફ વહેતી અને ખંભાતના અખાતને મળતી સાબરમતી. ભૂમિને ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતનાં મેદાનો એમ ત્રણ વિભાગમાં વહેંચી શકાય. ઈશાન વિભાગમાં ૧૫૦થી ૩૧૦ મીટર સુધીની ઊંચાઈવાળી કિનારા સુધી લંબાઈ છે. પૂર્વનો વિભાગ સાતપુડા પર્વતની હારમાળાથી વીંટાયેલો છે અને અહીં સાતપુડાની ઊંચાઈ દરિયાઈ સપાટીથી ૧૫૦થી ૨૪૩ મીટર સુધીની છે. આ હારમાળાઓ નર્મદા અને તાપીના પાણીને વિભાજે છે અને રાજ્યને મહારાષ્ટ્રના પશ્ચિમ ખાનદેશથી જુદું પાડે છે. સરહદે આ પર્વતોની હારમાળાઓથી વીંટાયેલા ગુજરાતના કાંપવાળા મેદાનમાં તાપી, નર્મદા, મહી અને સાબરમતી એ ચાર મુખ્ય નદીઓ વહે છે. આ વિશાળ સપાટ મેદાન પંચમહાલમાં પાવાગઢ (૩૨૯ મીટર) અને રાજપીપળાની ટેકરીઓ (૧૫૦ થી ૩૦૦ મીટર) જેવી છૂટક-છૂટક ટેકરીઓ દ્વારા ખંડિત થયેલું છે. આ મેદાનોનો મોટો ભાગ ઝરણાંઓ અને ચાર મોટી નદીઓના પ્રવાહોથી ઘણે સ્થળે ખંડિત થાય છે. દરિયાકિનારાના વિસ્તારોના ભૂપૃષ્ઠમાં ખારાપાટ અને રેતી તેમજ કાંકરાના પટ્ટાઓ આવેલા છે. નીચાણવાળી જમીનની પટ્ટીથી ગુજરાતની

મુખ્ય ભૂમિ સાથે જોડાયેલા દ્વિપકલ્પીય ગુજરાત ૭૫થી ૧૫૦ મીટર સુધીની ઊંચાઈ ધરાવતી નાની-નાની ટેકરીઓ અને વચ્ચે વચ્ચે નાનાં કાંપવાળાં મેદાનોને કારણે જુદું થઈ આવે છે. અરવલ્લીની ગિરિમાળાઓના ભાગરૂપ શિખરો અને કરાડો ઉપરાંત કેન્દ્ર અને દક્ષિણ વિભાગોમાં ટેકરીઓનાં બે જૂથો આવેલાં છે. આમાં સરધાર, થાંગા અને માંડવ ટેકરીઓ જેની સરેરાશ ઊંચાઈ ૧૫૦ મીટર જેટલી થાય છે અને જ્યાંથી ચારે બાજુએ નદીઓ વહે છે તેનો સમાવેશ થાય છે.[૩]

**સાબરકાંઠા નામનો ઉદ્ભવ :**

અરવલ્લીની ગિરિમાળાઓથી વીંટળાયેલા ઘેઘૂર વનરાજી, અનેક નદીઓ તથા ઝરણાંઓથી શોભતા જે વિસ્તારને આજે આપણે 'સાબરકાંઠા'[૪] જિલ્લા તરીકે ઓળખીએ છીએ તે પ્રાચીનકાળમાં 'શ્વભ્ર' તરીકે ઓળખાતો હતો. શ્રી હસમુખ સાંકળિયાને મોડાસામાંથી આદિઅશ્મયુગ તથા છેલ્લા અશ્મયુગના પ્રાપ્ત થયેલાં ઓજારો તથા આ જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાડોલીઆ ગામેથી મળી આવેલાં પથ્થરયુગનાં 'પતરી', 'હાથકુહાડી' વગેરે હથિયારો આ જિલ્લાનું પ્રાગૈતિહાસિક મહત્ત્વ દર્શાવે છે. આ પ્રદેશનું વર્તમાન ખેડબ્રહ્મા પુરાણકાળમાં 'બ્રહ્મખેટક'ને નામે ઓળખાતું હતું.[૫] 'સાભ્રમતી માહાત્મ્ય'માં તેને 'બ્રહ્મખેટક' કહ્યું છે. સાબરમતી નદી સતયુગમાં 'કૃતવતી', ત્રેતાયુગમાં 'ગિરિકંઠકર્ણિકા' અને દ્વાપરયુગમાં 'ચંદના' તરીકે ઓળખાતી હતી. કલિયુગમાં તે 'સાભ્રમતી' કે 'સાબરમતી' તરીકે ઓળખાય છે.[૬] પૂર્વકાળમાં આ જિલ્લાના વિસ્તારનો સમાવેશ 'આનર્ત'માં થતો હતો.

ઈશુની આઠમી સદીમાં વલ્લભીનગરનું પતન થયું ત્યારે આ વિસ્તારમાં રાજપૂતોની સત્તા હતી અને તે 'મહીકાંઠા' તરીકે ઓળખાતો હતો. ત્યાર બાદ ઈ.સ. ૧૮૧૨માં મહીકાંઠા એજન્સીની સ્થાપના કરવામાં આવી ત્યાં સુધી આ વિસ્તાર 'મહીકાંઠા', 'મહીકાંઠા ઈલાકો' વગેરે નમોથી ઓળખાતો હતો. મહીકાંઠા એજન્સીમાં 'નાની મારવાડ', 'રહેવર', 'વાત્રકકાંઠો', 'બાવીસી', 'કટોસણ' અને 'સાબરકાંઠા' એમ છ પરગણાંઓનો સમાવેશ થતો હતો. આમ 'સાબરકાંઠા' ઈ.સ. ૧૮૬૭ સુધી એક પરગણા તરીકે ઓળખાતું હતું. આથી અનુમાની શકાય કે આ ભૂમિ વિસ્તાર માટે 'સાબરકાંઠા' નામે સૌપ્રથમ ઈ.સ. ૧૮૬૭ની આસપાસ પ્રયોજાયું હતું હોવું જોઈએ.[૭]

મહીકાંઠા એટલે મહી નદીનાં કિનારાનો ભૂભાગ અને મહીકાંઠા એજન્સી એટલે મહીનદીને કિનારે આવેલા પ્રદેશના વહીવટી એકમનું નામ. પરંતુ એ સંદર્ભમાં 'મહીકાંઠા એજન્સી' નામ ચુસ્ત રીતે બંધબેસતું ન હતું. કારણ કે મહી નદી, મહીકાંઠા-એજન્સી નામની વહીવટી એકમના મોટા ભાગના ભૂમિવિસ્તારમાંથી પસાર થતી ન હતી. પરંતુ મહીકાંઠાનો થોડોક વિસ્તાર રેવાકાંઠા, વડોદરા અને બ્રિટિશ શાસનવાળા પ્રદેશોમાં પ્રસરેલો હતો. એટલે કે મહીકાંઠા એજન્સીની વસતિનો મોટો ભાગ મહી નદીને કિનારે વસવાટ કરતો જ ન હતો.

ઈ.સ. ૧૯૩૩માં વહીવટી અનુકૂળતા ખાતર મહીકાંઠા એજન્સીમાં રેવાકાંઠા

એજન્સી ભેળવી દઈને તે સમગ્ર વિસ્તારને 'સાબરકાંઠા એજન્સી' નામ આપવામાં આવ્યું. એજન્સીના મુખ્ય મથક સાદરામાં રહીને પોલિટિકલ એજન્ટ તેની વ્યવસ્થા સંભાળતો હતો. ઈ.સ. ૧૯૪૪માં 'સાબરકાંઠા એજન્સી' નાબૂદ કરીને સાબરકાંઠા એજન્સીના તાબામાં ઈડર, વિજયનગર વગેરે રાજ્યોને અસલ 'મહીકાંઠા એજન્સી'માં ભેળવી દેવામાં આવ્યા. ત્યારથી હાલના સાબરકાંઠાનો મોટા ભાગનો વિસ્તાર મહીકાંઠા એજન્સીમાં સમાયેલો હતો. પરંતુ અગાઉ જણાવ્યા મુજબ મહીકાંઠા એજન્સીનો મોટા ભાગનો વિસ્તાર મહી નદીને કિનારે નહીં પણ સાબરમતી નદીને કિનારે આવેલો હતો. તેથી આ જિલ્લાના સામાજિક કાર્યકર્તાઓએ આ પ્રદેશને યથાર્થ નામ મળે તે માટે ૧૯૪૭ પછી ઝુંબેશ ઉપાડી. પરિણામે ૧૯૪૯ના ઑગસ્ટમાં આ ભૂમિ વિભાગને 'સાબરકાંઠા જિલ્લો' નામ પ્રાપ્ત થયું.[૮]

'સાબરકાંઠા' જિલ્લો નામાભિધાન થયું ત્યારે આ જિલ્લામાં ૨૯ દેશી રાજ્યો, અમદાવાદ જિલ્લાનો પ્રાંતિજ તાલુકો તથા મોડાસા મહાલ, પંચમહાલ, ખેડા તથા મહેસાણા જિલ્લાનાં કેટલાંક ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ૧૯૪૯માં આ જિલ્લાને જૂના મુંબઈ રાજ્ય સાથે જોડવામાં આવ્યો હતો. ૧૯૫૬થી અલગ ગુજરાત માટેનું આંદોલન ચાલ્યું. પરિણામે ૧લી મે ૧૯૬૦ના રોજ ગુજરાતનું અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. ત્યારથી ગુજરાત રાજ્યના અત્યારના ૨૫ જિલ્લાઓ પૈકીના એક જિલ્લા તરીકે 'સાબરકાંઠા જિલ્લો' સ્થાન ધરાવે છે.

## ભૌતિક વિશેષતાઓ :

ઉત્તર ગુજરાતમાં આવેલા સાબરકાંઠા જિલ્લાનો વિસ્તાર ૭૩૯૦ ચો.કિ.મી. છે. જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારનો ૩.૭૭ ટકા છે જે ૧૪મા ક્રમમાં આવેલ છે. આ જિલ્લો ૨૩°-૪૫' અને ૭૩°-૪૦' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે.[૯] તેની ઉત્તરે રાજસ્થાનનો સિરોહી જિલ્લો, દક્ષિણે અમદાવાદ, ખેડા અને પંચમહાલ જિલ્લાઓ, પૂર્વે રાજસ્થાનના ડુંગરપુર અને બાંસવાડા જિલ્લાઓ, ઈશાનમાં રાજસ્થાનનો ઉદેપુર જિલ્લો અને પશ્ચિમે બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાઓ આવેલા છે. આ જિલ્લામાં કેટલાક અગત્યના પુરાતન અવશેષો છે. ઈ.સ. ૧૧૦૦માં બંધાવેલું વિજયનગર મહાલમાં આવેલું શારણેશ્વરનું મંદિર તેમજ ઈ.સ. ૧૫૦૦માં બંધાવેલું લાખોના મંદિર આ જિલ્લામાં આવેલ છે. કલાત્મક કૃતિઓવાળા બંધાવેલા બૌદ્ધ ધર્મ સંબંધી સ્તૂપો, ચૈત્યો અને મૂર્તિઓ શામળાજી નજીકના મહત્ત્વપૂર્ણ નમૂના છે. ઇલ્વદુર્ગ તરીકે જાણીતો પ્રખ્યાત ઈડરિયો ગઢ આ જિલ્લામાં આવેલો છે. ઈડરના ડુંગર ઉપર આવેલા આ ગઢની મજબૂતાઈ દંતકાઓમાં ઉલ્લેખાયેલ છે અને એમ કહેવાતું કે ઈડરિયો ગઢ જીતવો એ લગભગ અશક્યને પામવા જેવું છે. આ ઉપરાંત અગત્યના અવશેષોમાં પોશીના મુકામે આવેલો પાર્શ્વનાથ અને નેમિનાથનાં મંદિરો તેમજ સાતમી સદીમાં બાંધવામાં આવેલા મનાતા વિજયનગર મહાલમાં રોડાનાં મંદિરો (અત્યારે હિંમતનગર તાલુકામાં રોડા આવેલું છે) અને શામળાજીનો સમાવેશ થાય છે.

પ્રાકૃતિક રચનાની દૃષ્ટિએ જિલ્લાના બે મુખ્ય વિભાગ થઈ શકે. ઉત્તર અને પૂર્વનો ડુંગરાળ વિસ્તાર અને મેદાનો, અરવલ્લીની ટેકરીઓની હારમાળા જિલ્લાની ઉત્તર અને પૂર્વની સરહદને આવરી લઈ દક્ષિણ તરફ વળાંક લે છે. આ ડુંગરાળ પ્રદેશ 'પોશીનાપેઢી' તરીકે પણ ઓળખાય છે અને તેમાં ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા, મેઘરજ, માલપુર અને ઈડર તાલુકાઓના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. મેદાનોનો પ્રદેશ જિલ્લાના દક્ષિણ અને પશ્ચિમ તરફના ભાગોમાં પથરાયેલો છે. અને તે પ્રાંતિજ અને બાયડ તાલુકાઓ અને ઈડર, હિંમતનગર અને મોડાસા તાલુકાઓના કેટલાક ભાગોને આવરી લે છે. આ જિલ્લામાં સાબરમતી, હાથમતી, મેશ્વો, માઝુમ, વાત્રક, હરણાવ અને ખારી એમ સાત નદીઓ વહે છે. જિલ્લાની પશ્ચિમ સરહદે ઉત્તરથી દક્ષિણ દિશામાં વહેતી સાબરમતી નદીને બાદ કરતાં બાકીની બધી નદીઓ ઈશાનથી અગ્નિ ખૂણામાં વહે છે. સાબરમતી નદી જિલ્લાની મુખ્ય નદી છે અને તે મોટાં અંબાજી પાસે અરવલ્લીની ટેકરીઓમાંથી નીકળે છે. તે તેના ૪૧૦ કિ.મી.ના પ્રવાહ દરમિયાન સાબરકાંઠા, મહેસાણા, અમદાવાદ અને ખેડા જિલ્લાઓમાં થઈને વહે છે અને ખંભાતના અખાતને મળે છે. હાથમતી, મેશ્વો, વાત્રક, હરણાવ અને ખારી નદીઓ સાબરમતી નદીને જુદે જુદે સ્થળે મળે છે.[૧૦]

કોઈ પણ પ્રદેશનો ઈતિહાસ એ પ્રદેશની ભૂમિની રચના સાથે જ શરૂ થાય છે. ગુજરાતમાં પ્રાગૈતિહાસિક યુગની શરૂઆત સાબરમતી, મહી ઓરસંગ અને નર્મદાને કાંઠે પહેલવહેલા દેખા દેતા પ્રાચીન માનવથી થાય છે.[૧૧] અને તેથી સાબરમતી નદીને કાંઠે વિસ્તરેલા સાબરકાંઠાના ઈતિહાસની શરૂઆત પણ પ્રાગૈતિહાસિક યુગથી થાય છે. તેમ છતાં તેની કડીબદ્ધ માહિતી મળતી નથી. પૂર્વ પાષાણકાળથી માંડીને આ વિસ્તારમાં માનવ વસાહતો હતી. આ જિલ્લામાં અત્યંત મહત્ત્વ ધરાવતા મોડાસા પ્રદેશની સંસ્કૃતિનું પગેરું આશરે બે લાખ વર્ષ જૂનું છે.[૧૨] પરંતુ અત્યંત પૂર્વકાળમાં આ જિલ્લામાં શાસન કરનાર રાજાઓ તથા તેમના વંશજો અંગેની માહિતી મળતી નથી. દ્વાપરયુગથી શરૂ કરીને આ જિલ્લાના ઈતિહાસ અંગે તૂટક-તૂટક માહિતી મળે છે.

પુરાતન માનવીની સંસ્કૃતિના પાદાર્થિક અવશેષો હાલ પ્રાયઃ એના પથ્થરના ઓજારોના રૂપમાં ઉપલબ્ધ છે. આ ઓજારોના દ્રવ્ય પરથી માનવસંસ્કૃતિના એ આદિમકાળને 'પાષાણયુગ' તરીકે ઓળખવામાં આવે છે. પાષાણયુગના ઓજારોના વિશિષ્ટ પ્રકારો પરથી એ કાળની સંસ્કૃતિના બે-ત્રણ જુદા જુદા તબક્કા નજરે પડે છે. આથી સામાન્યતઃ પ્રાચીન પાષાણયુગ અને નૂતન પાષાણયુગ એવા બે જુદા પાષાણયુગ ગણવામાં આવે છે. કેટલાંક એ બેની વચ્ચે મધ્ય પાષાણયુગ નામે ત્રીજો યુગ ઉમેરે છે. તો એનો સમાવેશ પ્રાચીન પાષાણયુગના પેટા વિભાગમાં કરે છે.[૧૩]

આ પાષાણયુગો દરમિયાન માનવે લેખનકલા શોધી અને પ્રયોજી ન હોઈ એ યુગોની સંસ્કૃતિની વિગતવાર માહિતી મળી શકતી નથી તેમજ પૂરતી માહિતની અભાવે એ પુરાતન માનવસંસ્કૃતિના ઈતિહાસનું સુરેખ નિરૂપણ થઈ શકતું નથી. આથી લિખિત

અને પૂરતી સાધનસામગ્રી નહિ ધરાવતા એની પહેલાંના આ કાલને 'પ્રાગૈતિહાસિક કાળ' ગણવામાં આવે છે. માનવસંસ્કૃતિના ઘડતરમાં ઐતિહાસિકકાળનો સમયપટ છેલ્લા પાંચેક હજાર વર્ષનો જ છે.[૧૪] જ્યારે પ્રાગૈતિહાસિક કાલનો સમયપટ ઓછામાં ઓછા બે-અઢી લાખ વર્ષ જેટલો વિસ્તૃત ગણાય છે.

ગુજરાતમાં પ્રાગૈતિહાસિક શોધ પહેલી વહેલી ઈ.સ. ૧૮૯૩માં રોબર્ટ બ્રુશફુટ નામના વ્યક્તિએ કરી[૧૫] તે પહેલાં આ પાષાણયુગનો માનવી નદીઓના કાંઠે ભમતો ને જીવનની જરૂરિયાતો માટે જોઈતાં પથ્થરના ઓજારો ઘડતો. આ ઓજારોના અવશેષો સાબરમતી, મહી, નર્મદા, ઓરસંગ, કરજણ, પાર, અંબિકા, ભાદર, સૂકી, ભૂખી વગેરે નદીઓના કાંઠામાં અર્થાત્ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એ સર્વ ભાગોમાં મળ્યા છે. ગુજરાતમાં આ પ્રાચીન પાષાણયુગનાં ઓજાર પહેલવહેલાં ૧૯૮૩ ઈ.સ.માં (હાલ મહેસાણા જિલ્લો) વિજાપુર તાલુકામાં કોટ અને પઢોમલી ગામ પાસે સાબરમતીના કાંઠામાં મળેલા.[૧૬] બે પ્રાગૈતિહાસિક પાષાણ ઉપકરણો એક ફ્લેક અને હૅન્ડેક્સ પ્રાંતિજ તાલુકાના સાંડોલિયા ગામથી પ્રાપ્ત થયા. ડૉ. સાંકળિયાને હિંમતનગર તાલુકામાં કડોલીના નજીક કેટલાંક પુરાપાષાણકાલીન ઉપકરણો પ્રાપ્ત થયાં આગળ જતાં એની દક્ષિણે હીરપુર અને વરસોડા જેવાં અન્ય સ્થળોએ પણ એવાં ઓજાર મળ્યા છે.

સાબરમતી અને મહીના ભાઠામાં કોતરો અને નાળા નજરે પડે છે. મહી નદીના વાસદ પાસે આવેલાં કોતરો જાણીતાં છે. સાબરકાંઠા નામ 'શ્વભ્ર' પરથી પડેલું છે.[૧૭] સાબરકાંઠા અને મહેસાણા તથા ખેડા જિલ્લામાં આ નદીઓનાં કોતરોની અંદર રહેલાં જુદાં-જુદાં સ્તરોનાં લક્ષણો નજરે પડે છે. આ નદીઓનો પટ અગાઉ ઘણો પહોળો હતો. અને એના તળની સપાટી હાલના કરતાં ઘણી ઊંચી (લગભગ ૧૦ મીટર જેટલી ઊંચી) હતી[૧૮] એ વખતની આબોહવા હાલના કરતાં વધુ ભેજવાળી હતી. નદીની એ જૂની સપાટીએ વસતો માનવી ક્વાર્ટઝાઇડ, ક્વાર્ટઝ, બસાલ્ટ અને વેળુપાષાણ જેવા પ્રકારના ખડકોમાંથી હાથકુહાડી, છોલણી, છીણી વગેરે જાતનાં મોટા ઓજારો ઘડતો. આ ઓજારો પથ્થરને ધીમે-ધીમે ટોચીને એના ગાભામાંથી ઘડાતાં અથવા પથ્થરની પતરીમાંથી ઘડાતાં આ ઓજારોમાંનાં કેટલાંક જેવાં તેવાં ઘડેલાં છે.[૧૯] જ્યારે કેટલાંક એવાં સફાઈદાર છે કે ભારતના બીજા પ્રદેશોમાં તેમજ આફ્રિકામાં અને પશ્ચિમ યુરોપના પ્રાચીન પાષાણયુગના ઓજારોની બરોબરી કરી શકે. આ ઓજારોનો ઉપયોગ એ કંદમૂળ ખોદી કાઢવામાં અને પ્રાણીઓનો શિકાર કરી એમનાં શરીર કાપવામાં કરતો હશે એવું લાગે છે. એ અનુસાર એ માનવ કુદરતી રીતે ઊગેલી વનસ્પતિમાંથી ખોરાક એકઠો કરતો હોવાનું મનાય છે. ફળ, મૂળ અને કંદની તથા આપોઆપ ઊગેલા ધાન્યની શોધમાં એ એક વનપ્રદેશમાંથી બીજા વનપ્રદેશમાં ભમતો રહેતો ને સાંસ્કૃતિક દૃષ્ટિએ 'વનવાસી'નું જીવન ગાળતો ગુજરાતનો આ આદિમાનવ આફ્રિકાના પૂર્વકિનારાથી આવ્યો હોય એવો સંભવ લાગે છે.[૨૦] આ સંસ્કૃતિનો સમય ૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦

વર્ષો પૂર્વે માનવામાં આવે છે.[૨૧]

માનવનાં હથિયારોમાં સમયની સાથે ફેરફારો થયા હતા.[૨૨] આદ્ય પ્રાચીન પાષાણયુગના અંતે થોડા ભારે વરસાદથી સપાટી પરનું ધોવાણ થયું ને એમાં અકીક જેવા ખડકોના નાના-નાના ઉપલ જમા થયા. સાબરમતી વગેરે નદીઓના ભાઠોમાં આ લાંબા ગાળાનાં થરોમાં માનવ વસવાટની નિશાનીઓ મળતી નથી. પરંતુ ખેડા જિલ્લામાં મહોર નદીના તેમજ સૌરાષ્ટ્રની ભાદર વગેરે નદીઓના સમકાલીન થરોમાં તેમજ દક્ષિણ ગુજરામાં તથા કચ્છમાં માનવના પાષાણ ઓજારોના અવશેષ મળી આવે છે. આ ઓજારો પહેલાંના ઓજારો કરતાં નાનાં અને વધુ સારાં ઘડેલાં છે. ને એ પતરીઓ કે સપાટ ઉપલોમાંથી બનાવેલાં છે. આ પરથી માનવ હવે ચામડાનાં કપડાં પહેરતો તે દૂરથી પ્રાણીઓનો શિકાર કરતો એવું માલૂમ પડે છે.[૨૩]

હવે નદીઓ તળાના ખડકને ભેદીને ઊંડી ઊતરતી ગઈ, જ્યારે એની અસલ સપાટીના ભાઠામાં જામેલા ગોરાડું થર ઉપર પવન વડે આસપાસની રેતીના થર જામવા માંડ્યા ને પવનના તોફાનથી નદીના કાંઠા પાસે ક્યાંક-ક્યાંક રેતીના ટેકરા થવા લાગ્યા. આબોહવા ફરી પાછી ભેજવાળી થતાં આ ટીંબાઓ (ટેકરીઓ) માં માનવ વસવાટ કરવા લાગ્યો. ટીંબાઓની વચ્ચેના છીછરા ભાગમાં થતાં જળાશય પાણીની સગવડ પૂરી પાડતાં આ માનવ મુખ્યતઃ શિકાર કરતો ને એ અંગે જુદી જુદી જાતના અકીકના નાનાં તીક્ષ્ણ ઓજારો ઘડતો એમાં એ ભાત-ભાતની રંગીન અકીકો વાપરતો ને એ નાનાં હથિયારોને હાથમાં ભરાવતો નાનાં નાનાં પાષાણ ઓજારોના આ યુગને 'લઘુ પાષાણ યુગ' તરીકે ઓળખવામાં આવે છે.[૨૪]

મહેસાણા વગેરે જિલ્લાઓમાં આવેલા અનેકાનેક ટીંબાઓની સપાટી પરના સમન્વેષણ પરથી તેમજ હીરપુર (તા.વિજાપુર) અને લાંઘણજ (તા.મહેસાણા) જેવાં સ્થળોએ આવેલા ટીંબાઓમાં ડી.સાંકળિયા વગેરેએ કરાવેલા ઉત્ખનન પરથી આ પાષાણ યુગની માનવસંસ્કૃતિ વિશે કેટલીક માહિતી મળે છે. સાબરમતી, માઝમ, મહી, મેશ્વો, વાત્રક, વિશ્વામિત્રી, નર્મદા, ઓરસંગ, હીરણ, કીમ, તાપી, સરસ્વતી, બનાસ, ભોગાવો, ગોમા, વેણું, ભાદર, મોરઈ વગેરે અનેક નદીઓના કાંઠે અંત્ય પ્રાચીન પાષાણ યુગમાં લઘુપાષાણ ઓજારોના નમૂના મળે છે. જાત જાતના ભૌમિતિક આકારનાં ફળાં તરીકે વપરાતા. માનવ હવે મર્યાદિત પ્રદેશમાં સ્થિર રહી ત્યાં જ પ્રાણીઓના શિકાર કરતો, શિકાર કરી લાવેલાં પ્રાણીઓના શરીરોને એ આ ટીંબાઓ પર ચીરતો ને એમાંથી માંસ છૂટું પાડતો. શિકારનો ભોગ બનેલાં આ પ્રાણીઓમાં એના હાડકાંના અવશેષો પરથી માલૂમ પડે છે. તેમાં ઘેટાં, બકરાં, નીલગાય, ભેંસ, બળદ, હરણ, જંગલી ડુક્કર, ગેંડો, કાચબો, માછલી અને પંખીઓનો સમાવેશ થતો. ગેંડાની હસ્તી વધુ વરસાદ અને ઘાટ વનસ્પતિનું સૂચન કરે છે. પાળેલાં પશુઓમાં બહુ તો કૂતરાઓનો સંભવ રહેલો છે. આ વસાહતોમાં એ કાલના માનવ હાડપિંજર પણ મળ્યા છે.[૨૫] આ દેહાવશેષો પરથી એ માનવનો દેહ લાંબું મોટું માથું, ઊપસેલાં ભવાં, ઊપસેલો

નીચલો હોઠ અને કદાચ ચીબા નાકનાં લક્ષણ ધરાવતો લાગે છે.[૨૬] આ માનવ સમય જતાં શિકારી વનવાસીની અવસ્થામાંથી ખેતી કરતાં ગ્રામવાસીની અવસ્થામાં આવવા લાગ્યો. આં વસાહતોના ઉત્તરકાલીન થરોમાં માટીનાં વાસણોના અવશેષ પણ મલે છે. કેટલાંક વાસણ હાથે ઘડેલાં ને કેટલાંક કુંભારના ચાક પર ઘડેલા હોય છે. આ વાસણ લાલ રંગનાં તથા કાળા રંગનાં છે. ને કોઈક વાસણો ઉપર લાલ રંગનો હાથ લગાવેલો કે કંઈક ભાત કોતરેલી હોય છે. ઓજારો ઘડવામાં એ હાડકાંનો પણ ઉપયોગ કરી જાણતો કંઈ ઘરેણાં જેવું યે ઘડતો ને છીપનો ઉપયોગ પણ કરતો.[૨૭] આમ અંત્ય પાષાણયુગના આ અવશેષો પરથી લગભગ ૫,૦૦૦ વર્ષ પહેલાંનો આંકવામાં આવે છે. અને આ યુગનો માનવ અગાઉના પાષાણયુગના માનવ કરતાં અનેક બાબતોમાં આગળ વધેલો જણાય છે.

નૂતન પાષાણયુગમાં માનવે કૃષિ દ્વારા ધાન્ય ઉત્પત્તિ પર કાબૂ મેળવ્યો ને એ પશુપાલન દ્વારા પશુને પોતાનાં કામોમાં જોતરતો થયો. અગાઉનો ઠેકઠેકાણે ભમતો માનવ ધાન્યના મૌસમી ઉત્પાદનને અને વાર્ષિક સંગ્રહને લઈને હવે નદીકિનારે 'ગ્રામવાસીનું' સ્થાયી જીવન ગાળવા લાગ્યો.[૨૮] આ રહેણીકરણીએ એના અર્થકારણમાં અજબ પરિવર્તન આણ્યું. આથી નૂતન પાષાણયુગને માનવ સંસ્કૃતિમાં પ્રથમ ક્રાંતિનો યુગ ગણવામાં આવે છે. આ યુગનો માનવ પતરી કે ગાભામાંથી ઘડેલાં હથિયારને ઘસીને લીસું બનાવતો.[૨૯] એમાં મુખ્યત્વે કુહાડીનાં પાનાં, રંદાનાં પાનાં, છીણી અને હથોડા ઘડતો એનાથી એ ઝાડ કાપતો અને લાકડાં ચીરતો. આ પ્રકારનાં હથિયાર હજી પશ્ચિમના ગુજરાતમાં હાથ લાગ્યાં નથી. પરંતુ ઉત્તર ગુજરાતમાં તથા દક્ષિણ ગુજરાતમાં થોડાં કાણાદાર હથિયાર મળ્યાં છે. જેને એ લાકડાંના હાથમાં ભરાવતો હશે. લાંઘણજ ખોદકામમાં ક્વાર્ટઝાઈડ પથ્થરનું લઘુપાષાણ હથિયાર મળ્યું છે.[૩૦] જેની તિથિ ઈ.સ. પૂર્વે ૨૫૦૦-૨૦૦૦ માનવામાં આવે છે. બીજાં બે-ત્રણ હથિયારો તાપીના તટ પ્રદેશમાંથી ક્ષુશકુટને મળ્યાં હતાં.[૩૧] ડાંગ વિભાગમાં પણ આવાં હથિયારો શોધાયાં છે.

પાષાણયુગનો માનવ પોતાનાં ઓજારો અને હથિયારો ઘડવા માટે જાત જાતના પથ્થર વાપર્યે જતો હતો. એમાં એને એક નવા પ્રકારનું દ્રવ્ય હાથ લાગ્યું. એ એક નવી જાતના પથ્થર જેવું દેખાતું હતું ને એ પથ્થર જેવું મજબૂત પણ હતું. પરંતુ એમાં એ ઉપરાંત એક બીજો ગુણ પણ રહેલો જણાયો ને તે એ કે એને અગ્નિથી તપાવવામાં આવે તો એટે ટીપીને એમાંથી માટીની જેમ મનગમતા ઘાટ ઘડી શકતા. વળી એને સખત તપાવવામાં આવે તો એ દ્રવ્ય પ્રવાહી બની જતું ને પછી ઠંડું પડતાં પાછું ઘન સ્વરૂપ ધારણ કરતું એ વખતે એને જેવો આકાર આપવો હોય તેવો સહેજે આપી શકાતો ખરી રીતે એ હતા કાચી ધાતુના ગઠ્ઠા જેમાંથી ધાતુની શોધ થઈ.[૩૨]

સિંધુ સભ્યતાની ઉત્કીર્ણ મુદ્રાઓ નિઃશંક રીતે પુરવાર કરે છે કે હડપ્પાનો સમાજ અક્ષરજ્ઞાનવાળો હતો. અને સિંધુ લિપિનું સંતોષકારક રીતે વાચન થશે કે તરત જ મુદ્રાઓ કીમતી ઐતિહાસિક પુરાવા રજૂ કરી આપશે. પરંતુ જ્યાં સુધી એ મુદ્રાઓનું

વાચન સિદ્ધ ન થાય ત્યાં સુધી સિંધુ સભ્યતાને 'આદ્ય-ઈતિહાસ'માં રાખવી પડશે.[૩૩]

ઈ.સ.૧૯૩૧ના વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના રંગપુર ગામ નજીક રસ્તો બાંધવાની પ્રવૃત્તિને પરિણામે ત્યાં એક આકસ્મિક શોધ થઈ. રંગપુર ઘણા વિશાળ ટીંબા ઉપર આવેલું છે. આ ટીંબો આદ્ય-ઐતિહાસિ કાળમાં આ સ્થળે ઉત્તરોત્તર થયેલા વસવાટોને લઈને રચાયેલો છે. સાબરમતીના ભરતીમુખમાંના બધાં પુરાણા ટીંબાઓનું પરીક્ષણ કરતી વેળાએ લોથલનું સ્થળ ઈ.સ. ૧૯૫૪ના નવેમ્બરમાં શોધી કાઢવામાં આવ્યું. એ રંગપુરથી ૫૦ કિ.મી. ઉત્તર-પૂર્વે આવેલું છે. ઈ.સ. ૧૯૫૪ થી ૧૯૬૦ સુધીના સમયગાળામાં ભૂતપૂર્વ સંયુક્ત મુંબઈ રાજયના પુરાતત્ત્વ ખાતાએ હડપ્પીય સંસ્કૃતિના વિવિધ તબક્કા ધરાવતાં લગભગ સો જેટલાં સ્થળો શોધી કાઢવામાં આવ્યાં. નાના પાયા પરનાં અનેક હડપ્પીય સ્થળોનું ઉત્ખનન પણ થયું. જેમાં મુખ્યત્વે લોથલ, રંગપુર, રોજડી, દેસલપુર, આમશ, લાખાબાવળ, પ્રભાસ-સોમનાથ, આટકોટ, દડ અને ધોળાવીરા મળે છે. લોથલથી પ્રાપ્ત ગોદાં અને પર્શિયન મુદ્રાથી સ્પષ્ટ થાય છે કે બંનેના વચ્ચે વ્યાપારિક સંબંધ હતો.[૩૪]

## સાબરકાંઠા જિલ્લાની વિશેષતા :

સાબરકાંઠા જિલ્લાની કેટલીક ઐતિહાસિક અને ભૌગોલિક વિશેષતાઓ છે તેનો ઉલ્લેખ નીચે મુજબ છે.

હાલનું હિંમતનગર સને ૧૪૨૬માં અમદાવાદના અહમદશાહે હાથમતી નદીને કાંઠે વસાવી તેને અહમદનગર નામ આપ્યું હતું. આ નગરનું હવામાન અમદાવાદના કરતાં વધારે ઠંડું હોઈ અહમદશાહ અહીં ઉનાળામાં હાલના રાજમહેલની જગ્યાએ મહેલ હતો તેમાં રહેતા હતા. ઈડરના રાવ રાજાઓના હુમલાથી બચવા તેણે અહમદનગરની આજુબાજુ પથ્થરનો કોટ ચણ્યો હતો. હાલ તેના અવશેષ (૪૦૦ ફૂટ) કાલીમાતાના કુંડ (નવ પુલ) પાસે દેખાય છે. મુસલમાન કાળના અવશેષરૂપે હાલ કાજીવાવ, જુમા મસ્જિદ, અને કુંડ મોજૂદ છે. બેગમો મહેલમાંથી ભોંયરા વાટે નદી પાસેના કુંડમાં સ્નાન માટે આવતી.

સર પ્રતાપસિંહ મહારાજાએ ૧૯૦૨માં ઈડર રાજ્યની રાજધાની ઈડર બદલીને હિંમતનગર આણી અને અહમદનગરનું નામ બદલી હિંમતનગર પાડ્યું. છતાંયે ગામડાના લોકો તો હિંમતનગરને હજુ અમનગર જ કહે છે.

જિલ્લાનો નકશો જુઓ તો તમને એક કાંગારુ પેટની કોથળીમાં બચ્ચાં સાથે બે પગ ઊંચા કરી અને બીજા બે પગ ઉપર પૂર્વ તરફ ઊભેલું હોય તેવી આકૃત્તિ દેખાશે. તેની ગરદનની પહોળાઈ ૫ માઈલ છે. અને પેટની પહોળાઈ ૫૪ માઈલ છે. તેની ઊંચાઈ ૧૦૦ માઈલ છે. જિલ્લાનું કુળ ક્ષેત્રફળ ૨૭૩૫ ચોરસ માઈલ છે.

જિલ્લાની વસ્તીનો ૯૩.૩ ટકા ભાગ ગામડામાં વસે છે અને શહેરમાં ફક્ત ૬.૭ ટકા વસે છે. જિલ્લાનાં ૧૫૪૨ ગામોમાંથી માત્ર ૫ ગામની શહેરની કક્ષામાં ગણતરી કરેલી છે. તેમાંના એક શહેરમાં ૫૦૦૦થી ૧૦,૦૦૦ની વસ્તી છે. જ્યારે

બીજાં ચાર શહેરોમાં ૧૦,૦૦૦થી ૧૬,૦૦૦ની વસ્તી છે.

જિલ્લામાં એક જ નામના ગામો જુદા જુદા તાલુકાઓમાં આવેલાં છે. તેથી ગોટાળો થાય છે. દા.ત. હિંમતપુર ગામ હિંમતનગર અને ભિલોડા તાલુકાઓમાં આવેલું છે. તેવી જ રીતે ધોલવાણી ભિલોડા તાલુકમાં છે. અને વિજયનગર મહાલમાં છે. દેરોલ હિંમતનગર અને ખેડબ્રહ્મા તાલુકામાં છે. ઘણી વાર એક ગામની ગ્રાંટ બીજા એ જ નામના ગામે જતી રહે છે. તેથી ગામના નામ સાથે ગામનો તાલુકો જાણવાની જરૂર રહે છે. જિલ્લામાં માણસો જેટલી જ વસ્તી ઢોરની છે. માણસની વસ્તી ૯.૧૮ લાખની છે. અને ઢોરની વસ્તી ૯.૨૦ લાખ છે. શારીરિક સંપત્તિ બંનેની સારી કહી શકાય.

સાબરકાંઠા જિલ્લાના આંતરસૂબા ગામમાં આયુર્વેદનો બગીચો છે. જિલ્લાના ક્ષેત્રફળના ૧૯ ટકા ભાગમાં જંગલો આવેલાં છે. તેમાં વિવિધ આયુર્વેદિક વનસ્પતિઓ થાય છે. આ જંગલની વનસ્પતિઓનો અભ્યાસ સંજીવની ઔષધાલયવાળા વૈદ્ય રસિકલાલ પરીખે કરી 'સાબરકાંઠાની વનસ્પતિઓ' નામનું પુસ્તક બહાર પાડ્યું છે. તેથી જિલ્લાને 'આયુર્વેદનો બગીચો' છે એમ કહીને બિરદાવ્યો છે. આવી આયુર્વેદિક વનસ્પતિઓ ખાસ કરીને ખેડબ્રહ્માથી રાજસ્થાન સુધીનાં જંગલોમાં સાબરમતી, હરણાવ વગેરે નદીઓના કિનારે મળી આવે છે.

ચીનનો વિખ્યાત પ્રવાસી અને વિદ્વાન યુઆન-શ્વાંગ ૭મી સદીમાં માળવાથી ખેડબ્રહ્મા જતાં વડાલી રોકાયેલ તેનો ઉલ્લેખ તેના પ્રવાસ ગ્રંથમાં મળે છે. તેણે વડાલી ગામનો ઓછાલ તરીકે ઉલ્લેખ કરેલો છે.

મહાત્મા ગાંધીજીના ગુરુ રાજચંદ્રજીએ ઈડરના ડુંગર ઉપર સંવત ૧૯૫૫માં તપશ્ચર્યા કરી આત્મસાક્ષાત્કાર કર્યો હતો. એ સ્થાન ઉપર થોડાં વર્ષોથી 'રાજચંદ્રવિહાર' સ્થપાયો છે.

જિલ્લામાં સમ ખાવાની એક જ રેલવે લાઈન છે અને તે અમદાવાદ-ખેડબ્રહ્મા રેલવે.

જિલ્લો શિલ્પ સ્થાપત્યનો ભંડાર છે. વેરવિખેર પડેલી સ્થાપત્યના ખંડિયેરો તે પુરવાર કરે છે. રાજસ્થાનમાં આવેલો ચિતોડને કીર્તિસ્તંભ સારાયે હિંદુસ્તાનમાં પ્રખ્યાત છે. શિલ્પ અને સૌંદર્યમાં તેની બરોબરી કરી શકે તેવો કીર્તિસ્તંભ ભિલોડા ગામમાં દિગંબર જૈન મંદિરના આંગણામાં ઊભો છે. બહારની શિલ્પરસિક જનતાનું તે એક મહાન આકર્ષણ છે.

ગુજરાતમાં સિંચાઈ માટે જે નદીઓ ઉપર માટીના બંધો બંધાયા તેમાં પ્રથમ માટીનો બંધ સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા તાલુકામાં ઈન્દ્રાળી નદી ઉપર બંધાયો અને ભૃગુ સરોવર બન્યું. આ બંધ ગુજરાત ઈજનેરોએ બાંધ્યો તે એક નોંધપાત્ર હકીકત છે.

તીર્થસ્થાનો ધર્મનો સાચો ખ્યાલ આપે છે. સાબરકાંઠા જિલ્લો એ પુણ્યભૂમિ છે. જિલ્લાના ગમે તે ભાગમાં જાઓ તે તમને કોઈ ને કોઈ જૂના દેવસ્થાન કે તીર્થસ્થાનનું દર્શન થશે. કોઈ ખંડિયેર શિવાલય કે દેરાસર અચૂક તમારી નજરે પડશે. હિંદુ મંદિરો જિલ્લામાં ગામેગામ જોવા મળે છે. જ્યારે જૈનોના દેરાસરો જિલ્લાના ઉત્તર ભાગમાં

મોડાસા, ઈડર, ખેડબ્રહ્મા, વડાલી અને ભિલોડા તાલુકાઓમાં નજરે પડે છે.

સાબરકાંઠા જિલ્લામાં તીર્થોમાં પંચતીર્થો મુખ્ય છે. ખેડબ્રહ્માનો ભૃગુ આશ્રમ અને બ્રહ્માજીનું મંદિર, શામળાજી, ઈડરના કણ્વનાથ અને મઉના ભવનાથ.

જિલ્લામાં અરવલ્લીની ગિરિમાળાઓ જુઓ પણ ઈડરિયાગઢનું વ્યક્તિત્વ અનોખું છે. ગઢ કાળમીંઢ પથ્થરનો બનેલો છે અને ઈડર ગામને ત્રણ બાજુથી આવરી લે છે. ગઢ ઉપર ખાસ ગીચ ઝાડી કે વનસ્પતિ નથી. મોટા પથ્થરો ઉનાળામાં ખૂબ તપે છે અને શિયાળામાં ઠંડા થાય છે. તેથી ઈડરમાં તાપ અને ટાઢનો અતિરેક અનુભવાય છે.

ઈડરિયો ગઢ જીતવા ભૂતકાળમાં ઘણા પ્રયત્નો થયેલા પણ તે અજેય રહેલો. તેથી જ્યારે કોઈ મુશ્કેલ કામમાં સફળતા મેળવે છે ત્યારે ઈડરિયો ગઢ જીત્યા એવું લોકો કહે છે.

રાજચંદ્ર વિહાર ઈડરિયા ગઢની દક્ષિણ ગિરિમાળા ઉપર થોડા સમય પહેલાં બંધાયેલો છે. ઈડરના મહારાજાએ શ્રીમદને ઈડર પ્રદેશ વિશે પૂછેલું, તેના ઉત્તરમાં નીચે પ્રમાણે કહ્યું હતું -

આ પ્રદેશ ઐતિહાસિક પ્રાચીન સ્થાન જોતાં તે મને અસલમાં તેમાં વસનારાઓની પૂર્વ વિજયી સ્થિતિ અને તેમની આર્થિક, નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિનો પુરાવો આપે છે. જુઓ તમારો ઈડરિયો ગઢ, તે ઉપરનાં જૈન દેરાસરો, રૂઠીરાણીનું માળિયું, રણમલની ચોકી, મહાત્માઓની ગુફાઓ અને ઔષધિ વનસ્પતિ આ બધું અલૌકિક ખ્યાલ આપે છે.

સૌંદર્યધામ સમા પવિત્ર તીર્થો ઘણાંખરાં કુદરતની ગોદમાં જન-પગરવ અને દૃષ્ટિથી દૂર આવેલાં હોય છે. કણ્વનાથ અથવા કલનાથ મહાદેવનું શિવાલય એમાંનું એક છે. ઈડરિયો ગઢ ઈડર ગામને ત્રણ બાજુથી આવરી લે છે. ગઢની બીજી બાજુ ઉત્તરે લિંભોઈ ગામ તરફ વાવ અને નવગ્રહની દેરીઓ છે. છેક તળેટીમાં કણ્વનાથ મહાદેવની ધની ફરકે છે.

શિવાલય ઈડરિયા ગઢની તળેટીમાં નથી પણ ગઢની વચમાં ઊંચે આવેલું છે. ઈડર રાજ્યમાં જે પંચરત્ન હતા તેમાંનું ચતુર્થ કલનાથ ગણાતું હતું. શિવાલય ઘણું પુરાતન છે. તે ક્યારે અને કોણે બંધાવ્યું તે નક્કી નથી. પણ આ સ્થળે કણ્વઋષિનો આશ્રમ હોવાનું મનાય છે. સંવત ૧૬૨૦ની સાલમાં આ શિવાલયનો જીર્ણોધ્ધાર થયાનો લેખ મળી આવેલ છે. આ શિવાલય એકાંતમાં આવેલું છે અને ઈડરિયા ગઢની ગોદમાં સંતાઈને બેઠું હોય તેમ લાગે છે. કણ્વનાથના દર્શનનો લાભ એ મોટું પુણ્ય કમાવા જેવું છે. ભવનાથનું નામ ગુજરાતના ત્યાંના ભૃગુકુંડને લીધે જાણીતું હતું. કુંડમાં માટીથી સ્નાન કરવાથી અને ભવનાથની ભક્તિ કરવાથી કોઢનો રોગ મટતો એવી એની ખ્યાતિ હતી.

'શામળિયાલાલ કી જય'ના પોકારો વાતાવરણમાં ગાજતા હતા. ગુજરાતની ચારે

દિશામાં વૈષ્ણવ તીર્થો આવેલાં છે. પશ્ચિમે દ્વારકામાં રણછોડરાય, ઉત્તરે ઢીમામાં ધરણીધર, દક્ષિણે ડાકોરમાં રણછોડરાય અને પૂર્વમાં શામળપુરમાં શામળાજી એ દેવો તથા બીજા દેવદેવીઓની અમીદૃષ્ટિ આ પ્રદેશ ઉપર હંમેશાં પડતી રહે છે.

શામળાજી વૈષ્ણવતીર્થને પુરાણોમાં ગદાધર તીર્થ તરીકે વર્ણવેલું છે. શામળાજીમાં નીમા વણિકોના ઇષ્ટદેવ છે. તેથી તેમના વરઘોડિયાના છેડા અહીં છોડાય છે અને બાળકોની મૂંડન (બાબરી) વિધિ કરાય છે.

ડુંગરની હારમાળાઓ વચ્ચે શામળાજીનું મંદિર મેશ્વો નદીને કાંઠે આવેલું છે. કોઈ કદાચ ભક્તિભાવથી પ્રેરાઈને ન જાય પણ ત્યાંનું સૃષ્ટિસૌંદર્ય એટલું બધું આકર્ષક છે કે પર્યટન કે ઉજાણી ખાતર શાળા, મહાશાળાના વિદ્યાર્થીઓ અહીં જરૂર ઊમટે છે. શામળાજી રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.૮ ઉપર હોઈને ઉદેપુર, કેશરિયાજી, શ્રીનાથજી અને કાંકરેલી જતાં પ્રવાસીઓ પણ અહીંની મુલાકાત અચૂક લે છે. અહીં દર વર્ષે કારતક સુદ - અગિયારસથી વદ અમાસ સુધી ૨૦ દિવસનો મેળો ભરાય છે. મંદિરના સ્થાપત્ય ઉપરથી એમ મનાય છે કે આ મંદિર અગિયારમી કે બારમી સદીમાં બંધાયું હશે. શામળાજી જોડે વૈષ્ણવ તીર્થ છે. પણ તેની આસપાસ શિવાલયો પણ છે. તેથી ત્યાં શિવપૂજા પણ પ્રચલિત હશે તેમ લાગે છે.

મંદિરની બેસણી ઘણી ઊંચી છે. એ બેસણીના દેહ ઉપર ચારેકોર શિલ્પના કંદોરા છે. આ કંદોરાના ત્રણ થર છે. અજ, ગજ અને દેવ. અજ થરમાં મેખલાં છે. ગજ થરમાં સૂંઢ હલાવતા હાથીઓની હારમાળા છે. દેવથરમાં રામાયણ મહાભારત અને ભાગવતમાંથી રામકૃષ્ણના પ્રસંગો કોતરેલા છે. આ કંદોરાઓ ઉપર દેવી-દેવતાઓ, માનવીઓ અને અનુચરોની વિવિધ છટા વ્યક્ત કરતી અનેક સુંદર મોટી મૂર્તિઓ છે. હાથીઓની બધી મૂર્તિઓ ઓછીવત્તી ખંડિત છે. છતાંય તેનું કલાવિધાન ઘણું લલિત અને આકર્ષક છે. મંદિરની અંદરની શ્યામલાલની મૂર્તિ હિંદુ, શિલ્પકળાનો સુંદર નમૂનો છે. દ્વારકા કે ડાકોરની કૃષ્ણની મૂર્તિ કરતાં એ મૂર્તિ વધુ ઊંચી છે અને ઘણી આકર્ષક છે.

આ મુખ્ય મંદિર ઉપરાંત નદીના વિશ્રામઘાટ ઉપર 'કળશી છોકરાંની મા'ની અદ્‌ભુત મૂર્તિ છે. આ ઘાટની સામે કિનારે હરિશ્ચંદ્રની ચૉરી છે. તેની પાછળના ડુંગર ઉપર ગંગાપુરીનો આશ્રમ શ્રી દત્તાત્રય ભગવાનની પાદુકાઓ સ્થાપી બાંધવામાં આવ્યો છે. તેની સામેના કાંઠા ઉપર રાષ્ટ્રીય ધોરી માર્ગની પાસે બ્રહ્માનંદ આશ્રમ છે. તેનાથી થોડે દૂર સર્વોદય આશ્રમ છે.

શામળાજીનું શ્વેત ઊંચું મંદિર, મેશ્વો નદી ઉપરનો બંધ અને સરોવર, આજુબાજુની ગિરિમાળાઓ, જંગલો અને વનરાજી શાંત કુદરતી વાતાવરણ એ બધાં આ સ્થાનનાં મુખ્ય આકર્ષણો છે.

રાજસ્થાનમાં ચિત્તોડનો કીર્તિસ્તંભ ભારતમાં પ્રખ્યાત છે. પણ તેજ કોટીનો કીર્તિસ્તંભ ભિલોડામાં સૈકાઓથી ઊભો છે. તે બાબત ગુજરાતની મોટા ભાગની પ્રજા અજાણ છે.

મુસ્લિમ શાસનકાળ દરમિયાન ભિલોડામાં પાંચ મજલાવાળો કીર્તિસ્તંભ સંવત ૧૬૬૫માં બાંધવામાં આવ્યો. કહેવાય છે કે આ સ્તંભના ઉપલે મજલેથી ભિલોડા રાજ્યની રાજકુંવરી પડી જવાથી મિનારાના બે માળ રાજ્યે ઊતરાવી નાંખ્યા. આ વાતમાં કેટલું સત્ય છે તે કહેવું મુશ્કેલ છે. પણ એ હકીકત છે કે ભિલોડાના દિગંબર જૈન મંદિરના પ્રાંગણમાં ભુલવણીના નામે ઓળખાતો આ કીર્તિસ્તંભ ઊભો છે. એની હાલત એટલી સારી છે કે જોનારને પ્રથમ દૃષ્ટિએ જ તે ગમી જાય તેવો છે.

મિનારો કોતરણીથી ભરપૂર છે. તેની બેઠક જમીનથી ૬ ફૂટ ઊંચી છે. અને તેના ઉપર આ સ્તંભ ગુજરાતના પુરાણા શિલ્પના નાક સમો ઊભો છે. આ સ્તંભના પહેલા મજલામાં કોઈ હિંદુ દેવ મંદિરના વિમાનભાગની જેમ ભીંટ, જળમ્બો, કર્ણિકા, છજ્જિકા, ગ્રાસપટ્ટી, થરો, કુંભ, કળશ, અંતરાળ, કેવાળ, મચ્છિકા, જંઘા, ભરણી, શિરાવટી અને છજ્જા જેવા ભાગો બરોબર બંધાયેલા છે. તેના દેવ અને દિગ્પાળોની મૂર્તિઓ અને જનતાના જીવનના રોજબરોજ બનતા પ્રસંગો આલેખેલા છે. બીજો માળ સાદો છે. ત્રીજા માળે ચારે બાજુ ચાર ઝરૂખા છે અને મોટા મંદિરના સભામંડપની જેમ અર્ધસ્તંભો અને તેના ઉપર ઘુમટનો ભાગ આવેલો છે. ગુજરાતનો આ કીર્તિ સ્તંભ ગુજરાત માટે ગર્વ સમાન છે. ગુજરાતની શિલ્પરસિક જનાતાને માટે તે મોટું આકર્ષણ છે.

જિલ્લામાં વિજયનગર મહાલ ગીચ જંગલો, હરણાવ નદી, અરવલ્લીની ગિરિમાળા અને કુદરતી સૌંદર્યની ગોદમાં આવેલો છે. જિલ્લાના બીજા તાલુકાઓ અને મહાલ કરતાં આ મહાલની વિશેષતા તેના સૌંદર્યતીર્થોમાં સમાયેલી છે. કોઈ તાલુકા અથવા મહાલમાં આટલાં જૂનાં સૌંદર્યતીર્થો અને શિલ્પસ્થાપત્ય નજરે પડે. ઈડર તાલુકામાં કડિયાદરા છોડી મહાલમાં દાખલ થાઓ કે દોઢેક માઈલ ઉપર કાલવણ ગામ આવે છે. ત્યાં વિરેશ્વર મહાદેવનું જૂનું શિવાલય છે સાથે નૃસિંહ ભગવાનનું મંદિર પણ છે. આ બંને દેવાલયો ગેઉઆના ડુંગરની ગોદમાં બાંધેલા છે, ત્યાં કુદરતી ઝરણું છે. શ્રાવણ વદ ૮ને રોજ ત્યાં મેળો ભરાય છે.

વિરેશ્વર છોડી ધોલવાણીના જંગલમાં પ્રવેશ કરતાં વચમાં આતરસુંબા ગામ આવે છે. ઘણાંએ સદેવંત સાવલિંગાના પ્રેમની કથા વાંચી હશે પણ તેનું ભૌગોલિક સ્થાન આતરસુંબામાં છે એ ભાગ્યે જ થોડા જાણતા હશે. અહીં રસ્તામાં એક શિવાલય છે, તેમાંથી વડ ઊગ્યો છે. ત્યાંથી આગળ અભાપુર ગામ આવે છે, ત્યાં શરણેશ્વર મહાદેવનું જૂનું શિવાલય છે. અભાપુરથી ડુંગરોની વચ્ચે ગીચ ઝાડીમાં ઈશાન ખૂણામાં એક માઈલ ઉપર એક પુરાતન જૈન દેરાસર આવેલું છે. તેને લાખેણાનું આદિનાથનું જૈન મંદિર કહે છે. દેરાસર ધોળા આરસપહાણનું બનાવેલું છે. પણ હવામાનની અસરથી તે આરસપહાણ હશે એમ કલ્પવું મુશ્કેલ છે. દેરાસરના ગભારામાંથી મૂર્તિ કોઈ ઉપાડી ગયું છે. આમ કરતાં કરતાં વિજયનગર ગામે પહોંચાય છે. સારે રસ્તે હરણાવ નદી સોબત છોડતી નથી.

વિજયનગરની ઉત્તરે દશેક માઈલ દૂર ખોખરા ગામ છે. કહેવાય છે કે ત્યાં રાણાપ્રતાપ અને મોગલો વચ્ચે યુદ્ધ થયેલું ત્યાં રાણાપ્રતાપ, રાણી અને કુંવરે આશ્રય લીધેલો. લોકો તે જગાને 'રાણીનો હીંચકો' તરીકે ઓળખાવે છે.

વીરેશ્વર મહાદેવ, શરણેશ્વર મહાદેવ, સદેવંત સાવળિંગાની દેરીઓ, લાખેણા જૈન દેરાસર અને રાણીનો હીંચકો આ બધાં સ્થાનો પુરાતન ઐતિહાસિક અને શિલ્પની દૃષ્ટિએ અગત્યના છે.

ભિલોડા તાલુકાના શામળાજીને ઘણા જાણે છે, પણ ખેડબ્રહ્માથી ૭ માઈલ દૂર આવેલા ગઢડા ગામના શામળાજીને બહુ ઓછા જાણે છે. તેનું કારણ એ પણ હોય કે તે ખેડબ્રહ્માના તાલુકામાં એક ખૂણામાં આવેલું છે અને નાણાંના અભાવે તેના ટ્રસ્ટીઓ તરફથી જોઈતી જાહેરાત કરી શકાઈ નથી.

તે ગઢડા ગામમાં છે તેથી તેને ગઢડા શામળાજી કહે છે. મંદિર એક ઊંચી ટેકરી ઉપર છે. પાસે મોટું તળાવ છે. જે સિંચાઈ માટે વપરાય છે. બે માઈલ દૂર સાબરમતી નદી વહે છે. ચાર માઈલ દૂર ધરોઈ પાસે સાબરમતી નદી ઉપર બંધ બંધાયેલ છે.

મંદિરમાં મોટું પ્રવેશદ્વાર દરબારની ડહેલી જેવું છે. મંદિરમાં કાળા આરસપહાણની શામળાજીની શંખચક્ર અને ગદા સાથેની મોટી મૂર્તિ છે. આજુબાજુ દશ અવતાર કાળા આરસમાં કોતરેલા છે. મૂર્તિ ઘણી તેજસ્વી અને પ્રતાપી લાગે છે. એક ટ્રસ્ટ આ મંદિરનો વહીવટ કરે છે. ટ્રસ્ટ ખેડબ્રહ્માના અગ્રણી શ્રી કેસરભાઈ પટેલના નામનું છે.

મંદિરના પૂજારીના કહેવા પ્રમાણે મંદિર ૫૦૦ વર્ષ જૂનું છે. સંવત ૧૫૫૫માં ઈડરના મહારાજાએ મંદિરના કોટની દુરસ્તી કરાવેલી તેવો ઇતિહાસમાં ઉલ્લેખ છે. વળી, તેમનું માનવું છે કે આ મૂર્તિ ઉદેપુરના જગત મંદિરની કાળી આરસપહાણની મૂર્તિ જેવી છે. કાળો આરસ આ પ્રદેશમાં નીકળતો નથી, તેથી તેમનું માનવું છે કે એ મૂર્તિ ઉદેપુરથી બનાવીને ગુજરાતના કોઈ મોટા મંદિર માટે સાબરમતી નદીને રસ્તે લઈ જતા હશે, પણ આગળ લઈ જવાનું કોઈપણ કારણવશાત્ શક્ય નહીં બન્યું હોય તેથી મૂર્તિની ગઢડામાં પ્રતિષ્ઠા કરવામાં આવી હશે. મંદિર મોટી ઊંચી શેરી ઉપર બાંધવામાં આવેલું છે. તેના ઉપરથી આજુબાજુ ચારપાંચ માઈલ સુધીના પ્રદેશનું વિહંગાલોકન કરી શકાય છે.

ખેડબ્રહ્મા અથવા બ્રહ્માની ખેડથી પ્રસિદ્ધ થયેલ તીર્થ સાબરકાંઠા જિલ્લાના ઉત્તર દિશામાં આવેલું છે. આ તીર્થ ઘણું પુરાણું છે. અદિતિની વાવમાંના લેખ ઉપરથી જણાય છે કે આ સ્થાન ૧૩ સૈકા સુધી ઘણું સમૃદ્ધ દશામાં હતું. બ્રહ્માજીનું મંદિર, ક્ષેત્રામ્બા, પંખનાથ મહાદેવ, અંબામાનું મંદિર, હાટકેશ્વરનું મંદિર અને જૈન દેરાસરો તેના ભવ્ય ભૂતકાળના અવશેષરૂપે છે. ખેડબ્રહ્મા ગામની આજુબાજુ ઘણાં મંદિરો અને વાવોના ખંડિયેર હજુ માલૂમ પડે છે. જૂના ખંડિયેરના ખોદકામમાંથી ગુપ્ત સમયના ચોથા સૈકાના ગઢૈયા સિક્કા પણ મળી આવેલા છે. આ બધા પુરાવા તીર્થની પ્રાચીનતા સિદ્ધ કરે છે.

આ પુરાતત્ત્વની વાત બાજુએ મૂકીએ અને સામાન્ય માનવીની દૃષ્ટિએ જોઈએ તો પણ આ સ્થાન અંબામાતાના મંદિરને લીધે ગરીબ અને મધ્યમ વર્ગના માણસોનું તીર્થસ્થાન બની રહ્યું છે. કહે છે કે આબુ પાસેનું મોટા અંબાજી શ્રીમંતોનું છે, જ્યારે આ નાનું અંબાજી સામાન્ય માનવીનું છે.

અંબામાતાનું મંદિર ૧૭મી સદીમાં બંધાયું હશે તેવો મત છે. આદિવાસી અને બીજા લોકો ગુજરાતભરમાંથી અહીં આવે છે. ભાદરવી પૂર્ણિમા અને ચૈત્ર પૂર્ણિમાના રોજ અહીં મેળો ભરાય છે અને લોકો મોટા પ્રમાણમાં દૂર દૂરથી પગપાળા યાત્રા કરીને અહીં ભેગા થાય છે. નવરાત્રિમાં નવ દિવસ માતાજીના ભક્તો ભાવ અને શ્રદ્ધાથી ગરબા અને ભવાઈ કરી માતાજીને પ્રસન્ન કરવા પ્રયત્નો કરે છે.

મંદિરોમાં બ્રહ્માજીનું મંદિર જૂનામાં જૂનું ગણી શકાય. તે ગામની વચમાં આવેલું છે. હેન્રી કઝીન્સના મતે તે બારમી સદીમાં બંધાયેલું હોવું જોઈએ, પણ પૌરાણિક કથા અનુસાર તો આ મંદિર બ્રહ્માજીએ જાતે બંધાવેલું અથવા ભૃગુઋષિ જે અહીં ઘણો વખત રહેલા તેમણે બંધાયેલું એવો મત છે. બ્રહ્માજીની મૂર્તિ સાડાપાંચ ફૂટ ઊંચી છે. બ્રહ્માજીના મંદિરની સામે પથ્થરની બાંધેલી મોટી વાવ છે. તે બ્રહ્માજીની વાવ તરીકે ઓળખાય છે. તે ૧૪મી સદીમાં બંધાઈ હશે તેવો મત છે.

આ તીર્થ હરણાવ, કૌસંબી અને ભીમાશંકરી નદીઓના ત્રિવેણીસંગમ ઉપર આવેલું છે. સંગમ પાસે કોટેશ્વર મહાદેવનું દેવાલય છે. ગામથી એક માઈલ દૂર ત્રિવેણીસંગમ પાસેની નાની ડુંગરી ઉપર ભૃગુઆશ્રમ આવેલો છે. તેની પાસે ક્ષેત્રામ્બા માતાનું મંદિર છે. આ મંદિર ઉપરથી આજુબાજુનું સૃષ્ટિસૌંદર્ય જોવું તે એક લ્હાવો છે. ગામમાં નદી ઉપર નવો પુલ બંધાયો છે. તેની પાસે પંખનાથ મહાદેવનું મંદિર છે. તેમાં મહાદેવનું લિંગ નથી પણ પથ્થરનો થોડો બરછટ ભાગ ઊપસી આવેલો છે, તેને સ્વંભૂ લિંગ માની પૂજા થાય છે. નાગપંચમીને દિવસે અહીં ખાસ કરીને સ્ત્રીઓ પૂજા કરવા આવે છે.

પ્રાંતિજથી ત્રણચાર માઈલને છેટે સાબરમતીની ભેખડ ઉપર શિવાલય છે અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ મારફત ગળતેશ્વર મહાદેવ પહોંચાય છે. શિવાલય ૧૨૫ ફૂટ ઊંચી ભેખડ ઉપર બાંધેલું છે. નદીમાં પૂર આવે છે ત્યારે ભેખડ સાથે અથડાય છે. તેથી શિવાલયના રક્ષણાર્થે એક મોટી દીવાલ બાંધવામાં આવી છે. શિવાલય નાનું છે, લિંગ સામાન્ય રીતે ગોળ હોય છે પણ અહીં લિંગ ચોરસ છે. તેમાં ફાટો પડી છે. એક ફાટમાંથી પાણી મળે છે, તેથી તેને ગળતેશ્વર મહાદેવ કહે છે. શ્રી પદ્મપુરાણના ઉત્તર ખંડમાં આ તીર્થનો ગણતીર્થ તરીકે ઉલ્લેખ કરેલો છે. એ રીતે આ સ્થાન જૂનુંપુરાણું છે. કહે છે કે અહીં તપસ્વીઓએ તપ કરેલું, તપસ્વીઓ હજુ પણ પૂજાપાઠ કરતા હોય છે. શરદપૂર્ણિમાની રાત્રે અમદાવાદથી સહેલાણીઓ મોટરોમાં આવી અહીં ચાંદનીની મઝા માણે છે. નદીના સામા તટ પર મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાનાં ગામો આવેલાં છે. સામા પટે લાકરોડા આવેલ છે. તેની પાસેના નદીના પટમાં કંકોડી અને

પેશીએમળે પ્રકારની સક્કર ટેટી થાય છે. તેને કાપો તો અંદરથી લાલ નહીં પણ લીલી નીકળે છે, પણ સાકર જેવી મીઠી હોય છે. તે મુંબઈ, કલકત્તા સુધી જાય છે.

મહાદેવનું જેવું નામ ચિત્રવિચિત્ર છે તેવો જ તેનો ઇતિહાસ પણ છે. એવી દંતકથા છે કે હસ્તિનાપુરના રાજા શાંતનુના બે રાજકુમારો જય અને વિજયે તેમની માતા પર અપવિત્ર આચરણનો આરોપ મૂક્યો. જ્યારે તેમને પોતાની ભૂલ સમજાઈ ત્યારે તેમણે પ્રાયશ્ચિત્ત કરવાનો નિર્ધાર કર્યો. તેઓ એક પીપળાના ઝાડના થડના પોલાણમાં બેઠા અને અગ્નિ સળગાવી બળી મર્યા. આ રીતે તેમમે પાપમાંથી મુક્તિ મેળવી. જ્યાં તેઓ બલી મર્યા ત્યાં સાબર અને વાત્રક નદીના સંગમની જગ્યાએ ચિત્ર વિચિત્રેશ્વર મહાદેવની સ્થાપના કરી છે. વિવિધલક્ષી યોજના વખતે નાની ધર્મશાળા, કૂવો અને નદીમાં ઊતરવાનાં પગથિયાં અને નાનો ઘાટ બનાવ્યાં છે.

આ સ્થળનો મહિમા બીજી રીતે વિશેષ છે. આદિવાસીનો મોટામાં મોટો મેળો અહીં ફાગણની અમાસ અને ચૈત્ર સુદ એકમને રોજ ભરાય છે. રાજસ્થાન અને સાબરકાંઠાના આદિવાસીઓ ૨૫થી ૩૦ હજારની સંખ્યામાં આવે છે. તેઓ નાચે છે, ગાય છે, ખાય છે અને શ્રાદ્ધ કરે છે, ઝઘડા પતાવે છે અને યુવક-યુવતીઓ જીવનસાથીની પસંદગી પણ અહીં જ કરે છે. આ મેળામાં મહાલવું એ આદિવાસી જીવનનો એક લ્હાવો ગણાય છે. તેથી આદિવાસીઓ નોકરી ધંધા માટે ગમે તેટલે દૂર ગયા હોય પણ આ મેળાના પ્રસંગે અચૂક અહીં આવે છે.

શામળાજી પાસેના દેવની મોરી ગામના ટીંબામાંથી જ્યારે બૌદ્ધ સ્તૂપ અને વિહાર નીકળ્યાં ત્યારે સાબરકાંઠા જિલ્લાએ ઇતિહાસ અને પુરાતત્ત્વશાસ્ત્રમાં આગવું સ્થાન મેળવ્યું. ઇતિહાસની કેટલીક ખૂટતી કડીનું પુરાતત્ત્વવિદોને સંધાણ મળ્યું. શામળાજી માત્ર વૈષ્ણવ તીર્થ જ નથી : શૈવ, જૈન, બૌદ્ધ અને વૈષ્ણવ ધર્મોના તીર્થોનું એ સંગમ સ્થાન છે એમ પુરવાર થયું. શામળાજીથી અડધો માઈલ દૂર દેવની મોરી નામના સ્થળે જ્યાં મેશ્વો અને ધીંગી નદીઓ મળે છે, ત્યાં 'ભોજરાજાનો ટેકરો' હતો ત્યાંથી આજુબાજુના લોકો મોટી ઈંટો, શિલાઓ અને મૂર્તિઓ લઈ જતા હતા, ત્યાં પુરાતત્ત્વના અવશેષો હશે એવી માન્યતાથી મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પુરાતત્ત્વ ખાતા તરફથી ૧૯૫૯-૬૦માં ખોદકામ શરૂ કરવામાં આવ્યું. ખોદકામ કરતાં બૌદ્ધ સ્તૂપ અને વિહારના ખંડ મળી આવ્યા.

સ્તૂપ અને વિહાર બૌદ્ધ સ્થાપત્યના બે મુખ્ય અંગો છે. સ્તૂપ એટલે ભગવાન બુદ્ધ કે બૌદ્ધ ધર્મના કોઈ આચાર્યના પવિત્ર અસ્થિ પાત્રની અંદર મૂકી તે ઉપર બાંધેલો ગોળાર્ધ, વિહાર એટલે ભિક્ષુઓને રહેવાનો મઠ. આ દેવની મોરીનો આખોય સ્તૂપ ઈંટરી છે. તેમાં વપરાયેલી ઈંટોનું માપ ૧૬" થી ૧૮ × ૧૦, ૧/૨" થી ૧૧", ૨૧/૨ થી ૩" છે. બે ચોરસ પીઠિકા ઉપર આ ગોળાર્ધ (અંડ) ગોઠવાયેલું છે. સ્તૂપની ઊંચાઈ આશરે ૪૦ ફૂટ છે. આમાંથી ખંડિત ૧૭ બુદ્ધની મૂર્તિઓ મળી આવી છે. મૂર્તિઓ ૨ ફૂટ ઊંચી અને ૧૩ ઇંચ પહોળી પકવેલી માટીની બનાવેલી છે. આ મૂર્તિઓની

સુંદર વેશભૂષા મુખાકૃતિની રચનાશૈલી ભારતીય પ્રાચીન ગાંધાર શિલ્પશૈલી વ્યક્ત કરે છે.

સ્તૂપના ઢગલાંમાંથી ક્ષત્રપ રાજાઓના પચાસેક ચાંદીના, ત્રાંબાના અને સીસાના સિક્કાઓ, લાલ માટીના પૉલિશ કરેલાં વાસણો, પકવેલી માટીની (Terra Cota) મૂર્તિઓ મળી આવ્યા છે. આ સિક્કાઓ પરથી આ સ્તૂપ ક્ષત્રપ કાળમાં (ઈ.સ.૧૦૦થી ૪૦૦) બંધાયો હશે અને શર્વ ભટ્ટારકના સમય સુધી આબાદ રહ્યો હશે એમ ફલિત થાય છે. બુદ્ધની મૂર્તિઓ તો નીકળી પણ તેની નીચેથી અસ્થિપાત્રનો સમુદ્રગક (દાબડો) તા. ૧૪-૧-૬૩ ના રોજ ૧૨-૩૦ વાગ્યે મકરસંક્રાન્તિને પર્વ દિને મળી આવ્યો. દાબડો તૂટેલા માટીના ઘડાની અંદર મૂકેલો મળી આવ્યો, પણ તે સુરક્ષિત હતો. દાબડો ભૂરા પથ્થરનો બનાવેલો છે. તેની અંદર તાંબાનો નાનો દાબડો અને તેની અંદર સોનાના વરખ અને અસ્થિ મળી આવ્યા છે.

દાબડા ઉપર ઐતિહાસિક લેખ સંસ્કૃત ભાષામાં લખેલા છે. લેખની લિપિ ક્ષત્રપકાલીની બ્રાહ્મી છે. આ લેખ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે આ સ્તૂપ રુદ્રસેન રાજાના રાજ્યકાળ દરમિયાન બંધાયો હતો અને શક સંવત ૧૨૭ એટલે સને ૨૦૫માં બંધાયો હતો. લેખમાં જે ત્રણ ભિક્ષુઓનો ઉલ્લેખ છે તેઓ અગ્નિવર્મા અને સુદર્શન-સ્તૂપ બંધાવનાર તેમજ મહાસેન એનો પથ્થરનો દાબડો બનાવનાર આ વિહારમાં જ વસતા હોવા જોઈએ.

**પાદનોંધ :**

૧. નકશામાં ગુજરાત, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૨, પૃ.૧.
૨. પરીખ રામાલાલ, (સંપાદક), ગુજરાત એક પરિચય, ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ, ૬૬મું અધિવેશન સ્મૃતિ ગ્રંથ, ભાવનગર, ૧૯૬૧, પૃ.૨.
૩. નકશામાં ગુજરાત, અમદાવાદ, ૧૯૭૨, પૃ.૨.
૪. રાજગોર એસ.બી.(સંપાદક), ગેઝેટિયર ઑફ ઇન્ડિયા, ગુજરાત સ્ટેટ, સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટ, અમદાવાદ ૧૯૭૪, પૃ.૧.
૫. સાંકળિયા હસમુખ, 'લાંઘણજ અને મોડાસાનો પ્રાગૈતિહાસિક અને સાંસ્કૃતિક ઈતિહાસ,' 'સમર્પણ' (જુલાઈ ૧૪, ૧૯૭૪ નો અંક)માં પૃ.૫૩-૫૪.
૬. જોષી ઉમાશંકર, પુરાણોમાં ગુજરાત, અમદાવાદ, ૧૯૪૬, પૃ.૪૦, ૧૪૮, ૨૦૬
૭. રાજગોર એસ.બી. ઉપરોક્ત મુજબ પૃ.૩
૮. પંડ્યા મહેશચંદ્ર, આઝાદીની લડતમાં સાબરકાંઠા, અમદાવાદ ૧૯૮૯, પૃ.૨.
૯. નકશામાં ગુજરાત, ઉપરોક્ત મુજબ, પૃ.૧,૨.
૧૦. પંડ્યા મહેશચંદ્ર, ઉપરોક્ત મુજબ, પૃ.૪.
૧૧. જમીનદાર રમેશ, ક્ષત્રપકાલનું ગુજરાત, અમદાવાદ ૧૯૭૫, પૃ.૨.
૧૨. સાંકળિયા હસમુખ, પાદનોંધ - ૫ પ્રમાણે, પૃ. ૫૪
૧૩. સાંકળિયા હસમુખ, પ્રાગૈતિહાસિક ગુજરાત,

૧૪. શાસ્ત્રી હરિપ્રસાદ ગં. ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ, અમદાવાદ, ૧૯૬૪, પૃ. ૯,૧૦.

૧૫. પરીખ રસિકલાલ (સં), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ. (ગુ.રા.સાં.ઇ) ગ્રંથ-૧, અમદાવાદ, ૧૯૭૨, પૃ.૬૯

૧૬. Fote, R.B. The Foote collection of Indian prehistoric and protohistoric Antiquies, catalogue Rasisanne, p.207

૧૭. જોષી ઉમાશંકર, પાદનોંધ ઉપરોક્ત ૬ પ્રમાણે, પૃ. ૨૦૬

૧૮. સાંકળિયા હસમુખ, ઉપરોક્ત પ્રમાણે, પૃ. ૧૮૩-૮૫.

૧૯. Sankalia H.D., pre-History and Early history of Kutch Vol.xxx, PP.233

૨૦. શાસ્ત્રી હરિપ્રસાદ ગં. ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ, પૃ. ૧૨.

૨૧. સાંકળિયા હસમુખ, કચ્છમાં આદિ અશ્મયુગ, (પથિક, દિપોત્સવી અંક સં. ૨૦૪૪)માં પૃ. ૪૩

૨૨. સાંકળિયા હસમુખ, પ્રાગૈતિહાસિક ગુજરાત, પૃ. ૧૯૪-૯૬

૨૩. શાસ્ત્રી હરિપ્રસાદ ગં. ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ, પૃ.૧૨.

૨૪. એજન, પૃ.૧૩,૧૪

૨૫. સાંકળિયા હસમુખ, પ્રાગૈતિહાસિક ગુજરાત, પૃ. ૨૦૪

૨૬. Saphie Ehrhardt and Kerineth, Excavation of Langhnaj, part III : The Human Skeletel Remains, Puna, 1965

૨૭. પરીખ રસિકલાલ ગુ.રા.સાં.ઈ., ગ્રં-૧, પૃ.૮૯, ૯૦

૨૮. Gordon childe, What Happened in history

૨૯. Sankalia H.D. Pre-history and Proto-history in India and Pakistan, P.152

૩૦. Sankalia H.D. OP. cit, PP 40F

૩૧. Foote, R.B., Indian Pre-historic and proto-historic antiquities, P.154

૩૨. શાસ્ત્રી હરિપ્રસાદ, ગં., ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ. પૃ.૧૩.

૩૩. પરીખ રસીકલાલ, (સં). ગુ.રા.સાં.ઈ., ગ્રં-૧, પૃ.૭૦

૩૪. શાસ્ત્રી હરિપ્રસાદ ગં., ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ પૃ.૨૦

# ૨

# સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજની આર્થિક, સામાજિક અને ધાર્મિક સ્થિતિ

ભારત અને ગુજરાતના ઇતિહાસમાં ઓગણીસમો સૈકો સામાજિક પરિવર્તન અને જીવનમાં મૂલ્યોની નવરચનાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ લેખાય છે. આર્થિક અને ઔદ્યોગિક દૃષ્ટિએ પણ આ સૈકા દરમિયાન ભારત અને ગુજરાતમાં નવાં પરિબળો શરૂ થયાં. બ્રિટિશ શાસન દ્વારા ગુજરાત એક વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવતા દેશના સંપર્કમાં આવ્યું. સંપર્કની આ પ્રક્રિયા મહત્ત્વપૂર્ણ હતી. કારણ કે, પંદરમી અને સોળમી સદી દરમિયાન ઇંગ્લૅન્ડ નવજાગૃતિ અને ધર્મસુધારણાના બૌદ્ધિક અને માનવતાવાદી વિચારો દ્વારા નૂતન સાંસ્કૃતિક તબક્કામાંથી પસાર થઈ વ્યક્તિને રૂઢિગત સામાજિક અને ધાર્મિક વ્યવસ્થાનાં બંધનોમાંથી મુક્ત કરવાનો પુરુષાર્થ કર્યો હતો, એટલું જ નહીં પરંતુ એક જટિલ પ્રક્રિયાના - ઔદ્યોગિક ક્રાંતિનાં વમળોમાંથી એ દેશ પસાર થયો હતો, જેને પરિણામે માનવ સંબંધોના સ્વરૂપમાં મૂલગત ફેરફાર અસ્તિત્વમાં આવ્યા. પશ્ચિમની સંસ્કૃતિની ભૌતિક અને બૌદ્ધિક અસરોને લીધે ગુજરાતમાં કદાચ પહેલી વાર સમાજસુધારાનો નૂતન યુગ શરૂ થયો.

મનુષ્યમાત્રની પ્રવૃત્તિ ધર્મ, અર્થ અને કામ છે. ત્રણ પદાર્થ સંપાદન કરવા તરફ રહેલી છે, પરંતુ પરબ્રહ્મનું જ્ઞાન સંપાદન કર્યા સિવાય, જીવનના સાફલ્યરૂપ મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી. ધર્મપરાયણ થવા સિવાય તત્ત્વજ્ઞાન સિદ્ધિ મેળવી શકાય નહીં. એટલા માટે જગતની દરેક પ્રજા- પછી તે આર્ય, ખ્રિસ્તી, મુસલમાન, યહૂદી કે ગમે તે હોય પરંતુ તે પ્રત્યેક - ધર્મને માને છે. ઇતિહાસ અને પુરાણો ઉપરથી જણાય છે કે પ્રાચીન કાળમાં રોમન, ગ્રીક અને ઇજિપ્તના લોકો વૈદિક દેવોનું પૂજન કરતા, તેમ જ ઈરાન, ચીન અને જાપાનની પ્રજા પરબ્રહ્મનું જ્ઞાન ધરાવનારી-તત્ત્વજ્ઞાની હતી, જે ઉપરથી કહી શકાય કે ધર્મનું મૂળ 'વેદ' છે. કાળે કરીને દરેક પ્રકારની વસ્તુસ્થિતિ બદલાય છે, ઉત્પત્તિ અને લય, ચઢતી અને પડતી થયા જ કરે છે. કુદરતના તે અબાધિત નિયમને કાબૂમાં રાખવા પરમાત્માની દૈવીશક્તિ સિવાય અન્ય કોઈ સમર્થ નથી. કળિયુગના આરંભે થયેલા મહાભારત યુદ્ધમાં ઘણાંખરાં ક્ષત્રિયકુળોનો સંહાર થઈ ગયો. માત્ર કેટલાંક બાળક અને ભીરુ ક્ષત્રિયો બચ્યા હતા, તોપણ ક્ષત્રિય વર્ણનું પ્રાચીન ગૌરવ ત્યાર પછી બે હજાર વર્ષ જેટલા લાંબા સમય સુધી ટકી રહ્યું હતું. પાછળથી મગધ

દેશના ઉગ્ર રાજાઓની સત્તા બળવત્તર થઈ પડી અને બ્રાહ્મણોએ તેમને વૈદિક સંસ્કારો આપવામાં આનાકાની કરવાથી બ્રાહ્મણ વર્ણ રાજદષ્ટિએ તિરસ્કારગ્રસ્ત થઈ પડી. જેથી બ્રાહ્મણ અને ક્ષત્રિય વર્ણમાં વૈમનસ્ય ઉત્પન્ન થયું. કર્મ સંવિભાગ વર્ણાશ્રમવ્યવસ્થા, જે પરાપૂર્વથી રચાઈ હતી તેમાં પણ અવ્યવસ્થા પેઠી અને બ્રાહ્મણો જ વૈદિક સંસ્કારોને વળગી રહ્યા. ગૌતમ બુદ્ધે સર્વમાન્ય સામાન્ય ધર્મની સ્થાપના કર્યા પછી વૈદિક ધર્મ બંધ પડ્યો. એટલે ચંદ્રગુપ્ત અને અશોક આદિના રાજઅમલમાં બૌદ્ધ ધર્મ રાજધર્મ તરીકે સ્વીકારાયો હતો.

બુદ્ધના નિર્વાણ પછી મહાવીર આદિ જૈનધર્મના પ્રવર્તકો થયા. તેમણે પણ સનાતન ધર્મનું ખંડન અને વર્ણાશ્રમનો ઉચ્છેદ વાળવાના જ પ્રયત્નો આદર્યા. કુમારપાળ વગેરે રાજાઓએ તેને સંપૂર્ણ ટેકો આપ્યો અને કેટલાક વખત સુધી બોદ્ધ અને જૈન ધર્મ વચ્ચે સ્પર્ધા ચાલી. પરંતુ થોડા વખતમાં શ્રીમાન આદિ શંકરાચાર્ય થયા અને તેમણે ધર્મની મર્યાદા બાંધી. આર્યપ્રજાને સદાચારમાં પ્રવર્તાવી વૈદિક ધર્મનો પુનરુદ્ધાર કર્યો. તેથી પરમાત્માના અવતારરૂપ આદિગુરુ શંકરાચાર્યને આચાર્યની પદવી આપવામાં આવી. તેમના નિર્વાણ પછી વિભિન્ન નવા સંપ્રદાયો થયા અને તે દરેકના આચાર્યોએ દીક્ષા, મંત્રો, પૂજા, નામસ્મરણ વગેરે બાબતના ભિન્ન ભિન્ન વિચારો દર્શાવ્યા અને કાળે કરીને પંથ કે માર્ગના બહાને જુદા જુદા વાડાઓ બંધાયા. આ પ્રમાણે બૌદ્ધ અને જૈનધર્મીઓના ઝઘડાઓથી શરૂ થઈ ૧૩મા સૈકાના અંત સુધી અને ત્યારપછી મુસલમાની રાજઅમલ થયો ત્યારે કેટલાક જુલ્મી રાજાઓએ આર્યપ્રજાને વટલાવી ઇસ્લામ ધર્મ સ્વીકારવાનો પ્રયત્ન કર્યો, એટલે સામાન્ય ધર્મમાં પણ આપદ્‌ધર્મ આવી પડ્યો. મુસલમાની રાજ્યની અંધાધૂંધી અને અરાજકતા મટી, ના. બ્રિટિશ સરકારનો શાંતિમય સમય પ્રાપ્ત થયો ત્યાં સુધીમાં તો પોતાનું તન અને ધન સંભાળવાના જોખમમાં મુકાયેલી આર્યપ્રજાના આચારવિચારમાં સમાનતા રહી શકી નહીં, જેથી મહાન ફેરફાર થયેલો એ જણાય છે કે આચાર, વિચાર, વેશ અને દેશ પરત્વે ચતુર્વર્ણી આર્યપ્રજા જુદા જુદા ભાગોમાં વહેંચાઈ ગઈ ત્યારે ચાર જાતિની ચોરાશી નાત અને તેની પણ પેટાજ્ઞાતિઓ ઉત્પન્ન થઈ.

ધર્મભેદની અસહિષ્ણુતા પ્રાચીન સમયથી ચાલી આવે છે. આપણા દેશમાં જ્યારે બુદ્ધ અને આચાર્યો જન્મ્યા ત્યારે અન્ય દેશોમાં પણ પયગમ્બરો થયા. તેમણે અનેક દેવદેવીઓ અને ફિરસ્તાઓની ઉપાસનાઓ ચલાવી. યુરોપ ખંડમાં મકદુનિયા અને આસિરીયાનાં મહારાજ્યોના સમયમાં ચાલતું દેવોનું પૂજન-અર્ચન મટી ગયું. તે રાજ્યો પડી ભાંગ્યાં. પછી ગ્રીસ દેશની સત્તા સર્વોપરી થઈ. તે પ્રજાએ પણ સોક્રેટિસ નામના તત્ત્વવેત્તાને ઉપદેશ આપતો અટકાવવા ઝેર આપ્યું અને તેના અનુયાયીઓ ઉપર જુલમ વર્તાવ્યો. ગ્રીસનું રાજ્ય પડી ભાંગી રોમનું મહારાજ્ય સ્થપાયું. ઈસુ ખ્રિસ્તના જન્મ પછી ખ્રિસ્તી અને યહૂદી પ્રજા વચ્ચે ભયંકર દાવાગ્નિ સળગ્યો. તેમાં સેંકડો માણસોના મનની ખુંવારી થઈ અને ખ્રિસ્તી ધર્મના ઉપદેશક પયગમ્બર ઈસુ ઉપર યહૂદીઓએ

અનેક પ્રકારની ક્રૂરતા વાપરી, તોપણ ખ્રિસ્તીઓ પાછા હટ્યા નહીં અને આખા યુરોપ ખંડમાં તે ધર્મ ફેલાયો. પાછળથી ખ્રિસ્તી ધર્મમાં પણ મતભેદ પડ્યો. રોમન કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ નામે શાખાઓમાં વિગ્રહ ચાલ્યો. પરંતુ લાંબા સમય સુધી રોમન કેથોલિકના ધર્મગુરુ પોપની સત્તા સર્વોપરી કાયમ રહી. ઈ.સ.૧૫૦૯માં રાજા હેનરી આઠમો ઈંગ્લૅન્ડની ગાદીએ બેઠો. તેને અને પોપને અણબનાવ થવાથી રાજાએ પ્રોટેસ્ટન્ટ ધર્મ સ્વીકાર્યો. વળી જે-જે માણસોએ તેનો હુકમ માન્ય કર્યો નહિ તેવા હજારો રોમન કેથોલિકોને જીવતા ને જીવતા સળગાવી દીધા. ઈ.સ.૧૫૫૩માં રોમન કેથોલિક મતને અનુસરનારી મેરી નામે રાણી ગાદીએ બેઠી. તેણે તેથી ઊલટી રીતે પ્રોટેસ્ટંટ ધર્મને અનુસરનાર નિર્દોષ સ્ત્રીઓ, પુરુષો અને બાળકોને સળગાવી દેવાનો ઉદ્યમ આદર્યો. આ પ્રમાણે ધર્મની અસહિષ્ણુતાને લીધે માણસોને જીવતાં બાળી નાખવાની યુરોપ ખંડમાં ચાલેલી કતલ છેલ્લાં બસો વર્ષ થયાં બંધ પડી. આ તરફ આપણા દેશમાં ઉપર જોઈ ગયા તે પ્રમાણે ચતુર્વર્ણી આર્યપ્રજા સેંકડો જ્ઞાતિઓની રચનામાં પરિણામ પામી છે.

ના.બ્રિટિશ સરકારનો રાજઅમલ સ્થપાયા પછી શોધક બુદ્ધિનો જમાનો પ્રવર્ત્યો છે. આખી દુનિયાની પ્રજા અર્થશાસ્ત્ર અને વિજ્ઞાનાદિનું અધ્યયન કરી અન્ય દેશોમાંથી ધન હરણ કરી લાવવા અને પોતાની સત્તા જમાવવા સકળ પ્રકારના વિનાશક પ્રયોગો આદરી બેઠી છે, જ્યારે ભરતખંડની રાજનિષ્ઠ પ્રજા — હિન્દુ મુસલમાનની જુદી જુદી કોમો — પોતાની પ્રાચીન મહત્તા પ્રાપ્ત કરવા કેળવણીના પ્રયોગો દ્વારા ધર્મપરાયણ થવામાં પ્રવૃત્ત થયેલી જણાય છે. એટલે કયા દેશની પ્રજા આગળ વધે છે તેનો નિશ્ચયાત્મક ખુલાસો આપણા જેવા રાગદ્વેષયુક્ત મનુષ્યોથી થઈ શકે તેમ નથી. દીર્ઘદષ્ટિ આર્યોનું મુખ્ય કર્તવ્ય એ જ હોવું જોઈએ કે અયુક્ત મર્યાદિત ભેદો ઘટાડી, પૃથકતા મટાડવાના યત્નોમાં સંમત થવું અને પ્રત્યેક જાતિએ પોતાની પેટાજાતિને ભેળવી દઈ વર્ણાશ્રમ ધર્મ સ્થાપિત કરવો જોઈએ. ધર્મો રક્ષિત રક્ષતિઃ। આર્યપ્રજાની કેટલીક સંસ્થાઓનું તે તરફ લક્ષ ખેંચાયું છે અને કણબી કોમ પણ કેટલાંક વર્ષો થયાં અધર્મયુક્ત રિવાજોનો ત્યાગ કરી સશાસ્ત્ર સ્વધર્મે વહન કરવા ઉત્સુક બની છે. પરંતુ શારીરિક તેમજ માનસિક ઉન્નતિના આધારરૂપ બ્રહ્મચર્યનું પાલન કરવાને બદલે "દશ દશ વર્ષે જ લગ્ન થઈ શકે અને ૪૫ દિવસની ઉંમર સુધીનાં બાળકોને તો પરણાવી દેવાં જોઈએ, નહિ તો કુળદેવી કોપાયમાન થાય." એવી ધર્મના બહાને અંધશ્રદ્ધા જે જ્ઞાતિ-પ્રદેશમાં ઘર કરી બેઠી હોય અને ફરજિયાત રીતે છ-છ મહિનાનાં બાળકોને પરણાવી દેવાની અને દશ-બાર વર્ષનાં બાળકોને વ્યવહારમાં જોડી દેવાની પ્રથા પડી ગઈ હોય તે જ્ઞાતિનો ઉદ્ધાર થવો કેટલો મુશ્કેલ છે તેમજ સુધારકોનો અને જમાનાના આયુષ્યનો કેટલો ભોગ આપવાની જરૂર છે તે સમજવું મુશ્કેલ નથી.

જ્ઞાતિના અનેક વિભાગ એના સંબંધમાં જુદા-જુદા મતાંતરો પ્રવર્તે છે. જ્ઞાતિએ મુખ્ય સંજ્ઞા ગણીને 'કડવા' અને 'લેઉવા' એ વિભાગ ગણવામાં આવે છે. તેમાં કડવા પાટીદાર અને લેઉવા પાટીદાર તેમજ કડવા કણબી અને લેઉવા કણબી એવા વિભાગો

હતા. પાટીદાર જ્ઞાતિમાં વિભાગો પાડવા માટે અનેક કારણો જવાબદાર હતાં. જેમ કે કન્યા નહિ મળતાં તેમણે અંદર-અંદર એકઠા કરી ગોળ બાંધ્યા. એટલે વિભાગ પાડ્યા. સ્થિતિ, રીતરિવાજ, લાયકાત, આચારવિચાર, ધર્મ, ધંધો, સ્થળ, કુટુંબ અને પક્ષપાત તેમજ મિથ્યાભિમાનથી એકડા અને વિભાગો પેદા થયા.

### આર્થિક સ્થિતિ :

આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. વિશ્વ આખું એક રીતે કહીએ તો તે ખેતીપ્રધાન છે. મનુષ્યના જીવનનો આધાર મહદ્અંશે ખેતઉત્પાદન છે. તેથી કૃષિકાળથી વ્યવસ્થિત ખેતી કરવા માટે મનુષ્ય અથાગ પ્રયત્ન કરતો આવ્યો છે. આધુનિક જમાનામાં હળ અને બળદ તો લગભગ જૂનાં સાધનો ગણાય છે. હવે તો ટ્રેક્ટર અને બોરિંગના પાણી, બોરિંગ અથવા નહેરનાં પાણી, શુદ્ધ બિયારણ અને પરદેશી ખાતર આધુનિક કે વૈજ્ઞાનિક ખેતીમાં આવે છે. આ માટે સરકારો પણ અથાગ પ્રયત્નો કરે છે. પણ આ બધી પ્રક્રિયાનો પ્રારંભ છેલ્લાં ૫૦ વર્ષમાં થયો છે. પરંતુ ખેતીમાં યાંત્રિકરણ આવતા પહેલાં માત્ર કુશળ કૃષિકાર અનિવાર્ય હતો. ખેતીવિકાસના કાર્યક્રમમાં આઝાદી પૂર્વે રાજા-રજવાડાના વખતમાં જો કોઈ કુશળ કૃષિકાર ગણાતો હોય તો તે માત્ર કણબી જ ગણાતો. આમ હજારો વર્ષથી કૃષિવિકાસનાં કાર્યોમાં માત્ર કણબીની જ જરૂરિયાત રહેતી. આ કોમની ઉપયોગિતાના લીધે તેને સામેથી બોલાવવામાં આવતી. ભારતભરમાં ક્યાંક કૃષિકૂર્મી ક્યાંક રેડ્ડીના નામે તેમને સામે ચાલીને વસાવવામાં આવતા અને તેમની ખેતી પણ બેનમૂન હતી. જોકે અન્ય કૃષિકારોમાં જંગલવિસ્તારમાં આદિવાસી તો હતા જ. તેમની ખેતી જંગલની જમીનમાં દાણા નાખે જે ઊગે તે પર આધારિત હતી અથવા તો જંગલો બાળી જંગલની જમીનમાં દાણા નાખી ઊપજ લેતા અને અમુક વર્ષ પછી આ જમીન નકામી થઈ જતાં તેઓને સ્થળાંતર કરવું પડતું. આવી પ્રાથમિક કક્ષાની ખેતી ૧૯૫૦ સુધી ગુજરાતમાં પણ જોવા મળતી. આથી આદિવાસી ખેડૂત હોવા છતાં તે કુશળ ખેડૂત ગણી ન શકાય. ગ્રામ્ય વિસ્તારોમાં ગુજરાતમાં જુદા જુદા વિસ્તારમાં જુદા જુદા ખેડૂત વર્ગો જોવા મળે છે. તેમાં મુખ્યત્વે કોળી, કોળી પટેલો, કણબીથી બીજા નંબરે આવે છે. પણ તેમની ખેતી ઘણી જ પાંખી રહી છે અને તે આજે ઘણેભાગે ખેતમજૂર જ છે. અથવા તો સીમાંત ખેડૂત તરીકે જોવા મળે છે. અન્ય ખેડૂતવર્ગોમાં રાજપૂતો, દરબારો, આહીર, મેર, કારડિયા, નાડોડા, સથવારા, પાટણવાડિયા, ચારણ, ગઢવી, કાઠી, સગર, ખાંટ, ખરક, સંધિ, ઘાંચી અને આદિવાસીઓ વગેરે છે પણ આજે મહદ્ અંશે તેઓ ખેતમજૂર છે અને આમાંના થોડાઘણા જ સીમાંત ખેડૂત છે અને કણબી ખેડૂત જ છે.

કણબીને ખેતી અને તેનાં ઢોર પ્રત્યે ગળથૂથીમાંથી જ લગાવ હોય છે. પોતે ભૂખ્યો રહેશે પણ પોતાનાં ઢોરને ભૂખ્યાં નહિ રહેવા દે તેવી તેની પોતાનાં ઢોરની જાળવણી પણ પોતાના સ્વજન તરીકે કરતો આવ્યો છે. જોકે મહદ્ અંશે ભેંસ જ પાળે. નવાં વાછરડાં ખેતી માટે બહારથી લાવી તૈયાર કરે. અતિથિ દેવો ભવઃ મહેમાનગતિ

એ પોતાની આગવી ઓળખ છે. મહેનતમાં પણ તેઓ જાતે મૂળે ખેતી કરનારો વર્ગ છે અને ખેતી વિકાસમાં તેને આગવી કોઠાસૂઝ છે. રાત-દિવસ પરસેવો પાડીને પણ તે ઉત્તમ ખેતઊપજ લેતો આવ્યો છે. પરંતુ છેલ્લાં ૫૦ વર્ષથી ખેતી વ્યવસાયમાં કણબીમાં બે જુદા જુદા અભિગમ નિર્માણ થતા જોવા મળે છે. એક જાતે ખેતી કરનારો વર્ગ હવે ક્રમશઃ ઓછો થઈ રહ્યો છે. ૨૦૦ વર્ષ પહેલાં ૧૦૦ ટકા કણબી જાતે ખેતી કરતો હતો. આજે માત્ર ૨૦ ટકા જાતે ખેતી કરે છે. જો કે સૌરાષ્ટ્રમાં હજુ પણ ૫૦ ટકા જાતે ખેતી કરનારા છે. જયારે બીજો વર્ગ ખેતીનું કામ બીજાની પાસેથી લેનારો વર્ગ ઊભો થયો છે. એ તેને આધુનિક ભાષામાં એગ્રિકલ્ચર મૅનેજમેન્ટ તજ્જ્ઞ વર્ગ તરીકે કહી શકાય. તેનું કામ ઉત્તમ અને કાર્યક્ષમ છે. વૈજ્ઞાનિક ખેતીનું બીજું નવું સ્વરૂપ ઉમેરાયું છે. ખેડુના વિભાગ પાડવાનું મુખ્ય કારણ અકબરના જમાનામાં ટોડરમલે જમીનની માપણી કરીને જમીનના પ્રકારો જુદી જુદી જગ્યાએ દાખલ કરતાં મહેસૂલ ઉઘરાવવાનાં કાર્યો પણ જુદી જુદી પ્રજાને સોંપતા ગયા. મહેસૂલ ઉઘરાવનાર કોરડિયા કહેવાતા. તેઓ કોરડા મારીને (એક પ્રકારનું ચાબુક) પણ મહેસૂલ વસૂલ કરતા. આ ત્રાસ કણબીથી સહન થતો ન હતો અને છેલ્લે તેઓ એક જિલ્લામાં કોરડિયાના સ્થાને આવ્યા અને મહેસૂલ ઉઘરાવવાના પટ્ટા મેળવ્યા. તેઓ પાટીદાર કહેવાતા થયા. તેઓએ જાતે ખેતી ચાલુ રાખી અને મહેસૂલ ઉઘરાવવાનું પણ ચાલુ રાખ્યું. તેમજ અન્ય ખેડૂતો પાસેથી પણ જમીનો ઉપર ખેતમજૂરી કરાવી લેવાની પ્રથા પણ વિકસાવી. આમ જે વર્ગ મહેસૂલ ઉઘરાવનાર પાટીદાર બન્યો તે ક્રમશઃ નાણાકીય રીતે પૈસાદાર અને મોભાદાર બન્યો.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજની આર્થિક, સાંસ્કૃતિક સ્થિતિનો અભ્યાસ કરતાં પહેલાં એ જાણવું જરૂરી બને છે કે આ સમાજના વડવાઓ કચ્છમાંથી સ્થળાંતર કરીને સાબરકાંઠા જિલ્લામાં આવી કેવી રીતે વસવાટ કર્યો, કેવી મુશ્કેલીઓ સહન કરી તે પણ જાણવું જરૂરી બને છે. આ કચ્છી પાટીદાર સમાજનું મૂળ વતન કચ્છ પ્રદેશ એટલે ભૂજ જિલ્લાના આજુબાજુના તાલુકાઓમાં અને ગામડાંઓમાં રહેતા હતા. કચ્છ પ્રદેશમાં તેઓ ખેતીવાડીનો વ્યવસાય કરતા હતા. ત્યાર પછી કચ્છ પ્રદેશમાં વરસાદ ઓછો પડવાથી આશરે ૮૦થી ૧૦૦ વર્ષ એટલે કે વિક્રમ સંવત ૨૦૦૦ની સાલમાં કચ્છ (માદરે વતન) છોડીને કેટલાક ભાઈઓએ ભારત દેશનાં જુદાં જુદાં રાજયો જેવાં કે મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ જેવાં રાજયોમાં સ્થળાંતર કર્યું. અને કેટલાંક ભાઈઓએ સાબરકાંઠા જિલ્લામાં આવી, 'કમ્પાઓ' વસાવીને ખેતીનો વ્યવસાય શરૂ કર્યો.

સાબરકાંઠામાં આવ્યા એ સમયે સમાજની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ ઘણી નબળી હતી. એ દરમિયાન ધાર્મિક ભાવના ઘણી ઊંચી હતી. જે ધર્મમાં માનતા એ ઈષ્ટદેવમાં શ્રદ્ધા અતૂટ હતી. સાબરકાંઠામાં આગમન થયું એ વર્તમાનમાં જંગલ અને વેરાન પ્રદેશ હતો. જયાં જયાં વસવાટ કર્યો તે વિસ્તારના સ્થાનિક લોકો જોડે

ઘર જેવા સંબંધો બાંધી ઓતપ્રોત થઈ ગયા. જે ગામ હોય તે ગામની બાજુની નવી ખેડેતર માટે જમીનવેચાણમાં રાખી હતી. કોઈ રજવાડાના દરબારની જમીન હોય તો કોઈ વાણિયા શેઠની જમીન હોય તો, કોઈ ચલોતર પટેલ સમાજની જમીન હોય તેવી રીતે સમૂહભાવ કરી નવી જમીન વેચાણમાં લીધેલ હતી. શરૂઆતમાં જે જમીન વેચાણમાં રાખ્યા પછી એક તંબૂમાં સાથે સમૂહમાં રહેતા, જમવા એક રસોડું, કામ પણ ભેગું કરવાનું. આમ, સંપ, સંગઠન કરી, ભારે મહેનત કરી ખેડેતર જમીન તૈયાર કરી હતી. શરૂઆતમાં કચ્છમાંથી ખાલી હાથે આવેલ હતા. તે સમયમાં પોતાના સગાના સહકારથી તેમજ શેઠ-વાણિયા પાસે વ્યાજમાં રકમ લાવી જમીનમાલિક બન્યા હતા. આ પાટીદાર સમાજમાં જેની પાસેથી વ્યાજે રૂપિયા લઈ આવ્યા તે સમય પહેલાં વ્યાજ પરત આપતા. તેમજ માગે તો વ્યાજ સહિત મૂડી પરત આપતા. આમ શરૂઆતમાં જમીનમાંથી વૃક્ષો કાપી, જમીનમાંથી પથ્થરો કાઢી નવી જમીન તૈયાર કરી હતી. સવારે વહેલા ૩ વાગ્યે ઊઠવાનું, વહેલા ભેંસો દોહી છાશ બનાવી વહેલા ખેતરમાં કામે જતા. બપોરનું જમવાનું ભાથું લઈ જતા. સાંજે મોડા અંધારામાં ઘેર આવતા. સાંજે સેવા સંધ્યા, પૂજન ભક્તિ પણ કરતા. આમ દૈનિકની સાદી અને સરળ દિનચર્યા હતી. ઘણી વાર શાક વગરનો સૂકો રોટલો પણ જમતા. પહેરવેશ સાદો હતો. પુરુષો રબારીની જેમ ટૂંકાં કેડિયાં અને લેંગા પહેરતા, સ્ત્રીઓ પણ રબારણ જેવો પોશાક (પહેરવેશ) પહેરતી. હાથ-પગ, ગળામાં ચાંદીનાં કડલાં પહેરતાં. લગ્ન પ્રથામાં દર બાર વર્ષે લગ્ન થતાં. ઘણાં સગપણ જન્મ પહેલાં થઈ જતાં, જેમ કે જન્મમાં દીકરી કે દીકરો આવે તો બંને વેવાઈનો સંબંધ બંધાતો. ઘોડિયા લગ્નની પ્રથા પણ હતી. નાના બાળકને કેડમાં તેડીને લગ્નફેરા ફરવાની પ્રથા પણ હતી.[૧]

આમ, જોઈએ તો કચ્છમાં અને શરૂઆતમાં સાબરકાંઠાના આગંમન સમયે પાટીદાર સમાજની આર્થિક, સામાજિક ને સાંસ્કૃતિક સ્થિતિ સારી નહોતી. એ જમાનામાં ૧૦૦ રૂપિયાની નોટ ભાગ્યે જ જોવા મળતી અને ‘આના’નો વ્યવહાર ચાલતો. ‘સોળ આના’ એટલે એક રૂપિયો થાય. સાબરકાંઠામાં ખાલી હાથે કચ્છમાંથી આવ્યા પછી જમીન સમતલ કરવા ખૂબ મહેનત કરી સવારના વહેલા ઊઠીને ખેતરમાં જતા. પછી પોતાના ખેતરમાં જાત મહેનતથી ખેતી કરતા. પાટીદારના કેટલાક ભાઈઓ અંદરોઅંદર એકબીજાને ત્યાં નોકરી કરતા. પાટીદાર સમાજનું આગમન થયું, એ વખતે નાનાં નાનાં રજવાડાંનું રાજ હતું. એ રજવાડામાં જે દરબારો હતા તેને એ સમયે સહકાર આપ્યો હતો. તે સમયનાં વર્ષોમાં ભારત અંગ્રેજોનો ગુલામ હતો. અંગ્રેજો સામે ગાંધીબાપુએ સત્યાગ્રહની લડત આરંભી હતી ત્યારે આ સત્યાગ્રહમાં સાબરકાંઠાના અનેક કચ્છી પટેલ વડવાઓએ સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લીધો હતો. સાબરકાંઠામાં કચ્છ કડાવ પાટીદાર સમાજ કચ્છમાંથી મુખ્ય વ્યવસાય ખેતીના અર્થે આવ્યો હતો. જોકે તેના પહેલાં વડીલોએ કચ્છમાંથી લાકડાના વ્યવસાય તેમજ બિલ્ડિંગ કન્ટ્રકશન વ્યવસાય અર્થે બીજાં રાજ્યોમાં વસવાટ કર્યો હતો. સાબરકાંઠામાં કચ્છ કડવા પાટીદાર સમાજના વડીલો આવ્યા ત્યારે

સ્થાનિક પટેલોએ કોઈ ખેતીની નવી પદ્ધતિ વિકસાવી ન હતી. તેઓએ અહીંયાં આવીને નવી પદ્ધતિ અપનાવી.

આમ, ધીમે ધીમે ખેતીલાયક જમીન બનાવી સિંચાઈ માટે કૂવાઓનું ખોદકામ કરી, સખત પરિશ્રમ કરી, વિકાસ કરવા લાગ્યા. વર્તમાનમાં આ સમાજનો વિકાસ અન્ય સમાજો માટે પ્રેરણારૂપ બની રહ્યો છે. આ સમાજે ખૂબ જ પ્રગતિ કરી છે. આ સમાજ સમગ્ર પાટીદાર સમાજ માટે સામાજિક, આર્થિક, ધાર્મિક દૃષ્ટિએ પણ આદર્શને પાત્ર બન્યો છે.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજના આર્થિક વિકાસ પાછળ જો મુખ્ય પરિબળ હોય તો એકબીજા સાથેની આત્મીય ભાઈચારાની ભાવના અને આ આત્મીયતાને કારણે જ સમગ્ર સાબરકાંઠાના કચ્છ કડવા પાટીદાર સમાજે પ્રગતિ સાધી છે. શરૂઆતમાં આ સમાજનો મુખ્ય વ્યવસાય માત્ર ખેતી હતો. ખેતીની સાથે સાથે કેટલાંક કુટુંબો લાકડાંની સો-મિલોના વ્યવસાયમાં જોડાયા.

ભારત દેશ આઝાદ થયા પછી વિજ્ઞાન-ટેક્નૉલૉજીનો વિકાસ થવા લાગ્યો. તેવી જ રીતે કૃષિક્ષેત્રે વિકાસ થયો. ઘણા વડીલોએ ખેતી માટે ટ્રેક્ટર જેવાં ઉપયોગી સાધનો વસાવ્યાં. આઝાદી પહેલાં શેઠ-શાહુકાર પઠાણી વ્યાજે પૈસા ધરતા હતા. દેશમાં નવું અર્થતંત્ર આવ્યા પછી બૅંકોની સગવડ આવી. બૅંકોમાં વાર્ષિક હપ્તાથી ઓછા વ્યાજના દરે લોન આપવાની સગવડ થઈ. બૅંકો ખેતી માટે કૂવા ખોદવા માટે, જમીન સમતલ કરવા માટે, ટ્રેક્ટર લેવા માટે લોન આપતી થઈ. એટલે આ સમાજે સરકારી વિવિધ યોજનાઓનો ઉપયોગ કરી વિકાસ કર્યો. આ ઉપરાંત સરકારે ખેતીના ધિરાણ માટે રાષ્ટ્રીયકૃત બૅંકો તેમજ સહકારી સંસ્થાઓ સ્થાપી. જે ખેડૂતોને ખેતી ઉપર ધિરાણ કરતી. ધીમે ધીમે સમાજે વૈજ્ઞાનિક ઢબે કૃષિક્ષેત્રે ક્રાંતિ કરી. સાબરકાંઠા જિલ્લામાં સાબર ડેરીની પણ સ્થાપના થવાથી ગામડે ગામડે દૂધ ઉત્પાદક મંડળીઓનો વિકાસ થયો. ખેતીની સાથે પશુઓનું પાલન કરી દૂધનો વ્યવસાય પણ મહિલાઓ દ્વારા શરૂ થયો. આજે ખેતી અને પશુપાલન એક ઉદ્યોગ સ્વરૂપ જ થઈ ગયો છે.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજે શિક્ષણક્ષેત્રે પણ પ્રગતિ સાધી. શરૂઆતમાં સાબરકાંઠા જિલ્લામાં શિક્ષણ નહિવત્ હતું, પરંતુ વડીલોની સૂઝબૂઝને કારણે શરૂઆતમાં છાત્રાલયો સ્થાપવામાં આવ્યાં. તેની સાથે કન્યાઓ માટે પણ છાત્રાલયો બાંધવામાં આવ્યાં. ત્યારબાદ નવી સ્કૂલોની સ્થાપના કરવામાં આવી. જેમાં ખેડબ્રહ્મા, મોડાસા, ધનસુરા, વડાલી, હિંમતનગર જેવા તાલુકાઓમાં હાઈસ્કૂલો અને છાત્રાલયોની વ્યવસ્થા ઉપલબ્ધ થઈ. એ રીતે સમાજમાં મહિલા શિક્ષણમાં પણ વધારો થયો. આ સમાજમાં અનેક ડૉક્ટરો, એન્જિનિયરો, શિક્ષકો, તેમજ મામલતદાર, કલેક્ટર જેવી પદવીઓ પ્રાપ્ત કરી છે. શિક્ષણના દરેક ક્ષેત્રે આ સમાજ પ્રગતિશીલ રહ્યો છે.

૨૧મી સદીમાં દેશ દુનિયામાં દરેક ક્ષેત્રે વિકાસ થયો. તો આ વિકાસની સાથે આ સમાજે પણ કદમ મિલાવી છે. ભારતમાં ટોપટેન બિલ્ડરોમાં સાબરકાંઠા જિલ્લાના

કચ્છ કડવા પાટીદાર સમાજના સાહસિક યુવાનોએ ખૂબ ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. માત્ર ભારતમાં નહીં પરંતુ વિશ્વના મોટા ભાગના દેશોમાં આ જિલ્લાના સમાજના યુવાનોની પ્રગતિ પહોંચી છે. આમ, આ સમાજની આર્થિક સ્થિતિ ખૂબ જ પ્રગતિશીલ રહી છે. સમાજના યુવાનોમાં જે લોકોએ વિશ્વકક્ષાએ પ્રગતિ સાધી છે તો તે માત્ર પોતાના સુખ માટે જ નહીં પરંતુ તેઓએ આ જિલ્લાના નાનામાં નાના ભાઈઓને પણ ક્યાંક ને ક્યાંક વ્યવસાયમાં આર્થિક મદદ કરીને જોડ્યા છે. આવું શ્રેષ્ઠ દૃષ્ટાંત માત્ર ને માત્ર કચ્છ કડવા પાટીદાર સમાજ જ પૂરો પાડી શકે છે, જે નિર્વિવાદ સત્ય છે. આ સમાજના પાટીદારોમાં નીડરતા, સાહસિકતા, પ્રામાણિકતા, સતત પરિશ્રમ અને ગમે તેવી પરિસ્થિતિમાં રસ્તો કાઢવાની કુશળતા આ સંસ્કારી સમાજના ગુણો છે. આ જિલ્લાનો સમાજ સમયની સાથે ચાલતો સમાજ છે. આ સમાજના યુવાનો ૨૫મા કલાકની શોધમાં ફરતાં સમગ્ર સમાજના યુવાનો છે.

દંતાલી આશ્રમના મહંત શ્રી સ્વામી સચ્ચિદાનંદ મહારાજ આખી દુનિયાના તમામ દેશોમાં તેઓ વિચર્યા છે અને બધી જ જ્ઞાતિઓનો તેમણે અભ્યાસ કર્યો છે. અને તેથી જ તેઓ કહે છે કે આટલા ટૂંકા ગાળામાં આટલી ઝડપી પ્રગતિ કરી હોય તો તે કચ્છ પાટીદાર સમાજે કરી છે. આટલા ટૂંકા ગાળામાં આટલી ઝડપી પ્રગતિ અન્ય કોઈ સમાજ કરી શકે કે કેમ તે પ્રશ્ન છે.

## સામાજિક સ્થિતિ :

દુનિયામાં અનેક જ્ઞાતિઓ છે અને દરેક જ્ઞાતિને પોતાનો આગવો સમાજ હોય છે. દરેક વ્યક્તિ સમાજમાં રહીને જ પોતાનો આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ સાધી શકે છે. આના માટે વ્યક્તિએ સમાજના નીતિનિયમોનું પાલન કરવું પડે છે. તેથી જ કહેવાય છે કે કોઈ વ્યક્તિ સમાજથી પર નથી અને એ જ રીતે વર્ષોથી કચ્છ કડવા પાટીદાર સમાજ માટે પણ ચોક્કસ નિયમો ઘડાયેલા હતા અને સમય જતાં તેમાં સ્વૈચ્છિક રીતે પરિવર્તનો આવતાં રહે છે.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજે આર્થિક ક્ષેત્રે તો પ્રગતિ કરી જ છે તો તેના મૂળમાં સમાજના વડીલોએ આપેલા સંસ્કારો જ છે. કચ્છમાંથી સ્થળાંતર કરીને સાબરકાંઠામાં વસવાટ કર્યો ત્યારથી તેઓ સામાજિક અને સાંસ્કૃતિક વારસો સાચવતા આવ્યા છે. અને આવનારી નવી પેઢીઓને આ વારસો સોંપતા આવ્યા છે. સાંપ્રત સમયમાં વિશ્વના સમાજોએ સ્વીકારવું પડે કે સમાજ કોને કહેવાય ? રીત-રિવાજ શું છે ? પ્રસંગ શું છે ? આ સમજવું હોય તો કચ્છ કડવા પાટીદાર સમાજનું ઉદાહરણ લેવું જ પડે, આ સમાજના દરેક પ્રસંગો માત્ર કર્મકાંડ ન બનતાં ભાવનાસભર અને અર્થસભર જોવા મળે છે. સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજની સામાજિક સ્થિતિ જોતાં પહેલાં તેમના વડવાઓએ જે સંસ્કારો આપ્યા છે તેનો પણ પરિચય જરૂરી બને છે.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજનો મુખ્ય ધંધો ખેતી છે અને

ખેતીમાં જાતમહેનત કરવા છતાં સમય કાઢીને વડીલો પાસેથી વારસમાં મળેલા સંસ્કારોને સાચવી રાખવા માટે પોતાના જીવનભર વ્યસ્ત કાર્યક્રમમાં અટવાયેલો રહે છે. આમ જોઈએ તો વ્યક્તિની દિનચર્યા સાદી અને સરળ છે. સમાજના દરેક વ્યક્તિ (નાના-મોટા) સવારે વહેલા ઊઠી સંસ્કારસમૂહ મંદિરમાં ફરજિયાત જોવા મળે છે. અત્યાર સુધી આપણે સાંભળ્યું હશે કે લોકો ત્રિકાળ સંધ્યા કરે છે, પરંતુ આ સમાજ ચાર-ચાર સંધ્યાઓ કરે છે. તે તેની ધાર્મિક ભાવના છતી કરે છે અને યુવા પેઢીમાં સંસ્કારોના સિંચનનું વર્ણન કરે છે.

## રીતરિવાજો :

દરેક જ્ઞાતિ અને સમાજ માટે પોતાના અલગ-અલગ સામાજિક રીત-રિવાજો હોય છે. એ જ રીતે કચ્છ કડવા પાટીદાર સમાજ માટે પણ પોતાના રીત-રિવાજો છે.[૩] મોટા ભાગના સમાજમાં ગોળપ્રથા જોવા મળે છે. પરંતુ કચ્છ કડવા પાટીદાર સમાજ જુદાં જુદાં રાજયો તેમજ દેશોમાં ફેલાયેલો હોવાથી ચોક્કસ ગોળપ્રથા જોવા મળતી નથી. પરંતુ કચ્છ કડવા પાટીદાર સમાજ મોટા ભાગે કંપાઓમાં સંયુક્ત કુટુંબ જોડે રહેતાં હતા. આ સમાજમાં રીતરિવાજો બીજા સમાજ કરતાં થોડાક વધારે પ્રમાણમાં હતા. જેમકે સોપારીવિધિ, ચાંદલાવિધિ, લગ્નવિધિ, સીમંત, જીયારુ વગેરે વગેરે...મોટા ભાગના રિવાજોમાં ફેરફાર સિવાય બાળકના જન્મથી માંડીને મૃત્યુપર્યંત સુધીના દરેક રિવાજ પૈકી થોડી રિવાજોમાં નજીવા ફેરફાર સિવાય એકસરખી રીતે સામ્ય ધરાવતા હતા.

કચ્છ કડવા પાટીદાર સમાજનાં રીત-રિવાજો અને તેનું છણાવટભર્યું વર્ણન નીચે મુજબ છે.

## બેટીવ્યવહાર :

કચ્છ કડવા પાટીદાર સમાજમાં કુલ પર (બાવન) શાખ હતી. આ સમાજમાં છોકરો કે છોકરી જે શાખના હોય તે શાખ સાથે સંબંધ બાંધી શકતા નહિ. તેઓ પોતાની શાખ ઉપરાંત બીજી અનેક શાખમાં સંબંધ બાંધી શકે. આ સમાજ ખૂબ જ મોટો હોવાથી આખા વિશ્વમાં ફેલાયેલો છે. માટે આ સમાજ છોકરીનો સંબંધ દેશના કોઈપણ ખૂણામાં કરી શકે છે. આ સમાજમાં દહેજપ્રથા નથી.

## સગાઈવિધિ અને લગ્નવિધિ :

આ સમાજમાં પહેલા સગાઈનો રિવાજ એવો હતો કે દીકરી જન્મે કે દીકરો જન્મે આ બન્નેનો સંબંધ તે વખતે જ નક્કી થતો અને લગ્ન પણ થતાં જેને ઘોડિયાં લગ્ન તરીકે પણ ઓળખવામાં આવે છે. વરને તેનો પિતા લઈને ફેરા ફરે અને કન્યાને તેની માતા લઈને ફેરા ફરે. પરંતુ સમય પરિવર્તન આવતાં તેમજ શિક્ષણનો વ્યાપ વધતાં આ રિવાજમાં પરિવર્તન જોવા મળે છે.

હવેની સગાઈના રિવાજમાં છોકરી તરફથી સમાચાર મળતાં છોકરો છોકરીને

જોવા માટે ઘરે આવે છે. ત્યારબાદ બન્ને એકબીજાની સાથે વાતચીત કરે છે. બન્નેના વિચારો મળે ત્યારે બન્ને એકબીજાને હા પાડે છે. ત્યારબાદ આ વાત સમાજના વડીલોને કરવામાં આવે છે કે સંબંધ મંજૂર છે. ત્યાર પછી સારું મુહૂર્ત બન્ને પક્ષ તરફથી બ્રાહ્મણ પાસે જોવડાવવામાં આવે છે અને ચાંદલાની તારીખ નક્કી કરવામાં આવે છે. છોકરા તરફથી ૫૦-૬૦ વડીલો સાથે છોકરીના ઘરે આમંત્રિત કરવામાં આવે છે. બધા જ વડીલોની હાજરીમાં સોપારીવિધિ એટલે કે સોપારીને કંકુ-ચોખાથી વધાવીને ગોળ-ધાણાં ખાવામાં આવે છે. ત્યાર પછી ચાંદલાવિધિ એટલે કે છોકરીને બધા જ વડીલોની વચ્ચે ખુરશીમાં બેસાડી છોકરાની માતા કંકુ ચોખાથી વધાવીને સાડી પહેરાવે છે. ત્યારબાદ બધા જ સ્વજનો છોકરીને કંકુ-ચોખાથી વધાવે છે અને છેલ્લે સામૂહિક ભોજન લેવામાં આવે છે.

આમ, સોપારીવિધિ તેમજ વીંટી પહેરાવવાનો કાર્યક્રમ યોજાય છે અને આ રીતે સમાજની સાક્ષીએ સગાઈવિધિ પૂર્ણ થાય છે.

લગ્નની બાબતમાં કેટલાક વડીલોની રૂબરૂ મુલાકાત કરતાં જાણવા મળેલ કે લગ્નપ્રથામાં દર બાર વર્ષે લગ્ન થતાં. ઘણાં સગપણ તો જન્મ પહેલાં થઈ જતાં. જેમકે જન્મમાં દીકરો આવે કે દીકરી તો બન્ને વેવાઈનો સંબંધ બંધાતો. એ રીતે કેટલાય સંબંધો બંધાતા. કદાચ નવી પેઢી આ સંબંધને ગાંડપણ ગણતી હશે. પરંતુ આનો મુખ્ય જે ભાવ હતો તે સમજવા માટે ઊંડું ઊતરવું પડે. વિશ્વના ખૂણે વસતાં કોઈ પણ કચ્છી પટેલ સમાજની સાથે સગાઈ થઈ શકતી. લગ્ન પણ સમાજની અનુકૂળતાએ સારું મુહૂર્ત જોઈને નક્કી કરાતાં. લગ્નપ્રસંગમાં ગણેશ સ્થાપના, માંડવા, મામેરું, વરઘોડો, રાસગરબા, હસ્તમેળાપ અને કન્યાવિદાય જેવા પ્રસંગો યોજાય છે. છોકરા તરફથી પણ જાન જોડીને કીધેલ સ્વજનોની સંખ્યા પ્રમાણે જ આવવાનું રહેતું. લગ્નમાં પરિસ્થિતિ પ્રમાણે ખર્ચ કરવામાં આવતો. ઘણાં અમીર કુટુંબમાં તો લગ્ન ક્યાંય ન જોયા હોય તેવા ઉત્તમ વ્યવસ્થા સાથે થતાં જોવા મળે છે.

## સીમંત (ખોળો ભરવો) :

સ્ત્રીના પહેલા ગર્ભધાન સમયે તેના સીમંતની વિધિ સાતમે મહિને કરવામાં આવે છે. કચ્છ કડવા પાટીદાર સમાજમાં સીમંત વખતે જ્ઞાતિભોજન આપવાનો રિવાજ નથી. કન્યા તરફથી પિયરપક્ષમાં ૧૦થી ૧૫ લોકોને આમંત્રિત કરવામાં આવે છે. નક્કી કરેલ તારીખે સીમંતવિધિ કરવામાં આવે છે. કન્યાને બાજોટ પર બેસાડી ખોળામાં શ્રીફળ આપીને કંકુ-ચોખાથી વધાવી અને મીઠાઈ ખવડાવવામાં આવે છે. આમ આ રીતે સીમંતવિધિ પૂર્ણ કરવામાં આવે છે. ત્યાર બાદ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. કચ્છ કડવા પાટીદાર સમાજનો આ પ્રસંગ અન્ય સમાજો કરતાં જુદો પડે છે કે સીમંત પિયરમાં ન કરતાં સાસરીમાં જ કરવામાં આવે છે. બાળકના જન્મના છઠ્ઠા દિવસે છઠ્ઠીનો પ્રસંગ કરવામાં આવે છે. કહેવાય છે કે છઠ્ઠા દિવસે વિધાતા આ લેખ લખવા આવે છે. બાળકને માચી (નાની ખાટલી) પર સુવડાવવામાં આવે

છે અને તેને મામાના ઘરેથી આવેલ કપડાં પહેરાવીને કપાળ અને જમણા પગના અંગૂઠા પર તિલક કરી તેને કંકુ ચોખાથી વધાવવામાં આવે છે અને જીવન્તિકા વ્રતની વાર્તા સાંભળવામાં આવે છે. આવી રીતે કચ્છ કડવા પાટીદાર સમાજમાં બાળકની છઠ્ઠી ઊજવવામાં આવે છે.

**જીયારું :**

કચ્છ કડવા પાટીદાર સમાજમાં છોકરીના પહેલા બાળક વખતે છોકરીનાં માતા-પિતા તરફથી જીયારાના પ્રસંગનું આયોજન થતું. તેમાં છોકરીનાં માતા-પિતાનાં સ્નેહીજનોને આમંત્રિત કરવામાં આવતા. છોકરીનાં માતા-પિતા તેમજ સ્નેહીજનો છોકરીના શ્વસુર પક્ષના સ્વજનો માટે પહેરામણી કરે છે. આ ઉપરાંત માતા-પિતા છોકરીને ઘર વપરાશનાં વાસણો તથા સોનાના દાગીનાનું દાન કરે છે.માતાપિતા માટે દીકરી તરફથી છેલ્લો પ્રસંગ રહેતો. આ પ્રસંગ ખૂબ જ ભાવનાસભર જોવા મળે છે. આ પ્રસંગમાં ક્યાંય સ્વાર્થ જોવા મળતો નથી. માતાપિતા તરફથી યથાશક્તિ દીકરીને જીયારું આપવામાં આવે છે. આ પ્રસંગે આવેલ સર્વ મહેમાનોના ભોજનનું આયોજન કરવામાં આવે છે.

**બાબરી (મૂંડનવિધિ) :**

બાબરી વિધિ લગભગ દરેક સમાજમાં પ્રચલિત છે. પરંતુ કચ્છ કડવા પાટીદાર સમાજમાં આ વિધિનું કંઈ ખાસ મહત્ત્વ જોવા મળતું નથી. બાળકની ઉંમર સવા વર્ષની થાય ત્યારે પોતાની શાખના મુખ્ય દેવસ્થાને (ગોત્ર) જઈને મૂંડનવિધિ કરવામાં આવે છે. આ વિધિમાં છોકરાનાં માતાપિતા તથા શક્ય હોય તો દાદા-દાદી સામેલ હોય છે અને સામૂહિક જમણવાર જેવો કોઈ પ્રસંગ હોતો નથી. એ રીતે બાબરીવિધિ બીજા સમાજ કરતાં કચ્છ કડવા પાટીદાર સમાજમાં અલગ પડે છે. ૫૨ (બાવન) શાખનાં મૂળ દેવસ્થાન માદરે વતન કચ્છમાં આવેલાં છે.

**ઘૂંઘટપ્રથા :**

કચ્છ કડવા પાટીદાર સમાજમાં જૂની પેઢીમાં લાજ કાઢવાનો રિવાજ પ્રચલિત હતો. લાજનો રિવાજ ધણીથી મોટી ઉંમરના સસરાના સગા હોય. તેમનાથી વૃદ્ધ ઉંમરના પરપુરુષોથી માંડી કે બીજી જ્ઞાતિના સભ્ય ગૃહસ્થોથી રાખવામાં આવતો હતો. દરેક સ્ત્રી પોતાના શ્વશુર પક્ષમાં વડીલોની લાજ કાઢતી હતી. પરંતુ સમય જતાં આ રિવાજમાં ઘણો ફેરફાર જોવા મળે છે. અત્યારની પેઢીમાં આ રિવાજ આંશિક રીતે જોવા મળે છે.

**વીર પસલી :**

દર વર્ષે શ્રાવણ માસમાં આ પ્રસંગ સમગ્ર જિલ્લામાં તેમજ વિશ્વમાં વસતો કચ્છી પટેલ સમાજ ઊજવે છે. ભાઈ બહેનના ઘરે જઈને પોતાની યથાશક્તિ કપડાં તેમજ રોકડનું દાન કરે છે. આ કચ્છ કડવા પાટીદાર સમાજમાં દીકરીને નિયાણી તરીકે ઓળખવામાં આવે છે. માટે આ સમાજ દીકરીને દાન આપવામાં બહુ માને છે. આમ, આ પ્રસંગ ભાઈ-બહેનના સંબંધોને પુષ્ટિ આપે છે. ભાઈ જમણ (ભોજન)ના પૈસા પણ બહેનને આપી દે છે.

## ધાર્મિક સ્થિતિ :

માનવી ભલે ગમે તે ધર્મમાં માનતો હોય કે ગમે તે પંથ સંપ્રદાયની સેવાપૂજા કરતો હોય પણ આ બધામાં સર્વોચ્ચ ધર્મ તો માનવતા જ છે. માનવમાં માનવતા પ્રગટે તે જ સાચો ધર્મ. વાઘ કે સિંહના બચ્ચાને તું વાઘ કે સિંહ થા તેમ કહેવું પડતું નથી. પરંતુ માનવને તું માનવ થા એવો ઉપદેશ આપવો પડે છે. પશુ-પક્ષી પ્રાકૃતિક જીવન જીવે છે. ત્યારે માનવી સાંસ્કૃતિક જીવન જીવે છે.[૫] આપણી સંસ્કૃતિ સત્ય-અહિંસા-પ્રેમ પર રચાયેલી છે. આપણે તો ફક્ત માનવીને જ નહિ પરંતુ જગતના સૃષ્ટિના બધા જીવો પ્રત્યે પ્રેમ કરીએ છીએ. ધર્મ દ્વારા માણસમાં માણસાઈ પ્રગટાવી શકાય છે. સદાય સાચું અને સારું કાર્ય કરવા જે તત્પર થાય તે સાચો ધાર્મિક.

વૈદિક ધર્મ આપણને કલ્યાણના ધર્મના યાત્રી માનવાનું સૂચવે છે. સતપંથ ધર્મ સદ્‌વિચાર, સદ્‌વાણી અને સત્કાર્યને સૌથી વધારે મહત્ત્વ આપે છે. માનવીને બદલવો હોય તો તેનું હૃદય પરિવર્તન કરવું પડે. જે ધર્મ દ્વારા જ શક્ય બને. સદ્‌ગુરુએ માનવમાત્રને પ્રેમનો સંદેશો આપ્યો છે. પડોશી પર તું પોતાની જાત પર જેટલો પ્રેમ કરે છે તેટલો પ્રેમ કર, તેને મદદ કર, તું પડોશીને પ્રેમ કરીશ તો આપોઆપ સમાજમાં શાંતિ સ્થપાશે.[૬]

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજના વિકાસમાં સૌથી મહત્ત્વનું પરિબળ હોય તો તે ધાર્મિકતા છે. આ સમાજ ધર્મને સાથે લઈને વિકાસ કરનાર સમાજ છે. એમના વડીલોએ આપેલા સંસ્કારોને નવી યુવા પેઢી પણ સાચવતી આવી છે. તેમની ધાર્મિક ભાવનાને ટકાવવા માટે સમાજમાં ઉજવાતા વિવિધ ઉત્સવો પણ તેમની ધાર્મિકતામાં વધારો કરે છે. ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું અનેરું મહત્ત્વ રહ્યું છે. જો ઉત્સવો ન હોત તો આપણા ધર્મ સંસ્કૃતિની યાદ કોણ અપાવત ? વડીલોએ કરેલાં પરાક્રમો-સાહસોથી નવી પેઢી કેવી રીતે પરિચિત થાત ? આમ, ઉત્સવો માનવીની ધાર્મિકતા ટકાવવામાં અતિ ઉપયોગી બની રહે છે. તે મુજબ સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજમાં જે ધાર્મિક ઉત્સવો ઊજવાય છે તે અન્ય સમાજો માટે પણ પ્રેરણાસ્રોત સમાન છે.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજની ધાર્મિક સ્થિતિ વિશે કહીએ તો વડીલોના મૂળમાં જ આધ્યાત્મિકતા જેવા ગુણોનું સિંચન થયેલું જોવા મળે છે. વિદેશી અસર પણ આ સમાજના સંસ્કારોને સ્પર્શી શકી નથી. આ સમાજની યુવાપેઢી પણ વડીલોએ આપેલા ધર્મોપદેશને સાચવતી આવી છે. આ સમાજમાં ધાર્મિકતા ટકાવવા માટે જે ઉત્સવો ઊજવાય છે તેની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજમાં બે પંથ જોવા મળે છે. જેવા કે સતપંથ અને સનાતન. સતપંથમાં માનનારો વર્ગ પીરાણાપંથ તરીકે ઓળખાય છે. જ્યારે સનાતનમાં માનનારો વર્ગ લક્ષ્મીનારાયણની પૂજામાં માને છે.

આમ તો પીરાણાપંથ પીર શબ્દને કારણે પ્રથમ દૃષ્ટિએ મુસ્લિમ પંથ લાગે છે.[૭] પણ બધા જ પીરાણાપંથ એ મુસ્લિમ પંથ નથી. બલકે જે સંત-ફકીરોએ ચમત્કારિક સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ તે પીર-ઓલિયા ફકીર સંતના અનુયાયીઓ પીરાણાપંથી ગણાતા

આવ્યા છે. તેમને હિંદુ-મુસ્લિમ જેવો ઓછો ભેદ હતો. મહદ્અંશે તો તેમાં હિંદુ-મુસ્લિમ ક્યાંક તાંત્રિક સિદ્ધિઓ અથવા ક્યાંક તેમાં તત્ત્વજ્ઞાનનો સમન્વય જણાતો અને ક્યાંક ભક્તિભાવના વિશેષ જણાતી. અને મહદ્અંશે આવા ઓલિયા, સંત, ફકીરો, સૂફી પંથમાં પણ જોવા મળતા. મૂળે પીર શબ્દ અરબી નથી પણ ફારસી છે. પંદરમા સૈકાના ઉત્તરાર્ધમાં અમદાવાદ નજીક આવેલ ગીરમથા ગામે ઈમામશાહ ઈરાનથી આવી વસેલ. તે ઘણા ચમત્કાર માટે પ્રસિદ્ધ હતા. તેમના સમયમાં ત્રણ વર્ષ લાગલગાટ વરસાદ ન પડતાં આજુબાજુના કૃષિકારો તેમને ત્યાં ગયેલ અને તેમણે કહ્યું કે વરસાદ તેમની શક્તિ દ્વારા પડશે અને વરસાદ તે વરસે પડતાં કૃષિકારો, કણબીઓ અને આજુબાજુનાં ગામડાંના વતનીઓને પીરના ચમત્કારની ઘણી અસર થઈ અને તેમના તરફ શ્રદ્ધા જાળવી દરેક મુશ્કેલી માટે જતા થયા અને આ પીરાણાને માનતા થયા. આ સિવાય સુરત, વલસાડ જિલ્લાનો કણબીસમૂહ કાશીએથી યાત્રા કરી પાછો વળેલ ત્યાં રાત્રિએ રોકાયેલ અને તે પણ ઈમામશાહની પોતાની ચમત્કારી શક્તિથી પ્રભાવિત થયા અને પીરાણાને માનતા થયા. મોલે ઈસ્લામ એટલે મતિ-ઉલ-ઈસ્લામને આધીન થયા. તે ઉપરથી મતિયા કહેવાયા અને પીરાણાએ સૂચવેલ પંથને અનુસરવા લાગ્યા અને ઈમામશાહે લખેલી શિક્ષાપત્રીને પવિત્ર ગણી તેને મોઢે કરનારા 'કાકા' કહેવાતા.

અગાઉ જોઈ ગયા તેમ ઈમામશાહે ગીરમથા પાસે પીરાણામાં મુકામ કર્યો અને ત્યાંથી પીરનો પંથ (ધર્મ) શરૂ કર્યો.[૯] અડાલજ, ઊંઝા તથા આજુબાજુના ઘણા કણબીઓ આ ધર્મમાં દાખલ થયા. આ પંથના કણબીઓએ કચ્છમાં શિકરા નામનું ગામ વસાવી ત્યાં પીરાણાપંથ શરૂ કર્યો. ગુજરાતના જે કણબીઓ પીરાણા પંથમાં દાખલ થતાં હતા તેમાંથી ઘણા પાટીદારો કચ્છના શિકરા ગામે વસવાટ માટે ગયા. આ પાટીદારો શિકરાની આજુબાજુનાં ગામડાંઓમાં વસ્યાં અને ત્યાં ખેતી કરવા લાગ્યા. આવા કણબીઓનાં કેટલાંક ગામોના અહેવાલ આ મુજબ છે : કચ્છના સઘળી પીરાણાપંથી કણબીઓ ક્રમે ક્રમે ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગોમાંથી નીકળીને કચ્છના વાગડ પ્રદેશના શિકરા ગામે આવ્યા અને ત્યાં પોતાના સ્વધર્મીઓ સાથે મળીને શાંતિથી ખેતી કરવા લાગ્યા. કચ્છનો પ્રદેશ ઘણાં વર્ષોથી ખેતીવાડીમાં પછાત હતો. એ સંજોગોમાં કચ્છના રાવને (રાજાને) ગુજરાતના કાબેલ ખેડૂતો અનાયાસે મળી જતા. રાવે આ ખેડૂતોને આખા કચ્છમાં વસાવ્યા. કચ્છના પાટીદારો ખૂબ મહેનતુ છે અને કરકસરતા તથા સાદાઈથી રહે છે. હાલમાં ગુજરાતના પાટીદારોની માફક તેઓ પણ દુનિયાના ઘણા દેશોમાં આજીવિકા અને કમાણીની શોધમાં પહોંચી ગયા છે. પીરાણાપંથ પાળતા કડવા પાટીદારો સાબરકાંઠાના અનેક કંપાઓમાં જઈને વસ્યા છે અને સુંદર જીવન જીવે છે.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજના દરેક કંપાઓમાં મંદિર ફરજિયાત હોય છે. પીરાણા પંથનાં મંદિરો નિષ્કલંકી જ્યોતિ મંદિરો તરીકે ઓળખાય છે. તેમના મંદિરોમાં ઈમામશાહની પાદુકાનું પૂજન થાય છે. આ મંદિરોમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પ્રતિમાઓ છે. આ મંદિરોમાં સવાર-સાંજ બંને સમય આરતી પણ થાય છે.

નિષ્કલંકી નારાયણ એક દિવસ ફરી પૃથ્વી પર આવશે તેવી આશા સાથે તેમની આરાધના થાય છે. નિષ્કલંકી મંદિરોમાં શક્તિની અખંડ જ્યોત પ્રગટાવેલી હોય છે. આ મંદિરોની ઉપર શ્વેત ધ્વજા પણ ફરકતી હોય છે. ઑલ ઇન્ડિયા સંત સમિતિએ પીરાણા પીઠને પાંચમી પીઠ તરીકે જાહેર કરી છે. અમદાવાદ નજીક આવેલી પીરાણા પીઠ પર પીરાણા પંથના ગાદિપતિ તરીકે હાલ જગદ્‌ગુરુ સંતપંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ બિરાજે છે. કચ્છના બાકીના સનાતન પંથી તરીકે ઓળખાય છે અને બધાં જ એકબીજા સાથે હળીમળીને રહે છે.

આમ, કંપાઓમાં ધાર્મિક વાતાવરણ ઊભું કરવા માટે મંદિરો અગત્યનું પરિબળ બની રહે છે. આ મંદિરોમાં દર ગુરુવારે મહાપૂજા કરવામાં આવે છે તથા વડીલો દ્વારા સત્સંગ, ભજન, કીર્તનનું પણ આયોજન કરવામાં આવે છે. આમ, સમગ્ર કંપાઓની અંદર ધાર્મિક વાતાવરણનું નિર્માણ થાય છે.

આ ઉપરાંત જન્માષ્ટમીનો ઉત્સવ પણ સમગ્ર સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદારના કંપાઓમાં આનંદનો ઉત્સવ બની રહે છે. ચાર દિવસ સુધી રાસ-ગરબાની રમઝટ જામે છે. દરેક કંપાઓમાં આ જન્માષ્ટમીનો ઉત્સવ ઊજવાય છે. જે અન્ય સમાજોમાં આ પરંપરા મુજબ ઊજવાતો નથી. જે આ સમાજની વિશિષ્ટતા છે. જન્માષ્ટમીના દિવસે આખા કંપાનું સામૂહિક ભોજન ગોઠવાય છે. આમ, આ ઉત્સવ અનેરો બની રહે છે.

આ જિલ્લામાં આવેલા કચ્છ કડવા પાટીદાર સમાજના લોકો હોળી જેવા ઉત્સવો આનંદથી ઊજવે છે. સારું મુહૂર્ત જોઈને હોળીને પ્રગટાવવામાં આવે છે. ત્યારબાદ સામૂહિક ભોજન ગોઠવાય છે. હોળીના મહત્ત્વ વિશે પણ વડીલો દ્વારા મંદિરમાં સત્સંગનું આયોજન થાય છે. બીજા દિવસે આવતી ધૂળેટીના દિવસને પણ લોકો આનંદથી માણે છે. આ ઉપરાંત દિવાળીનો ઉત્સવ પણ સમાજના લોકો ઉત્સાહથી ઊજવે છે. દિવાળીના દિવસોમાં સમગ્ર કંપાઓમાં દીપ પ્રગટાવવામાં આવે છે. બેસતા વર્ષના દિવસે સવારે વહેલા મંદિરમાં સમગ્ર કંપાના લોકો પહોંચી જાય છે અને ભજન સત્સંગ કરે છે. ત્યારબાદ એકબીજાને સ્નેહથી ભેટે છે. આ ઉપરાંત દર વર્ષે સંઘોનું આયોજન થાય છે. સમગ્ર જિલ્લાના લોકો એક સ્થાને એકઠા થઈને જેમાં સ્ત્રીઓ, યુવાનો, વડીલો સર્વે જોડાઈને ચાલતા (પગપાળા) પીરાણા જાય છે. આ ઉપરાંત વર્ષમાં એકવાર કડવા પાટીદાર સમાજની કુળદેવી સ્થાનક ઊંઝાએ પગપાળા સંઘ નીકળે છે. જેમાં સમગ્ર સાબરકાંઠાના વિવિધ કંપાઓના કચ્છી પટેલો જોડાય છે. આ સમાજમાં પદયાત્રાનું વિશેષ મહત્ત્વ છે.

ચૈત્ર સુદી-૨ એટલે સદ્‌ગુરુની પદયાત્રાનો સામૈયાનો યાદગાર દિવસ. શાસ્ત્રોમાં જણાવ્યું છે કે ઘરમાં દક્ષિણા આપી હોમ હવન કે કથા કરવામાં આવે તેના કરતાં પોતાના ઇષ્ટદેવના સ્થાન સુધીની પદયાત્રા કરવાથી યજ્ઞ કરતાં વધુ ફળ મળે છે. દરેક ધર્મમાં આવી પદયાત્રાઓનું અનેરું મહત્ત્વ હોય છે. શ્રવણે પોતાનાં મા-બાપને

કાવડમાં બેસાડી યાત્રા કરાવી હતી. તો મહાત્મા ગાંધીની દાંડીયાત્રા દેશની આઝાદીનું પ્રમાણ બની હતી. સદ્દગુરુ શ્રી ઇમામશાહ મહારાજે સમગ્ર દેશનું પરિભ્રમણ કર્યું હતું. સમગ્ર પરિભ્રમણયાત્રા દરમિયાન ગામના છેવાડે તળાવને નદીકિનારે રહેતા સ્વયં અનાજ રાંધીને ખાતા-સત્સંગ કરતાં-તે વખતે સડક-રસ્તાઓ ન હતાં. ગાઢ જંગલોમાં ખુદ રસ્તા બનાવી વાઘ-સિંહની ગર્જનાઓ વચ્ચે નીડરતાથી-શ્રદ્ધાથી કરેલ યાત્રાના અંતે જ ગાઢ જંગલમાં સિંહનો કાન વીંધી કુંવારિકા ધરતીનું આરોપણ કર્યું. તે આજે પ્રેરણાપીઠ તરીકે પૂજાય છે.

આવી પવિત્ર ભૂમિની પદયાત્રા એ હૃદયને શુદ્ધ કરવા સદ્દગુરુનો આશ્રય દૃઢ કરવાનું સાધન છે. જેમ જે-તે કંપનીના મોબાઇલ માટે જે-તે કંપનીનું જ ટાવર જરૂરી છે તેમ જે જેનો જીવ હોય ત્યાં જ પદયાત્રા કરવાથી પુણ્ય મળે છે. અને સદ્દગુરુ સાથે લાઈન મળે છે. આવી યાત્રા માનસિક રીતે નિરામય બનાવી સદ્દગુરુ મિલનની તક અપાવે છે. સમગ્ર પદયાત્રા દરમિયાન પ્રથમ પગ ઊપડે ત્યારથી સદ્દગુરુનું સ્મરણ, નામ-જપ-મંત્ર હોઠ ઉપર હોય, ઘર તથા માયાને સંપૂર્ણપણે ભૂલી જઈ સદ્દગુરુના સ્વરૂપમાં આસક્તિ જળવાય, સમગ્ર યાત્રા દરમિયાન સાદાઈ હોય, પલંગ-ગોદડાં ન હોય. જમીન પર સૂઈ રહેવાથી પૃથ્વીની પવિત્રતા વળગે. આવી શ્રદ્ધા, આશ્રય અને ભક્તિથી અવશ્ય ફળ આપે છે જે જીવનયાત્રા તો સુધારે છે સાથે સાથે અંતિમયાત્રા પણ સુધારે છે.

આમ તો સમગ્ર જીવન એક યાત્રા છે. તેમ છતાં ધર્મસ્થાનોની પદયાત્રા એ ધર્મની શાન છે. આવી પદયાત્રાઓમાં કંઈક ચમત્કાર જરૂર છે. કેમકે આજે પોતાને ઘેર, ખેતરમાં કે આજુબાજુ દેવદર્શને ગાડી લઈને જતાં પૈસાપાત્ર માણસો પદયાત્રા કરતા હોય છે. આ ચાલવાનું બળ કોણ આપે છે ? આ બધું પદયાત્રાની પવિત્ર ભૂમિનો જ પ્રભાવ હોય છે. સદ્દગુરુ તથા અનેક સંતોની ચરણરજથી પવિત્ર બનેલી પ્રેરણાપીઠની પદયાત્રા કરવાથી અવશ્ય પુણ્યનો ઉદય થાય છે અને સદ્દગુરુભાવમાં વૃદ્ધિ થાય છે. સંસારમાં સંસાર સુખ મેળવવા જીવનભર દોડવું અને ફરફર કરવું તેના કરતાં આવતી ચૈત્ર સુદી-૨ સદ્દગુરુની પદયાત્રામાં જોડાઈ કાયમી જીવનફળ પ્રાપ્ત કરવું તેવું આ સમાજ પદયાત્રા વિશે માને છે.

બીજું વિશેષમાં આ કચ્છ કડવા પાટીદાર સમાજમાં કેટલાક સાધુ-સંતો પણ થયા છે. જે સંતો દ્વારા સમાજમાં સત્સંગ દ્વારા સંસ્કારોનું સિંચન થાય છે. આ સમાજના દરેક કંપાઓમાં ભગવાનનાં મંદિરોનું નિર્માણ થયેલ છે. જેમાં સવાર-સાંજ બન્ને ટાઇમ આરતી થાય છે અને આખાય કંપાના નાનાં-મોટાં સર્વે સાથે મળી ભગવાનની આરતી ગવાય છે.

આ સમાજમાં કેટલાક સંતોના આશ્રમો પણ ઊભા કર્યા છે. વડાલી કંપામાં સંત શ્રી નથ્થુરામબાપા એક મહાન સંત થઈ ગયા અને એની યાદમાં સંત નથ્થુરામબાપા આશ્રમ (સમાધિ સ્થળ પર) ચાલે છે. જેમાં અનેક જીવોનું કલ્યાણ થાય છે. એવો

જ આશ્રમ સંત રામદાસબાપુ 'સ્મૃતિધામ' પીરાણા મુકામે ચાલે છે અને વેજપુર કંપા મુકામે 'સંતશ્રી કુંવરમા આશ્રમ' ચાલે છે. આ બધા જ આશ્રમોમાં જ્ઞાન-ભક્તિનો મહિમા ગવાય છે. દર પૂનમના દિવસે અનેક યાત્રાળુઓ આવે છે. સંતોનાં ચરણોમાં શીશ ઝુકાવે છે અને પોતાનું ભાગ્ય બનાવે છે અને પ્રભુરસનો પ્રસાદ પામે છે અને પોતાના જીવનમાં સંસ્કારોનું સિંચન થાય છે.

આમ, સમગ્ર સાબરકાંઠા જિલ્લાનો કચ્છ કડવા પાટીદાર સમાજ ધાર્મિક ભાવના સાથે જોડાયેલો સમાજ છે અને આ ધાર્મિક ભાવના સમાજમાં ટકી રહે તેનું સંપૂર્ણપણે વડીલો દ્વારા ધ્યાન રાખવામાં આવે છે. આ સમાજના વિકાસમાં આધ્યાત્મિકતા રહેલી છે. આ સમાજ પરોપકારી વૃત્તિ ધરાવતો સમાજ છે. એકબીજા ભાઈને મદદ કરી તેને આગળ લાવવો તેવી ભાઈચારાની ભાવના આ સમાજના પાટીદારોમાં છે.

**પાદનોંધ :**

૧. તારીખ ૧૦-૪-૨૦૧૦ના રોજ વડગામના શામજીદાદા સાથે થયેલી વાતચીતમાં જણાવેલ.
૨. તારીખ ૧-૧-૨૦૧૦ના રોજ ખેડબ્રહ્મા તાલુકાના ગોતા કંપાના સંતશ્રી શાંતિદાસજી મહારાજ પાસેથી જાણવા મળેલ વિગત.
૩. ડૉ. આર. ટી. સાવલિયા, 'ગુજરાતના પાટીદારો પરંપરા અને પરિવર્તન', પૃ.૧૨૦
૪. છઠ્ઠી બાળકના જન્મના છઠ્ઠા દિવસે કરવામાં આવતી વિધિ.
૫. 'સતપંથ જ્યોત', (સામયિક), પૃ.૨૦.
૬. ડૉ.મંગુભાઈ રા. પટેલ, સામિપ્ય, ઑક્ટોબર ૧૯૮૬માં પ્રકાશિત થયેલ લેખ, પૃ.૨૮.
૮. 'મહાજાતિ પાટીદાર' સંદેશમાં આવેલ લેખમાંથી, લેખક : દેવેન્દ્ર પટેલ, પૃ.૩

3

# સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજની શૈક્ષણિક તેમજ સેવાકીય સંસ્થાઓ

## સંત શ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય, ખેડબ્રહ્મા

૨૧મી સદી એ જ્ઞાનવિજ્ઞાનની સદી છે. વિજ્ઞાનની નવી નવી શોધોને કારણે સમગ્ર વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે. શિક્ષણજગતમાં પણ અનેક પરિવર્તનો આવી રહ્યાં છે. આ નવાં પરિવર્તનો સાથે તાલ મિલાવવા ભારે પુરુષાર્થ કરવો પડશે. શહેરી વિસ્તારોમાં નવા પરિવર્તનો લગભગ આવી ગયા છે. હજી ગ્રામવિસ્તારમાં પરંપરાગત શિક્ષણ જ અપાય છે. આના પરિણામે શહેરના વિદ્યાર્થીઓ તથા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓના વિકાસ વચ્ચે ઘણું અંતર જોવા મળે છે. આ ઉદ્દેશને સાર્થક કરવા ગ્રામ્ય સંસ્થાઓને વેગીલી બનાવવી પડશે તે હેતુથી જ સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવામાં આવેલ. આવી સંસ્થાઓમાંની એક સંસ્થા એટલે "સંત શ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય, ખેડબ્રહ્મા'.

આજનું ખેડબ્રહ્મા પ્રાચીન કાળમાં 'બ્રહ્મક્ષેત્ર' નામે વિખ્યાત હતું. અનેક ઋષિઓના તપથી પવિત્ર થયેલી આ ભૂમિમાં સ્વયં બ્રહ્માજીએ આ નગરની સ્થાપના કરી હતી.[૧] જગમાતા અંબિકા જ્યાં વસે છે એવો આ પ્રદેશ જ્ઞાનસાધનાનું કેન્દ્ર હતો. અનેક વિદ્યાઓ શીખવવાના આશ્રમો અહીં સ્થપાયા હતા. પરંતુ કાળક્રમે આ પ્રદેશના લોકજીવનની અવનતિ થઈ. ગુલામી આવી અને સમૃદ્ધિ ગાયબ થઈ ગઈ. આઝાદી પ્રાપ્ત થયા પછી ફરીથી આ પ્રદેશ બેઠો થવા લાગ્યો. પરંતુ એ પ્રાચીન અસ્મિતાને પામી શક્યો નથી. આદિવાસી પ્રજાની બહુલતાવાળો આ પ્રદેશ ગુજરાત રાજ્યનો આજે પણ સૌથી આર્થિક રીતે પછાત દેશ છે. આ અવનતિનું કારણ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે જ અંધકાર અને આ અંધકારમાંથી પ્રકાશમાં જવા જ્ઞાન-જ્યોતિ પ્રગટાવવી પડે. આ સમજ સાથે ૧૯૭૦માં એક ભાડાના મકાનમાં ધોરણ પથી ૮ના ચાર વર્ગો અને માત્ર પાંચ કર્મચારીઓથી 'શ્રી જ્યોતિ હાઈસ્કૂલ'નો પ્રારંભ થયો હતો. સાધનો ટાંચાં હતાં. મુશ્કેલીઓ અનેક હતી. પરંતુ કચ્છ કડવા પાટીદાર સમાજ આ લક્ષ્યને સિદ્ધ કરવા કટિબદ્ધ હતો. લગભગ ત્રણ દાયકાના અવિરત અથાગ પુરુષાર્થ પછી સાજના અપૂર્વ અને પ્રશંસનીય સહયોગથી 'શ્રી જ્યોતિ હાઈસ્કૂલ'નું અદ્યતન ભવન ફક્ત સાબરકાંઠામાં નહીં પરંતુ સમગ્ર ગુજરાત

માટે નમૂનારૂપ છે. સમાજના સહયોગથી અને વિદ્યાર્થીઓના તપથી આ જ્યોતિ વધુ તેજસ્વી બની છે. આ સંસ્થાને ૧૯૮૫-૮૬માં ગુજરાત સરકાર દ્વારા 'શ્રેષ્ઠ શાળા'નું પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

'શ્રી જ્યોતિ હાઈસ્કૂલ'માં વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાનું છેક પ્રાથમિકથી માંડીને ઉચ્ચતર માધ્યમિક સુધીનું શિક્ષણ આપવામાં આવે છે અને ૧૯૯૯-૨૦૦૦થી સરકારશ્રી દ્વારા ગ્રાન્ટપાત્ર વિજ્ઞાન પ્રવાહની કાયમી મંજૂરી મળે છે. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સર્વાંગી વિકાસ માટે શાળાકીય શિક્ષણ ઉપરાંત આજની બદલાતી જતી સ્પર્ધાત્મક તથા પરિણામલક્ષી સમાજવ્યવસ્થા સાથે અનુકૂલન સાધી શકે છતાં 'સ્વ' કરતાં 'સર્વ' માટે કંઈક યોગદાન આપી શકે તેવી ઉત્તમ નીતિમત્તા સાથેનું ઘડતર કરવા તથા બાળકના શારીરિક અને ખેલદિલીના વિકાસના માટે જીમ્નેસ્ટિક, સંગીત, નૃત્ય, પ્રદર્શન, સ્કાઉટ, જુનિયર, N.C.C., N.S.S., બુદ્ધિ કસોટી તથા જીવનઉપયોગી વિવિધલક્ષી કેળવણી મળી રહે તેવી તમામ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

ખેડબ્રહ્મા નગર અને આસપાસના વનવાસી વિસ્તારનાં બાળકોમાં કેળવણી દ્વારા સુસંસ્કારોનું સિંચન થાય અને ચારિત્ર્યવાન નવી પેઢીનું નિર્માણ થાય તે ધ્યેયને કેન્દ્રસ્થાને રાખી થોડાંક બાળકોથી શરૂ થયેલી આ શાળા આજે ધો. ૫થી ૧૨ સાયન્સ સુધીના વર્ગોમાં વિશાળ સંસ્થા અને ખૂબ જ અદ્યતન પ્રયોગ શાળાઓ, કમ્પ્યુટર કક્ષ, પ્રાર્થનાસભા તેમજ જરૂરી તમામ સુવિધાઓ ધરાવતી થઈ છે. તેની પાછળ સંતોના આશીર્વાદ અને વડીલોની પ્રેરણા અને શરૂઆતથી જ ખભેખભા મિલાવીને પુરુષાર્થ કરનાર પાયાના કાર્યકરોનો વણથાક્યો પરિશ્રમ રહેલો છે.

કોઈ પણ સંસ્થાનો વિકાસ સેવાના ભેખધારી નિઃસ્વાર્થ આર્ષદ્રષ્ટા કાર્યકરો પર અવલંબે છે. શ્રી જ્યોતિ હાઈસ્કૂલને સિદ્ધિના શિખરો પર બિરાજમાન કરવાનો યશ સંસ્થાના પૂર્વ આચાર્ય અને મંત્રી શ્રી જેઠાભાઈ પટેલની વિરાસત બને છે કે જેમની આગવી સૂઝ, કર્તવ્યપરાયણતા, સેવાભાવના અને નાનામોટા સહુની સાથે સમન્વય કરવાની ઉમદા કાર્યશૈલીથી આ સંસ્થાની ઉત્તરોત્તરની પ્રગતિ થઈ રહી છે.

દેશની સમૃદ્ધિ અને વિકાસ તે દેશના કર્મઠ, સેવાભાવી પ્રબુદ્ધ નાગરિકોને આભારી હોય છે. અને આવા નાગરિકોનું નિર્માણ શાળા જ કરે છે, માટે જ કહેવાયું છે કે - "ભારતનું ભાવિ તેના વર્ગખંડની ચાર દીવાલોમાં ઘડાઈ રહ્યું છે."[૨] શાળા સદ્‌વિચારરૂપી સિંચનથી અને સદાચારરૂપી ખાતરથી બાળકના ચારિત્ર્યકુસુમને ખીલવે છે.

"કેળવણી એટલે ખૂબીઓથી ખિલવણી." શ્રી જ્યોતિ હાઈસ્કૂલ, ખેડબ્રહ્મા અને પોતાના છ સંકલ્પો (૧) શિસ્ત, (૨) આરોગ્ય, સ્વચ્છતા, (૩) સમયપાલન, (૪) નિયમિતતા, (૫) સામાજિકતા, (૬) જવાબદારીની ભાવના વિદ્યાર્થીઓમાં ચરિતાર્થ કરવા નમ્ર પ્રયાસ કરે છે.

જૂન ૧૯૭૦થી પ્રજ્વલિત થયેલ જ્યોતિની જ્યોતને વધુ દૈદીપ્યમાન બનાવવામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યશ્રી, વાલીગણ અને સંચાલક મંડળનો સુભગ સમન્વય

થયો તેથી આજે સમાજમાં જ્યોતિનો જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાયો છે. સમય અને સમાજની માંગ ધ્યાનમાં લઈ ધો. ૧૧-૧૨ સામાન્ય પ્રવાહ ૧૯૮૯થી શરૂ થયો જે આજે વટવૃક્ષ બન્યો છે.

આજના વિકસતા વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના યુગમાં ખેડબ્રહ્મા જેવો આદિવાસી અને આંતરિયાળ વિસ્તાર વિશ્વ સાથે તાલ મિલાવે તે હેતુથી જૂન - ૯૯થી 'વિજ્ઞાન પ્રવાહ'નો શુભારંભ થયો. આજે આ શાળા પ્રાથમિકથી માંડી ધો-૧૨ સુધી કર્મઠ, મહેનતુ, સનિષ્ઠ, પ્રેમાળ અને ખંતીલા સારસ્વત પરિવારના કારણે શાળાનાં પરિણામો ઉત્તરોત્તર વધતા રહ્યાં છે. માહિતીના આ યુગમાં વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર અને ઇન્ટરનેટ જેવા ક્ષેત્રમાં પ્રવેશવા સક્ષમ કરવા શાળાએ ભગીરથ પ્રયત્નો આદર્યા છે અને તે માટે સુવિધાઓ પણ ઊભી થયેલ છે.

પ્રાર્થનાથી શરૂ થતી દિનચર્યા પ્રમાણે સાપ્તાહિક કાર્યક્રમ ઘડવામાં આવે છે જે અંતર્ગત સાહિત્ય, વિજ્ઞાન, સુવિચાર, પુસ્તક સમીક્ષા અને ગુરુજીના વક્તવ્યોનો સમાવેશ થાય છે. મૌનદિન, કસરત, યોગાસન અને મહાનુભાવોનાં વકતવ્યો વડે આ શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વમાં સાલસતા, સાદગી, વિનમ્રતા જેવા દૈવીગુણોના દર્શનની પ્રતીતિ સમાજને થતી રહે છે.

શાળામાં યોજાતી સાંસ્કૃતિક પ્રવૃત્તિ જેવી કે વક્તૃત્વ, સુલેખન, નાટ્ય, જોક, કૉર્ટ, ગરબા જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ વડે વિદ્યાર્થીઓની આંતરિક વિશિષ્ટ શક્તિઓને બહાર લાવવામાં ભાવાવરણ ઊભું કરે છે. તેમજ વિજેતા થનાર સ્પર્ધકોને સમાજ, સંચાલકો, સંસ્થા અને વિવિધ દાતાઓ અને પરિવાર તરફથી ઇનામરૂપે પ્રોત્સાહન પણ આપવામાં આવે છે.

શાળામાં શિક્ષણપૂરક પ્રવૃત્તિઓમાં રમત-ગમત ક્ષેત્રે શાળાએ તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ અવિરત ઉત્તમ દેખાવ કરેલ છે. તેની સાથે સાથે યુવા ઉત્સવમાં તાલુકા કક્ષાએ દસ વર્ષ સુધી ચેમ્પિયન બની રાજ્યકક્ષા સુધી અનેક સ્પર્ધાઓમાં પોતાનું સ્થાન સતત જાળવી રાખેલ છે. સ્કાઉટ અને ગાઇડની પ્રવૃત્તિમાં રાષ્ટ્રકક્ષાએ (જાંબોરી) ગુજરાતનું પ્રતિનિધિત્વ ચાર વખત કરી ચેમ્પિયનશિપ પ્રાપ્ત કરેલ છે. ગણિત, વિજ્ઞાન, કલા અને સાહિત્ય જેવા અભ્યાસ વર્તુળો રચી વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ સાધવામાં આવે છે.

શાળાનાં સમૃદ્ધ ગ્રંથાલયો વિપુલ પ્રમાણમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકગણના ઉપયોગને કારણે તેમનામાં વૈચારિક પરિપક્વતાનાં દર્શન થયાં છે. શાળા ગ્રંથાલય દ્વારા યોજાતા 'પુસ્તકદર્શનયાત્રા' જેવા આગવા કાર્યક્રમો શહેર અને વાલી સમુદાયનું પણ શાળા સાથે અનુસંધાન જોડેલ છે. વળી, પોતાના આ વિશિષ્ટ જ્ઞાન વડે શાળાના વિદ્યાર્થીઓ સંસ્કૃત પરીક્ષા, ઇન્ટરમિડિયેટ, પ્રખરતા શોધ, શિષ્યવૃત્તિ, ઇતર વાચન જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સજ્જ થાય છે.

સરકારશ્રી દ્વારા યોજાતા વિજ્ઞાન મેળામાં જિલ્લા કક્ષાએ ચેમ્પિયનશિપ પ્રાપ્ત

કરી રાજયકક્ષાએ પ્રથમ આવી રાષ્ટ્રકક્ષાએ પણ પોતાની કૃતિ દ્વારા શાળાની નામના વધારેલ છે.

'અટનથી થાય રટન' એ ન્યાયે શાળા દ્વારા દર વર્ષે ટૂંકા તેમજ લાંબા પ્રવાસોનું આયોજન કરે છે. જેમાં શાળા પંચાયતમાં ચૂંટાઈ આવેલા વિદ્યાર્થીઓ પ્રતિનિધિઓ જ ઉત્સાહ અને ઉમંગભેર જોડાય છે. આ શિક્ષમકાર્ય દીવાલો પૂરતું સીમિત ના રહેતા પ્રત્યક્ષ મુલાકાત દ્વારા ડેરી, બૅંક, પોસ્ટ ઓફીસ, કૉર્ટ, કૃષિ મેળા, વિજ્ઞાનમેલા, સાયન્સ સિટી જેવાં સ્થળોની મુલાકાત ગોઠવી જ્ઞાનના ઉદ્દીપનનું કાર્ય થાય છે. તેમજ શાળામાં ચાર અદ્યતન વિજ્ઞાની પ્રયોગશાળાઓમાં પ્રાયોગિક કાર્ય પણ કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓના સતત વિકાસ માટે શિક્ષકો દ્વારા શિસ્ત, અક્ષરસુધારણા, નિયમિતતા, પરિણામસુધારણા જેવા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે.

આમ ૧૯૭૦થી આજ પર્યંત જ્ઞાનપિપાસુઓ માટે પરબ ખોલી 'ભણવા માટે આવો અને સેવા માટે જાઓ' એ સૂત્રને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન આ સંસ્થા કરી રહી છે.

## સંતશ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યાવિદ્યાલય - ખેડબ્રહ્મા

કોઈ પણ દેશમાં શાંતિ, સમૃદ્ધિ અને વિકાસ તે દેશના કર્મઠ, સેવાભાવી, શ્રમજીવી જાગૃત નાગરિકોથી જ હોઈ શકે. આવા નાગરિકોનું નિર્માણ માતા અને શૈક્ષણિક સંસ્થા કરે છે. શાળા બાળકના સંસ્કારોને સિંચવાનું ચારિત્ર્યચણતર કરવાનું કાર્ય કરે છે. શૈક્ષણિક સંસ્થા સદ્‌વિચારરૂપી ઈંટોથી અને સદાચાર રૂપી સિમેન્ટથી બાળકના ચારિત્ર્યનો મહેલ રચે છે. જગતને જે વસ્તુની જરૂર છે તે છે 'ચારિત્ર્ય'. વ્યક્તિના ચારિત્ર્યથી જ એની મહત્તાનો પરિચય થાય છે. શૈક્ષણિક સંસ્થાનું કામ જ ચારિત્ર્યવાન નાગરિકો પેદા કરવાનું છે.

ઉપરોક્ત હેતુઓને સિદ્ધ કરવા માટે સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકામાં આવેલી સંત 'શ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યાવિદ્યાલય' સમગ્ર સમાજના ઉત્થાન માટે પ્રયત્ન કરી રહી છે. તેનો વિશેષ પરિચય નીચે મુજબ છે.

સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજના ચારેય તાલુકાના જાગૃત યુવાનો ભેગા મળી સૌપ્રથમ 'પ્રગતિ યુવક મંડળ'ની રચના કરી હતી. જેનો ઉદ્દેશ શિક્ષણ વ્યાપ, સંસ્કારસંવર્ધન, સમાજનાં રીત-રિવાજ, મૂલ્યનિષ્ઠ સમાજની પરંપરાઓ જાળવવાનો હતો. આ અપેક્ષિત ઉદ્દેશોનો અમલ કરવા વિભાગ પ્રમાણે ચોક્કસ વિષયો સાથે એક કે બે દિવસની શિબિરો શરૂ કરેલ. જેની ફલશ્રુતિરૂપે કોઠી કંપામાં મળેલ સભામાં ખેડબ્રહ્મા મુકામે જમીન ખરીદી કન્યા છાત્રાલય શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવેલ. નિર્ણય મુજબ મુ.વડીલો સ્વ.ખેતાબાપા, સ્વ.નાનજીબાપા, સ્વ.કાનજીબાપાએ ખેડબ્રહ્મા મુકામે જમીન ખરીદી.

વડાલી વિસ્તારની દીકરીઓને સમાજના ચાલતા અન્ય છાત્રાલયમાં પ્રવેશ ન મળતાં આવી દીકરીઓને અભ્યાસ માટે દૂર દૂરથી મુશ્કેલીઓ વેઠીને વડાલી આવવું

પડતું હતું. વડીલશ્રી સામજીબાપા, શ્રી જીવરાજબાપા તેમજ અન્ય વડીલોએ આ દીકરીઓની મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ વડાલી મુકામે શ્રી જીવરાજબાપાના નવા મકાનમાં જ દીકરીઓ માટેનું છાત્રાલય શરૂ કરવું તેવો નિર્ણય લઈ યોગ્ય વ્યવસ્થા સાથે જૂન-૧૯૭૯થી ૮૫ દીકરીઓની સંખ્યાથી કન્યા-છાત્રાલય શરૂ કર્યું. સમાજના હિતચિંતક આગેવાનો સાથે મળી કન્યા-છાત્રાલય ખેડબ્રહ્મા મુકામે રાખવાનો નિર્ણય લીધો. જે મુજબ જૂન-૧૯૮૦થી ખેડબ્રહ્મા મુકામે આ છાત્રાલયને સ્થળફેર કરી ખેડબ્રહ્મા સમાજવાડીમાં શરૂ કરેલ.

૧૯૮૩ના વર્ષમાં સમાજના વિકાસનું સતત ચિંતન કરનાર વડીલોએ સાથે મળી. સમાજમાં ક્રાંતિ લાવવી હશે તો તે શિક્ષણથી જ શક્ય બનશે જે કન્યાકેળવણીથી વિશેષ શક્ય બનશે. 'એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે.' આ યુક્તિ મુજબ સુશિક્ષિત સંસ્કારી દીકરીઓ આવતીકાલની માતાઓ છે. તેમનાં સંતાનોમાં સુસંસ્કારોનું ઘડતર થશે. જેથી ભાવિ સમાજના વારસો ચારિત્ર્યવાન, સેવાભાવી, સહિષ્ણુતાવાન, સંસ્કારસભર બનશે.

આ વિચારથી ડિસેમ્બર ૧૯૮૪માં શ્રી કચ્છ કડવા પાટીદાર કેળવણી મંડળની રચના કરવામાં આવી. જૂન ૧૯૮૫થી કન્યા-વિદ્યાલયનો શુભ આરંભ ખેડબ્રહ્મા સમાજવાડીમાં કર્યો. ખેડબ્રહ્મા તાલુકાના જાગૃત આગેવાનોએ ખરીદેલ જમીન ચારેય તાલુકાને અર્પણ કરી. આ જમીનમાં કન્યા-વિદ્યાલય અને છાત્રાલયના નવીન ભવનનું નિર્માણ નક્કી કરવામાં આવ્યું. જેના પ્લાન એસ્ટીમેન્ટ સિવિલ એન્જિનિયર શ્રી રમણભાઈએ (જેઓ શ્રી ગુજરાતના પ્રસિદ્ધ એન્જિનિયરોમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે.) તૈયાર કર્યા એ મુજબ હાલ સમાજના આર્થિક સહયોગથી એક જ કેમ્પસમાં અદ્યતન ભૌતિક સુવિધાઓ ધરાવતા બે ભવનોનું નિર્માણ થયું છે. સાથે સાથે રંગમંચ, અતિથિ ભવન, આરોગ્ય ભવન, પ્રાર્થના હૉલ, ભોજનાલય, સ્વતંત્ર વૉટર સપ્લાય, વૉટર કુલર, કમ્પ્યૂટર સેન્ટર જેવી સુવિધાઓ સાકાર કરેલ છે.

આ સંસ્થાના વિકાસમાં પાયાના વડીલો જેવા કે સ્વ. ખેતાબાપા, સ્વ. નારણબાપા, સ્વ.કાનજીબાપા, સ્વ.વશરામબાપા, શ્રી ખીમજીબાપા, શ્રી પેથાબાપા, શ્રી શામજીબાપા, શ્રી અંબાલાલબાપા, શ્રી જીવરાજબાપા, શ્રી મણીબાપા, શ્રી શામજીબાપા (દેલવાડાકંપા) વગેરેનું પ્રદાન રહ્યું છે.

જૂન-૧૯૭૯થી કન્યા-છાત્રાલયનો શુભારંભ વડાલીમાં શ્રી જીવરાજબાપાના અથાગ પુરુષાર્થથી તેમના મકાનમાં કરવામાં આવેલ. જૂન-૧૯૮૦થી કન્યા-છાત્રાલયનું ખેડબ્રહ્મા સમાજવાડીમાં સ્થાનફેર કરવામાં આવેલ. હાલ છાત્રાલયમાં ધોરણ ૫થી ૧૨ની ૩૩૦ દીકરીઓ રહીને અભ્યાસ કરે છે.[૩] આ દીકરીઓના અભ્યાસ, સ્વાસ્થ્ય, સગવડો બાબતે ખૂબ ધ્યાન રાખવામાં આવે છે.

જૂન-૧૯૮૫થી કન્યા-વિદ્યાલયનો શુભારંભ કરી હાલ કે.જી.થી ધોરણ ૧૨ સુધીની શિક્ષણ વ્યવસ્થામાં ૫૦૦ દીકરીઓ અભ્યાસ કરી રહેલ છે. ૨૧મી સદી એટલે કમ્પ્યૂટર યુગ. આ દીકરીઓ કમ્પ્યૂટર જ્ઞાનથી વંચિત ન રહે એ માટે અદ્યતન કમ્પ્યૂટર સેન્ટર

૧૯૯૭ના વર્ષથી શરૂ કર્યું છે. ટૂંક સમયમાં સંસ્થાએ ખૂબ જ પ્રગતિ સાધી છે. બોર્ડનાં ઉત્તમ પરિણામો તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં રાજ્ય સુધી સિદ્ધિ મેળવેલી છે. જે પુરુષાર્થનું પરિણામ છે. સંસ્થા પોતાના કર્મઠ અને કર્તવ્યનિષ્ઠ પ્રેમાળ આચાર્ય, શિક્ષિકા બહેનો તેમજ અન્ય કર્મચારીઓના પુરુષાર્થથી ઉત્તરોત્તર વિકાસ સાધી ખૂબ જ પ્રગતિ કરી છે. ઓલ ઇન્ડિયા કચ્છ કડવા પાટીદાર સમાજમાં આ સંસ્થાએ ખૂબ જ નામના પ્રાપ્ત કરી છે. જેનો યશ દીકરીઓમાં સંસ્કાર ઘડતરનું કાર્ય કરતાં શિક્ષિકા બહેનો તેમજ આ સમાજની સંસ્કારી દીકરીઓને ફાળે જાય છે. જેમાં સંસ્થાના વહીવટકર્તાઓનું સતત માર્ગદર્શન, પ્રેરણા, હૂંફ એટલાં જ પ્રેરક રહ્યાં છે.

આ સંસ્થાના કારોબારી સભ્યોએ આ સંસ્થાને ઉત્તમ ભૌતિક સુવિધાઓથી સજ્જ બનાવવામાં તેમજ સંસ્થાના વિકાસમાં ઘણો ઉમદા ફાળો આપેલ છે.

આ સમાજની દીકરીઓના શિક્ષણ માટે શ્રી કચ્છ કડવા પાટીદાર કેળવણી મંડળની રચના થઈ. જેના નેજા હેઠળ કન્યા-વિદ્યાલય અને કન્યા-છાત્રાલય કાર્યરત બન્યાં. દરમિયાન સમાજના કેટલાક બુદ્ધિજીવી ભાઈઓને લાગ્યું કે વહીવટી અનુકૂળતાઓ માટે ચારેય તાલુકાઓમાં ભૌતિક સુવિધાઓ ઊભી કરવા અલગ ટ્રસ્ટની રચના કરવી. આ ટ્રસ્ટ ભૌતિક સુવિધાઓ ઊભી કરશે અને શ્રી કચ્છ કડવા પાટીદાર કેળવણી મંડળ આ વ્યવસ્થાઓનું સંચાલન કરશે. આ વિચાર સર્વેને ઉચિત લાગતાં 'શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ'ના નામે ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું તેના પ્રથમ પ્રમુખ પટેલ શામજીભાઈ ગોવિંદભાઈએ જવાબદારી સંભાળેલ.

કેળવણી મંડળે ભૌતિક વ્યવસ્થાઓની કરેલ કામગીરીને આગળ વધારવાનું કાર્ય કારોબારીએ સંભાળી કન્યા-વિદ્યાલય ભવન બાંધકામ કાર્યને આગળ ધપાવવાનું શરૂ કર્યું. આ કાર્યને પૂર્ણ કરવા આર્થિક વ્યવસ્થા અનિવાર્ય છે. અગાઉના આયોજન પ્રમાણે દરેક કંપા કે ગામે નોંધાવેલ દાનની રકમને ઉઘરાવવાનું અન્ય દાતાઓ પાસેથી દાન મેળવવાના અથાગ પ્રયત્નો શરૂ કર્યા.

સોનામાં સુગંધ ભળે તેમ અમેરિકા નિવાસી સંત શ્રી રામજીબાપાના પુત્ર શ્રી પ્રેમજીભાઈ સંસ્થાની મુલાકાતે આવી સંત શ્રી રામજીબાપાનું નામ વિદ્યાલય સાથે જોડવાની સંમતિ આપી.[૪] સંતનું નામ જોડાતું હોવાથી ઉત્સાહમાં અનેરો વધારો થયો. આ ઉપક્રમે કન્યા-છાત્રાલયમાં 'મા ઉમા'નું નામ જોડવાની સંમતિ સાથે સ્વ.મા. મનજીબાપા તરફથી અને ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા તરફથી આચાર્ય કરસનદાસજી મહારાજ પ્રેરણાપીઠ તેમજ શ્રી મણિભાઈ માવજીભાઈ હાથરવા કંપાએ તેમના પિતાશ્રીના નામે પ્રાર્થના હોલ માટે, શ્રી અંબાલાલભાઈ વાલજીભાઈ કલોલ કંપાએ તેમના પિતાશ્રીના નામે ઉચ્ચતર મા. વિભાગ માટે, શ્રી ખીમજીબાપા ગાડુકંપાએ પોતાના પિતાશ્રીના નામે પ્રાથમિક વિભાગ માટે, રાજશ્રી કન્સ્ટ્રકશન ગ્રૂપના ભાગીદારો શ્રી શાંતિભાઈ, જયંતિભાઈ અને શ્રી વિપુલભાઈએ બાલમંદિર માટે, સંત શ્રી નથ્થુરામ બાપા આશ્રમ વડાલી કંપા તરફથી ભોજનાલય માટે, આચાર્ય સવગણદાસ મહારાજ, અથર્વવેદી આશ્રમ કાદીયા-

કચ્છ તરફથી પ્રવેશદ્વાર, શ્રી ધનજીભાઈ વાલજીભાઈએ તેમના પત્નીને નામે રંગમંચ માટે, શ્રી જીવરાજબાપા વડાલીએ તેમનાં પત્નીના નામે પ્રયોગશાળા, શ્રી જયંતિભાઈ તેમજ ભાઈઓએ તેમનાં માતુશ્રીના નામે કમ્પ્યૂટર સેન્ટર માટે તેમજ સમાજના અન્ય દાતાઓ તરફથી યોજનાઓ પ્રમાણે દાનનો પ્રવાહ સતત મળતો રહ્યો.

કન્યા-વિદ્યાલય અને કન્યા-છાત્રાલય એક જ કેમ્પસમાં આવેલ છે. તેમાં હાલ પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચતર માધ્યમિક સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. આ સંસ્થામાં ૬૦૦ દીકરીઓ અભ્યાસ કરે છે. આમ સમગ્ર ગુજરાતના કચ્છ કડવા પાટીદાર સમાજ માટે ખેડબ્રહ્મા તાલુકાની આ સંસ્થા આદર્શ બની રહી છે. આ સંસ્થા કન્યાકેળવણી માટે સમગ્ર જિલ્લામાં મોખરે છે. આ સંસ્થાએ સંસ્કારયુક્ત શિક્ષણ આપી સાચા અર્થમાં કન્યાકેળવણી જેવા શબ્દોને સાર્થક કર્યા છે. આ સંસ્થામાં ભણેલી અનેક કન્યાઓએ ઉચ્ચ પદવીઓ પણ પ્રાપ્ત કરી છે.

## શ્રી એચ. એલ. પટેલ સરસ્વતી વિદ્યાલય - મોડાસા :

જગતની કોઈપણ ચીજના સર્જનમાં હંમેશાં નિર્માણ નિશ્ચિત હોય છે. કોઈ ભલે માને કે ન માને પણ જે કંઈ બનતું હોય છે તે કુદરતને આધીન જ હોય છે. નવનિર્મિત શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયના પાયામાં કંઈક એવું જ લખાયેલું હતું. જે આજે તાદૃશ્ય બની એક ભવનના સ્વરૂપમાં ઊભું છે. ભારતની ભૂમિમાં જન્મેલા એવા કંઈક સંતો, મહંતો, વૃદ્ધો, દીર્ઘદ્રષ્ટાઓનો ઇતિહાસ આપણે વાંચીએ છીએ ત્યારે પોતાનું સર્વસ્વ ભલે આપી દે પણ તેની પાછળ થનાર ભવિષ્યના સર્જનને લાંબી દૃષ્ટિથી નિહાળી કંઈક વિધિના નિર્માણ પ્રમાણે બનશે તેવી શ્રદ્ધાથી કાર્ય કરતા હોય છે.

વિચાર તો વિદ્યુતશક્તિ છે. વિચારથી દિલ-દિમાગ બદલાય છે. સુંદર અને શુભ વિચારોથી મન હંમેશાં જુવાન બની રહે છે. જીવન સુવાસિત બની રહે છે. વિચારો જ આંતર પ્રકૃતિને બદલી આંતર-બાહ્ય શુદ્ધતા જાળવે છે. વિચારો આગળ વધવાની તક આપે છે. જેવું વિચારો તેવું જ જીવન. વિચારો સૂતેલાને જગાડે છે. જાગતાને ચાલતો કરે છે. ચાલતાને દોડતો કરે છે અને દોડતાને ઊડતો કરે છે. જેના દ્વારા વ્યક્તિ પોતાનું નિશ્ચિત લક્ષ, ધ્યેય અને સિદ્ધતા શિખરને સર કરી શકે છે.

વિચારો જ જીવનપાથેય બની રહે છે. વિનય-વિવેક શીખવે છે. હલકાં, મલિન અને દુષ્ટ વિચારો તો મનની અશુદ્ધિ છે. તેથી હાનિકારક વિચારને બદલે હિતકારક વિચારોની વાવણી જરૂરી છે. તો જ વ્યક્તિત્વ ખીલી ઊઠશે. પાપમય, ઝેરી અને ખોટા વિચારો જીવનને વિનિપાત તરફ ધકેલે છે. તેનાથી બચવા શુભ વિચારોનું આચરણ કરીએ. હંમેશાં નેગેટિવ વિચારને બદલે પોઝિટિવ વિચારશીલ વિકસાવવી જોઈએ. વિચારમાં મહાન પ્રચંડ શક્તિ સમાયેલી છે. વિચારોથી જ માનવ પ્રતિમા આકાર પામે છે. એટલે તો બુદ્ધ ભગવાને કહ્યું છે કે —

"આપણે જે કંઈ છીએ તે બધું આપણા વિચારોનું જ પરિણામ છે. શુભ વિચારો શુભત્વ આપે છે. ઉત્તમ જીવન ઘડે છે.'

આવા ઉપરોક્ત વિચારોને આધારે જ સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકામાં આ સંસ્થાની સ્થાપના ૧૯૮૫માં કરવામાં આવી. આ સંસ્થાના પાયામાં શ્રી મોહનભાઈ ડી. પટેલ, શ્રી હંસરાજભાઈ જી. પટેલ, શ્રી ગંગારામભાઈ એન. પટેલ, શ્રી હરજીભાઈ કે. પટેલ, શ્રી અરજણભાઈ ડી. પટેલ, શ્રી હરજીભાઈ વી. પટેલ જેવા સમાજના અગ્રગણ્ય કેળવણીકારોના હસ્તે આ વિદ્યાલયની શરૂઆત કરવામાં આવી હતી. શરૂઆતમાં ધોરણ-૮ના એક વર્ગ સમી દાતણની ચીરીમાંથી ઊભો થયેલો આ કેળવણી વડ ઘેઘૂર બનતો જાય છે. તેની શિક્ષણ, કલા, સાહિત્યજ્ઞાન, વિજ્ઞાન, રમતગમત, સમાજસેવાઓ, રાષ્ટ્રસેવાઓરૂપી વડવાઈઓ આ પવિત્ર ભૂમિ પર ક્ષમતા, કર્તવ્યનિષ્ઠા અને પુરુષાર્થનાં હવા-પાણી ખાતરથી પોતાનું અસ્તત્વ મજબૂત કરતો જાય છે અને આ વડમાં સતત ઉમેરાતો જાય છે. એક નવો જ વડ આજે શાળામાં ૨૨૦૦ જેટલા અભ્યાસાર્થીઓ છે. તેમાં ૯૦ જેટલા શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ છે.[૫]

આ સંસ્થામાં બાલમંદિર, પૂર્વ-પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ કાર્યરત છે. આ સંસ્થાને ૨૦૦૭-૦૮ના વર્ષ દરમિયાન સાબરકાંઠા જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો ઍવૉર્ડ પણ પ્રાપ્ત થયેલ છે. આ શાળાના પ્રથમ આચાર્ય અરવિંદ પંડ્યાને શ્રેષ્ઠ આચાર્યનો રાષ્ટ્રપતિના હસ્તક ઍવૉર્ડ પણ પ્રાપ્ત થયેલ છે. સમગ્ર મોડાસા પંથકમાં આ શાળા શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં તો અગ્રેસર છે જ પરંતુ તેની સાથે સાથે સામાજિક ઉત્થાન માટે પણ આ સંસ્થાનું યોગદાન નાનુંસૂનું નથી.

વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના યુગની સાથે શ્રેષ્ઠ શિક્ષણ આપવાની ક્ષમતા આ સંસ્થા ધરાવે છે. વિવિધ ઉપકરણો દ્વારા વિદ્યાર્થીઓની વિદ્યારુચિને સંતોષવા માટે આ સંસ્થામાં ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સંસ્થામાંથી અભ્યાસ કરીને અનેક વિદ્યાર્થીઓ ઉદ્યોગપતિઓ, ડૉક્ટરો, એન્જિનિયરો, સાહસિક ખેડૂતો તેમજ સરકારી અધિકારી કક્ષા સુધી પહોંચ્યા છે. સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજની આ જિલ્લાની સંસ્થાઓની ખાસિયત રહી છે કે આવનાર નવીન યુગમાં બાળકો ટકી શકે, પગભર રહી શકે તે હેતુથી આ સંસ્થાઓ શિક્ષણ આપી રહી છે. માત્ર શિક્ષણ મેળવવું એટલું પૂરતું નથી પરંતુ શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી સમાજ માટે કંઈક કરવું, કંઈક વિચારવું તેવું ઘડતર શરૂઆતથી જ વિદ્યાર્થીઓની નસેનસમાં રેડવામાં આવે છે. આ એક મોટી ઉપલબ્ધિ સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ માટે કહી શકાય.

## ગ્રોમોર ગ્રૂપ ઑફ ઇન્સ્ટિટ્યૂટ્સ – હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા સ્થાપેલ ગ્રોમોર એજ્યુકેશન સંસ્થા નામચીન સંસ્થા છે. આ સંસ્થાનો પાયો મોડાસા તાલુકાના કરસનપુરા કંપાના પ્રોફેસર ભાઈલાલભાઈ પટેલે નાખ્યો છે. આ સંસ્થામાં કે.જી.થી માંડીને હાયર સેકન્ડરી તેમાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ બન્ને ચાલે છે. અન્ય અભ્યાસોમાં બી.એડ., બી.બી.એ., બી.સી.એ., એમ.બી.એ., એમ.સી.એ., ડિગ્રી એન્જીનિયરિંગ, ડિપ્લોમા એન્જિનિયરિંગ, ડિગ્રી

સર્ટિફિકેટ ચાલે છે. આ સંસ્થામાં મહારાષ્ટ્ર, રાજસ્થાન જેવાં રાજ્યોના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ અર્થે આવે છે. શિક્ષણની સાથે અન્ય પ્રવૃત્તિઓ પણ ચાલે છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ભજવાયેલું 'મોહભંગ' નાટક સમગ્ર ગુજરાતમાં પ્રથમ આવેલ. શૈક્ષણિક ક્ષેત્રે પણ અહીંના વિદ્યાર્થીઓ ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કરે છે. આ સંસ્થા દ્વારા સામાજિક જાગૃતિ અર્થે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રેલીઓ જેવા કાર્યક્રમો યોજાય છે. આ સંસ્થામાં તાજેતરમાં ગુજરાત રાજ્યનું ૩૬મું વિજ્ઞાન પ્રદર્શન યોજાયું. જેમાં ૩,૦૦,૦૦૦ બાળકોએ પ્રદર્શનની મુલાકાત લીધી.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો ૨૨મો યુવક મહોત્સવ પણ આ સંસ્થાના યજમાનપદે યોજાયો હતો. જેમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હેમાક્ષીબહેન રાવ ઉપસ્થિત રહ્યાં હતાં તેમજ મિસ ઇન્ડિયા રહી ચૂકેલી સયાલી ભગત પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી હતી.[૬] આ યુવક મહોત્સવમાં ૨૮૦૦ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. આ સંસ્થા ૫૦ એકરમાં પથરાયેલી સંસ્થા છે. આ સંસ્થાના છોકરા અને છોકરીઓ માટે હોસ્ટેલની સેવા પણ ઉપલબ્ધ છે. આ સંસ્થાએ ટૂંકા સમયમાં ખૂબ વિકાસ કર્યો છે. જે સમગ્ર સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજ માટે ગૌરવની બાબત છે.

## સંત માતુશ્રી કુંવરમા વિદ્યાસંકુલ - વડાલી

શ્રી શારદા હાઈસ્કૂલ વડાલીની સ્થાપના જૂન ૧૯૮૨માં સ્વ. ચંદુભાઈ મહેતા સાહેબ દ્વારા કરવામાં આવી હતી. આ સંસ્થાનો પાયો નગરના શિક્ષકો અને ડૉક્ટરો દ્વારા નાખવામાં આવ્યો હતો. સમય જતાં આ સંસ્થા સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજનાં વડાલી તાલુકામાં કચ્છી પટેલ ભાઈઓએ આ સંસ્થાને વેચાતી લીધી અને અલગથી જ ૮ વીઘા જેટલી જમીનમાં વિદ્યા સંકુલનું નિર્માણ કર્યું. જેનું નામ સંત માતુશ્રી કુંવરમા વિદ્યા સંકુલ પાડવામાં આવ્યું. સંસ્થામાં વિશાળ મેદાન તેમજ છાત્રાલયની વ્યવસ્થા છે. આ સંસ્થાની ખાસ વિશેષતા એ છે કે દરેક જ્ઞાતિનાં બાળકો આ સંસ્થામાં અભ્યાસ કરે છે અને છાત્રાલયમાં રહે છે. સમયાંતરે વિવિધ પ્રવૃત્તિઓ થાય છે જેવી કે રાત્રિવર્ગનું આયોજન, બાળકોની સ્વાસ્થ્ય ચકાસણી, યાત્રિકો માટે દવાઓનું વિતરણ તેમજ સંસ્કારને ધ્યાનમાં રાખી વિવિધ સાધુ-સંતો, કેળવણીકારોનાં વ્યાખ્યાનો યોજાય છે. શાળામાં શૈક્ષણિક ઉપરાંત સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ ચાલે છે. જેવી કે યોગ, શૌર્યગીત, નાટક, એજ્યુકેશન ફેર વગેરે. શાળામાં શિક્ષણને લગતી તમામ ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે. બાળકોને મુક્ત વાતાવરણમાં સંસ્કારયુક્ત શિક્ષણ મળી રહે તે માટે સમાજના વડીલો સંપૂર્ણ દેખરેખ રાખે છે. વડાલી તાલુકામાં સૌથી સારું શિક્ષણ આ સંસ્થા પૂરું પાડી રહી છે જે સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ માટે ગૌરવપ્રદ બાબત છે. આ સંસ્થામાં કે.જી.થી માંડીને ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે. સંસ્કાર સાથે શિક્ષણ એ આ સંસ્થાનો ધ્યેયમંત્ર છે.

## પાટીદાર સેવા સમિતિ, હિંમતનગર
## માનવ સેવાસંસ્થા (દર્દી ટિફિન વિતરણવ્યવસ્થા)

પાટીદાર સેવા સમિતિ, હિંમતનગર સંચાલિત દર્દી ટિફિન વિતરણવ્યવસ્થા છેલ્લા ૧૧ વર્ષથી હિંમતનગર મુકામે ચલાવવામાં આવે છે. આ સંસ્થા સિવિલ હૉસ્પિટલ તથા અન્ય ખાનગી ૬૦ જેટલી હૉસ્પિટલોમાં સાબરકાંઠા જિલ્લાના દૂર દૂરના ગામડાંમાંથી આવતા દર્દીઓ તથા તેમની સાથે સારવાર માટે આવેલા વ્યક્તિઓને તથા અન્ય જિલ્લા જેવા કે રાજસ્થાન, મધ્યપ્રદેશ તથા કચ્છ-ભૂજ સુધીના દર્દીઓને જમવા માટે પડતી મુશ્કેલીના નિવારણ માટે આ સંસ્થા પોતાના રસોડામાં દર્દીને અનુરૂપ રસોઈ બનાવી સંસ્થાના ટિફિનમાં ભરી બંને ટાઈમ હિંમતનગરની તમામ હૉસ્પિટલમાં દર્દીને તેમના ખાટલે બેઠા અંદાજે ૨૦૦થી ૨૫૦ જેટલા દરરોજના ટિફિન આપવામાં આવે છે. જેમાં કોઈપણ નાતજાતના ભેદભાવ વગર દરેક દર્દીને ટિફિન આપવામાં આવે છે. અત્યાર સુધીમાં આ સંસ્થાએ ૧૧ વર્ષમાં અંદાજે ૯ લાખ ટિફિન દર્દીઓને જમાડ્યા છે, જે એક વિક્રમ સમાન છે. જેમ સૂકા રણમાં મીઠા પાણીની વિરડી મળી જાય ત્યારે તરસ્યાને જાણે સર્વસ્વ મળી ગયું હોય તેવો આનંદ થાય છે. તેવી જ રીતે ગામડામાંથી આવતા દર્દીઓને તેમના ખાટલે બેઠા ટિફિન મળી જાય ત્યારે તેવો જ આનંદ થાય છે. તેમજ આ સંસ્થા બીજાં ઘણાંબધાં માનવસેવાનાં કાર્ય કરે છે. જેવા કે

– ગામડાઓમાં ફ્રી રોગ નિદાન કેમ્પ કરી દર્દીઓને રાહત દરે મોતિયાનાં ઑપરેશન કરાવી આંખમાં લેન્સ બેસાડી આપવાનું કામ કરે છે.

– શહેરમાં મંદબુદ્ધિના તથા ગાંડાઓને દરરોજ મફત ભોજન આપવામાં આવે છે.

– શિયાળાની ઠંડી ઋતુમાં જિલ્લાના તાલુકાની તમામ સિવિલ હૉસ્પિટલમાં ગરીબ દર્દીઓને મફત ગરમ ધાબળા ઓઢાડવામાં આવે છે.

ગરીબોના કલ્યાણ માટે આ સંસ્થા જનસેવા એ જ પ્રભુસેવાનું ઉમદા કાર્ય કરે છે.

## માતંગી માનવસેવા સંસ્થા સંચાલિત
## શ્રી અન્નપૂર્ણા અન્નક્ષેત્ર

જગતજનની શ્રી અંબે માતાજીના પવિત્ર ધામમાં ભૃગુસંહિતાના રચયિતા શ્રી ભૃગુઋષિજીએ જ્યાં તપ કરેલ છે, જ્યાં ભિમાક્ષી, કોસંબી, હરણાવ જેવી પવિત્ર નદીઓનો ત્રિવેણી સંગમ છે, ત્રિદેવમાંથી એક દેવ શ્રી બ્રહ્માજીના મંદિર પૂરા ભારતમાં બે સ્થાને આવેલા છે, જેમાં એક પુષ્કર અને બીજું ખેડબ્રહ્મામાં અતિ પ્રાચીન મંદિર આવેલું છે.

શ્રી માતંગી માનવસેવા સંસ્થા સંચાલિત અન્નપૂર્ણા અન્નક્ષેત્રે હરણાવ નદીના કિનારે શોભાયમાન શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરના સંકુલમાં ચાલે છે. આ સંસ્થાનું

ઉદ્‌ઘાટન તથા દીપપ્રાગટ્ય વિધિ તા.૬-૧૨-૨૦૦૪ના રોજ સંત શ્રી શાંતિદાસજી મહારાજ (ગોતા કંપા)ના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ સંસ્થાની સેવા પ્રવૃત્તિઓની સુવાસ ખેડબ્રહ્મા, વડાલી, ઈડર અને વિજયનગર તાલુકાઓનાં ગામડાંઓમાં ફેલાઈ છે.

## સંસ્થાની સેવાઓ

— ખેડબ્રહ્માની દરેક હૉસ્પિટલો કે દવાખાનામાં દર્દીને વિના મૂલ્યે બંને ટાઈમ ભોજન ટિફિન.

— નિરાધાર ને દીન-દુખિયાને અનાજ તથા કપડાં.

— અંબાજી અંબે માના દર્શને જતા પગપાળા યાત્રાળુઓને ભાદરવી પૂનમે વિસામો દ્વારા ભોજન અપાય છે.

— ગામડે ગામડે શ્વાન આહાર પાત્ર, પંખી જલપાત્ર, કીડી આહાર, કબૂતરને દાણા વગેરે વિના મૂલ્યે અપાય છે.

— આ સંસ્થા ગામડે ગામડે સત્સંગના આયોજન સંતશ્રી શાંતિદાસજી મહારાજ દ્વારા તથા અન્ય સંતો દ્વારા કરી રહી છે. જેમાં આપણા ભારત દેશની સંસ્કૃતિ આપણા ઋષિમુનિઓના સંસ્કારો અને વ્યસનમુક્તિ તથા જીવદયા તથા ભ્રૂણહત્યા, નારીધર્મ અને રાષ્ટ્ર પ્રત્યેની ભાવના જગાડી માનવીને માનવ બનવાની પ્રેરણાના વિષયો પર સત્સંગ કરીને લોકજાગૃતિનું સુંદર કાર્ય આ સંસ્થા કરી રહી છે.

## પાટીદાર સેવા સંઘ, હિંમતનગર
## માનવ સેવા સંસ્થા

ભારતના કોઈપણ ખૂણે વસંતા કચ્છ કડવા પાટીદાર સમાજના નિઃસહાય, નિરાધાર માવિત્રો, નિરાધાર વિધવા-ત્યક્તા બહેન-દીકરીઓ તેમજ અકસ્માત કે ગંભીર બીમારીમાં ખર્ચાળ દાક્તરી સારવાર કરાવવા માટે અપૂરતી આર્થિક સગવડવાળાં જરૂરિયાતમંદ જ્ઞાતિજનો તેમજ શારીરિક વિકલાંગમાં અપંગ, અંધજન, બહેરા-મૂંગા, મંદબુદ્ધિગ્રસ્ત તથા ગરીબ ઘરની દીકરીઓને લગ્ન, કરિયાવર તથા સ્વમાનભેર સ્વાશ્રયી જીવન જીવવા ઈચ્છુકને સાધન સહાય વ્યવસ્થા તેમની ખરી જરૂરિયાતના સમયે યથાયોગ્ય મદદરૂપ થવા મુશ્કેલીરૂપી વિશાળ રણમાં 'મીઠા જળની વિરડી સમાન' અને 'જનસેવા એ જ પ્રભુસેવા'ના મહાન માનવીય ધ્યેય અને કાર્યમંત્રને વરેલી આ સંસ્થા 'પાટીદાર સેવા સંઘ' હિંમતનગર મુકામે છેલ્લા નવ વર્ષથી સતત કાર્યરત છે.[૭] જેના ઉદ્‌ભવનો વિચાર આ સંસ્થાના મંત્રીશ્રી કરમશીભાઈ (બચુભાઈ) ગોવિંદભાઈ ભાવણીને તેમને થયેલા અનુભવમાંથી સ્ફુર્યો અને સન ૨૦૦૦માં એકલપંથે શરૂઆત કરી, પરંતુ આવા જરૂરિયાતમંદનું સર્વે કરતાં એમ જણાયું કે આ કાર્ય કોઈ એકલદોકલથી થઈ શકે નહિ. એટલે સમાજના અન્ય શ્રેષ્ઠીઓ કે જેઓ આ સેવામાં રુચિ ધરાવતા હોય તેમજ તન

સેવા આપનાર સેવાવૃતધારીઓને લઈ સમાજના વિશાળ ફલક પર સને ૨૦૦૧થી શરૂઆત કરી. શરૂઆત કર્યા પછી ટ્રસ્ટની રચના કરી કાયદેસર સેવા કરવાનું નક્કી કરાવવામાં આવ્યું અને સમાજમાંથી વિભાગવાર ટ્રસ્ટી સભ્ય લેવામાં આવ્યા તેમજ વિભાગવાર સેવા આપનાર એરિયા પ્રતિનિધિઓની નિમણૂક કરવામાં આવી અને ટ્રસ્ટને મે.ચેરિટી કમિશનર કચેરીમાં રજિસ્ટર નોંધણી કરાવવા માટે રજૂ કરાયું. જેના રજિસ્ટર નોંધણી નં. ઈ/૩૧૬૭/સા.કાં. તા.૧૯-૪-૨૦૦૩ના રોજ નોંધણી પામ્યું અને ત્યારબાદ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ સમાજના તમામ જરૂરિયાતમંદ માટે અસરકારક રીતે શરૂ કરવામાં આવી જે આજે પણ અવિરત કાર્યરત છે જે નીચે પ્રમાણે છે.

**૧. નિરાધાર માવિત્ર સહાયવ્યવસ્થા :**

આ સમાજના જીવનનિર્વાહ પ્રવૃત્તિ અસમર્થ એવા નિરાધાર માવિત્રોને નીચે મુજબની જીવનનિર્વાહ સામગ્રી દર વર્ષે તેઓને ઘેરબેઠા વિના મૂલ્યે પહોંચાડવામાં આવે છે. પરંતુ જીવનનિર્વાહ સામગ્રી આપવા છતાં રાંધીને ખાઈ શકતા નથી. જેઓ શરીરથી નિર્બળ અને ગંભીર બીમારીમાં સપડાયા છે તેમજ અપંગ છે તેઓની સેવા માટે પગારદાર માણસો રોકી સેવા કરવાની પણ શરૂઆત કરવામાં આવી છે. તે સિવાય મોતિયાના ઑપરેશન, દમ, બી.પી. અને ડાયાબિટીસ વગેરેની કાયમી લેવી પડતી દવાઓ માટે પણ સહાય આપવામાં આવે છે. આ વ્યવસ્થા અંતર્ગત આજ દિવસ પર્યંત ૫૭૪ માવિત્રને જીવનનિર્વાહ સામગ્રી અપાઈ છે.

**૨. નિરાધાર વિધવા-ત્યક્તા સહાય વ્યવસ્થા :**

આ સમાજની નિરાધાર, અસહાય તથા જેઓને કાયમી આવકનું કોઈ સાધન નથી તેવી વિધવા-ત્યક્તા બહેનોને પણ નીચે મુજબ જીવનનિર્વાહ સામગ્રી દર વર્ષે ઘેરબેઠા પહોંચતી કરાય છે અને જે બહેનોને શ્રમ કરી સ્વમાનભેર જીવવું છે તેમને સાધન સહાયમાં સિલાઈ મશીન, ફોલ બિડીંગ, ભરત-ગૂંથણ, એમ્બ્રોયડરી મશીન વગેરે આપવામાં આવે છે. આ વ્યવસ્થા અંતર્ગત આજ પર્યંત ૨૮૨ વિધવા-ત્યક્તા બહેનોને જીવનનિર્વાહ સામગ્રી આપવામાં આવી છે.

**જીવનનિર્વાહ સામગ્રી – લાભાર્થીદીઠ પ્રતિ વર્ષ**

(૧) ૮૦ કિલો ઘઉં
(૨) ૨૫ કિલો ચોખા
(૩) ૧૦ કિલો મગ/મગદાળ
(૪) ૫ કિલો તુવેરદાળ
(૫) ૧૫ લીટર તેલ ડબ્બો-૧
(૬) ૧૦ કિલો ગોળ
(૭) ૧૦ કિલો ખાંડ
(૮) ૫ કિલો મીઠું

(૯) ૧-૧ કિલો મરચું-ધાણાજીરૂ દળેલું
(૧૦) ૫૦૦ ગ્રામ હળદર
(૧૧) ૫૦૦ ગ્રામ રાઈ-મેથી
(૧૨) ૫૦૦ ગ્રામ કોપરેલ-તેલ
(૧૩) ૧૨ નંગ કપડાં ધોવાના સાબુ

તદુપરાંત પ્રત્યેક લાભાર્થીને દર વર્ષે એક જોડી કપડાં આપવામાં આવે છે.

**૩. તબીબી/માંદગી સારવાર સહાયવ્યવસ્થા :**

આ સમાજની ઓછી આવક કુટુંબનું ભરણપોષણ કરનાર મુખ્ય વ્યક્તિ કે કુટુંબની અન્ય વ્યક્તિ જયારે અકસ્માત કે ગંભીર બીમારીનો ભોગ બને અને મોંઘી ખર્ચાળ સારવાર કરાવવાને અસમર્થ હોય ત્યારે આ સંસ્થા માંદગી સારવાર કે ઑપરેશન ખર્ચની જરૂરી આર્થિક સહાય આપી નવજીવન બક્ષવામાં સહાયરૂપ થાય છે. આ વ્યવસ્થા અંતર્ગત આજ દિવસ પર્યંત ૧૯૦ લાભાર્થીઓને સારવાર તેમજ ઓપરેશન કરાવી આપવામાં આવ્યાં છે તથા ૫૯ મોતિયાનાં ઓપરેશન કરી આપ્યાં છે.

**૪. દીકરી કરિયાવર સહાય વ્યવસ્થા :**

આ સમાજના નબળી આર્થિક પરિસ્થિતિવાળા ઘરની નિરાધાર વિધવા-ત્યક્તા બહેનોની દીકરીઓને તેના લગ્ન પ્રસંગે તેને તેની જરૂરિયાત મુજબની ચીજવસ્તુના રૂપમાં સંસ્થાએ નક્કી કરેલી મર્યાદામાં (હાલ રૂ.૧૦,૦૦૦/-) સહાય આપવામાં આવે છે. આ વ્યવસ્થા અંતર્ગત આજ દિવસ પર્યંત ૨૫ દીકરીઓને કરિયાવર આપવામાં આવે છે.

**૫. સ્વમાનભેર સ્વાશ્રયી જીવન જીવવા ઇચ્છુકને સાધનસહાયવ્યવસ્થા :**

આ સમાજના કેટલાક લાભાર્થીઓ કે જેઓ સ્વરોજગારી મેળવી સ્વમાનભેર જીવવા ઇચ્છતા હોય તેમને તે તક પૂરી પાડવા તેના હુન્નર, અનુભવ અને આવડત મુજબ જરૂરી મશીન/ સાધનો જેવાં કે સિલાઈ મશીન, ફોલ બીડીંગ મશીન, ભરત ગૂંથણ કે એમ્બ્રોઈડરી મશીન આજીવિકા મેળવવા માટે આપવામાં આવે છે. આ વ્યવસ્થા અંતર્ગત આજ દિવસ પર્યંત ૪ લાભાર્થીઓને મશીન/સાધંન સહાય આપવામાં આવી છે. આ પ્રવૃત્તિ ચાલુ સાલથી શરૂ કરવામાં આવી છે.

**૬. અપંગ સહાયવ્યવસ્થા :**

સમાજના અપંગ જરૂરિયાતમંદ લાભાર્થીઓને મદદરૂપ થવા જરૂરી સહાય, જીવનનિર્વાહ સામગ્રી તેમજ નિભાવ ખર્ચ આપવામાં આવે છે. તદુપરાંત સ્વમાનભેર જીવવા ઇચ્છુકને સાધન સહાય પણ આપવામાં આવે છે. આ વ્યવસ્થા અંતર્ગત આજ દિવસ પર્યંત ૩૫ અપંગ લાભાર્થીઓને નિભાવખર્ચ તેમજ સાધનસહાય આપી છે.

## ૭. અંધજન સહાયવ્યવસ્થા :

આ સમાજના અંધજન લાભાર્થી કે જેઓ અભ્યાસ કરતા હોય અગર કરવા માગતા હોય તેઓને અભ્યાસખર્ચમાં જરૂરી સહાય અને જાતે વ્યવસાયિક તાલીમ લેવા ઇચ્છતા હોય તેમને તાલીમ ખર્ચમાં જરૂરી સહાય આપી તેઓને તેમની તાલીમ અને માગણી મુજબનાં રોજગાર સાધનો જેવાં કે નેતરકામ, પ્લાસ્ટિક ભરત-ગૂંથણ, સંગીતનાં સાધનો વગેરે વસાવવામાં સંસ્થા તરફથી આપવામાં આવે છે. આ વ્યવસ્થા અંતર્ગત આજ દિવસ પર્યંત ૨૫ અંધજન લાભાર્થીઓને જીવનનિર્વાહ સામગ્રી આપવામાં આવી છે.

## ૮. બહેરા-મૂંગા, મંદબુદ્ધિગ્રસ્તને સહાયવ્યવસ્થા :

સમાજના બહેરા-મૂંગા મંદબુદ્ધિવાળા લાભાર્થીઓને વાર્ષિક ધોરણે જીવન-નિર્વાહ સામગ્રી તથા જરૂરી સહાય આપવામાં આવે છે. આ વ્યવસ્થા અંતર્ગત આજ દિવસ પર્યંત ૮ જણને જીવનનિર્વાહ સામગ્રી આપી છે.

**પાદનોંધ :**

૧. 'બ્રહ્મખેટક' ભાલચંદ્રભાઈ દવે, પૃ.૧૨૧
૨. 'સમર્પણ' જ્યોતિ હાઈસ્કૂલ દ્વારા પ્રકાશિત થયેલ સામયિક
૩. સંસ્થાની મુલાકાત દ્વારા આચાર્ય શ્રી સુથાર અંબિકાબહેન પાસેથી મળેલી માહિતી.
૪. 'સમન્વય' સંત શ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલય દ્વારા પ્રકાશિત થયેલ સામાયિક
૫. સંસ્થાની રૂબરૂ મુલાકાત દરમ્યાન પ્રિ. સુથાર જિજ્ઞેશકુમાર દ્વારા જાણવા મળેલ.
૬. જુઓ પરિશિષ્ટ : ૭
૭. કરમશીભાઈ ભાવાણી સાથે રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળેલ.

# ૪

# સાબરકાંઠા જિલ્લાના કચ્છી કડવા પાટીદાર સમાજના સુધારકો

ભારતનો પશ્ચિમકાંઠો જગપ્રસિદ્ધ યાત્રાધામો દ્વારિકા અને સોમનાથથી સમૃદ્ધ છે. તેની પડોશમાં રત્નાકર જેને ઘેરીને બેઠો છે, એવો કચ્છ પ્રદેશ સિંધુ ખીણની સંસ્કૃતિનો ધબકાર કચ્છના ધબકતા જીવનમાં ઝિલાતો હોય તેવો અણસાર આવે છે. કેટલાંય દુષ્કાળોની થપાટો, પૂર પ્રકોપ, વાવાઝોડા અને વિનાશક ભૂકંપે કચ્છ પ્રદેશના લોકસમૂહના ખમીરને ઘડ્યું છે.

ખમીરવંતી આ પ્રજાએ અનેક સંતોની વણજાર આપી છે, તો જતી, સતી, સૂરા, નેકી-ટેકીવાળા બહારવટિયાઓનાં વિશિષ્ટ ચરિત્રો પણ કચ્છમાં પાક્યાં છે. મેંકણદાદા, જેસલ-તોરલ, ગોપાળબાપા, જીવરાજબાપા, ખેતાબાપા, પૂંજાબાપા, કુંવરબા, વાલજીબાપા, રતનબાપા, હરજીબાપા, લાલજીબાપા જેવા પવિત્ર આત્માઓની પાયધૂલિથી પવિત્ર બનેલ આ પ્રદેશના સાંસ્કૃતિક વારસાથી કચ્છી કડવા પાટીદાર સમાજ વણછૂતો નથી રહ્યો.

આપણા સંતોએ સાચે જ લખ્યું છે કે...

"સદગોર તણી શિખામણ સાચી
સાંભળો ઋષિવર એકાંતિ,
દિન પર્તે કરો ઘામ શું ધંધા,
સાંજ પડે થાઓ સાહેબકા બંદા."[૧]

આ પાટીદાર સમાજમાં આ શબ્દને ચરિતાર્થ કરતા હોય એમ દિનભર ખેતીમાં કોશ ચલાવ્યા પછી રાતભર કૂવાની પાળે, કૂવાના પાંટડાઓ પર બેસીને ઈશ્વરસ્મરણ કરતાં અનેક વણઓળખાયેલા તપસ્વીઓથી આ સમાજ ભરપૂર છે.

સંસ્કૃતિની આગવી ઓળખ, મીઠાશભરી લોકબોલી અને પુરુષાર્થભર્યું લોકજીવન ધરાવતા કચ્છ પ્રાંતને પોતાનું માદરે વતન બનાવવા આ પાટીદાર સમાજના ભાઈઓ ભારતના જુદા જુદા પ્રાંતો અને જિલ્લાઓમાંથી કચ્છ જિલ્લામાં અને અન્ય જિલ્લાઓમાં વસવાટ કર્યો.

કચ્છ જિલ્લામાં વસતા અનેક મહાપુરુષોએ કચ્છમાંથી સ્થળાંતર કર્યું છે અને ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં જઈને વસવાટ કર્યો છે. તો સાબરકાંઠા જિલ્લો પણ કચ્છી કડવા પાટીદાર સંતોના આગમનથી કેવી રીતે વંચિત રહી શકે ? આ જિલ્લામાં

કચ્છ કડવા પાટીદાર સમાજના અનેક સંતો અને સમાજસુધારકો થઈ ગયા. આવા સંતોનાં વૃત્તાંતો નીચે મુજબ છે.

**સંત શ્રી નથ્થુરામબાપા :**

ભૂજ તાલુકાના કરબોઈ ગામમાં રાજજીયાણી સોમજીબાપા કુટુંબ સાથે વસીને ખેતીવાડીનો વ્યવસાય કરી કુટુંબનિર્વાહ ચલાવતા હતા. સોમજીબાપાના કુટુંબમાં મોટા દીકરા અરજણભાઈ ને નાના દીકરા મનજીભાઈ હતા. મોટા દીકરા અરજણભાઈ તેમના છ દીકરા વીરજીભાઈ, દેવજીભાઈ, પેથાભાઈ, જેઠાભાઈ, ખેતાભાઈ, રામજીભાઈ, નાના દીકરા મનજીભાઈના પરિવારમાં પુરબાઈ, રામબાઈ, અને હેજબાઈ આમ ત્રણ દીકરીઓ જ હતી. અને મનજીબાપાને તેમનાં ધર્મપત્ની ભાણીમા, બંને જણા ખેતીવાડીનો વ્યવસાય કરી જીવનનિર્વાહ ચલાવતા હતા. વર્ષો જતાં ભાણીમાને મનમાં વસવસો થયા કરતો હતો કે, ત્રણે દીકરીઓ પારકી થાપણ કહેવાય. સાસરે જતી રહેશે ત્યારે ઘરને તાળાં દેવાઈ જશે અને મારી નિયાણીઓને પસલી પાટી અને મામેરાના પ્રસંગો કોણ ઊજવશે? આમ વિચાર કરી કરીને ચિંતામાં ભાણીમા રડી પડતાં.

એક વખત સાંજે ઘીનો દીવો કરી ધૂપ કરી મનજીબાપા તથા ભાણીમા પ્રભુ સ્મરણ કરતાં હતાં, માળા કરી રહ્યા બાદ મનજીબાપાએ તેમનાં ધર્મપત્નીને પૂછ્યું કે હમણાં તમે નિરાશ કેમ દેખાઈ રહ્યાં છો? તમને શું કંઈ તકલીફ છે? ત્યારે તેમના ધર્મપત્નીએ સજળ નયને પૂજ્ય મનજીબાપાને સંબોધીને કહ્યું કે તમોને પુરુષોને કંઈ જ ન થાય, અમો સ્ત્રીઓને દીકરીઓની ચિંતા થાય. આપણે જતાં રહીશું પછી દીકરીઓને પસલીપાટી અને મામેરા જેવા શુભ પ્રસંગ કોણ કરશે? તેની મને ચિંતા થયા કરે છે. મનજીબાપા ખૂબ જ શ્રદ્ધાળુ હતા, તેમણે કહ્યું તમે ચિંતા ન કરો. આવી ચિંતામાં ને ચિંતામાં માંદા પડી જશો, આપણે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની બાધા રાખીએ, મહારાજ આપણને દીકરો જરૂર દેશે.[૨] ત્યારે ભાણીમા કહે, શું બાધા રાખીએ? મને ત્રણ વર્ષ થયા રજસ્વાલા ધર્મ (ખોળો) જતો રહ્યો છે. તો પછી દીકરો હવે ક્યાંથી મળે?

પૂજ્ય બાપાએ કહ્યું કે સદ્‌ગુરુ પર પૂરેપૂરો વિશ્વાસ રાખો, આપણું કામ ભગવાન ચોક્કસ કરશે, વિશ્વાસ રાખો, ધના ભગતે વાડીમાં રેતી વાવી અને ભગવાને ઘઉં પકવ્યા હતા તે તમોને યાદ છે ને? ભગવાન ઉપર શ્રદ્ધા રાખો અને ઊભા થાવ. આપણે મહારાજને પ્રાર્થના કરીએ, ઘીની જ્યોત સામે હાથ જોડી બાધા રાખીએ, ભગવાન આપણા ઘરે દીકરો જરૂર દેશે, અને આ બંનેએ ગુરુમંત્રની પાંચ માળાની ટેક રાખી અને આ ટેક શ્રદ્ધાથી અને ભાવથી પાળતાં હતાં. દરરોજ ખેતીવાડીનું કામકાજ કરે અને પ્રભુસ્મરણ કરે. બે-ત્રણ મહિના બાદ ભાણીમાને સારા દિવસો જણાવા લાગ્યા. પૂરા નવ માસે સમય જતાં દીકરાનો જન્મ થયો અને દીકરાના જન્મના સમાચાર તેમની દીકરી હેજબાઈને સમાચાર આપવા માટે વાડીએ ગઈ. હેજબાઈએ આનંદ અને ખુશાલી સાથે બાપાને કહ્યું કે આપણા ઘરે મારો ભાઈ આવ્યો ત્યારે બાપાએ કહ્યું કે દીકરી તમારી નિયાણીઓના પ્રતાપે અને ઈમામશાહ મહારાજના આશીર્વાદથી તમારો ભાઈ આવ્યો છે. હું ઘરે આવું છું એમ કહી મનજીબાપા ગાંધીની દુકાને ગોળ લેવા માટે

ગયા. ગોળ લઈ આવીને તેમણે દીકરીઓ દ્વારા કરબોઈ ગામના બધાંને ગોળ વહેંચાવ્યો. આ સમાચાર સાંભળી ગામમાં ખૂબ જ આનંદ થયો. ગામમાં કેટલાંક સમજુ માણસો વિચાર કરવા લાગ્યા, ભાણીમાને છેલ્લાં ત્રણ વર્ષથી ખોળો જતો રહ્યો હતો છતાં પણ ભગવાને દીકરો આપ્યો તે મનજીબાપાના તપ અને ભક્તિનો પ્રતાપ છે.

આ દીકરો જરૂર કોઈ તપસ્વી જીવ હશે, તો જ આ ઘરે અવતરે, આમ, બધાં વાતો કરવા લાગ્યાં. ત્યારપછી રિવાજ મુજબ છઠ્ઠા દિવસે ગામના અને ઘરની તમામ બહેનો છઠ્ઠી[૨] કરવા માટે આવી અને કપડાં પહેરાવી અને માંચીમાં સુવડાવી કપાળ અને જમણા પગના અંગૂઠે તિલકચંદન અને ચોખાથી વધાવ્યા. ગામની બહેનો વાતો કરવા માંડી દીકરાનું તેજ તો જુઓ, આવો દીકરો ભાણીમાના ઘરે જન્મ્યો છે. છઠ્ઠીના વધામણાં કરી પછી દીકરાનું નામ શું રાખવું ? બધી બહેનો વાતો કરતી હતી કોઈ કહે કે હેજબાઈ (મનજીબાપા અને ભાણીમાની દીકરી) તને જે ગમતું હોય તે નામ તું નક્કી કર. એટલે હેજબાઈ માંચી સામે હાથ જોડી ઊભાં રહ્યાં અને આંખો બંધ કરી ભગવાનને પ્રાર્થના કરી અને તેનું નામ નથ્થું (મોટો માણસ) રાખ્યું.

સમય જતાં નથ્થુ છ વર્ષનો થયો એમની ઉંમર નિશાળમાં ભણવા જેવી થઈ, પરંતુ તે સમયે ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી શાળામાં જઈ શક્યા નહીં. અક્ષરજ્ઞાનથી વંચિત રહેલા નથ્થુરામ પ્રભુમય બની, ઈશ્વરકૃપાથી સંત થયા.

નથ્થુરામનું બાળપણ બહેનોના પ્રેમ અને લાડકોડથી વ્યતિત થઈ રહ્યું હતું. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે અભ્યાસ ન કરી શક્યા, એટલે નથ્થુરામની શાળા બની પ્રકૃતિનો ખોળો. કચ્છમાં વાડીઓનું સૌંદર્ય અનુપમ અને રળિયામણું. તેમજ વાતાવરણ પણ ખુશનુમા, રસાળ ધરતી એટલે જે કંઈ બી વાવો તેમાં મીઠાશ ખૂબ આવે. વાડીઓમાં બધા જ પ્રકારનાં ફળ પાકે, બાળમિત્રો સાથે તેનો આનંદ લૂંટવા નથ્થુ પહોંચે પ્રકૃત્તિના ખોળે. આ વાડીઓ જ બની નથ્થુરામની શાળા અડધું પડધું ઘર જ વાડીઓ તે સમયે સિંચાઈના સાધન તરીકે ડિઝલ એન્જિન કે ઇલેક્ટ્રિક મોટરો ન હતી, તેથી વાડીઓમાં પિયત કરવા બળદ દ્વારા કોશ ચાલતા. કોશ હાંકનારા ભજન-દોહાની રમઝટ બોલાવતા હોય અને બળદ હાંકે જાય, આમ ખેતી પિયત થતી, કોશ વાટે આવતાં પાણીમાં રમવાની નથ્થુરામને ખૂબ મજા આવે. કોશ ચલાવતા મનજીબાપા ભજન લલકારે અને ભજનોના અજ્ઞાત સંસ્કાર બાળક નથ્થુરામ પર પડે. વગડે ઢોર ચરાવતાં રબારી, ખેતર ખેડતાં ખેડૂત કે ધમણ ચલાવતો લુહાર સૌને માટે કામ સાથે ઈશ્વરના અનુસંધાન માટે ભજન એ હાથવગું સાધન, કેટલાય દિવ્ય ચરિત્રોનું ઘડતર તેના થકી થયું છે.

ખેતરની માટીની ભીનાશે નથ્થુના હૃદયને ઋજુ-પોચું બનાવ્યું, તો ખેતરના ખાડા-ટેકરાનાં ચઢાણોએ જીવનની કઠણાઈઓનો સામનો કરવાનું આત્મબળ આપ્યું. છાંયો વરસાવતા અને મનભાવન ફળો આપતાં વૃક્ષોએ હંમેશાં સૌના પર હેત વરસાવવાનું તથા પોતાનું સઘળું સમાજના ચરણે ધરવાનું શીખવ્યું. અર્થાત્ પરોપકારી વૃત્તિ કેળવાઈ. આમ, પ્રકૃતિ બની નથ્થુરામની શાળા.

બાળગોઠિયા મિત્રોની સાથે રમતા રમતા દૂર ખેતરોમાં પણ પહોંચી જતા. બાળપણના

આવા કેટલાક મિત્રોમાંથી નબળાનો પણ સંગ થયો. બાળપણમાં મિત્રોને લાગેલ આ સંગદોષ પૂજ્ય મહાત્મા ગાંધીની જેમ જ તેમણે સ્વીકાર કરેલ છે. બાપુએ જેમ 'સત્યના પ્રયોગો'માં પોતાના દોષો જણાવેલ છે, એમ નથ્થુરામબાપાની ઉંમર દસ વર્ષની હશે, કરબોઈ ગામમાં ખરચ હતું. (અર્થાત્ કોઈ પ્રસંગનિમિત્તે જમણવારનું આયોજન) તે પ્રસંગે નથ્થુરામબાપા સારથિયામાં (સ્વયંસેવક માટેનો કચ્છી ભાષાનો આગવો શબ્દ) ગયા હતા. જમણમાં શીરો બનવાનો હતો તે માટે લોટ, ગોળ, ઘી બધાં તૈયાર કરી મૂકેલા. તેમના ભાગે પાણી ભરવાનું કામ આવેલ. તેમના મિત્રોમાંથી કેટલાંકને ગોળ સંતાડી લઈ જઈ ખાતા જોયા, જેથી તેમને પણ ગોળ ખાવાની ઇચ્છા થઈ. આથી ગોળ લઈને પોતાના ખિસ્સામાં મૂક્યો.

ગોળ ખિસ્સામાં મૂકતાં એક આગેવાન જોઈ ગયા. ગોળ ખિસ્સામાં સંતાડી પાણી ભરવા રવાના થયા. એ આગેવાન તેમની પાછળ આવી તેમનો હાથ પકડ્યો ને બોલ્યા, "ગોળ ખિસ્સામાં સંતાડ્યો છે?" એમ કહી ખિસ્સામાંથી ગોળ કઢાવ્યો ને વાહામાં (પીઠ પાછળ) બે ધુંબા (થપ્પડ) ચડાવ્યા. ત્યારે નથ્થુરામબાપાએ કહ્યું બે ધુંબા (થપ્પડ) વધારે લગાવો, જેથી આ મૂર્ખ બીજી વાર ભૂલ કરવાનું નામ ન લે.

ઠપકો સાંભળી નથ્થુ પોતાના પાણી ભરવાના કામમાં લાગ્યો. પાણી ભરી આવતાં વિચારવા લાગ્યો. "થોડું ખોટું કરીએ કે નાની ભૂલ કરીએ તો કેવો માર પડે છે, થયોને પાંસરો બોલ ફરી આવું કરીશ?" મનમાં સંકલ્પ કર્યો ના, ના ફરી આવું ક્યારેય નહીં કરું. તે ઘડી ને આજનો દિવસ. સંકલ્પમાં ક્યારેય ફેરફાર થયો નથી. આમ, ભૂલ કરવી એ સામાન્ય માણસનો સ્વભાવ છે પણ ભૂલનો સ્વીકાર કરવો એ મહાન પુરુષનો સદ્‌ગુણ છે.

નથ્થુરામ બાળપણથી જ જીવન પ્રત્યે સજાગ બન્યા. ભાણીમા પણ નથ્થુરામને બાળપણથી જ સવાર-સાંજ મંદિરમાં લઈ જાય, પાવન પાવળનું આચમન કરાવે પછી તો નથ્થુરામમાં સ્વંયમ્ આધ્યાત્મિક સંસ્કારો સ્ફુરિત થવા માંડ્યા. ગામમાં કોઈ સંત સાધુ પધાર્યા હોય તો તેની આગતાસ્વાગતા અને સેવામાં નથ્થુરામ તેના બાળમિત્રો સાથે પહોંચેલો જ હોય. નાનપણથી સત્સંગ સાંભળે અને જીવન ધન્ય બનાવે. નથ્થુરામને બાળપણમાં હરિશ્ચંદ્ર રાજાનું આખ્યાન સાંભળવા અને જોવાનો લ્હાવો મળેલ. જેમાં સતી તારામતી ગુરુ ભક્તિમાં મગ્ન હતાં. હરિશ્ચંદ્ર રાજાને પણ ભક્તિમય જીવનની પ્રેરણા મળેલ. સત્યાના માટે રાજા હરિશ્ચંદ્ર તારામતી અને પુત્ર રોહિતદાસ જે કસોટીમાંથી પસાર થયા અને સત્યનો વિજય થયો. આ આખ્યાનમાંથી પણ નથ્થુરામના સંસ્કારોનું ઘડતર થયું.

નથ્થુરામ પાંચ વર્ષના થયા પણ ઘરની પરિસ્થિતિ નબળી હોવાથી નિશાળમાં ભણવા જવાય તેમ ન હતું. જેથી વાડીએ કોશમાં ટીંગાવા જાય અને પાણીનો ઢાળિયો ખોરવાનું કામ કરતા. આમ કરતાં કરતાં નથ્થુરામની ઉંમર બાર વર્ષની થઈ. એક વખત માનકૂવા ગામના લાલજી લીંબાણી ઘરે આવ્યા અને કહ્યું કે, અમારી દીકરી અગિયાર વર્ષની છે, નામ જીવાબાઈ છે અને તમારા દીકરા નથ્થુરામ સાથે સગપણ કરો તો હું વાત લઈને આવ્યો છું. ત્યારે મનજીબાપાએ મોટા ભાઈ અરજણભાઈને

પૂછીને માગું સ્વીકારી લીધું. બંને વેવાઈઓએ ગોળધાણા ખાધા અને સગપણ નક્કી કર્યું. તે વખતે સમાજમાં રિવાજ હતો કે બાર વર્ષે સમૂહ લગ્ન કરવા. જેથી માનકૂવા ગાડામાં જાન જોડી નથ્થુરામને પરણાવી લાવ્યા. દીકરીની નાની ઉંમરના કારણે લાડીને તેડી આવેલા નહીં.

નથ્થુરામ સત્તર વર્ષના થયા એટલે ભાણીમા કહે બેટા, હવે વહુને તેડી લાવીએ, આપને ખેતી મજૂરીમાં કામ આવે. તે વખતે તાર, ટેલિફોન કે પત્રવ્યવહાર નહોતા એટલે ભાણીમાએ પાંટીયાને પાંચ કોરી આપી માનકૂવા વેવાઈ લાલજી લીંબાણીના ઘેર મોકલ્યો અને કહ્યું કે ગોકુળ આઠમ પછી અગિયારસના કરબોઈથી વેવાઈ મનજી રામજીયાણીને ત્યાંથી તમારી દીકરીને તેડવા આવશે. એવા સમાચાર કહી મોકલાવેલ પાંટીયો સમાચાર પહોંચાડી આવ્યો અને ગોકુળ આઠમ ગયા પછી અગિયારસના મોટા ભાઈ અરજણબાપા અને મોટામા અને માતાજી ભાણીમા અને બહેન હેજબાઈ એમ ચારે જણા ગાડું લઈ આણું તેડવા માનકૂવા ગયાં અને એક રાત રોકાઈ બીજા દિવસે વહુને તેડીને કરબોઈ આવ્યાં. આ રીતે નથ્થુરામના ઘરસંસારની શરૂઆત થઈ. બંને જણ રામ-સીતા જેવું આદર્શ જીવન વીતાવવા લાગ્યાં. જે લોકો મા-બાપનો આદર નથી કરતા એનો આદર ભગવાન પણ નથી કરતા.

નથ્થુરામ ખેતીનું કામ કરતા હોય કે ચાલ્યા જતા હોય તો પણ ઈશ્વરસ્મરણ ચાલુ જ હોય. સમય જતાં નથ્થુરામ ચૌદ વર્ષના થયા અને કુટુંબ ખૂબ જ સુખ શાંતિ આનંદ કિલ્લોલ કરતું જીવી રહ્યું હતું ત્યાં અચાનક દુઃખનો ડુંગર ઢળી પડ્યો અને પિતાજી મનજીબાપા સ્વર્ગે સિધાવ્યા. બધાં રોકકળ કરતાં હતાં ત્યારે નથ્થુરામે માને સમજાવતાં કહ્યું કે, મા નામ તેનો નાશ અને ચડ્યું તે પડવાનું અને જન્મ્યું તે જવાનું, ખીલ્યું તે કરમાવાનું. પુત્રના આશ્વાસનથી સૌનું દુઃખ હળવું થયેલું પછી સૌ 'જાતસ્ય હી ધ્રુવો મૃત્યુ' આમ મનથી સમજી ખેતીકામ કરી ગુજરાન ચલાવતાં હતાં.

જીવનમાં માવતરના આશીર્વાદ સંસારસાગર તરવા માટે પહેલું પગથિયું છે. નથ્થુરામનો તો ઉચ્ચ આત્મા હતો એટલે પિતાના આશીર્વાદ મેળવવા એ તો પહોંચ્યા કરબોઈની સ્મશાનભૂમિમાં. ત્યાં રાત્રિના એકાંતમાં કોઈને ખલેલ નહીં એટલે જપ કરવામાં એમને આનંદ આવે, જપના જપ અને સ્વ. પિતાજી મનજીબાપાની સમાધિની પ્રદક્ષિણા પણ થાય.

એક વખત ઝાડના ઝુંડ પાસેના આ સ્મશાનમાં હંમેશની જેમ રાત્રે નથ્થુરામ પહોંચ્યા. સ્મશાનમાં નિત્યક્રમ મુજબ પ્રદક્ષિણા કરતા જાય અને અમર મંત્રનો જાપ કરતા જાય. લગભગ રાત્રિના બે વાગવાનો સમય થયો હશે ત્યારે કરબોઈ ગામનો ચોકીદાર ભચુભા કોળી બાજુના રસ્તેથી નીકળ્યો એટલે એમને અંધારામાં આભાસ થયો, અહીંયાં રાત્રે આ સ્મશાનમાં કોણ હશે ? ચારેકોર નીરવ શાંતિ અને અંધારાનું સામ્રાજ્ય. માત્ર તમરાં જાગતાં હતાં, ભચુભા કોળી જાણી શક્યા નહીં, વળી ચોકીદારનો શંકાશીલ સ્વભાવ. એમને કંઈક વહેમ પડ્યો એટલે થોડો વિચાર કરી બોલ્યા, "માડુ કેર આય" નથ્થુરામે જવાબ આપ્યો નહીં. બીજી વાર બોલ્યા, "કો ભલા કોચ્છે નતો, સુણે નતો, માડુ કેર આય" બીજી વાર બોલી ત્રીજી વાર ત્રાડ પાડી બોલ્યા, "માડુ

કેર આય સુણે નતો કી ભલા કેર આય, હેવર ભડાકો કરીયાતો'' એટલે નથ્થુરામે તરત કહ્યું, ''બચુબાપા આઉ નથ્થુ.'' એટલે ચોકીદાર કહે, ''કેર ભલા નથ્થુ'' નથ્થુરામ કહે, ''હા બાપા આઉ આય'' બચુબાપા કહે, ''નથ્થુ તું હેવેરા હેડાં ક્યું ? હેવર આઉ ભડાકો કેધો સે ઠીક થીયો તું ભચીવ્યો નિકર ભારી હુધેવારી થા. આઉં ઘોડો દબાઈએ એત્રિજવાર હુધી હોત શુકર થિયો કી માલિકે ભચાવ્યો.''

નથ્થુરામનો સ્મશાન જઈને રાતભર તપસ્યા કરવાનો આ નિત્યક્રમ બની ગયો. સાંજનું વાળુ-પાણી, સંધ્યા આરતી પૂરી કરે અને પછી બળદ અને ઢોરની સંભાળ કરી ચારપૂળો કરી સ્મશાનની વાટ પકડે. ભાણીમાને પુત્રવત્સલભાવે બહુ જ ચિંતા રહ્યા કરે. એક તો નથ્થુરામ તેમનો એકનો એક દીકરો એને સ્મશાનમાં કંઈક થઈ જાય તો ? એટલે નથ્થુને સમજાવે, બેટા, તું આમ સ્મશાને ન જતાં ઘરે બેસીને કે મંદિરમાં ભક્તિ કર. નથ્થુરામ કહે, માતાજી, ત્યાં તો મારી રક્ષા કરતા પિતાજી બેઠા છે. મને શું થવાનું છે ? પરંતુ ભાણીમાનો-માતાનો જીવ. એનું મન માને નહીં. એક દિવસ ભાણીમાએ ગામના રામજી મુખીને કહ્યું, 'અમારો નથ્થુ રાત્રે સ્મશાને જઈને ભક્તિ કરે છે, આ અમારો તો એક દીકરો છે. તમે એને સમજાવો, મારું તો માનતો નથી. મારો જીવ ઊંચો રહ્યા કરે છે.'

ગુરુવારનો દિવસ હતો. રાત્રે વારિયજ્ઞ પૂર્ણ થયો એટલે રામજી મુખીએ નથ્થુને કહ્યું, 'બેટા, તું રાત્રે સ્મશાને જાય છે ત્યાં એક વણજારો ભૂત રહે છે. એની તારા તરફ દૃષ્ટિ પડશે. માટે તું અહીંયાં મંદિરમાં બેસીને ભક્તિ કર્યા કર.' નથ્થુરામ કહે, 'મુખીબાપા, આપણને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એમ પાંચ ભૂત જન્મોજન્મથી ખાતાં આવ્યાં છે. બસ હવે તો આ બધાં ભૂતથી પીછો છોડાવવો છે એટલે આ બધાં ભૂતોને સમજાવા જાઉં છું.' મુખી સમજદાર હતા. એમણે તો નથ્થુરામની પીઠ થાબડી અને કહ્યું, 'બેટા ધન્ય છે તને અને તારાં માતાપિતાને કે જેણે તારા જેવા પુત્રને જન્મ આપ્યો છે.' એમ કહી આશીર્વાદ આપ્યા.

ગંગાસતી, ભીમ સાહેબ, ખીમ સાહેબ, ત્રિકમ સાહેબ જેવા નીજાર પંથના સાધકોએ ભક્તિને પડદામાં રાખવાનું કહ્યું છે એમ નથ્થુરામ પણ જીવનનું ઉચ્ચતમ ભાતું દુનિયાથી દૂર થઈ એકત્રિત કરી રહ્યા હતા. સ્મશાનની સમાધિમાં તેઓ પોતાનું આધ્યાત્મિક જ્ઞાન-પરમ તત્ત્વ સાથે મિલાવી રહ્યા હતા.

એક વખત કરબોઈ ગામમાં ગુરુ મહારાજ પધારેલ. તેમનો સત્સંગ નથ્થુરામે સાંભળ્યો અને નથ્થુરામના હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. ભક્તિની તાલાવેલી લાગી અને સંતને ગુરુદીક્ષા આપવા માટે વિનંતી કરી. બાપજી મને અમર મંત્ર આપો, પાવન કરો. ત્યારે સંતે કહ્યું કે દીકરા, તારી પાસે અમર મંત્ર રાખવાનું પાત્ર છે ખરું ? ત્યારે નથ્થુરામે હૃદય ઉપર હાથ મૂકતાં કહ્યું કે હા બાપજી, આ રહ્યું પાત્ર. જેમાં હું અમર મંત્રને રાખીશ. નથ્થુરામના આ જવાબથી ગુરુજી પ્રભાવિત થયા.

બીજા દિવસે નથ્થુરામ અને ધર્મપત્ની જીવાબાઈ તથા માતાજી ભાણીમા ગુરુ મહારાજ પાસે ગયા અને સંતે મસ્તક ઉપર હાથ મૂકી જમણા કાનમાં મહામંત્ર આપ્યો. બંને પતિ-પત્ની ધન્યતા અનુભવી અને શ્વાસોચ્છ્વાસમાં રટણ કરતા રહ્યા. ગુરુજીએ

મસ્તક ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને કહ્યું, 'બેટા, આ મંત્ર કોઈ અપાત્રને કહીશ નહીં. ત્યારે નથ્થુરામ તો આભા જ બની ગયા અને ગુરુજીના ચરણોમાં મસ્તક મૂકી પગે લાગ્યા. ગુરુજી કહે, બેટા હરતાફરતા ઈશ્વરનું સ્મરણ કરજે. તેને આત્મા-પરમાત્માનું મિલન થશે અને જગતમાં તારું નામ અમર રહેશે, આ મારું અભયવચન છે.'

આમ કરતાં નથ્થુરામ વીસ વર્ષના થયા ત્યારે તે વખતે ગામમાંથી બીજા મિત્રો કલકત્તા જતા હતા. નથ્થુરામે પણ માતાજી ભાણીમાને કહ્યું, 'મા આપણે અહીંયાં મજૂરી કરીએ છીએ પણ માંડ માંડ આપણું પૂરું થાય છે. ગામમાંથી બીજા છોકરાઓ કલકત્તા કમાવા માટે જાય છે. હું પણ તેમની સાથે જાઉં અને ચાર પૈસા કમાઈ લાવું.' માતાજીએ કહ્યું, 'બેટા, ઓછું ખાશું, ઓછું કમાશું પણ તને અળગો નહીં મૂકું. તને હવા-પાણી માફક ન આવે. હાજો-માંદો થઈ જાય તે માટે હું તને નહીં જવા દઉં.' ત્યારે નથ્થુરામે કહ્યું, 'મા, તમો ચિંતા ન કરો. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ આપણી સાથે જ છે. આપણી ચિંતા સદ્‌ગુરુને છે માટે મને પ્રેમથી રજા આપો. ત્યારે માતાજીએ કહ્યું, 'ભલે દીકરા, સુખેથી જા. તારું શરીર જાળવજે.' એમ કહી સાસુ-વહુએ ટીમણ કરી બીજા મિત્રો જોડે નથ્થુરામને આશીર્વાદ આપી ગામના ભાગોળ સુધી વળાવવા આવ્યાં. માએ દીકરાને બાથ ભીડી આશીર્વાદ આપ્યા અને વિદાય આપી.

ત્યાંથી કેટલાક દિવસે રેલવે દ્વારા કલકત્તા પહોંચ્યા. પહોંચ્યા પછી કામની શોધ કરતા એક બાબુ શેઠનું વીસ ગાઉ છેટે જંગલમાં લાકડાનું પીઠું હતું ત્યાં ઘાસની ઝૂંપડી બાંધી લાકડા વહેરવાનું કામ ચાલુ કર્યું. તેમજ જમવાનું અને રહેવાનું જાતે જ કરતા હતા. એક વખત કલકત્તાની આજુબાજુના સો ગાઉના વિસ્તારમાં ખૂબ જ ભારે વાવાઝોડું આવેલું. કેટલાંય મકાનો, ઝાડ, બીડ ધરાશાયી થઈ ગયેલ. ઘણુંબધું જાનમાલનું નુકસાન થયેલ. તે વખતે બાબુ શેઠને ચિંતા થવા લાગી. જંગલમાં જોવા ગયા. રસ્તામાં ઝાડ પડેલાં જેથી માંડ માંડ ઝૂંપડા સુધી આવ્યા. તે વખતે નથ્થુરામ અને મિત્રો ઘાસની ઝૂંપડીમાં ઘીના દીવા આગળ માળા લઈને પ્રભુસ્મરણ કરતા હતા. આ જોઈને બાબુ શેઠને નવાઈ લાગી. તરત જ દીવા આગળ ઢળી પડ્યા, પગે લાગ્યા અને કહ્યું આ કેવો ચમત્કાર ? જંગલ બધું ઊથલપાથલ થઈ ગયું. તમોને, ઝૂંપડીને કંઈ જ ન થયું ? ત્યારે નથ્થુરામે કહ્યું શેઠ કુરુક્ષેત્રના યુદ્ધમાં ટીંટોડીનાં બચ્ચાં બચાવવાવાળો હતો એ જ ધણી અમને બચાવી ગયો. નથ્થુરામના ચહેરા પર નીરવ શાંતિ જોઈ શેઠ તો અચરજ પામી ગયા. શેઠને થયું, નથ્થુરામે તેના ઈષ્ટદેવની કૃપા મેળવી હોય તેવું લાગે છે. બાબુ શેઠે નથ્થુરામને પૂછ્યું, તમારા ઈષ્ટદેવ કોણ છે ? અને તેમનું નામ શું છે ? ત્યારે નથ્થુરામે કહ્યું, અમારા ઈષ્ટદેવ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ અને નિષ્કલંકી નારાયણ પ્રભુજી છે. નિષ્કલંકી નારાયણનું નામ સાંભળી શેઠ નિષ્કલંકી નારાયણનું સ્મરણ કરવા લાગ્યા. શેઠના જંગલમાં ચાર વરસનું કામ હતું તે પૂરું કરી નથ્થુરામ અને મિત્રો બાબુ શેઠની પાસે રજા મેળવવા ગયા ત્યારે શેઠે સહુના કામની કદર કરી ઈનામ આપી ભારે હૃદયે વિદાય કર્યા.

આમ, નથ્થુરામ અને તેના સાથીઓ રેલમાર્ગે વતન પાછા ફર્યા. કરબોઈ ગામે

આવી ગામના ઝાંપે ઊભેલા નથ્થુરામને જોઈ ભાણીમાના હર્ષની સીમા ન રહી. દીકરાને હૃદયસરસો ચાંપી પાસે બેસાડી ખબરઅંતર પૂછ્યા. નથ્થુરામે પણ માતાજીના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા. ધર્મપત્ની જીવાબેને પણ પતિ નથ્થુરામના ચરણસ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા. પતિના દર્શન પામી ધન્યતા અનુભવી. નથ્થુરામે તેના કલકત્તાના કામના અનુભવની વાતો, શેઠ-શેઠાણીના સરળ સ્વભાવની તથા ભયંકર વાવાઝોડાની વાત કરી. તેમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આવીને અમારી રક્ષા કરી તેમ જણાવ્યું. ત્યારે ભાણીમાને થયું, સદ્‌ગુરુ સાથે રહ્યા છે. નથ્થુરામે જે કાંઈ કમાઈ લાવેલ તે રકમ માતાજીના ચરણોમાં ધરી. માતાજીએ કહ્યું, દીકરા, ઘણુંબધું કમાઈ આવ્યા. ભગવાન તમને માણવા દે. માતાજીએ કહ્યું કે, તારી કમાણીમાંથી આવેલા પૈસામાંથી મુખી મહારાજાને દસોદંના પૈસા મંદિરમાં આપી આવ. પછી આપણા ઘરમાં પૈસા રખાય. આ સમયની શ્રેષ્ઠ પરંપરાઓ હતી. એમ કહી માતાજીએ ખીર-રોટલીનો પ્રસાદ કરી સહુ સાથે પ્રસાદ લીધો. ઘરમાં આનંદ આનંદ વર્તાઈ રહ્યો.

જમી પરવારી નથ્થુરામ મંદિરમાં દેવદર્શન કરવા ગયા. ત્યાં ગામના વડીલો, માતાઓને મળીને આશીર્વાદ મેળવ્યા. પુનઃ નથ્થુરામે રાત્રે સ્મશાને મનજીબાપાની સમાધિએ પહોંચી પ્રદક્ષિણાનો અને હરિસ્મરણનો નિત્યક્રમ શરૂ કરી દીધો. અંતરઘટમાં દેહ મંદિરમાં વસતા પ્રભુને પામવાની પ્યાસ વધુ પ્રજ્વલિત થઈ હતી.

આઠ વર્ષે ગુરુજી કરબોઈ આવેલા. તે વખતે રાત્રે નથ્થુરામે ગુરુજીને કહ્યું, 'બાપુ, મને આત્મતત્ત્વનાં દર્શન કરાવો. ગુરુજીએ કહ્યું, 'તારા દેહમંદિરમાં હજુ રાગ-દ્વેષ, આશા-તૃષ્ણા, હરખ-શોક, મોહ-માયા છે. તે દૂર કર એટલે આત્મતત્ત્વ ઓળખાશે. ત્યારે નથ્થુરામે કહ્યું, 'ગુરુજી, ગમે તે થાય પણ મને કંઈ કરતાં શ્રદ્ધાનાં દર્શન કરાવો.' ગુરુજીએ કહ્યું, 'ચાલ દીકરા વાડીએ.' આમ બંને વાડીએ પહોંચ્યા. ત્યારે ગુરુજીએ કૂવાના કઠેડા ઉપર બેસવાનું કહ્યું. ગુરુજી અને નથ્થુરામ બંને કૂવાના કઠેડા પર પગ અંદર રાખી બેઠા અને કહ્યું, આંખ બંધ કર, ધરતીમાતાને પ્રાર્થના કર કે મારા ગુરુજીના ચરણ પખાળવા ગંગાજી આપો. આમ પાંચ વખત પ્રાર્થના કરવા કહ્યું. નથ્થુરામે ગુરુજીની આજ્ઞા મુજબ પ્રાર્થના કરતાં કૂવામાંથી છેક ઉપર ગુરુજી તથા નથ્થુરામના પગ ગંગાજીમાં ભીંજાયા. નથ્થુરામ આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. ગુરુજીએ ફરીથી ધરતીમાતાને પ્રાર્થના કરીને કહ્યું, માતાજી ક્ષમા કરો. આપ આપના સ્થાને પરત ફરો. ગંગાજી નીચે ઊતરવા માંડ્યાં. આ પ્રસંગ પછી નથ્થુરામના હૃદયમાં ભક્તિભાવ દૃઢ થયો. રાત-દિવસ અમર મંત્રનું સ્મરણ કરવા લાગ્યા. આમ દિવસો જતાં ગામમાં ઉજાણીનો પ્રસંગ આવ્યો. તે નિમિત્તે ગુરુજી ગામમાં પધાર્યા. ગુરુજીનું ગામમાં ભાવપૂર્વક સ્વાગત થયું. બીજે દિવસે વહેલી સવારે ઉજાણી હોવાથી લોકો ગામ બહાર જવા લાગ્યા ત્યારે ગુરુજીએ નથ્થુરામને સમાચાર મોકલીને મંદિરમાં બોલાવ્યા. નથ્થુરામને ગુરુજીનું તેડું આવ્યું એટલે હરખની હેલી ચડી. ગુરુ મહારાજની સેવા અને આશીર્વાદનું મહત્ત્વ ખૂબ જ તેમના હૃદયમાં હતું. નથ્થુરામ તો હોંશભેર ગુરુજીને મળવા ઉતાવળમાં મંદિરે દોડી આવ્યા. નથ્થુરામ જેવા મંદિરની અંદર પ્રવેશ કરવા ગયા તો સામેની તરફથી એક વિકરાળ સિંહ ગર્જના કરતો સામો ધસી આવ્યો. તરાપ મારી નથ્થુરામને પંજો

માર્યો. નથ્થુરામ તો સાવધ હતા. સિંહની આગળ નમી પડ્યા. નથ્થુરામ તો સમજી ગયા આ તો મારા ગુરુજીનું સ્વરૂપ છે અને બોલ્યા, ગુરુજી, હું તમારો આહાર છું. સુખેથી આરોગી આપની ક્ષુધા બુઝાવો. આમ કહી બે હાથ જોડી બેસી ગયા. એટલામાં સિંહ અદશ્ય થઈ ગયો અને સાક્ષાત્ શ્રીહરિ પરમાત્મા તથા ગુરુજીએ દર્શન આપ્યા. નથ્થુરામ તો હાથ જોડી ઊભા થયા. ગુરુજીએ મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને શક્તિપાત કર્યો.

આ બધી ઘટનાઓ પછી નથ્થુરામને એવી લગની લાગી, અન્ન ભાવે નહીં અને નિદ્રા આવે નહીં. કામ કરતા જાય અને હરિસ્મરણ કરતા જાય. ગુરુજીના આશીર્વાદ અને વચન હતાં કે,

આત્માને ઓળખ્યા વિના લક્ષ ચોરાશી મટશે નહીં,
નાશવંત ભ્રમણાને ભાંગ્યા વિના ભવનો ફેરો ટળશે નહીં.

ગુરુ મહારાજના આ શબ્દોનું નથ્થુરામને સતત ચિંતન રહેતું અને ભક્ત કવિ નરસિંહ મહેતાએ પણ કહ્યું છે કે, 'જ્યાં લગી આત્માતત્ત્વ ચિન્હયો નહીં ત્યાં લગી સાધના સર્વે જૂઠી.' આમ નથ્થુરામને પણ આત્મતત્ત્વની ઝાંખી કરવાની તમન્ના લાગી એટલે માતાજી ભાણીમાને તથા ધર્મપત્નીને કહ્યું, હું અગત્યના કામે માનકૂવા જાઉં છું. દસ-પંદર દિવસ થશે પણ ચિંતા કરશો નહીં. માતાજીએ કહ્યું કે, દીકરા, તારું શરીર સાચવજે. નથ્થુરામ માતાજીના ચરણસ્પર્શ કરી આશીર્વાદ લઈને નીકળ્યા. પરંતુ માનકૂવા ગામમાં ન જતાં માનકૂવાની ઉત્તર દિશાના જંગલમાં એકાંત સ્થળે સાંઈ સંતની ગુફામાં પહોંચ્યા. ગુફાને વંદન કરી આસન લગાવી નિર્જલા ઉપવાસ કરી સાધનામાં બેઠા. સતત તેર દિવસ એક જ આસને આ અવસ્થામાં રહ્યા. આ ઘોર તપસ્યાના પ્રતાપથી પરમાત્મા જ્યોતિસ્વરૂપે પ્રકાશપુંજ આકાશ માર્ગેથી આવીને નથ્થુરામના હૃદયમાં સમાઈ ગયો અને નથ્થુરામનું હૃદયકમળ ખીલ્યું. નથ્થુરામ આભા જ બની ગયા અને ઊભા થઈને આનંદવિભોર થઈ નાચવા લાગ્યા. વાહ પ્રભુ વાહ...તારી અકળ લીલા, હું તો પામર છતાં તેં મારા પર કૃપા કરી મને ધન્ય બનાવ્યો. વાહ પ્રભુ વાહ...તારાં શું વખાણ કરું. આ રીતે પોતાનો પાંચ તત્ત્વનો દેહ સફળ થયો એમ માની ગુફાને નમન કરી પાછા ઘરે પધાર્યા. માતાજીને પગે લાગી જીવન ધન્ય માન્યું અને નિત્યક્રમમાં પરોવાયા.

એ વખત કચ્છમાં વરસાદ નહિવત્ થવાથી દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ હતી. જીવન દોહ્યલું થવા માંડ્યું. મહેનત-મજૂરી કરીને માંડ પેટ પૂરતું ભેગું થતું. સમાજના ભાઈઓએ સ્થળાંતર કરવાનું વિચાર્યું. ગુજરાત પ્રદેશમાં કૃષિ વ્યવસાય માટે નીકળ્યા. આ સમયે નથ્થુરામના સાળા વશરામભાઈ કરબોઈ આવ્યા અને બનેવી નથ્થુરામને કહ્યું કે, તમારી વાડી નાની છે, પાણી ખારું છે. ઉપરાઉપરી દુષ્કાળ પડે છે. ક્યારે કડલો, પાણી પથારો, નીકે ભારો, આવી કરબોઈની બલિહારી. અમોએ ગુજરાત જવાનું વિચાર્યું છે. તમો પણ અમારી સાથે ગુજરાત આવો. અમો આપને મદદ કરીશું. નથ્થુરામના પરિવારે વિચાર કર્યો દૂર દેશાવર જઈએ તેના કરતાં બધા સાથે રહીશું તો સારું થશે. સગાંસંબંધીઓ પણ તે તરફ જવાનું વિચારે છે. તો ચાલો આપણે પણ

સાથે જઈએ. આમ તેઓએ પણ ગુજરાત આવવાનું વિચાર્યું.

નથ્થુરામ તથા તેના સાળાનો પરિવાર તેમજ બીજા કેટલાંક કુટુંબો ખેડા અને સાબરકાંઠા જિલ્લાના સરહદ વિસ્તારમાં કપડવંજ તાલુકાના દૂધાથલ લાટમાં આવી વસ્યા. ત્યાં દૂધાથલ લાટને કર્મભૂમિ બનાવી સમયાંતરે વિષ્ણુપુરા લાટની જમીન વસાવી સ્થાયી થયા. વિષ્ણુપુરાની જમીનમાં કૂવો ખોદવાનું કામ ચાલુ કર્યું. ઘણા દિવસ સુધી કૂવાનું કામ ચાલ્યું. ખૂબ જ ઊંડો કૂવો ખોદ્યો પણ કૂવામાં પાણી દેખાયું નહીં. નીચેની તરફ કૂવામાં પથ્થર આવી જવાથી કૂવો ખોદવાનું પણ મુશ્કેલ થઈ પડ્યું. તેમાં કેટલાક લોકો નિરાશ થઈને આ કૂવાનું કામ પડતું મૂકી બીજો કૂવો ખોદવાનું વિચારવા લાગ્યા. એવામાં વળી કોઈકને સદ્‌બુદ્ધિ સૂઝી અને સીધા નથ્થુરામ પાસે આવ્યા અને આનો કોઈ ઉપાય બતાવવા નથ્થુરામને વિનંતી કરી. નથ્થુરામે કહ્યું કે ઉપાય તો હાજર છે. માગણી હોય તો કામ થાય. એમ કહી નથ્થુરામે કહ્યું, ઇષ્ટદેવ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની બત્રીસ થાળાની વારિયજ્ઞની પૂજા કરાવજો પાણી થઈ જશે. પછી બે-ત્રણ દિવસ કૂવો ખોદતાં પાણી પ્રગટ્યું. સૌ આનંદિત થઈ ગયાં. કૂવામાંથી પાણીની હેલ ભરી પ્રસાદ બનાવી વારિયજ્ઞ કર્યો. ભાગીદારોમાં ઉત્સાહનો વધારો થયો. સહુએ સાથે મળી વિષ્ણુપુરા ગામમાં ઘર બાંધવાનાં શરૂ કર્યાં. લાઇનબંધ મકાનો બંધાવવા લાગ્યાં. ખભેખભા મિલાવી સહુએ કંપાની રચના કરી, રહેવા લાયક મકાનો બનાવી એક કુટુંબની ભાવનાથી રહેવા લાગ્યા. કોઈ મહેનત કરવામાં પણ પાછા પડે નહીં. ખેતીવાડીમાં પણ પાક સારો થવા લાગ્યો. જમીન ખૂબ જ ફળદ્રુપ, જેથી જે કંઈ પાક વવાતો તેમાં ઉત્પાદન સારું મળવા માંડ્યું.

આમ, સમય જતાં નથ્થુરામનો ગૃહસંસાર ચાલ્યો. નથ્થુરામને સમયાંતરે પાંચ દીકરા માવજીભાઈ, સોમજીભાઈ, ધનજીભાઈ, કરમશીભાઈ, દેવજીભાઈ તથા દીકરી લક્ષ્મીબહેન સાથેનો પરિવાર થયો. તે વખતે વિષ્ણુપુરાની બાજુમાં થવાદલાટ આ સમાજના ભાઈઓએ વેચાણ રાખેલ. તેમાં મોટા દીકરા સોમજીભાઈને થવાદની જમીન સાચવવા માટે સજોડે મોકલ્યા. વિષ્ણુપુરામાં રહીને શાંતિથી કુટુંબ પરિવાર ખેતીનો વ્યવસાય કરતા હતા. આગળ જતાં સારો વિકાસ થવાથી નથ્થુરામે થવાદની જમીન વેચીને વિજયનગર તાલુકાના ગુલાબપુરામાં જમીન રાખી સોમજીભાઈને ગુલાબપુરા મોકલ્યા. ખેડબ્રહ્મા તાલુકાના તાંદલિયા કંપામાં પચાસ વીઘા જમીન રાખી ધનજીભાઈને તાંદલિયા મોકલ્યા. દીકરા કરમશીભાઈ તેમજ પૌત્ર પરસોત્તમભાઈને ઈડર તાલુકાના વડાલીકંપામાં સો વીઘા જમીન રાખીને ત્યાં મોકલ્યા. સૌથી નાના દીકરા દેવજીભાઈ માતા-પિતા સાથે વિષ્ણુપુરા રહેતા હતા અને દીકરી લક્ષ્મીબેન હાથીપુરા, હીરજીભાઈ દેવજીભાઈ પોકારના ત્યાં પરણાવ્યા.

આમ, પહેલેથી જ બાપાને દીકરાઓ માટે જમીન બાબતની દૃષ્ટિ રહેલી હતી. બધા દીકરાઓને વ્યવસ્થિત થાળે પાડી પરણાવી દરેક દીકરાઓને સરખા ભાગે મિલકતોની વહેંચણી કરી આપી અને પોતે જવાબદારીમાંથી મુક્ત થયા અને દીકરાઓને શિખામણ આપી ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ નોકરી, કારણ કે ખેતીમાં કોઈ પાપ થાય નહીં, સાચું ખોટું કરવું ન પડે અને કીડી મંકોડા ગરીબગુરબાને દાનપુણ્ય કરી શકાય

માટે સૌ ખેતીમાં ધ્યાન આપી પુરુષાર્થ કરજો. ધરતી માતા આપણને ઘણુંબધું આપશે અને ધરતીમાતા જે કંઈ આપે તેમાંથી દસમો ભાગ પરમાર્થે કાઢવો. આવી શિખામણ આપીને પોતે ભક્તિભાવમાં ડૂબવા લાગ્યા.

સમય જતાં પૂ.નથ્થુરામબાપાના ગુરુજી થવાદલાટ પધાર્યા. થવાદલાટમાં વારિયજ્ઞનો તથા સત્સંગનો મેળવાડનો પ્રસંગ હતો. પૂજ્ય બાપા પણ થવાડ પહોંચ્યા. સત્સંગ સંપન્ન થયા પછી વારિયજ્ઞની શરૂઆત થઈ. મુખી મહારાજ ગાદી પર બિરાજ્યા. ગુરુજી પણ તેમના આસને બિરાજ્યા. પૂજ્ય બાપા ગુરુજીના સન્મુખ બેઠા. દેવસ્મરણ કરતાં કરતાં બાપાને સમાધિ લાગી ગઈ. લગભગ કલાક જેટલો સમય વિત્યો. બાપા ધ્યાન અવસ્થામાંથી જાગૃત અવસ્થામાં આવ્યા ત્યારે મીઠી મધુર વાંસળી જેવો નાદ સહુગતગંગાને સંભળાયો. બધા એક ચિત્તે બાપાની શક્તિને જોઈ રહ્યા. ગુરુજીએ બાપાની પીઠ થાબડીને કહ્યું, "ધન્ય છે નથ્થુભાઈ તમારી શ્રદ્ધાભક્તિને." ગુરુજી ગતગંગા સન્મુખ પૂ.બાપાની ઓળખ પ્રગટ કરતાં કહ્યું, "મારા આ પ્રિય શિષ્યએ અખંડ અજંપા જપ ઈશ્વરભક્તિથી મનુષ્યદેહ સાર્થક કરી ઉચ્ચ પદવી પ્રાપ્ત કરેલ છે. આવા વચન સાંભળી ગતગંગાએ પૂ.બાપાની શક્તિને પિછાણી અને વધાવી લીધા. નથ્થુરામબાપાનો જયજયકાર થઈ રહ્યો. સહુ બાપાની પાસે આશીર્વાદ મેળવવા પડાપડી કરવા લાગ્યા. પૂ.બાપા શાંત ચિત્તે ગુરુજીને પગે લાગ્યા.

ચારેકોર પૂ.બાપાની ખ્યાતિ વધી. દૂર દૂરથી બાપાના દર્શનાર્થે ભાવિક ભક્તજનો આવવા લાગ્યા. ગામેગામથી બાપાના સત્સંગ મેળાવડા અને વારિયજ્ઞના આમંત્રણ મળવા લાગ્યાં. પ્રથમથી જ પૂ.બાપાનો ભાવ વિશ્વ વિશાળ હતો. જે કોઈ આવે તેને આવકારો આપવો, દરેકને એમ જ લાગે કે બાપા અમારા જ છે તેવો ભાવ વર્તાવતા. બાપામાં અપાર ધૈર્ય દેખાતું હતું. નાનાં બાળકો તેમને ખૂબ જ પ્રિય હતાં. બાળકોને ખોબા ભરીને પ્રસાદ આપતા. થાક્યો હાર્યો કે દુઃખી જન માટે તો બાપા આશાનું કિરણ હતા. આવા પૂ.નથ્થુરામે સમય જતાં ગુરુ મહારાજના આશીર્વાદ મેળવીને જિજ્ઞાસુઓને અમર મંત્ર આપી ગુરુદીક્ષા આપવાનો શુભારંભ કરેલ.

સમય જતા પૂ. માવિત્ર ભાણીમાની ઇચ્છા થઈ અને માતાજીએ કહ્યું, 'દીકરા નથ્થુ, મને વડાલીકંપા દીકરા કરમશીભાઈના ઘરે જવાનું મન થાય છે. મને વડાલી કંપા લઈ હાલો.' આમ, પૂ.માતાજીને સાથે તેડી આવીને વડાલીકંપા આવ્યા. વડાલીકંપામાં સ્થિર થયા અને આધ્યાત્મિક ક્ષેત્રની કર્મભૂમિ વડાલીકંપો બનાવી.

પરમ વંદનીય ગુરુ મહારાજના ગૃહ સંસારમાં પાંચ દીકરા, એક દીકરી, પૌત્રો-પૌત્રીઓ સાથે સરળ જીવન જીવ્યા અને આશરે ત્રણેક હજાર સેવકોને અમર મંત્ર આપી દીક્ષા આપી સન્માર્ગે ચડાવેલ અને પોતે જનક વિદેહી જેવું નિર્મોહી જીવન જીવ્યા. જગતનિયંતાના નિયમ મુજબ જન્મ્યું તે જવાનું, ખીલ્યું તે કરમાવાનું, ચડ્યું તે પડવાનું, નામ તેનો નાશ છે. પણ—

**નામ રહંતા ઠાકરા, નાણાં નહીં રહંત,**
**કીર્તિ કેરા કોટડા પાડ્યા નહિ પડંત.**

ગુરુ મહારાજ મહા સુદ ચૌદશની સાંજની સંધ્યાઆરતી સંપન્ન થયા બાદ બધા

જ ગામજનો બાપાને પગે લાગવા આવેલા તે વખતે બાપાએ કહ્યું : હવે આ ખોળિયાની આશા મૂકી દો. આ ખોળિયું તો નશ્વર છે. પંચતત્ત્વમાં ભળી જશે પણ તમારી અંદરના પંચતત્ત્વને તમે હવે ઓળખો. તમારી અંદરના બ્રહ્માંડના તમે જ દેવ છો. પરમતત્ત્વે તમને સર્વશક્તિ સંપન્ન બનાવ્યા છે. તો રાગ, દ્વેષ, ઈર્ષા, લોભ, મદ આવા આસૂરી ભાવોને હટાવી સદ્‌કાર્ય, ભક્તિ, જ્ઞાન અને સત્યના રસ્તે પ્રયાણ કરો. હું સ્થૂળરૂપે ભલે ન હોઉં પણ સૂક્ષ્મરૂપે આપ સૌની અંદર જીવિત જ છું. તમે જીવનું કલ્યાણ કરશો તો તમારું કલ્યાણ થશે. સૌ સંપીને રહેશો તો ક્યારેય કંપીને રહેવાનો સમય નહીં આવે. મારા આ મહાપ્રયાણને દુઃખકારક ન બનાવતા. સૌ હર્ષોત્સવ મનાવી સત્‌કાર્યમાં લાગી જજો. દેહ નશ્વર છે. આત્મા જ અમર છે. તમો સૌ દેહની ઓળખ ન વિકસાવતા આત્માની ઓળખ થાય તેવું કાર્ય કરજો એમ કહી બાપાએ પોતાની આંખોને બંધ કરી અને પોતાના અંદરના બ્રહ્માંડની અંદર ઓમકારના નાદ સાથે ઊતરી ગયા અને સમગ્ર વાતાવરણમાં ઓમકારનો નાદ ગુંજવા લાગ્યો. ત્યારે બધા પગે લાગ્યા અને બાપા પાંચ તત્ત્વનો સ્થૂળ દેહ છોડી સૂક્ષ્મ દેહે સદાના માટે શિષ્યોનાં હૃદયમાં વાસ કર્યો. આ સમાચાર આકાશવાણી (રેડિયો) દ્વારા સાંભળી દુઃખી અને ભગ્ન હૃદયે પૂજ્યબાપાશ્રીની અંતિમ યાત્રામાં કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે સ્થળોએથી ગુરુ મહારાજની અંતિમ યાત્રા અને અંતિમ દિવ્ય દર્શન માટે શિષ્યો ઊમટીને પોતાના જીવન અને આત્માને ધન્ય બનાવ્યું. આજ પૂર્ણ શ્રદ્ધા-ભક્તિ, ધામધૂમથી મહા સુદ પૂનમના દિવસે ભક્તોના મોટા મહેરામણ દર્શન કરવા આવે છે અને દર પૂનમે પણ ઘણા યાત્રાળુઓ દર્શન કરી સમૂહભોજન કરે છે. પૂજ્ય ગુરુ મહારાજ સતલોકવાસી થયા પછી આજે બાપાના કૃપાપાત્ર સંત તુલસીદાસ બાપાના આશીર્વાદથી સત્કાર્યો કરે છે.

નથ્થુરામબાપાએ જ્યાં દેહ છોડ્યો હતો તે વડાલી કંપામાં તેમના શિષ્યો દ્વારા મોટો આશ્રમ બનાવવામાં આવ્યો છે. દર માસની પૂનમે હજારો ભક્તો નથ્થુરામબાપાના આશ્રમે શ્રદ્ધાભાવથી આવે છે અને પોતાની વ્યથા-કથા નથ્થુબાપાની સમાધિ સમક્ષ રજૂ કરે છે અને ધન્યતા અનુભવે છે. આવનારા બધા જ લોકોના ભોજનની વ્યવસ્થા પણ આશ્રમ દ્વારા કરવામાં આવે છે. આ આશ્રમમાં વિશાળ ભવનોનું નિર્માણ પણ થયેલું છે. આ આશ્રમમાં સદાવ્રત ભોજનાલય પણ ચલાવવામાં આવે છે. આ સમાજના પ્રતિ વર્ષે યોજાતા સમૂહલગ્નોનું સ્થાન પણ આ આશ્રમમાં જ રહ્યું છે.

જ્યાં સુધી વિજ્ઞાન નથી પહોંચી શક્યું ત્યાં નથ્થુરામબાપા પહોંચીને આ સાબરકાંઠાના કચ્છી કડવા પાટીદાર સમાજને પરમતત્ત્વ અને પરમ સત્યની ઓળખ કરાવી છે. એમના આધ્યાત્મિક વિચારો પણ સાવ સરળ હતા. સકારાત્મક અભિગમ અને સરળ જીવન વ્યવહાર એ જ એમનો સંદેશ બની રહ્યો છે. આમ નથ્થુબાપા એક ઉચ્ચ કોટિનાં મહામાનવ હતાં.

## સંત શ્રી રામદાસબાપુ

આ વિશ્વમાં મનુષ્યરૂપે જન્મમળે એ પરમાત્માની સૌથી મોટી ભેટ છે. આ સૃષ્ટિમાં લાખો કરોડો જીવજંતુ, પશુ-પક્ષી અને પ્રાણીઓ વસે છે. પરંતુ કોઈને મનુષ્ય જેટલું

સામર્થ્ય અને શક્તિ મળ્યાં નથી. ચોર્યાસી લાખ યોનિઓમાં ભટક્યા પછી મનુષ્યનો અવતાર મળે છે. એટલે જ માનવજન્મ દુર્લભ મનાયો છે. ભારત જેવા પવિત્ર દેશની પાવન ધરતીમાં દેવો પણ જન્મ લેવા તરસતા હોય છે. એવી ભૂમિમાં માનવદેહ મળે એ તો મહાભાગ્ય જ કહેવાય. મનુષ્ય જન્મ એ જીવ માટે પરીક્ષાનો, કસોટીનો સમય છે. જીવ પ્રગતિ કરે, આગળ વધે એવી યોગ્યતા એનામાં છે કે કેમ એની પરીક્ષા મનુષ્યજન્મમાં થાય છે. જો એ આ પરીક્ષામાં પાસ થાય તો જ એને આગળ ઊંચી પદવી મળે અને નાપાસ થયો તો વળી એ જ લખ ચોર્યાસીના ફેરા !

ભગવાનને તો બધા જીવ સરખા છે તો પછી માનવને જ શા માટે બોલવાની, વિચારવાની, લખવાની, સમજવાની એવી અસંખ્ય સગવડો આપી હશે ? જવાબ એક જ છે : ભગવાનને પોતાની આ દુનિયા, આ સંસારને સુંદર બનાવવા અને વ્યવસ્થિત રાખવા, મદદ કરનાર કોઈક જોઈતું હતું. એટલે એણે પોતાની વિભૂતિઓ આપીને મનુષ્ય બનાવ્યો. માનવને મળેલી શક્તિઓ, સંપ્રદાયો, વરદાન એ ભગવાનની થાપણ છે. બીજાને સુખી કરવા માટે એ આપવામાં આવી છે. પરંતુ અજ્ઞાનને કારણે મનુષ્ય પોતાની મહામૂલી શક્તિઓને વેડફી નાખે છે. બીજાને મદદ કરવાને બદલે એ શક્તિઓનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે જ કરે છે. આવા સ્વાર્થીઓનો જન્મારો નિષ્ફળ જાય છે. પરંતુ કેટલાક વિરલા એવા પાકે છે જે આ સૃષ્ટિનું રહસ્ય સમજી જાય છે, પોતાના જન્મનો હેતુ જાણી જાય છે અને પરમાત્માના સાચા સેવક બની એના આ સંસારરૂપી બગીચાને સુંદર બનાવવા પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દે છે. પોતે તો પાર ઊતરે છે અને પોતાની સાથે હજારો-લાખો લોકોને અંધકારમાંથી બહાર કાઢીને પાર ઉતારે છે અને પરમાત્માની પ્રાપ્તિ કરાવી આપે છે. આવા મનુષ્યો વિરલા હોય છે. જેમ દરિયામાં છીપલાં તો હજારો હોય છે પણ રત્ન તો બહુ ઓછી છીપમાં હોય છે એમ લાખો મનુષ્યોમાં એકાદ સંત પાકે છે. આવું જ એક રત્ન એટલે બ્રહ્મનિષ્ઠ પૂજ્યપાદ શ્રી રામદાસબાપુ.

કચ્છની ધરતી ખૂબ પાવન છે. સંત અને સૂરાઓની જ ભૂમિ છે. એટલે જ કહેવાયું છે કે :

**'ભારતી માતને ખોળવે ખેલતી**
**ધન્ય હો ! ધન્ય કચ્છની ધરતી !''[૪]**

આવી આ પવિત્ર ભૂમિમાં નખત્રાણા તાલુકાના જીયાપર ગામમાં સંવત ૧૯૬૩માં પાટીદાર પટેલ પેથાભાઈ અને પૂ.હીરાબાઈના ઘરે એક દીકરાનો જન્મ થયો.દીકરાનું તેજ એવું કે જાણે સૂરજનું અજવાળું. બાળકનું રૂપ ધરીને હીરબાઈમાંના ખોળામાં આવી ગયું ! તે દિવસે ગામમાં કોઈ ઉત્સવ હતો. સૌ એ ઉત્સવના આનંદમાં ગુલતાન હતા. એમને આજના ઉત્સવમાં અનેરો આનંદ આવી રહ્યો હતો. પરંતુ એનું કારણ એને સમજાતું નહોતું. એમને ખબર નહોતી કે ભવિષ્યમાં હજારો જીવોનો તારણહાર આજે મનુષ્ય દેહ લઈને અવતર્યો છે. જાણ્યે-અજાણ્યે એ લોકો એ સંતનો જ જન્મોત્સવ મનાવી રહ્યા હતા !

પેથાભાઈનો પરિવાર સાધારણ સ્થિતિમાં જીવનનિર્વાહ કરતો હતો. તેમના પિતા

લખુબાપાને જમીન થોડી અને કસ વગરની હતી. જે પછોરવાડી તરીકે ઓળખાતી અને તેના પરથી જ તેમના કુટુંબને પણ પછોરીયા કુટુંબ તરીકે ઓળખવામાં આવતું. સાધારણ કુટુંબ હતું ને દીકરો જન્મવાથી વળી એક જણ વધ્યું એટલે આનંદ કરતાં ચિંતા જ વધી. પણ દીકરાનો ચહેરો જોઈને બધાને બહુ રાજીપો થતો. એક સારો દિવસ જોઈને દીકરાનું નામકરણ કર્યું 'રામજી'. આ નામ પાડવાનો હેતુ એવો કે હાલતાચાલતા અનાયાસે ભગવાનનું નામ પણ લેવાઈ જાય. એમને ક્યાં ખબર હતી કે આ એનો જ અંશ પ્રગટ થયો છે ! રામજી તો દિવસે દિવસે વધવા લાગ્યો. પરંતુ જન્મતાંની સાથે જ કસોટીનો આરંભ થવાનો હતો તે કોણ જાણતું હતું. અત્યંત ગરીબ પરિવાર, તનતોડ મહેનત-મજૂરી કરે ત્યારે માંડ બે ટંકનું પૂરું થાય. આ દુઃખ જાણે ઓછું હોય તેમ રામજીની ઉંમર હજી માંડ ત્રણ વર્ષ અને પાંચ માસની હતી ત્યાં તેના પિતા પેથાભાઈ એક સાધારણ માંદગીમાં અવસાન પામ્યા. કાળની ગતિ ન્યારી છે !

ભગવાન જેને ખૂબ પ્રેમ કરે એની ભારે કસોટી કરે છે. પૂ. રામદાસબાપુ જ પોતાના સત્સંગમાં ઘણી વાર કહેતા – "માસ્તર ઠોઠ વિદ્યાર્થીને કંઈ કહેતા નથી પણ ભણવામાં હોશિયાર વિદ્યાર્થી હોય એને વધારે લેફ્ટરાઇટ કરાવે છે, કારણ કે માસ્તર અને શાળાની નામના એ વિદ્યાર્થીને લીધે હોય છે !" આ કારણ જ પ્રભુના વહાલાની વધારે કસોટી થાય છે. જોકે કસોટી તો સોનાની જ થાય ને ! ધૂળને ઢેફાની થોડી થાય ? સોનાને તો જેટલું કસીએ એટલું એ વધારે મૂલ્યવાન બને. હીરો ખાણમાંથી નીકળે એટલે માટી ભેગો માટી જેવો જ લાગતો હોય છે. પરંતુ એની બરાબર સફાઈ થાય, યોગ્ય આકારમાં ઘસીને પહેલ પાડવામાં આવે ત્યારે તે મૂલ્યવાન થાય. મૂલ્યવાન થવા માટે ઘસાવું પડે. રસ્તામાં રઝળતાં પથ્થર હથોડીઓ અને ટાંકણાંનો ઘા ખમવા તૈયાર થાય ત્યારે મૂર્તિ બની શકે અને ભગવાન થઈને પૂજાય.

પેથાભાઈનું અવસાન થયું ત્યારે એ આઘાતને સમજવાની રામજીની હજી ઉંમર નહોતી. રામજીનાં માતા હીરાબાઈની વય તો હજી સાવ નાની હતી. યુવાન વયમાં એમના પર તો જાણે આખું આભ તૂટી પડ્યું. માથેથી છાયો જતો રહ્યો. લખુબાપા અને પુરીમાથી એમનું દુઃખ જોવાતું નહોતું એટલે વેવાઈને હીરાબાઈને લઈ જવા વિનંતી કરી. હીરાબાઈનાં માતા-પિતા એમને ઘેર લઈ ગયાં. સૌભાગ્યનાં ચિહ્નો વગરની દીકરીને જોઈ એમની છાતી ફાટી જતી હતી. પણ શું થાય ? કુદરત આગળ કોનું ચાલે ? માતાપિતાને ચિંતા કે આપણે તો આજે છીએ ને કાલે નથી. આ જુવાન દીકરીને તો આખો ભવ કાઢવાનો છે. એનો ભવ કેમ પાર થશે ? એટલે નાછુટકે જ્ઞાતિના રીતરિવાજ પ્રમાણે એમણે દીકરીને બીજે વળાવવાની તૈયારી કરવા માંડી. થોડા દિવસની દોડધામ પછી એક યોગ્ય ઠેકાણું મળી ગયું અને નક્કી કરી નાખ્યું. દીકરી હીરાબાઈના મનની સ્થિતિ એ વખતે કેવી હશે ? હજી તો હમણાં પતિનું અવસાન થયું છે અને રાજાના કુંવર જેવો દીકરો છે ત્યાં બીજા ઘરે વળાવવાની તૈયારી ! પણ તે બિચારાં પોતાનાં માતાપિતા આગળ એક અક્ષર પણ બોલી ન શક્યાં. એમને એમનાં માતાપિતાએ બીજે પરણાવી દીધાં. વળાવવાની તૈયારી થઈ ત્યાં લાડકવાયો સાંભર્યો. પણ એ તો હતો એનાં દાદા-

દાદીને ત્યાં. સાસારીમાંથી નીકળ્યા ત્યારે હીરાબાઈએ દીકરાને સાથે લાવની ઈચ્છા દર્શાવી હતી. પરંતુ લખુબાપા અને પુરીમાને રામજીને હીરાબાઈ સાથે મોકલવાની જરા પણ ઈચ્છા નહોતી. રામજી તો એમના દીકરાની નિશાની હતો, એમનો કુળદીપક હતો. એને કેમ મોકલાય ? પરંતુ જ્યારે એની માતા જ એને લઈ જવા ઈચ્છતી હતી ત્યારે ના કેમ કરીને પાડવી ? એટલે મને-કમને રામજીને પૂછ્યું, "બેટા, તારી બા મામાને ઘેર જાય છે. તારે જવું છે એની સાથે ?" નાનપણથી જ રામજીમાં ભારે સમજણ હતી. એણે તરત જ કહ્યું, "ના, મારે બા સાથે મામાને ઘેર નથી જવું. લખુબાપા અને પુરીમાને હાશ થઈ. રામજીને તરત જ કોઈકની વાડીએ મોકલી દીધો. રખેને એની બાને જતી જોઈને છોકરાનું મન ફરી જાય તો ?

હીરાંબાઈ ત્યારે પોતાના નવા ઘેર વિદાય થયાં અને નાની વયમાં જ પિતા અને માતાનું છત્ર રામજીએ ગુમાવ્યું અને દાદા-દાદીની હૂંફમાં મોટો થવા લાગ્યો. નાનપણથી જ રામજીમાં કેટલાક વિશેષ ગુણ દેખાવા લાગ્યા હતા. કહેવાયું છે ને કે પુત્રનાં લક્ષણ પારણામાંથી ! રામજી પોતાના બાળમિત્રો સાથે રમે-આનંદ કરે. સવાર-સાંજ મંદિર જવાનું ચૂકે નહીં. મંદિરમાં એને ખૂબ આનંદ આવે અને એમાંય કોઈક સંત આવે તો એની આગળ-પાછળ ફર્યા કરે અને ખૂબ સેવા કરે. દાદા-દાદીને ખેતીમાં પણ એનાથી થાય એટલી મદદ કરે. ઢોરાંને પાણી પાય, ચારો નાખે, કોસ હાંકે, ઘરનું ફળિયું વાળી નાખે, કચરો ઉકરડે નાખી આવે. એનું મન નાનપણથી જ ભક્તિમાં. એને સેવા-પૂજામાં બહુ રસ પડે. રામજીનાં ઊછળકૂદ અને આનંદથી દાદા-દાદીનાં દુઃખ પણ હળવાં થઈ જતાં. આમ ને આમ દિવસો પછી દિવસો અને પછી વર્ષો વીતવા લાગ્યા.

રામજી છ વર્ષનો થયો ત્યારે દાદા-દાદીએ વિચાર કર્યો કે હવે છોકરાને ભણવા મૂકવો જોઈએ. ઘરની સ્થિતિ તો સારી ન હતી. વળી રામજી ભણવા જાય તો કામ કરનારું એક ઓછું થાય. પરંતુ આવી સ્થિતિ હોવા છતાં દાદા-દાદીએ રામજીને ભણાવવાનું નક્કી કર્યું અને શાળામાં દાખલ કર્યો. રામજીને તો મજા પડી ગઈ. એની વયના ભેરુઓ સાથે એ તો તરત જ ભળી ગયો. ભણવામાં એને ખૂબ જ રસ પડ્યો. અંતરમાં કુદરતી શક્તિ અને સંસ્કાર તો પડેલા જ હતા. અંદરનું તેજ ભણતરમાં પણ પ્રકાશી ઊઠ્યું. એક વર્ષમાં તો કક્કો-બારાક્ષરી શીખી લીધાં. અક્ષર ઉકેલવામાં તો આનંદની વાત જ શી ! અક્ષરજ્ઞાન થયું એટલે વાંચવાની રઢ લાગી. જે હાથમાં આવે એ વાંચી નાખે. હૈયાઉકલત પણ ઘણી હતી. વાંચેલું તરત જ યાદ રહી જતું હતું. કોઈપણ વસ્તુ એક જ વખત વાંચે એટલે યાદ રહી જાય. પરંતુ આ તો સ્થૂળ અક્ષરજ્ઞાન હતું. વિધાતા રામજીને અલખના અક્ષર ભણાવવા ઈચ્છતો હતો. આ સ્થૂળ અક્ષરજ્ઞાન તો સહેલું છે. રામજીને તો બધાં અઘરા કામ કરવાનાં હતાં.

રામજીના ભણતર આડે ઘરની નબળી પરિસ્થિતિ આવી. ભણવાનું ખૂબ મન હતું, હોશિયારી પણ હતી તેમ છતાં નિશાળ છોડવી પડી. રામજી પણ ડાહ્યો હતો. સમગ્ર વાત સમજી ગયો અને કામે વળગી ગયો. પરંતુ આ એક વર્ષમાં અક્ષરજ્ઞાન મળી ગયું. વાંચતાં-લખતાં આવડી ગયું એટલે વાંચવા-લખવાની લત લાગી ગઈ તે

જીવનપર્યંત રહી અને વેદ-વેદાંત અને અનેક મહાન ગ્રંથોના વાચન સુધી લઈ ગઈ.

દિવસો તો મુશ્કેલીમાં પણ વીતતા હતા. રામજીની વય લગભગ બારેક વર્ષની થવા આવી. એ જમાનામાં તો નાની વયમાં જ લગ્ન કરવાં પડતાં. દાદા-દાદીને રામજીને પરણાવવાની ચિંતા લાગી. રામજી માટે એમણે કન્યા શોધવા માંડી. ત્યાં પણ ગરીબી નડી. ગરીબ ઘરમાં કોણ દીકરી આપે ? પરંતુ વિધાતાએ બધું ગોઠવી રાખેલું હોય છે. એ પ્રમાણે દાદા-દાદીની નજરમાં એક કન્યા આવી. નામ એનું મરઘાં. જરાક શામળા રંગની દીકરી હતી પણ જોતાં જ દાદા-દાદીને વહાલ ઊભરાયું. વાત ચલાવી અને લગ્ન નક્કી થયાં. એક કામ પત્યું. હવે ચિંતા લગ્ન કેવી રીતે કરવાં તેની આવી. જાન લઈ નખત્રાણા જવાનું હતું. આવવાય કોઈ તૈયાર નહીં. પરંતુ પરિસ્થિતિથી હાર માને તો શક્ય શાનો ? પોતાના લગ્નની તૈયારી પોતે જ કરવા માંડી ! આમ પણ દાદા-દાદીથી દોડાદોડ થાય એમ હતું જ નહીં એટલે જાતે જ બધું કરવાનું હતું. એક સગાને ત્યાં રામજી પહોંચ્યો. વિગત જણાવી વિનંતી કરીને બળદગાડું માગી લાવ્યો. માગેલું હોય એ વળું કેવું હોય ? ઘરડા બળદને ખખડ પાંચમ જેવું ગાડું ! પણ રામજીએ તો એનેય આવડ્યું એવું શણગાર્યું.

થોડાંક ઓળખીતાં હતાં એમને વિનંતી કરીને જાનમાં સાથે લીધાં અને વરરાજા ચાલ્યા પરણવા ! પણ રસ્તામાં કસોટી ઓછી નહોતી. નખત્રાણા જવાનો રસ્તો ખાડા-ટેકરાવાળો એટલે ગાડું સરખું ચાલે નહીં. બધા બરોબર ગાડું પકડીને બેઠેલા, પડી ન જવાય એ બીકે જ તો ! બળદ પણ ઘરડા હતા તે બિચારા ઘડીકમાં થાકી ગયા. ચાલતા ચાલતા રસ્તામાં જ ઊભા રહી ગયા. માંડ માંડ ધકાવીને બળદને ચલાવતા હતા. આમ માંડમાંડ આ જાન આગળ વધતી હતી. એવામાં રસ્તામાં ડુંગર આવ્યા. બળદ સીધા રસ્તે સરખું ચાલી નહોતા શકતા એ ઢાળ કેમ કરીને ચડે ? થોડુંક ચડ્યા ત્યાં તો બળદ બેસી પડ્યા. પૂંછડા આમળી આમળીને બળદને ઊભા કરવા મથ્યા પણ બળદ ઊભા થવાનું નામ ન લે. બરાબર પ્રેમાનંદે નરસિંહ મહેતાની વ્હેલનું વર્ણન કર્યું છે તે સાંભરે એવું દશ્ય થયું.

જાનમાં હતા એમાંના એક ભાઈ કંટાળ્યા. હાથમાં લીધી લાકડી અને બળદને મારવા ઊઠ્યા. પરંતુ રામજી બે હાથ જોડીને આડો ઊભો રહ્યો. બળદને મારવા ન દીધા. પરંતુ હવે શું કરવું ? પહોંચવું કેવી રીતે ? બીજું કોઈ હોય તો આ પરિસ્થિતિમાં હારી જાય અને રડવા બેસે. જીવનનો મહામૂલો પ્રસંગ અને કેવી દશા ! પણ આ કોઈ સાધારણ વરરાજા થોડા હતા ? ગાડું અને બળદને ત્યાં જ મૂક્યાં અને સાથે આવવા તૈયાર થયા એટલાને લઈને ચાલતા ચાલતા જ ઊપડ્યા પરણવા ! વહેલું આવે નખત્રાણા ! માંડવે પહોંચ્યા. લગ્નની વિધિ થઈ. રામજીને સુસંસ્કારી, સહનશીલ, ઘરરખ્ખુ અને કુળવાન જીવનસંગિની પ્રાપ્ત થઈ. મરઘાંનું કુટુંબ આમ તો એ વખતે કરાંચીમાં રહેતું હતું પરંતુ નખત્રાણા લગ્ન લેવાયાં. આવી પારાવાર મુશ્કેલીમાં રામજી અને મરઘાંને ઘરસંસાર આરંભાયો. પરંતુ બેમાંથી એકેયના મુખે દુઃખની છાયા સુધ્ધાં નહીં કે નહીં કોઈ ફરિયાદ.ઊલટાના એ તો ભગવાનનો પાડ માનવા લાગ્યા કે તારી કૃપાથી જ બધું હેમખેમ પાર પડ્યું. ભગવાનના ભક્તોની આ જ વિશેષતા હોય છે કે, આ બધી

વાતમાં સુખમાં કે દુઃખમાં ભગવાનની કરુણા જ જુએ છે !

આ રીતે આ સંત દંપતીનો ગૃહસ્થાશ્રમ આરંભાયો. ઘરમાં ત્રણ જણાનું માંડ પૂરું થયું હતું ત્યાં ચોથું જણ ઉમેરાયું અને મુશ્કેલી વધી. કચ્છ પ્રદેશમાં ધંધા-રોજગાર પાંખા એટલે બીજું કામ પણ તરત મળે નહીં. સગાં-સંબંધીઓનો પણ ટેકો નહીં. બધા સુખના સાથી હોય દુઃખમાં કોણ હોય ? માંડ માંડ મહેનત-મજૂરી કરીને પૂરું કરતાં હતાં એમાં કૂવાનું પાણી મોળું થયું ને પાક ઓછો થવા માંડ્યો. ઘરની સ્થિતિ વધુ કથળી. મરજી ન હોવા છતાં સંવત ૧૯૭૫માં દાદા લખુબાપાએ રામજીને ગુજરાતમાં માધવ કંપામાં એક સ્નેહીને ત્યાં મજૂરી કરવા મૂક્યો. આ દિવસોની વાત પૂ. રામદાસબાપુએ પ્રેમજીભાઈને તા.૩-૫-૭૨ના રોજ લખેલ પત્રમાં વિગતે જણાવી છે –

"હું મારા જીવનચરિત્રની વાત કહું તો આપણા પિતાજી પેથાબાપા કચ્છમાં મને ત્રણ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયા. આપના દાદીમા (ગેઢા)હીરૂમા ઘરઘેણું એટલે નાતરું કરી બીજે ગયા. દાદા (ગેઢાં) લખુબાપાએ અને દાદીમા પૂરીમાએ મને દુઃખમાં ઉછેરી મોટો કર્યો. કચ્છમાં આપણો સારો ગરાસ નહીં તેમ ધંધો પણ આજીવિકા માટે નહીં. સગાસંબંધીઓનો ટેકો નહીં અને બે બળદ રાખતા તે ભાડાંભતાં કરી અમો અઢી માણસનો પેટગુજારો મથી મથીને કરતાં. ત્યાંથી ચૌદ વર્ષની ઉંમરે મને ગુજરાત મૂક્યો અને વરસોદી ભરી (નોકરી કરી) ગઢકંપામાં આવ્યા. ત્રણ વર્ષ ત્યાં રહ્યાં. ત્યાંથી હીરાપુર આવ્યા. હીરાપુરમાં વાલજીબાપાની જમીન સાંતે રાખી. લક્કડ હીમ પડ્યાં. આપણું ઘર, ગાડાં બધું ગામ બળ્યું તેમ સાફ થઈ ગયું. પહેરેલ લૂગડે રહ્યા ને તનમનથી ખેતીમાં મહેનત કરી એક જ ધ્યાનથી જાતમહેનત કરી તમારી માતાજીએ અને અમોએ તેમાંથી કચ્છનાં બાપદાદાનાં દેવા ભર્યાં. આખા હીરાપુરકંપામાં બધાની જમીન અને આપની વેચાણ નહીં તે જમીન વેચાણ હીરાપુર રાખી ત્યાંથી અમરગઢ રાખી ત્યાંથી ગળ સુંદરાની રાખી ત્યાંથી તાંદલિયાની રાખીને હાલમાં પાનોલ કંપામાં આવ્યા."[૫] આ રીતે જાતમહેનતથી બાપાએ જમીન વસાવી પછી છેવટે પંચવટી, દહેગામમાં જમીન રાખી.

પરંતુ સંઘર્ષના દિવસોમાં પણ એ કદી હામ હાર્યા નહીં. ગઢાકંપામાં ખેતી ભાગમાં રાખી પછી કચ્છમાંથી દાદા-દાદીને અને મરઘામાંને ત્યાં તેડાવી લીધા. ચારે જણાએ સાથે રહીને ખૂબ મહેનત કરી. હીરાપુરકંપામાં આગમાં બધું બળી ગયું તોપણ કોઈ ફરિયાદ નહીં. એ જ વખતે અધૂરું હતું તે હિમ પડ્યું.પાક બળી ગયો. ટૂંકમાં ગામમાં અને સીમમાં બધું બળી ગયું ત્યારે પણ એ સઘળું ઈશ્વરની કૃપા છે એમ માનીને જ સ્વીકાર્યું. બીજા વર્ષે ભગવાનની કૃપા થઈ અને ખૂબ સારો વરસાદ થયો. ખૂબ મહેનત કરી અને ખૂબ પાક્યું. સારા દિવસો આવ્યા. રામજીને સુથારીકામ પણ આવડતું હતું. એ સુથારીકામ કરે અને એવું ચીવટથી અને નિષ્ઠાથી કરે કે સૌ રાજી રહે. વળી લેવાનો લોભ પણ નહીં એટલે કામ પણ મળે. આમ સંસારનું કર્તવ્ય નિભાવતા હતા. યુવાની હવે સોળે કળાએ ખીલી હતી. પરંતુ રામજીની અંતવૃત્તિ ક્યાંય બંધાતી નહોતી. એક તરફ સંસારની જવાબદારી નિભાવતા હતા તો બીજી તરફ અંદરની દિશા બદલાતી જતી હતી. મન તો પરમાત્મામાં હતું. કોઈ ગુરુ મળી જાય તો કેવું સારું એમ મન

વારંવાર કહ્યા કરતું હતું.

લગભગ ત્રીસેક વર્ષની ઉંમર થઈ હતી. ઈશ્વરકૃપાએ ચાર દીકરા, બે દીકરી સંતાનોરૂપે પ્રાપ્ત થયાં હતાં. ખેતીમાં હવે સારું લાગતું હતું પરંતુ સંસાર ખારો લાગતો હતો. વિરહિણી પતિવ્રતા સ્ત્રી જેવી રીતે પતિનું ચિંતન કરે છે એ જ રીતે નિરંતર ગુરુના જ વિચારમાં રમમાણ રહેતા હતા. દિવસ આખો તનતોડ મહેનત કરે અને રાત્રે ઘરના ખૂણામાં ગુણપાટ ઉપર પદ્માસન લગાવી ધ્યાનસ્થ બની જાય. સવારના ચાર વાગ્યે નિત્યકર્મ કરીને મંદિરમાં દર્શન કરવા જાય.પ છી પાછું ખેતીનું કામ સંભાળે. દર ગુરુવારે ગામના મિત્રો સાથે ટાઢ, તાપ કે વરસાદ ગમે તે હોય પરંતુ બાજુમાં આવેલા વાગાકંપા (અમરાપુરાકંપા) લાલજી ભગતના ઘેર ભજનકીર્તન કરવા જાય. મોડી રાત સુધી ભજન ચાલે. મધરાતે વારિયજ્ઞની વિધિ પૂર્ણ કરી ઘેર આવતા. કદી ડર, બીક, ધાકનો રામજીને અનુભવ જ નહીં.

નવરાત્રિના દિવસોમાં બધા મિત્રોએ મળીને એક નાટકમંડળીની સ્થાપના કરી. નવરાત્રિના નવે દિવસે જુદા જુદા વેશ ભજવાય. એમાં રામજી મુખ્ય ભૂમિકા ભજવે. ધાર્મિક પાત્રો ભજવવાનું એને ખૂબ ગમે. પાત્ર ભજવતાં ભજવતાં પાત્રમય થઈ જાય. પ્રેક્ષકોને એમ જ લાગે કે એ પાત્ર સામે આવીને જ ઊભું છે. રાજા વિક્રમ, વીર અભિમન્યુ, રામ, કૃષ્ણ વગેરે પાત્રો ભજવતાં ભજવતાં એક દિવસ રાજા ભરથરીનો રોલ ભજવવાનો આવ્યો. રાજા ભરથરીનો ત્યાગ અને વૈરાગ્ય પાત્ર ભજવતાં ભજવતાં રામજીના અંતરમાં ઊંડો ઊતરી ગયો. એને થયું કે બાણુ લાખ માળવાનો ધણી વૈરાગ પાળીને રાજપાટ છોડી શકતો હોય તો હું તો સાવ પામર છું. મારે કેટલું છોડવાનું છે ? મનમાં ભારે તોફાન ચાલ્યું. ઊંઘ આવે નહીં, મનની તરસ કેમ કરીને છિપાય ? મન કોની વાટ જુએ છે ? કાંઈ સમજાય નહીં ! આખી રાત ઊંઘ ન આવે. એક દિવસ રાત્રે ઘરમાં બધાં સૂતાં હતાં. રામજી ધ્યાનમાંથી ઊઠ્યો અને જરાય અવાજ ન થાય એ રીતે નીકળી ગયો ઘરની બહાર. સાંભળ્યું હતું કે ગિરનારમાં સંતો, મહંતો અને મહાપુરુષોનો વાસ છે ત્યાં કોઈક મળી જશે ને બેડો પાર થઈ જશે. એટલે ઊપડ્યા ગિરનાર તરફ...

ગિરનાર જતાં જતાં રસ્તામાં પાર વગરની મુશ્કેલીઓ આવી હશે. એ જમાનામાં તો આજના જેવો વાહનવ્યવહાર નહીં. ચાલતાં કે ગાડામાં જવું પડે. વળી ખીસામાં કાણી કોડી પણ નહીં. પણ અંતરમાં જે લગની લાગી હતી તેણે ગિરનાર પહોંચાડી દીધા. ગિરનારમાં તો અનેક ધ્યાની-જ્ઞાની વસે. શોધખોળ ચાલી. રામજી બધે શોધતો ફરે ગુરુને. ગિરનાર ચડતાં ચડતાં ગોરખટૂક આવી. ત્યાં એક સંતનાં દર્શન થયાં. સંતના ચહેરા પર દિવ્ય તેજ ! રામજી તો ક્ષણિક જોઈ જ રહ્યો. પછી એમનાં ચરણોમાં પડી ગયો. ભાવથી પ્રણામ કર્યા, સંતે આશીર્વાદ આપ્યા. રામજીએ આંખમાં આંસુની ધારા સાથે ગદ્ગદ કંઠે એમને શિષ્ય તરીકે તેનો સ્વીકાર કરવા અરજ કરી. સંત પણ ત્રીસેક વર્ષના આ યુવકની સામે જોઈ રહ્યા. સંતે આ યુવકનું તેજ પારખ્યું. એના ચહેરા પર અલખને પામવાની તાલાવેલી અને ઉતાવળ વાંચી. એમને સમજાયું કે આ યુવકનો ભાવ સાચો છે. એટલે તેમણે રામજીને માથે હાથ મૂકીને કહ્યું, "તું ગુરુની

શોધમાં શા માટે નીકળ્યો છે ? તારો ગુરુ તો તને શોધતો આવશે. જા ! તું એ ગુરુની કૃપાથી મોટો સંત થઈશ અને અનેકનો ઉદ્ધાર કરીશ. જા મારા આશીર્વાદ છે.'' રામજીના હૈયામાં ટાઢક થઈ. બળબળતા અંતર પર સંતકૃપાનો મલમ મળ્યો. સંતના આશીર્વાદ લઈ આશાના તંતુ સાથે રામજી પાછો ઘરે આવ્યો. જાણે કંઈ જ બન્યું નથી એમ ફરીથી પોતાના કામમાં ગૂંથાઈ ગયો. જોકે હવે તો કોઈક આવવાનું છે તે જાણ્યા પછી તરસ વધી હતી. સંસારની જવાબદારી ધીમે ધીમે દીકરાઓને સોંપવા માંડી પ્રભુસ્મરણમાં વધુ સમય આપવા લાગ્યા.

રામજીની ઉંમર લગભગ બેતાળીસ વર્ષની થઈ. આ દિવસોમાં દાદા અને દાદી સુખરૂપે સ્વર્ગે સિધાવ્યાં. દાદા-દાદીએ એવું સુખ આપ્યું કે સગાં માવતર પણ યાદ ન આવ્યાં. દાદા-દાદીના ગયા પછી એક દિવસ ફૂઆ ધનજીભાઈ સાથે બેઠાં બેઠાં વાતો ચાલતી હતી. એવામાં ફૂઆએ પૂ.હિરૂમાની વાત કાઢી. ફૂઆ જાણતા હતા કે હિરૂમાનું જીવન બહુ જ દુઃખ પસાર થઈ રહ્યું છે. ફૂવાએ રામજીને વાત કરી કે, "ગમે તેમ તોય તમારી જનેતા છે. બિચારાં બહુ દુઃખી છે. સમય સંજોગ પ્રમાણે એમણે જે પગલું લીધું હતું તે ગઈ ગુજરી ભૂલી જઈને તમે એમને તમારી પાસે તેડી આવો અને ખૂબ સેવા કરો.''

રામજી તો સ્થિર થઈ ગયો. કદી જે માતાને જોઈ નથી એ માતાનો ઉલ્લેખ થતાં સ્તબ્ધ થઈ ગયો. એનું હૃદય તો કરુણાનો સાગર. ઢોરઢાંખરનું જે દુઃખ ન જોઈ શકે એ સગી જનેતાનું દુઃખ કેમ કરી જોઈ શકે ? દાદા-દાદી જીવતાં હોત તો હિરૂમાને પાછા લાવવામાં કદાચ આનાકાની કરતાં પણ હવે તો એ પણ નહોતાં. છતાં એમને લાગ્યું કે ઘરનાને વાત કરવી જોઈએ. કારણ કે સમગ્ર સમાજમાં આવો કોઈ દાખલો નહોતો. સમાજના નિયમ પ્રમાણે વિધવા સ્ત્રીઓના ઘણાં પુનર્લગ્ન થયા હોય પરંતુ આ રીતે કોઈ નાતરે ગયેલી માતાને દીકરો પાછી લાવ્યો હોય એવી એક પણ ઘટના બની નહોતી. રામજીએ પહેલાં ધર્મપત્ની મરઘાને વાત કરી અને એમની મરજી જાણી. ફુઆએ જે વાત કરી હતી તેનો સાર કહ્યો. મરઘાબહેન આખેર હતા તો રામજીના જ અર્ધાંગિની. એમનામાં પણ કરુણા ક્યાં ઓછી હતી ? અને એ પણ સ્ત્રીનો અવતાર, સ્વયં કોઈકની જનેતા. મરઘાબેને હિરૂમાને તેડી આવવા માટે સંમતિ આપી. જુઓ તો ખરા આ બે હૈયાંની ઉદારતા ! બેમાંથી એક પણને મનમાં એવો વિચાર પણ ન આવ્યો કે અરેરે સાવ નાનાં હતાં ત્યારે ગરીબીમાં રઝળતાં મૂકીને ચાલ્યાં ગયાં હતાં. દીકરાનું શું થશે, એ કેવી રીતે મોટો થશે, એનાં ખાવાપીવાનું શું, એણે કોણ વહાલ કરશે, એ કોના ખોળામાં રમશે એ કશો વિચાર હિરૂમાએ નહોતો કર્યો. તો પછી એમને લાવવાનો શો અર્થ છે ? ઊલટાનું આ બંનેએ તો એમ વિચાર્યું કે આખું જીવન ભલે જનેતાનું સુખ ન મળ્યું પણ હવે મળશે. જનેતા આવશે અને આપણને એમની સેવા કરવાનો અવસર મળશે. આપણે કેવાં ભાગ્યશાળી ! સાધારણ માનવી અને સંતના આચારવિચારમાં આ જ તો ફેર હોય છે. સંતો અપકારનો બદલો અપકારને બદલે ઉપકારથી આપે છે.

રામજી અને મરઘાંએ વિચાર્યું કે હિરૂમાને લઈ આવીએ પરંતુ લેવા જવું કેવી

રીતે ? માતાનો ચહેરો પણ યાદ નથી ! જોયે ઓળખતા પણ નથી. મા તો સાવ નાનાં મૂકીને ગયાં હતાં. એટલે જાણીતા માણસોને સાથે લીધા. હિરૂમાના આંગણાંમાં જઈને ઊભા રહ્યા. કોઈકે હિરૂમાને જઈને ખબર આપી કે તમારો દીકરો આવ્યો છે.

"મારો દીકરો ?" હિરૂમાને વિશ્વાસ ન આવ્યો. છતાં આંગણામાં ઘણા માણસો આવીને ઊભા હતા. કોઈક છે તો ખરું. આમાં મારો દીકરો કયો ? ઓગણચાલીસ વર્ષોનાં વહાણાં વાયા પછી આજે માતા અને પુત્રનું મિલન થતું હતું. હિરૂમાની દૃષ્ટિ ફરતી ફરતી રામજી અને મરઘાં પર ઠરી. આંખોમાં નીતરતા સ્નેહે ઓળખી લીધાં. હિરૂમાને વિશ્વાસ ન આવ્યો. આવું તે બને ? પણ બન્યું હતું ! દીકરો સામે આવીને ઊભો હતો ! હિરૂમાના વહાલપનો સાગર હિલોળે ચડ્યો. હર્ષની હેલી આવી તે આંખોમાથી ગંગા અને જમનાની જેમ વહી નીકળી. દોડીને દીકરાને ભેટી પડ્યાં અને બધું વાત્સલ્ય વરસાવી દીધું અને ચૂમીઓથી નવડાવી દીધો. "બેટા, હું તને ભૂલી ગઈ પણ તું મને ન ભૂલ્યો. તેં મને યાદ કરી. ધન્ય છે બેટા તને ધન્ય છે." પુત્ર પણ માતાનું હેત પામીને ભાવવિભોર થઈ ઊઠ્યો હતો. માતા-પુત્ર એકમેકને ભેટીને વર્ષોની તરસ છિપાવી રહ્યાં હતાં. અભૂતપૂર્વ પ્રસંગ હતો. આ પ્રસંગને જોનારાં પણ ધન્ય થઈ ગયા ! પૂ. હિરૂમાએ લાખેણી વહુને પણ ગળે લગાડી અને ખૂબ આશીર્વાદ આપ્યા. ત્યાંથી સન્માનપૂર્વક પૂ.હિરૂમાને ઘરે લઈ આવ્યા. કચ્છી સમાજમાં કદી નહોતી બની તેવી અભૂતપૂર્વ ઘટના ઘટી. હૃદયની ઉદારતાનું આવું બીજું ઉદાહરણ શોધીએ તોપણ ક્યાં મળે ? સર્વત્ર આનંદ થઈ રહ્યો. પછી તો બધા હિરૂમાની સેવામાં લાગી ગયા. પૂ.હિરૂમા જીવ્યા ત્યાં સુધી મનભરીને સેવા કરી. પોતે તો કરી પણ દીકરાઓ, દીકરાની વહુઓ,દીકરીઓ, જમાઈઓ બધાએ સેવાનો ખૂબ લાભ લીધો. ભૂતકાળમાં બનેલી ઘટનાને અણસારો પણ આવવા ન દીધો. સંતનું સંતપણું એના આચરણમાંથી પ્રગટતું હોય છે. સંત એની વાણીથી શીખવાડે છે તેના કરતાં અનેક ગણું એના આચરણથી શિખવાડે છે. હૃદયની આ ઉદારતા પૂ.રામદાસબાપુનો એક વિશેષ ગુણ હતો અને હંમેશા એમના આચારવિચાર દ્વારા પ્રગટતો હતો.

સંવત ૨૦૦૮ની સાલ હતી. હીરાપુરકંપામાં માવજીબાપાના નાના પુત્ર ગોવિંદભાઈના લગ્ન પ્રસંગે કચ્છમાંથી ચાર સંતો પધાર્યા હતા. તે સમયે સંતોના ઉતારા મંદિરમાં અપાતા. સાંજના સમયે મુખીશ્રીએ પોતાના જયેષ્ઠ પુત્ર પૂજાભાઈને કહ્યું કે, "જા રામજીકાકાને બોલાવી લાવ. કહેજે કે કચ્છમાંથી સંતો પધાર્યા છે. અત્યારે જ આવીને મળી જાય કેમકે સંતો આવતી કાલે જ પાછા નીકળી જવાના છે." પૂંજાભાઈ આવ્યા ત્યારે રામજી તો દિવસભરના ખેતીના કામકાજથી થાકીને ખાટલામાં આડા પડખે થયા હતા. પૂંજાભાઈએ કહ્યું, "કાકા, મંદિરમાં કચ્છમાંથી ચાર સંતો આવ્યા છે અને તમને મળવા બોલાવે છે. કાલે સવારે સંતો વિદાય લેવાના છે." આમ કહીને પૂંજાભાઈ તો ચાલ્યા ગયા. રામજીએ વિચાર્યું કે કાલે સવારે જ મળીશું. તે ખાટલામાં જ પડ્યા રહ્યા. પરંતુ અંતરમાં મૂંઝવણ થવા લાગી. પારાવાર વેદનાથી આકુળવ્યાકુળ થઈ ગયું મન. ઘડીક પડખાં ઘસ્યાં પણ સૂઈ શકાયું નહીં. જાણે કોઈ લોહચુંબક ખેંચતું હોય તેમ મંદિર તરફ ખેંચાણ અનુભવવા લાગ્યું. એટલે ઊઠ્યા અને મંદિરમાં પહોંચ્યા.

સાંજનો સમય હતો. એ જમાનામાં લાઇટો હતી નહીં. આદ્યશક્તિમાની જયોત પ્રગટેલી હતી. એ જયોતના પ્રકાશમાં ત્રણ સંતો બિરાજેલા હતા. ચોથા સંત લઘુશંકા માટે બહાર ગયા હતા. રામજી જઈને ત્રણે સંતને મળ્યા. ત્યાં ચોથા સંત પાછલા દરવાજેથી અંદર પ્રવેશવા જતા હતા અને રામજીની દૃષ્ટિ એમની સાથે મળી ગઈ અને જાણે ઝબકારો થયો. જન્મ-જન્માંતરની સ્મૃતિઓ જાગી ગઈ અને જેમ ગાયને જોઈને વાછરડું દોડે એમ દોડીને એ સંતને ભેટી પડ્યા !

એ સંત હતા સદ્‌ગુરુ હરજીવનદાસ બાપુ. એમની સાથે આવ્યા હતા સંત પૂ. સેવદાસબાપુ, પૂ.નારણદાસબાપુ અને પૂ.રામજીબાપા. એ ત્રણ સંત હાજર હતા અને તે સૌ ઊભા થઈ ગયા. અદ્‌ભુત પ્રસંગ બની ગયો. પૂ.હરજીવનબાપા પોતાના સ્થાને બિરાજયા. અન્ય સૌએ પણ પોતપોતાનું સ્થાન લીધું. બધાના અંતરમાં અવર્ણનીય આનંદ અનુભવાઈ રહ્યો હતો. રામજીને તો રોમરોમ આનંદ હતો. વર્ષોથી જે ક્ષણોને ઝંખી હતી તે આવી પહોંચી. જે સદગુરુની રાહમાં રાતોની રાતો મટકુંય માર્યા વિના વિતાવી હતી એ સદગુરુ આવી ગયા હતા. જીવનની ધન્ય ક્ષણોનો આ પ્રસંગ. રામજી ગુરુના ચરણોમાં લાકડાની જેમ લાંબા થઈ ગયા. ગુરુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ગુરુ પણ પ્રસન્ન હતા, ખૂબ આશીર્વાદ આપ્યા.

આજે રામજીમાંથી રામદાસમાં રૂપાંતર થયું.જાણે નવો જ જન્મ થયો. પૂ.રામદાસને ગુરુ મળ્યા. ભવોભવની તરસ ભાંગી, અંતરમાં પૂર્ણિમાની શીતળ પ્રકાશ ફેલાઈ ગયો. આનંદનો મહાસાગર ઊમટ્યો. સંગીતના સૂરોથી રોમરોમ ઝણઝણી રહ્યું. આ દિવ્ય સંગીત કાનથી સાંભળી ન શકાય. આ સંગીત આત્માથી જ સંભળાય. આ સંગીતને આપણી આંખ જોઈ ન શકે, કાન સાંભળી ન શકે, હાથ અડકી ન શકે. આ સંગીત તો હૃદય જુએ ને હૃદય સાંભળે. ગુરુ-શિષ્યનું મિલન તો જગતની પાવન ઘટના ! ક્ષણમાં બધું બની ગયું અને ક્ષણમાં બધું જાણી લીધું.

આ સૃષ્ટિમાં જેનો જન્મ છે એનું મરણ છે. જે આવે એને જવું પડે છે. પછી એ દેવ હોય, સંત હોય કે સાધારણ મનુષ્ય હોય. પરંતુ સાધારણ મનુષ્યના મૃત્યુમાં અને સંત તથા દેવના મૃત્યુમાં ફેર હોય છે. કોઈ જ્ઞાનીએ કહ્યું છે કે, માણસ કેવું જીવ્યો અને કેવો હતો તે જાણવું હોય તો તેનું મરણ જોવું, કારણ માણસનું જેવું જીવન હોય છે એવું જ એને મૃત્યુ પ્રાપ્ત થાય છે. સારા કે નરસા કર્મ ફળ અહીં જ ભોગવવા પડે છે. મનુષ્ય જો સંતની જેમ જીવ્યો હોય અનેકને સુખી કર્યા હોય તો તેનું મૃત્યુ પણ મંગલ બની જાય છે અને જો મનુષ્યે કુકર્મો કર્યા હોય તો તડપી તડપીને મરણ માગે તો પણ માંડ મળે છે.

સંતોનાં જીવન પરોપકારાર્થે હોય છે. અનેકના જીવનનો ઉદ્ધાર કર્યો હોય તેવા દેવતુલ્યનું મૃત્યુ પણ પ્રેરણાદાયક હોય છે. દેહનાં સુખદુઃખ સૌને ભોગવવાં પડે છે. પરંતુ સંતો તો બધી જ સ્થિતિમાં આનંદમાં જ રહેતા હોય છે.

પૂ. રામદાસબાપુ અને મરઘામા એક દિવસ બેઠા હતા. બંનેએ વિચાર કર્યો કે અવસ્થા થઈ છે. આ દેહનો શું ભરોસો ? માટે હવે બધી તૈયારી કરી લેવી જોઈએ. સાધારણ માણસો મૃત્યુનું નામ સાંભળીને થરથર કાંપતા હોય છે. જયારે સંતો મૃત્યુને

આવકારવાની તૈયારી કરતા હોય છે ! આ દિવ્ય દંપતીએ પોતાનું સમધિસ્થળ ક્યાં રાખવું તેનું ચિંતન કરવા માંડ્યું. ઘણા શિષ્યોએ, સેવકોએ, ભાવિકોએ કહ્યું કે, ગુરુદેવ તમારી સમાધિ અમારા ગામમાં રાખીશું. તમે આશીર્વાદ આપો. નાળિયેર આપો અમે અત્યારથી જ સમાધિ તૈયાર કરી રાખીએ. પરંતુ પૂ.મરઘામા અને પૂ.રામદાસબાપુએ મનોમન નક્કી કરી રાખેલું કે આપણી સમાધિ તો ઈષ્ટદેવના દરબારમાં છે. શિષ્યો અને સ્નેહીઓને સાથે લઈને પિરાણા મુકામે ફૂલવાડી નામે પ્રખ્યાત જગ્યામાં સમાધિ સ્થળ બનાવવાનું નક્કી કર્યું. આચાર્યશ્રી કરસનદાસજી મહારાજને વાત કરી રજા માગી. આચાર્ય પ્રસન્ન થયા અને રજા આપી અને ત્યાં નારિયેળ મૂક્યાં. ત્યારબાદ નજીકના શિષ્યોનો સમાધિ કેવી રીતે તૈયાર કરવી, તેનું કેટલું માપ વગેરે સમજાવ્યું. અંતિમ સમાધિમાં કઈ દિશામાં મોં રાખવું અને આખો વિધિ વસ્તારથી જણાવી દીધો ! એકનિષ્ઠ શિષ્યોએ સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે ત્રણ ચોરસ ફૂટનું ઘર બનાવીને ઢાંકણ મૂકી રાખ્યું.

પૂ. રામદાસબાપુએ પોતાના નજીકના શિષ્યોને પોતાના અંતિમ સમયનો સંકેત આપી દીધો હતો. સંવત ૨૦૪૬ના માગશર મહિનામાં લગ્નો હતાં. બાપાએ તે વખતે અમેરિકામાં વસતા સમગ્ર પરિવારને તેડાવ્યો અને બધાંને ખૂબ હળ્યા-મળ્યા આશીર્વાદ આપ્યા.

ફાગણ માસની અમાસ આવી. બપોરના બાર ને પંદર મિનિટે પૂ.બાપાના નિકટના સેવક જેઠાભાઈ (સીંગલકંપા) પર પૂ.બાપાનો ફોન આવ્યો કે તમે અત્યારે જ આવીને મળી જાવ. એ વખતે જેઠાભાઈ જમતા હતા. જમ્યા ન જમ્યા અને જેઠાભાઈ તથા તેમનાં ધર્મપત્ની તૈયાર થઈને પૂ.બાપા પાસે બાર ને પાંત્રીસ વાગ્યે તો પહોંચી ગયાં. પૂ.બાપા પોતાના પલંગ પર રાહ જોતા બેઠા હતા, જઈને જેઠાભાઈએ પ્રણામ કર્યા અને પૂછ્યું, "શું આજ્ઞા છે બાપા ?" પૂ.રામદાસબાપુએ આંખથી ડાબી બાજુ જોવા ઈશારો કર્યો. ડાબી બાજુ જોયું તો પૂ.મરઘામા દરવાજાના સહારે ઊભાં હતાં. જેઠાભાઈ અને તેમના ધર્મપત્નીએ જઈને પ્રણામ કર્યા. ત્યારે પૂ.માતાજીએ ધીમેથી કહ્યું કે, "કપડાંની થેલી તૈયાર કરી મૂકો, ઝાઝા માણસ વચ્ચે માથાકૂટ ન થાય." આટલી વાત કરીને પૂ.બાપા તથા માતાજી આરામ કરવા ગયા.

મંદિરના બાજુના રૂમમાં પૂ. બાપાનાં કપડાંની બૅગ હતી. એ બૅગમાંથી ધોતી-પાઘડી-ઝભ્ભો અને નીચે પાથરવાનું કપડું આટલું કાઢીને એક થેલીમાં ગોઠવી દીધું. પૂ.બાપાના મોટા દીકરા પૂંજાભાઈના ધર્મપત્ની લક્ષ્મીબહેનને બોલાવ્યાં અને કહ્યું કે, "આ થેલીમાં પૂ.બાપુનાં કપડાં છે. તમે આને ખોલતાં નહીં. જરૂર પડશે ત્યારે આનો ઉપયોગ કરીશું."

આટલી તૈયારી કરી પૂ.બાપાએ પૂ.માતાજીના આશીર્વાદ લઈને બંને જણ ઘરે પરત આવ્યા. જેઠાભાઈને થયું કે સમય સાવધ થવા જેવો છે. એટલે સો મિલમાં જઈને પાલખી માટે આંબાના લાકડામાંથી જોઈતી સાઇઝ વેરાવીને ઘરે લઈ આવ્યા. ખીલી પણ સાથે લેતા આવ્યા. ઘરે બેસીને પૂ.બાપાના માપની પાલખી તૈયાર કરીને ઘરમાં ઢાંકીને મૂકી દીધી.

ત્યારપછી ચૈત્ર માસની ત્રીજે પૂ.બાપાને દાઢી કરી સફાઈ કરી અને સ્નાન કરાવ્યું

અને અંગ લૂછી આપ્યું. ત્યારે જેઠાભાઈને નજીક બોલાવીને અંતિમ સમયની અંગત ભલામણ કરી. નાની નાની વિગતો જણાવી ત્યારે જેઠાભાઈએ કહ્યું, "પ્રભુ આમ કેમ બોલો છો?" ત્યારે હસતા ચહેરે પૂ.બાપાએ જવાબમાં વ્હાલથી ચુંબન કર્યું.

૧૯૯૦ના ફેબ્રુ.-માર્ચમાં પૂ.રામદાસબાપુ દહેગામ હતા. રાતના લઘુશંકા કરવા જાગ્યા હશે. બાથરૂમમાંથી બહાર નીકળતાં શરીર લથડ્યું. એક આંખે ઓછું દેખાતું હતું અને એમાં અંધારું. શરીર કાબૂમાં ન રહ્યું અને પગ લપસ્યો. ભીંતનો ટેકો લેવાનો પ્રયત્ન કર્યો પણ કશો આધાર લઈ શકાયો નહીં અને પડી ગયા. એક પગનો સાંધો તૂટી ગયો. બીજે દિવસે તાત્કાલિક અમદાવાદ લઈ જઈ હૉસ્પિટલમાં દાખલ કર્યા. સારવાર કરી, ડૉક્ટરને ઓપરેશન જરૂરી લાગ્યું છતાં આ મહાપુરુષનું શરીર કાપવાનો એનો જીવ ચાલ્યો નહીં. અંબાલાલભાઈ તે વખતે સાથે હતા. તેમને ડૉક્ટરે બોલાવ્યા. પૂ.બાપાને ડૉકટરે પ્રણામ કર્યા અને કહ્યું, "દાદાને ઘેર લઈ જાવ અને સેવા કરજો," ડૉક્ટરની સલાહ પ્રમાણે તેમને ઘેર લઈ આવ્યા.

પૂ. બાપા તો શરીરની ભારે પીડા છતાં આનંદમાં જ હતા. ચહેરા પર દુઃખની એક રેખા ફરકતી નહોતી. એ તો આઠેય પહોર આનંદમાં રમમાણ રહેતા હતા. પૂ.બાપા તો સુખ-દુઃખથી પર થઈ ગયા હતા. તો પછી આપણને એમ થાય કે આવા સંતોના જીવનમાં દુઃખ કેમ આવતું હશે? આવી અંગપીડા એમને શા માટે થતી હશે? આ સંતોનાં કર્મો તો એવાં દિવ્ય હોય છે કે દુઃખ પાસે પણ ન આવે પરંતુ આ સંતો બીજાને સુખી કરવા જાતે જ દુઃખ માગે છે! એમની પાસે અનેક દુઃખી જીવો યાચના-પ્રાર્થના કરતા આવે. કરુણાસાગર એ કેવી રીતે જોઈ શકે? દરેક વ્યક્તિ પોતાના કાર્યફળ પ્રમાણે સુખી કે દુઃખી થતો હોય છે. કર્મ એવાં કર્યાં હોય તો દુઃખ પણ ભોગવવાં પડે. કર્મનો સિદ્ધાંત અફર છે. કર્મ ભોગવવું જ પડે એટલે શરણાગત થઈને આવેલા દુઃખી જીવને સુખી કરવા દુઃખ દૂર કરો ત્યારે પરમાત્મા પૂછે કે એના દુઃખનું નિવારણ તો કરું પણ એ ભોગવશે કોણ? ત્યારે આ મહાપુરુષો કહે કે, "અમે એ દુઃખ ભોગવીશું." આમ બીજાને સુખી કરવા બીજાનાં દુઃખ માથે લે અને કષ્ટો સહન કરે. પરંતુ આ દુઃખ આપણા સંસારીઓને દેખાતું દુઃખ છે. સુખ-દુઃખ તો શરીરને ભોગવવાનાં હોય છે. આત્મા તો આનંદ સ્વરૂપ છે. એટલે માગેલા દુઃખ આ પંચતત્ત્વનાં પૂતળાં દ્વારા ભોગવી, હિસાબ ચૂકતે કરીને સંતો-મહાપુરુષો ભગવાનના દરબારમાં જતા હોય છે. પૂ. રામદાસબાપુએ પણ અનેક લોકોને સુખી કરવા જ આ અંગપીડા ભોગવી હતી.

પૂ. બાપા અંતિમ દિવસોમાં પોતાના આત્મામાં જ રમમાણ હતા. ધર્મપ્રેમી, સગાસંબંધી અંતિમ દર્શને આવતા. પૂ.બાપાએ બોલવાનું તો બંધ જ કરી દીધું હતું. પ્રસન્ન ચહેરો રાખતા. આંખો ઢાળેલી રાખતા અને હાથમાં બેરખો (માળા) ફેરવવાનું ચાલુ રાખતા. ખાવા-પીવાનું યાદ ન કરતા. કોઈ અંગત આવે તો સહેજ આંખ ખોલી હાથનાં ઇશારાથી જ આવકારતા. પાસે હોય તો તે સેવક બાપાને કોઈ હાથથી ન અડે તે માટે વિનંતી કરતા. છતાં પણ કોઈક આવીને પૂછે, "બાપા મને ઓળખ્યો?" કોઈક કોઈક તો વળી બાપાને ઢંઢોળીને આ પ્રશ્ન પૂછતા પરંતુ જરા આંખ ખોલીને

મીંચી દેતા. આ કારણે ઘણાંને એવું પણ લાગવા માંડ્યું કે બાપા ભાન ભૂલી ગયા છે અને કોઈને એ ઓળખતા નથી. એક દિવસ પ્રેમજીભાઈએ બાપાને બેઠા કર્યા, પ્રણામ કર્યા. પૂ. બાપાએ સામે બેઠા હતા તેમાંથી એક જણને કહ્યું કે, 'ભજન બોલ.' એ ભાઈએ ભજન ગાવાનું શરૂ કર્યું. એ ગાય અને બાપા આગળની લીટી બોલતા જાય. બીજું ભજન પણ એ જ રીતે ગાયું. આમ, ચાર-પાંચ ભજન ગાયાં. પછી બાપાએ બધાને કહ્યું કે, હવે બહાર જઈને બેસો. બધા મોંમાં આંગળાં નાખી ગયા. બાપાને તો બધું જ ભાન અને જ્ઞાન હતું. પરંતુ બહારની પ્રવૃત્તિમાંથી તેમણે પોતાની વૃત્તિઓને સમેટી લીધી હતી.

પછી તો દિન-પ્રતિદિન અંતર્મુખ થતા ગયા. છેલ્લા ત્રણ દિવસ ધ્યાનસ્થ અવસ્થામાં રહ્યા. પૂ.બાપાને સહજ સમાધિનો અભ્યાસ હતો. તેઓ મહાન તત્ત્વજ્ઞાની હતા. જાલંધર બંધ લગાવીને આજ્ઞાચક્રમાં સ્થિર થયા. આ રીતે પોતાની મનોવૃત્તિનો નિગ્રહ કરીને વૈશાખ સુદ-૧ (એકમ) તા.૨૫-૪-૯૦ને બુધવારે સાંજના લગભગ સાત વાગ્યાને સમયે બ્રહ્મનિષ્ઠ પૂજ્યપાદ સંત શ્રી રામદાસબાપુએ પોતાની ચૈતન્યશક્તિને પરમાત્માની લીલામાં સમાવી દીધી અને અમર પિયાલો પી ગયા.

તેજ તેજમાં ભળી ગયું. જીવ અને શિવ એકાકાર થઈ ગયા. આ ખબર તરત જ બધે ફેલાઈ ગઈ. સવારમાં દૂર દૂરથી ભાવિકો આવવા લાગ્યા. પૂ.બાપાને સ્નાનવિધિ કરાવી વસ્ત્રો ધારણ કરાવ્યાં. હાથમાં ચાંદી ને ચંદનના પારાવાળો બેરખો, ગળામાં રૂદ્રાક્ષની માળા અને ચંદનની માળા પહેરાવી. ભજન અને રામધૂન ગાતાં ગાતાં પૂ.બાપુનું પૂજન કરવામાં આવ્યું. પૂ.બાપાના દેહને પાલખીમાં સ્થાપ્યો હતો. બાપાના અંગેઅંગમાંથી તેજ ફૂટતું હતું. સૌને જાણે એમ જ લાગતું હતું કે બાપા હમણા બોલશે. જાણે તેઓ ધ્યાનસ્થ થયા હોય એવી જ મુદ્રા હતી. બંને હાથ ઢીંચણ પર ગોઠવાયેલા હતા. દેહ ટટ્ટાર હતો. ભજનકીર્તન ચાલતાં હતાં. આ વખતે પૂ.મરઘામાને પૂ.બાપાના અંતિમ દર્શન માટે તેડી લાવ્યા. પૂ.માતાજીએ બાપાને તિલક કર્યું. પુષ્પહાર ચડાવી વંદન કર્યા અને ગણી ગણીને પ્રભુને પ્રાર્થનાઓ કરી. તે પછી વારાફરતી પૂ.બાપાના ચરણસ્પર્શ કરી ફૂલહાર કર્યા. સૌ લગભગ મૌન હતું. ભજનનો જ સ્વર સંભળાતો હતો.

દર્શનવિધિ પછી પંચવટીથી મારૂતિમાં પૂ.બાપાને પાલખી સહિત બિરાજમાન કરીને પીરાણા મુકામે લઈ ગયા. જ્યાં સમાધિસ્થળ તૈયાર કરાવ્યું હતું ત્યાં પહોંચ્યા. સમાધિસ્થળનું પૂજનઅર્ચન પૂજ્ય આચાર્યશ્રી કરસનદાસજી મહારાજના હાથે કરવામાં આવ્યું. તેમના દ્વારા જ વિધિવિધાન થયાં. સવારના ૧૦-૩૦ કલાકે પૂ.બાપાના દેહને ઊનનું આસન બિછાવીને તેના પર પધરાવવામાં આવ્યો. પૂ.બાપાની જમણી બાજુએ ઘીની જ્યોત પ્રગટાયેલી હતી. ધૂપસળીનો ધૂપ પણ હતો. આ વખતે પણ પૂ.બાપાની મુખમુદ્રા પૂનમના ચંદ્રની જેમ તેજોમય હતી. સૌ ઉપસ્થિત ભાવિકોના જયઘોષ સાથે સમાધિનું દ્વાર બંધ કરવામાં આવ્યું. આ રીતે એક સંતની મહાયાત્રા વિરામ પામી.

પૂ.રામદાસબાપુના સમાધિસ્થળે આજે આરસનું શિખરબંધ મંદિર બનાવેલું છે. ત્રણ ફૂટ બાય ત્રણ ફૂટ લંબાઈ, પહોળાઈ અને પાંચ ફૂટની ઊંચાઈ ધરાવતી બે ફૂટની ઓટલી પર ગ્રેનાઈટથી જડેલું છે. તેના પર ૨૫' × ૩૫' × ૧૪ ફૂટનું પાકું બાંધકામ

કરવામાં આવ્યું છે. આ પવિત્ર સ્થળે દર ગુરુપૂર્ણિમાએ ભવ્ય ઉત્સવનું આયોજન થાય છે અને ભાવથી બધાં મળે છે અને પૂ.બાપાને યાદ કરે છે.

આમ, પૂ.રામદાસબાપાનું જીવન અને આચરણ સાબરકાંઠા જિલ્લાના અનેક લોકો માટે આદર્શ બની ગયું છે. આજે પણ તેમના અનેક શિષ્યો રામજીબાપાના આધ્યાત્મિક વિચારોની જ્યોતને ભારતભરમાં ફેલાવી રહ્યા છે. સામાજિક ક્ષેત્રે પણ રામજીબાપાનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. તેમને સમાજમાં પ્રવેશેલાં દૂષણો જેવાં કે વ્યસન, કુરિવાજો વગેરે પર તેમને આકરા પ્રહારો કર્યા હતા અને સમાજ સશક્ત, સંસ્કારી અને નીરોગી બને તેમજ સમાજનો સર્વાંગીણ વિકાસ થાય તેવા પ્રયત્નો શ્રી રામજીબાપા દ્વારા સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજમાં થયા છે. આમ, રામજીબાપાનું સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજના વિકાસના યોગદાનમાં વિશેષ મહત્ત્વ રહ્યું છે.

**સંત શ્રી નાનકદાસજી**

કચ્છના અંજાર તાલુકાના ખેડોઈ ગામે વિક્રમ સંવત ૧૯૯૨ના મહા સુદી ૫ ને બુધવારે સને ૧૯૩૫-૩૬ના રોજ સવારને ૬.૦૦ કલાકે પટેલ શ્રી હીરજીભાઈ શિવજીભાઈ ભોજાણીને ત્યાં પુત્રરત્નનો માતા ભાણીબહેનની કૂખે જન્મ થયો. ઘરમાં પુત્રરત્નના જન્મથી આનંદમંગળ થયો અને એ પુત્ર આજકાલ કરતા મોટો થયો અને ચાર વર્ષની ઉંમર થઈ તે જ પુત્રનું નામ નાનજી અને તે વખતના જમાનામાં સંવત ૧૯૯૬માં સને ૧૯૩૯-૪૦માં પિતાશ્રી હીરજીભાઈએ બાળક નાનકને શ્રીફળ-સાકર લઈને ખેડોઈ ગામની ખાનગી શાળામાં અભ્યાસ કરવા મોકલ્યા. શાળામાં શિક્ષક શ્રી શંભુલાલ વાણિયા હતા. ત્યાં ત્રણ ચોપડીનો અભ્યાસ પૂર્ણ કરી પ્રથમ નંબરે પાસ થયા.

આ સંજોગોમાં પિતાશ્રીની માત્ર પાંચ એકર જમીન હોવાથી સંવત ૨૦૦૪ સને ૧૯૪૭-૪૮માં સાબરકાંઠા જિલ્લામાં જમીન વેચાણ રાખી. પિતાશ્રી હીરજીબાપાના બે પુત્ર, એમાં મોટા પુત્ર અરજણભાઈ અને નાના પુત્ર તે નાનજીભાઈ. સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકામાં ગાડુકંપા ગામે જે જમીન વેચાણ રાખી એ જમીન સંભાળવા મોટા ભાઈ અરજણભાઈ ગુજરાત ગયા અને કચ્છની વાડીની ખેતીની જવાબદારી નાનજીભાઈએ સંભાળી. ત્યારબાદ તેમણે બાયડ તાલુકામાં લક્ષ્મીપુરાકંપા નિવાસી મુખીશ્રી સોમજીભાઈની સુપુત્રી જશોદાબહેન સાથે પ્રભુતામાં પગલાં માંડ્યાં. નાનજીભાઈ અને જશોદાબહેન દાંપત્યજીવનથી સંસ્કારી પુત્ર ગંગારામભાઈ તથા ત્રણ પુત્રીઓનો જન્મ થયો. સંવત ૨૦૧૩ની સને ૧૯૫૬-૫૭ના રોજ કચ્છની ભૂમિ છોડી નાનજીભાઈ ગુજરાતની ભૂમિ ખેડબ્રહ્મામાં ગાડુકંપામાં આવ્યા.

ગુજરાતની પવિત્ર ભૂમિ ખેડબ્રહ્મા પવિત્ર અંબાજી માતાનું મંદિર આ સ્થળે ખેડબ્રહ્માથી ચાર કિ.મી. દૂર ગાડુકંપા આવેલ છે. આ પવિત્ર ભૂમિમાં રહીને પિતાજી હીરજીબાપા તથા માતાજી ભાણીબહેનના સંસ્કારથી નાનપણથી જ ભક્તિની લાગણી હતી જ.પિતાજી હીરજીબાપા મુખી હતા. મોટા ભાઈ મુખી હતા અને નાનજીભાઈ પણ વારિયજ્ઞના મંત્રો કંઠસ્થ કરીને પિતાના આશીર્વાદથી મુખી બન્યા. નાનપણથી જ ભક્તિની લગની

અને શાસ્ત્રોનું વાચન-અધ્યયન અને ચિંતનથી ભક્તિમાં આગળ વધ્યા અને ભક્તિને રંગે રંગાઈને સત્સંગ, કથા, પૂજા જ્યાં હોય ત્યાં હાજર હોય જ. આ રીતે પવિત્ર જીવન ગાળીને બંને ભાઈઓ જુદા થવાથી વ્યવહારિક બોજો-જવાબદારી માથે હોવા છતાં ભક્તિમય જીવન ગાળીને મનનો આનંદ માણવા દીકરો પુખ્ત વયનો થવાથી દીકરા ગંગારામભાઈ અને ત્રણે પુત્રીઓના લગ્નપ્રસંગો પૂરા કરીને સમગ્ર વહીવટ પુત્ર ગંગારામભાઈને સોંપી દઈને નાનજીભાઈ નિવૃત્ત બન્યા. નિવૃત્ત બન્યા ત્યારથી જ એક સંકલ્પ કર્યો કે દરરોજ સવારે વહેલા ઊઠી નાહીધોઈને મહાપૂજા ઘરમાં કરવી અને દરરોજ સવારે નાહીધોઈને પવિત્ર થઈને ધર્મપત્ની જશોદાબહેન પ્રસાદ બનાવે અને ભગવાનને પ્રસાદ ધરાવી મહાપૂજા પૂરી કરી ભગવાનનું ચરણામૃત-પ્રસાદ લઈને ચા-પાણી કરવાં એવો સંકલ્પ આજદિન સુધી ચાલુ છે. શ્રી નાનજીભાઈનાં માતાજી ભાણીબહેન ૯૮ વર્ષની ઉંમર પૂર્ણ કરી દેવલોક પામ્યાં. ત્યારબાદ એક વર્ષ પછી નાનજીબાપાનાં ધર્મપત્ની પણ દેવલોક પામ્યાં. ત્યારે એમના આત્માને એવું થયું કે જશોદા ગયા અને એક દિવસ મારે પણ જવું પડશે. હવે હું માયાથી મુક્ત થઈ જાઉં તો આત્માનું કલ્યાણ થાય. કવિ નરસિંહ મહેતાએ ગાયું છે કે,

"ભલી થઈ ભાંગી જંજાળ,
સુખેથી ભજીશું શ્રી ગોપાળ." પ્રભુએ માયા લઈ લીધી તેથી ભક્તિનો મારગ મોકળો થઈ ગયો. તેમના આત્માને ભક્તિમાં વધારે રસ લાગ્યો. વૈરાગ્ય વધુ લાગ્યો કે માયા બધી ખોટી છે. માયાજાળમાંથી કેવી રીતે નીકળવું.

પિતાજીની સેવામાં તેમનું જીવન ગાળતા, શાસ્ત્રોનો અભ્યાસ કરતા સને ૧૯૮૭માં પિતાજીની સેવા કરતા પિતાજીનો સ્વર્ગવાસ ૧૦૦ વર્ષની ઉંમરે થયો. તેમના પિતાશ્રીનું ધામધૂમથી તેરમું કર્યું. પિતાજી હીરજીબાપાના નામથી ખેડબ્રહ્મા કન્યા છાત્રાલયમાં બાલિકાઓને બ્રહ્મભોજનની તિથિ રૂ.૧૧,૧૧૧/- આપ્યા. પિતાજીના નામ નિમિત્તે ચાલીસો વ્રત પૂરો કરી સને ૧૯૮૮માં પ્રેરણાપીઠ પીરાણા આચાર્ય ગાદીપતિ કરસનદાસજી મહારાજની સેવામાં જોડાયા. આચાર્યની સેવાનો ખૂબ જ લાભ મળ્યો અને સમાજના સેવકોની સેવાનો ખૂબ જ લાભ મળ્યો.

આઠ વર્ષ આચાર્યશ્રીની સેવામાં રાત-દિવસ રહ્યા. સને ૧૯૮૮માં સેવામાં જોડાયા તે પછી સને ૧૯૯૫માં સંઘ મેળા વખતે ચૈત્ર સુદી ૧ના સવારના શુભ ચોઘડિયે બેડી પહેરીને પહેલા જ પગલે બેડી ઊઘડી જવાથી આચાર્યશ્રી ગાદીપતિ કરસનદાસજી મુખી નાનજીભાઈને ભગવું ધારણ કરાવી આશીર્વાદ આપી પટ શિષ્ય બનાવ્યા.[૬] શ્રી નાનકદાસજી મહારાજ નામ ધારણ કરી અને આચાર્યશ્રીના આશીર્વાદ લઈને ગામડે ગામડે ભક્તિફેરીની શરૂઆત કરી. સાધુ તરીકેનું ભગવું ધારણ કર્યા બાદ અમેરિકા નિવાસી પંચવટીવાળા પ્રેમદાસબાપુ સાથે સંસ્કાર, સંસ્કૃતિ અને વ્યસનમુક્તિનું લઈને ગામડે ગામડે ભક્તિફેરીની શરૂઆત કરી. સાધુ તરીકેનું ભગવું ધારણ કર્યા બાદ અમેરિકા નિવાસી પંચવટીવાળા પ્રેમદાસ બાપુ સાથે સંસ્કાર, સંસ્કૃતિ અને વ્યસનમુક્તિનું અભિયાન મહારાજશ્રીના આદેશથી શરૂ કર્યું. સમગ્ર ગુજરાતમાં ફર્યા ત્યારબાદ કચ્છમાં ૪૨ દિવસમાં બેતાળીસ ગામમાં અભિયાન ચલાવ્યું. દરેક ગામમાં ચોવીસ કલાકનો કાર્યક્રમ ત્યારબાદ

દક્ષિણ ભારત, મુંબઈ, નાસિક, કોલ્હાપુર, હુબલી, કન્યાકુમારી, રામેશ્વર સુધી સમગ્ર દક્ષિણ ભારતમાં બત્રીસ દિવસ સત્સંગ ભક્તિફેરી કરી સંસ્કાર, સંસ્કૃતિ અને વ્યસનમુક્તિનું અભિયાન ચલાવી હજારોની સંખ્યામાં નવજુવાન તથા વડીલોને વ્યસનમુક્ત કર્યા. બીડી, સિગારેટ, ગુટખા, દારૂ, પાનપરાગ, નશીલા વ્યસનથી મુક્ત કરી તેમનું જીવન ધન્ય બનાવ્યું. પ્રેરણાપીઠ પીરાણામાં લગ્નવિધિમાં વરકન્યાને ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સમજ આપી તેમને સાત પ્રતિજ્ઞાઓ લગ્ન વખતે લે છે તેની સમજ આપી. દાંપત્યજીવન કેવી રીતે જીવવું તે સમજ આપી આશીર્વાદ આપ્યા. ત્યારબાદ ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના મંદિરોની પ્રાણપ્રતિષ્ઠામાં વિષ્ણુયાગ હવન કાર્ય પણ સફળ બનાવ્યાં.

સંસ્થાના કારભારી રતિકાકા સ્વર્ગવાસ થયા. સંસ્થાનું કારભારી પદ ખાલી પડવાથી ગાદીપતિ આચાર્યશ્રી કરસનદાસ મહારાજે આશીર્વાદ આપી તા.૧૧-૬-૯૬ના દિવસે કારોબારીની મિટિંગમાં ઠરાવ કરી પ્રેરણાપીઠ સંસ્થાના કારભારી બનાવ્યા. પછી વધારે જવાબદારી સંભાળી ધર્મ સમાજની સેવા કરતાં કરતાં જીવન ધન્ય બન્યું. દિવસો અને મહિનાઓ જતાં વાર લાગતી નથી એવામાં મહારાજ શ્રી કરસનદાસજીની તબિયત બગડવાથી જગદ્‌ગુરૂ કરસનદાસજી મહારાજ તા.૧૯-૧૦-૨૦૦૨ના સંવત ૨૦૫૮ આસો સુદી ૧૩ ને શનિવારે વહેલી સવારે બ્રહ્મલીન થયા. અને જગદ્‌ગુરુનો શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ તા.૧-૧૧-૨૦૦૨ના દિવસે રાખેલ જેમાં ભારત વર્ષના સાધુસંતો, જગદ્‌ગુરુઓ, મંડલેશ્વરો, મહામંડલેશ્વરો તથા ગુજરાત ભરમાંથી સાધુસંતોની હાજરીમાં તેમજ સતપંથી ભક્તજનો હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહીને ભાવભીની હૃદયપૂર્વક શ્રદ્ધાંજલી અર્પિત કરી.

સંસ્થાના બાવીસમા ગાદીપતિ પ.પૂ.કરસનદાસજી મહારાજ બ્રહ્મલીન થવાથી સંસ્થાના તેવીસમા ગાદીપતિ તરીકે આચાર્યશ્રી નાનકદાસજી ગુરુ કરસનદાસજી મહારાજને સર્વે સતપંથીજનોએ સંયુક્ત મિટિંગમાં સર્વેના આશીર્વાદથી તા.૧૭-૧૧-૨૦૦૨ના સવારના ૯-૧૫ કલાકે જે ૬૦૦ વર્ષ પહેલા સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે પ્રથમ ગાદીપતિ શાણાકાકા મહારાજને પહેરાવેલ પાઘડી તથા હાર તે જ પુરાણી પાઘડી તથા હાર પ.પૂ.નાનકદાસજી મહારાજશ્રીને પહેરાવીને તથા ચંદન તેમજ તિલક કરીને ચાદર ઓઢાડીને ગાદીપતિ તરીકેના જગદ્‌ગુરુના સિંહાસન ઉપર બિરાજમાન કરેલ અને જગદ્‌ગુરુનું પદ પ્રાપ્ત કરેલ છે. આજે જગદ્‌ગુરુ નાનકદાસજી મહારાજ પ્રેરણાપીઠના ગાદીપતિ એવમ જગદ્‌ગુરુ પદ સંભાળી રહ્યાં છે. અને બ્રહ્મલીન જગદ્‌ગુરુ શ્રી કરસનદાસજી મહારાજનાં અધૂરાં રહેલાં કાર્યો સતપંથ સમાજનો સાથ અને સહકાર લઈને આગળ ધપાવી રહ્યા છે.

ઉજ્જૈનમાં ભગવાન મહાકાલેશ્વરના સાંનિધ્યમાં શિપ્રાના પાવન તટ પર ઘટેલી બે મહત્ત્વપૂર્ણ તેમજ અદ્વિતીય ઘટનાઓ, સિંહસ્થ કુંભ મેળા પ્રારંભ તા.૨-૪-૨૦૦૪ના દિવસે સાધુ, સંતો, મંડલેશ્વરો, મહામંડલેશ્વરો તેમજ વિશાળ અન્ય સાધુ સમાજના સાંનિધ્યમાં પ્રાતઃ સ્મરણીય જગદ્‌ગુરુ સંતપંથાચાર્ય પ્રેરણાપીઠાધિશ્વર શ્રી નાનકદાસજી મહારાજની ભવ્ય શોભાયાત્રા જગદ્‌ગુરુ મહારાજના અધ્યક્ષ સ્થાને તેના હસ્તે

પૂ.મોરારિબાપુની રામકથા ખુલ્લી મુકાઈ અને બીજી અદ્વિતીય ઘટના બની તા.૨-૫-૨૦૦૪ના રોજ સંત મોરારિબાપુની રામકથાની પૂર્ણાહુતિ પ્રસંગે સતપંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ પ્રેરણા પીઠાધીશ્વરની ભારતના સંતો, મહંતો, મંડલેશ્વરો તથા શંકરાચાર્યો ઉપસ્થિતિમાં "જગદ્‌ગુરુ તરીકેની ચાદરતિલકવિધિ" તથા શુભાશિષ હૃદયસ્પર્શી ઘટના અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા પ્રેરણા પીઠાધીશ્વર બ્રહ્મલીન જગદ્‌ગુરુ કરસનદાસજીને એનાયત થયેલ. "જગદ્‌ગુરુ સતપંથાચાર્ય પદ" પ્રસ્તુત પદની શિષ્યાનાદ પરંપરાગત રીતે પ્રતિષ્ઠિત થયેલ પ્રવર્તમાન જગદ્‌ગુરુ પ.પૂ.સતપંથાચાર્ય નાનકદાસજી મહારાજના ભારતના મહાન સંતો-મહંતો, શંકરાચાર્યો દ્વારા જગદ્‌ગુરુ તરીકેની "ચાદરવિધિ તથા ચંદનતિલકવિધિ" તેમજ શુભાષિશ વિધિનો અતિભવ્ય સમારોહ તા.૨-૫-૨૦૦૪ના રોજ રામકથાના વિશાળ શમિયાણામાં કથાની પૂર્ણાહુતિ પ્રસંગે યોજવામાં આવ્યો.

જગદ્‌ગુરુ નાનકદાસજી મહારાજ હાલ અત્યારે અખિલ ભારતીય સંત સમિતિએ ભારતના 'ધર્મરક્ષક'ના પદ પર પ્રતિષ્ઠા કરેલ છે.

બ્રહ્મલીન જગદ્‌ગુરુએ શરૂ કરેલ કાર્યો જેવાં કે નવીન મંદિરની પ્રતિષ્ઠાઓ ધાર્મિક સત્સંગ સમારોહ, બાલશિબિરો, ધ્યાનયોગ, શિબિરો, ગુરુકુળના માધ્યમ દ્વારા શૈક્ષણિક કાર્યો, દવાખાના દ્વારા ગરીબ દર્દીઓને સહાય, ગૌશાળાનો વિકાસ, આપત્તિના સમયે સહાય જેવાં કાર્યોમાં પ્રાણ પૂરી ચલાવી રહ્યા છે. અને વેગ આપ્યો છે. જે તેમને કાર્યો કરવાની ઝંખનાની સાક્ષી પૂરે છે. અત્યારે તેમની અધ્યક્ષતામાં પ્રેરણાપીઠનો સર્વાંગી વિકાસ સધાઈ રહ્યો છે અને સુંદર વહીવટ ચાલી રહ્યો છે અને કરસનદાસજી મહારાજના સમાજની એકતાના સંકલ્પો પૂર્ણ કરવા સતત પ્રયત્ન કરી રહેલા છે અને તેનાં પરિણામો આજે દેખાઈ રહ્યા છે.

## સંત શ્રી તુલસીબાપા

કચ્છની ધરતી ખૂબ પાવન છે. સંત અને શૂરાઓની તપોભૂમિ છે.

**સંત સૂતા ભલા ભક્ત જે ભોમમાં**
**પીર પોષ્યા જ્યાં ઠામોઠામ**
**ડુંગર ડુંગરે દેવની દેરિયો,**
**ખાંભીઓ ખોધતિ ગામેગામ**

એટલે જ કહેવાયું છે કે...

**ભારતી માતાને ખોળલે ખેલતી,**
**ધન્ય હો! ધન્ય કચ્છની ધરતી.**

સંતો-મહાપુરુષોનાં જીવન અકળ હોય છે. એટલે તેમના વિશે લખવું ખૂબ જ અઘરું કામ છે. સંતોની જીવનલીલા દશ્યમાન હોય છે તે કરતાં અનેકગણી અદશ્યમાન હોય છે. આ વિશ્વમાં મનુષ્યરૂપે જન્મ મળે એ પરમાત્માની સૌથી મોટી ભેટ છે. આ સૃષ્ટિમાં મનુષ્ય જેટલું સામર્થ્ય અને શક્તિ કોઈને મળી નથી.

આવી આ કચ્છની પવિત્ર ભૂમિમાં નખત્રાણા તાલુકામાં આવેલું માનકૂવા મુકામે પરદાદા શ્રી કાનજીબાપા તેમના ત્રણ દીકરા શ્રી મેઘજીબાપા, શ્રી દેવશીબાપા અને શ્રી ખેતબાપાને લઈ ધંધાર્થે ગુજરાતમાં ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના દૂધાથળલાટ

મુકામે આવીને વસવાટ કર્યો. ત્યાં તેઓ ખેતીકામ કરવા માટે વિષ્ણુપુરા લાટમાં આવતા અને એ વખતે વિષ્ણુપુરા લાટમાં વસવાટ માટે કોઈ જ સુવિધા નહોતી અને પોતે નિત્ય મજૂરી કરીને આ જમીન તે વખતે જંગલ સ્વરૂપમાં હતી તેમાં મહેનત કરીને ખેતીલાયક બનાવી અને આ બધા કામમાં તેમના નિયાણા (બનેવીશ્રી) નથ્થુરામ બાપા પણ સાથે જ આવેલ હતા અને તેમની સાથે સવજીબાપા, પેથાબાપા તથા કરસનબાપા આમ વગેરે સૌ સાથે મળીને આવ્યા અને વિષ્ણુપુરા લાટ વસાવ્યો.

શ્રી દેવશીદાદાના ચાર દીકરાઓ હતા તે વિષ્ણુપુરા મુકામે જ રહેતા અને બધા જ ખેતીકામ કરી ગુજરાન ચલાવતા હતા અને તેમાંના મોટા દીકરા પરષોત્તમબાપા તથા સાકરમાના કૂખે પ્રથમ પુત્ર તરીકે શ્રી તુલસીબાપાનો જન્મ સંવત... આસો સુદ બીજને ગુરુવારના સવારે ૧૦ કલાકે થયો હતો. ત્યારબાદ પરષોત્તમબાપાને ત્યાં ત્રણ દીકરીઓ અને પછી એક દીકરાનો જન્મ થયો.

તુલસીબાપાનું બાળપણ ઘરનાં માવિત્ર તથા ભાઈ-બહેનોના લાડકોડમાં ઊછરીને જ્યારે પાંચ વર્ષના થયા ત્યાં ભણવા માટે વિષ્ણુપુરા લાટમાં નિશાળની સગવડ હિત તેમાં ભણવા માટે શરૂઆત કરી અને ગામની જ નિશાળમાં ધોરણ ૧થી ૪ સુધીનો અભ્યાસ પૂરો કર્યો અને આગળના અભ્યાસ માટે બાજુના ગામમાં કાશીપુરા ગામની શાળામાં બે કિ.મી. ચાલીને પથી ૬ ધોરણનો અભ્યાસ કર્યો છતાં પણ ભણવામાં મન ઓછું લાગતું અને સત્સંગ વાર્તાઓમાં મન વધારે લાગતું હતું. તે અરસામાં જ્યારે કાશીપુરા ભણતા હતા ત્યારે તેમની માતાને કહીને ગયા કે, આજે બા દાળભાત જ બનાવજો, મીઠાઈ હું લેતો આવીશ અને જ્યારે ભણીને આવ્યા ત્યારે તેમના દફતરમાંથી મીઠાઈ નીકળી હતી અને તેમાં પ્રસાદ તરીકેની અલૌકિક સુગંધ અને સ્વાદ આવ્યા તા. તેમને ભણવાની ઇચ્છા ન હોવા છતાં પણ તેમનાં મા-બાપે વધુ ભણવા માટે બાજુમાં તાલુકાના મથકે ૨૦ કિ.મી. દૂર કપડવંજ મુકામે ભણવા માટે મૂક્યા અને ત્યાં પણ ૧ વર્ષ ૭મા ધોરણનો અભ્યાસ પૂરો કર્યો અને ભણવાના સમયે પણ રવિવારે બળદ ચારી કુટુંબને ખેતીકામમાં મદદ કરતા.

આવી રીતે કાયમ બળદ ચરાવવા જતાં ત્યારે એક વખતના સુમારે એક બળદ ખોવાઈ ગયેલો ત્યારે ઘેર આવીને પાછા સાંજના બળદ શોધવા ગયા ત્યારે અંધારું થઈ ગયેલ હતું. ત્યારે રાત્રે આઠેક વાગ્યાના સુમારે એક અલૌકિક સાધુનાં દર્શન થયાં અને તેમને કહ્યું કે, બેટા, તું ચિંતા કરીશ નહીં તને તારો બળદ ઘરે મળી જશે. આટલું કહી આ સાધુ અલોપ-અદૃશ્ય થઈ ગયા. પછી ઘરે આવ્યા ત્યારે બળદ ઘરે આવી ગયો હતો અને ઘરે નથ્થુરામબાપાને આ વાત કરી ત્યારે બાપાએ માથે હાથ મૂકીને કહ્યું, 'દીકરા, તું ચિંતા કરીશ નહીં. તે સાધુ તને દર્શન આપવા આવ્યા હતા અને તે પોતે ભગવાનનું સ્વરૂપ જ હતું અને તેને તું ઓળખી લેજે.'

આ વખતે તુલસીબાપાની ઉંમર આશરે બારથી તેર વર્ષની હશે. ત્યારબાદ અભ્યાસ છોડી દીધો હતો. આ સમયે ગુરુવારે પૂજાના સમયે વારિયજ્ઞમાં તેમને અત્તર-ચંદનની સુગંધ આવતી. જ્યારે બાપાની ઉંમર તેર વર્ષની હતી ત્યારે તેમના પિતાશ્રીએ તેમનાં લગ્ન માધવકંપા નિવાસી શ્રી સામજીભાઈ વસરામભાઈ રામજીયાણીની દીકરી રતનબાઈ

સાથે નક્કી કર્યા. તે વખતે બાપાશ્રીએ લગ્નની ઈચ્છા ન હોવાથી ઘણી વખત લગ્ન ન કરવાની આજીજી કરી હતી. તેમ છતાં તેમના કુટુંબીજનો તથા નથ્થુબાપાશ્રીએ તેમને સમજાવ્યા કે, ભાઈ, આપણા કુટુંબની આબરૂ જાળવવા લગ્નનું નક્કી થયું એટલે લગ્ન તો કરવાં જ પડે. અને બાપાએ લગ્ન માટે હા પાડેલ અને લગ્ન થયાં અને બાપાશ્રીએ પ્રભુતામાં પગલાં માંડ્યાં.

આમ છતાં તુલસીબાપાને આધ્યાત્મિકમાં વધુ રસ હોવાથી ગામમાં જ પૂજ્ય સંત શ્રી નથ્થુરામબાપાની સાથે ગામમાં તથા આજુબાજુના ગામમાં સત્સંગપૂજાનો વાયક આવતો ત્યારે પિતાશ્રી ના કહે છતાં છાનામાના ગાડામાં કે ચાલતા આ ધાર્મિક પૂજાઓમાં જતા રહેતા અને આ રીતે પોતાની ધાર્મિક અને આધ્યાત્મિક વૃત્તિ સંતોષતા અને આ વખતે આખો દિવસ ખેતીકામમાં જાતમજૂરી કરતા છતાં પણ તેનો થાક વર્તાતો નહિ. રાત્રિ દરમિયાન પૂજા-સત્સંગમાં જતા અને 'પોતાના આત્માને સંતોષ આપતા અને આ રીતે પોતાના જીવનું આધ્યાત્મિક ભાતું બાંધતા. આવી રીતે કાયમ સત્સંગ-પૂજામાં જતા ત્યારે એક વખતની વાત છે કે જ્યારે વિષ્ણુપુરા મુકામે પટેલ હીરજીભાઈ સવજીભાઈના ત્યાં ગુરુબોધના વારિયજ્ઞનો પ્રસંગ હતો ત્યારે સંતશ્રી નથ્થુરામબાપાએ તુલસીબાપાને પોતાની બાજુમાં બેસાડ્યાં અને માથે હાથ મૂકી કહ્યું કે, 'દીકરા, આંખ બંધ કર.' અને આંખ બંધ કરી ત્યારે તેમને અલૌકિક દૃશ્યનું દર્શન થયું અને તેમને અખંડ જયોતના દર્શન અને તેને ગુરુદ્વારાનાં દર્શન થયાં.

આ જ અરસામાં તુલસીબાપાની નાની ઉંમર ઓગણીસ વર્ષની ઉંમરમાં જ સંતશ્રી નથ્થુરામબાપા સદ્‌ગુરુશ્રી હયાતીમાં વિષ્ણુપુરાલાટમાં પ્રખર સંતપંથીઓની ઉપસ્થિતિમાં તુલસીબાપાના મસ્તક ઉપર હાથ ધરી આશીર્વાદ આપતાં કહ્યું હતું, "બેટા, તું ગભરાઈશ નહિ અને બેટા તેં તો આગલા ભવની કમાણી કરેલ છે. મારી હયાતીમાં જ આજે ગતગંગાને માર્ગદર્શન આપવાની જવાબદારી તને સોંપું છું." આવા શબ્દોના ઉચ્ચારણ પછી પોતાના મુખમાંથી ગંગાજળ ગુરુદેવે તુલસીબાપાને પાયું. ગંગાજળ પીતાંની સાથે જ બ્રહ્મજ્ઞાન થયું અને આ રીતે સદ્‌ગુરુની કૃપાથી કુટુંબ કબીલાની સમાજની જવાબદારીનું તથા ગતગંગાને સત્સંગ તેમજ દિવ્ય જ્ઞાન પીરસવાનું કામ ચાલુ કર્યું અને નથ્થુબાપાની હયાતીમાં જ તુલસીબાપાને ગુરુદીક્ષા આપવાનું વચન આપ્યું અને એ જ અરસામાં માધવકંપા મુકામે ગુરુના આશીર્વાદથી તુલસીબાપાની હાજરીમાં કર્મકાંડ, વારિયજ્ઞનું આયોજન થયું અને ગુરુદીક્ષા આપી. ગુરુદીક્ષા લેવામાં ઘણા ભક્તોને મનમાં શંકા-વહેમ થતાં. તેઓ તેમના દીકરા, વહુઓને લઈ વડાલી મુકામે નથ્થુરામબાપાના ત્યાં ગયા. ત્યારે નથ્થુરામબાપાશ્રીએ મુખીશ્રીને કહ્યું કે, 'બેટા, તમે અહીંયા સુધી આ છોકરાઓને ધક્કો ખવડાવ્યો. હું પોતે ત્યાં તુલસીબાપાના સ્વરૂપમાં હાજર હતો તો પણ તમો વિશ્વાસ ડગાવતા મને ઓળખી શક્યા નહીં અને આટલે સુધી ધક્કો ખાધો. હવેથી આમાં કોઈ શંકા રાખશો નહીં.'

અને આવી રીતે સંતશ્રી નથ્થુરામબાપાની શક્તિપાતથી તુલસીબાપામાં વિનમ્રતા, સહજતા, બાળસહજવૃત્તિ, પરમાર્થપણું, સાદગી, વિશાળ ભાવવિશ્વ જેવા ઈશ્વરીય ગુણો સહજ રીતે ઊતરી આવેલા છે. પ્રત્યેક જિજ્ઞાસુ માટે ગુરુદેવનું શરણું કોઈને નવીન

કામનો પ્રારંભ કરવો હોય, વિદેશગમન, ખેતીવાડી, ઢોરઢાંખર, માંદગી કે શેર માટીની ખોટ હોય તેમની ઈશ્વરીય કૃપાથી સફળતા અપાવે છે. ગુરુદેવ નથ્થુરામબાપાની પરંપરાઓને વિસ્તારવાનું ભગીરથ કાર્ય તેઓ કરી રહ્યા છે. સંતશ્રી તુલસીબાપામાં સંતશ્રી નથ્થુરામબાપાના જ સૌને દર્શન થઈ રહ્યાં છે. "ચાલશે, ફાવશે, ગમશે" આ અણમોલ શબ્દો સંતશ્રી તુલસીબાપાને શોભાયમાન છે. વાંધો નહિ, ચિંતા ન કરો, નંદનવન થઈ જશે એવા આશિષભર શબ્દોમાં દિવ્ય શ્રદ્ધાનાં દર્શન થાય છે. ધન્ય છે એ સંત મહાત્મા પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ શ્રી તુલસીબાપાશ્રીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

આ જ પ્રમાણે ધીમે ધીમે સમય વ્યતિત થતો ગયો અને સદ્‌ગુરુ મહારાજ શ્રી નથ્થુરામબાપાના આશીર્વાદથી પોતાનું સઘળું કામ તુલસીબાપાને સોંપી અને પોતે નિવૃત્તિ જીવન ગાળી ધીમે ધીમે પોતાની અંદર ને અંદર અંતર્ધ્યાન થતા ગયા. આવી જ રીતે એક વખતના સમાજોને મહા સુદ ૧૪ની સાંજે સેવાપૂજા કરીને પોતે બ્રહ્મલીન થઈ ગયા. તે વખતે તુલસીબાપા વિષ્ણુપુરાલાટ મુકામે હતા અને તેમને આ વાતની જાણ તુલસીબાપાને આકાશમાર્ગેથી મોટા કડાકા સાથે અવાજનો ધ્રાસકો થયો અને બાપાએ ધ્યાનમાં જોયું તો તેમને ખબર પડી કે આપણા સદ્‌ગુરુ મહારાજ નથ્થુરામબાપાશ્રી બ્રહ્મલીન થઈ ગયા છે અને આ વાતની જાણ સવારે પૂનમના વહેલી સવારે ૪ વાગે ફોન આવ્યો અને રેડિયો પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. અને બાપાની અંતિમયાત્રામાં સૌ સતપંથી ભાઈઓ વડાલી મુકામે પહોંચ્યા હતા.

તેમની અંતિમ યાત્રામાં હજારો માણસો ઊમટી પડ્યાં હતાં.

**"તનકી જાણે મનકી જાણે**
**જાણે ચિત્તકી ચોરી,**
**ઉસકે આગે ક્યા છિપાઈ,**
**જીસકે હાથમેં જીવનદોરી."**

આ જ પ્રમાણે ગુરુમહારાજ બ્રહ્મલીન થતાં બધાય ભાવિક ભક્તો તથા તેમના શિષ્યમંડળે ભેગા મળી વડાલીકંપા મુકામે તેમને સમાધિ આપી. ત્યાં તેમનું સ્મૃતિ મંદિર બનાવ્યું અને ગુરુ મહારાજશ્રીએ તુલસીબાપાને આદેશ આપેલ કે, તમારે દર પૂનમે વડાલીકંપા મુકામે આશ્રમે આવી સૌ ભાવિક ભક્તોને આશીર્વાદ આપવા તેમજ સત્સંગ ભજન કરી સૌને આધ્યાત્મિક જ્ઞાન પીરસવું અને કોઈ દીન-દુઃખિયાનું દુઃખ દૂર કરવા અને આશિષ આપી અવિરત જ્ઞાનગંગાનું ઝરણું વહાવી આજ દિન સુધી ચાલી રહ્યું છે. આ અરસામાં વડાલી મુકામે જવા માટે સાધન-સંપન્ન ન હોવા છતાં પણ દર પૂનમે એસ.ટી. બસમાં જઈ સૌ ભક્તોને લાભ આપતા આવી જ રીતે પોતાનું ખેતીકામ તથા કામકાજ જાતે કરતા હતા. છતાં પણ ગમે તેવી તકલીફ વેઠી એસ.ટી. બસમાં ઊભા રહીને પણ પૂનમે અચૂક પહોંચી જતા. આવી જ રીતે ઘણા ભક્તોના કામકાજ કર્યાં તથા તે ઘણા બધા શિષ્યોને ગુરુશિક્ષા આપતા ગયા અને તેમના શિષ્યોની સંખ્યા ઘણી વધતી ગઈ અને ઘણાં શિષ્યોના અટપટા કામકાજ બાપાના આશીર્વાદથી

પાર પાડ્યાં. ઘણા ભક્તોના ઘરે શેર માટીની ખોટ પુરાણી અને આવી જ રીતે કામકાજનો દોર વધતો ગયો અને બહાર પ્રવાસ કરવા માટે તુલસીબાપાને તકલીફ પડતી જોઈ બાપાના ભક્તોને એવો વિચાર આવ્યો અને બાપાને ગાડી અર્પણ કરી. આ ગાડી લઈને ગુરુ મહારાજ સૌ ભક્તોના કામકાજ માટે અને દર પૂનમે વડાલી કંપા મુકામે પહોંચી સૌ ભક્તોને આશીર્વચન આપતા હતા.

**"સેવક કે સુખ કારણે**
**ગુરુ કસોટી દેત,**
**કહે પ્રીતમ શિક્ષા કરે**
**પણ અંતરમાંહી હેત."૭**

આવી જ રીતે તુલસીબાપા ગાડીમાં પ્રવાસ કરી નાસિક, મુંબઈ, પૂના તથા ગુજરાતના ગામડે ગામડે ફરી સૌ ભક્તોને આશીર્વચન આપી સેવકોનાં ઘણાં કામ કર્યા.

આ જ રીતે ગુજરાતનાં તેમના સેવક મુંબઈ ધંધાર્થે બાપાના આશીર્વાદ લઈને ત્યાં ગયા અને બાપાના આશીર્વાદથી તેમને કામકાજમાં દિવસે ને દિવસે ઘણો જ વિકાસ થયો અને બાપા પ્રત્યેની શ્રદ્ધા વધુ ને વધુ અડગ થતી ગઈ અને તેઓને અંદરથી પ્રેરણા થઈ કે હું બાપાના આશીર્વચનથી ખૂબ જ કમાયો છું અને આ કમાણીના ભાગરૂપે મારે બાપાને પ્રવાસ કરવા તેમજ મારા જેવા અનેક ભક્તોના કામકાજ થાય તેવી પ્રેરણાથી બાપાની રજા લઈ એક ગાડી લઈને બાપાના શ્રીચરણોમાં અર્પણ કરી.

**"સંત બીજ પલટે નહીં,**
**ભલે જુગ જાય અનંત**
**ઊંચ નીચ ઘર અવતરે,**
**આખર સંતના સંત."**

આવી જ રીતે સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના એક કંપામાં તેમના સેવકના લગ્ન થયા બાદ ઘણાં વર્ષો સુધી દવાઓ કરવા છતાં તેમના ત્યાં શેર માટીની ખોટ પુરાઈ ન હતી અને ડૉક્ટરોએ આ વાતમાં કોઈ જ સારું પરિણામ ન મળે તેવી નિરાશા વ્યક્ત કરી હતી અને તે ભક્તને બાપાશ્રીના ચરણોમાં આવી માગણી કરી કે, બાપા અમારે ઘેર શેર માટીની ખોટ છે તો તમો જ મને આશીર્વાદ આપો અને હવે તમારા સિવાય મારો હાથ ઝાલે તેવું કોઈ નથી. આવી આજીજી કરી બન્ને જણા બાપાના ખોળામાં માથું મૂકી રડી પડ્યાં અને બાપાના જ કોમળ હૃદયમાંથી એવા આશીર્વાદ નીકળ્યા, 'જા બેટા, તારા ઘરે અવશ્ય પારણું બંધાશે અને બાપાના આશીર્વાદથી તેમને ડૉક્ટરની ના કહેવા છતાં પણ સત્તરમા વર્ષે પારણું બંધાયું.

આમ, તુલસીબાપાનું જીવન કચ્છ કડવા પાટીદાર સમાજના લોકો માટે આદર્શરૂપ બની રહ્યું છે. સંસારમાં રહીને પણ સાંસારિક મોહમાંથી વિપરીત રહીને તેમનું જીવન સંસારનાં બધાં જ કાર્યો કરીને પણ પ્રભુના દાસ સમુ જીવન જીવી રહ્યા છે. તુલસીબાપા

સમાજના અનેક લોકો માટે શ્રદ્ધા સમાન બની રહ્યા છે. સમગ્ર સમાજ તેને પૂજ્ય માને છે. આવી સંત વિભૂતિએ સમગ્ર સાબરકાંઠા જિલ્લાના કચ્છ-કડવા પાટીદાર સમાજનું ગૌરવ વધાર્યું છે.

## સંતશ્રી અરજણબાપા

આજનું વિજ્ઞાન ચંદ્ર સુધી, મંગળ કે બ્રહ્માંડની પેલે પાર સુધી પહોંચી શક્યું છે, પણ માનવીના મન સુધી પહોંચી શક્યું નથી. પૃથ્વીની ગતિ કેટલી છે તેની જાણકારી મેળવી શકાય છે પણ માનવમનની ગતિ ઉકેલી શકાતી નથી. આજનું વિજ્ઞાન અણુબૉમ્બ બનાવી, લોહીની નદીઓ વહાવી શકે છે પણ લોહીના એક ટીપાનું સર્જન કરી શકતું નથી. જીવ ક્યાંથી આવે છે, ક્યારે આવે છે, ક્યાં અને ક્યારે જાય છે તેનું અકળ જ્ઞાન હજી આપણું અજ્ઞાન જ છે. દુનિયાના કેટલાય મહાન નાસ્તિકો પણ એટલું તો સ્વીકારે જ છે કે સમગ્ર બ્રહ્માંડનું સંચાલન કોઈ એક પરાશક્તિ કરી રહી છે. આ શક્તિ ખરેખર બ્રહ્માંડના અણુ અણુમાં વ્યાપ્ત છે. પ્રત્યેક માનવહૃદયમાં આ શક્તિનો વાસ છે. પરંતુ તેની ઉપર સાંસારિક ભાવો, વૃત્તિઓ, ઇચ્છાઓના થર જામી ગયા હોવાથી એ શક્તિ વિલીન થઈ ગઈ છે.

મહાપુરુષોનું જીવન એટલે સદ્‌ગુણોની ખાણ, વીરતા, ધીરતા, સરળતા, નીડરતા, નિખાલસતા, શીતલતા, પ્રભાવકતા, પ્રામાણિકતા આદિ ગુણોથી અલંકૃત એવા બ્રહ્મલીન પ.પૂ.અરજણબાપાનું જીવન એટલે પ્રેરણા સ્રોત, જ્ઞાનવૃત્તિથી જે કંઈ મેળવ્યું તે પોતાના અનુયાયીઓમાં પીરસ્યું. તેઓ નાનાને મોટા કરી બતાવવામાં પોતાની સાર્થકતા સમજતા. જ્ઞાની વ્યક્તિઓના જીવનના ઘડતરમાં એમનો વાત્સલ્યભાવ વિશેષ રહ્યો હતો.

ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં કચ્છી પટેલોનું આગમન કચ્છમાંથી થયું છે. કચ્છમાંથી સ્થળાંતર કરીને ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કચ્છી પટેલોએ વસવાટ કર્યો છે. તે મુજબ અરજણબાપાના પૂર્વજો પણ કચ્છમાં દેસલપર ખાતે રહેતા હતા. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. તેમના પિતા લાલજીભાઈ અને તેમનાં માતુશ્રી જીવાબહેન સેવાભાવી અને સાત્ત્વિક હતાં. તેમના પરિવારમાં આધ્યાત્મિક વિચારો તેમના પૂર્વજોથી ચાલી આવતા હતા. કચ્છમાં લાલજીભાઈની (અરજણબાપાના પિતાશ્રી) આર્થિક સ્થિતિ નબળી હતી. તેથી તેમણે કચ્છમાંથી સ્થળાંતર કરી સંવત ૧૯૮૨માં સાબરકાંઠા જિલ્લાના કપડવંજ તાલુકાના ઓથવાડ ગામે આવીને વસ્યા. આમેય કચ્છી પટેલનો ઇતિહાસ જોઈએ તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેઓએ પોતાના રોજગારી અને ધંધા માટે સ્થળાંતર કરેલા છે. તે મુજબ આ પરિવારે પણ તેમની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે કચ્છમાંથી સ્થળાંતર કર્યું.

શ્રી લાલજીભાઈ તથા જીવાબેનને ત્યાં સંવત ૧૯૮૩ મહા વદ અમાસના દિવસે પુત્રનો જન્મ થયો. તેનું નામ અરજણભાઈ રાખવામાં આવ્યું. લાલજીભાઈને બે દીકરા અને બે દીકરી હતી. તેમાંના બીજા નંબરનો દીકરો અરજણભાઈ હતો. પરંતુ કચ્છમાંથી સ્થળાંતર કર્યા બાદ અરજણભાઈ દાદા જે કચ્છમાં રહેતા હતા તેમની તબિયત બગડતાં

સંવત ૧૯૮૫માં સાબરકાંઠા છોડી કચ્છમાં દેસલપર જતા રહ્યા. ત્યારબાદ અરજણભાઈના દાદાશ્રીની તબિયત વધુ બગડી અને લાલજીભાઈ તથા તેમના પુત્ર અરજણભાઈની હાજરીમાં દાદાશ્રીએ દેહ છોડ્યો અને પછી દસ વર્ષ સુધી કચ્છમાં રહ્યા. તેમનું પ્રાથમિક શિક્ષણ તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે ૩ ચોપડી સુધી લીધું. અરજણભાઈનાં લગ્ન સંવત ૧૯૮૯માં ધનુમા સાથે થયાં. અરજણભાઈ ઉપર એમના પિતા અને માતુશ્રીના સાત્ત્વિક વિચારોની ઊંડી અસર પડી. તેમનાં માતા-પિતાનું અવસાન કચ્છમાં દેસલપરમાં જ થયું.

સંવત ૧૯૯૭માં અરજણભાઈ તેમના ગુરુ વાલજીબાપાના આશીર્વાદથી ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં વડાલી તાલુકાના કૂવાવડકંપામાં આવીને વસ્યા. આ વિસ્તારમાં આવીને વસવાટ કરવાની તેમની દૃષ્ટિ એ હતી કે આ કંપની સીમમાં જ ધરોઈ ડેમનો વિસ્તાર જોડાયેલો છે. જેથી કરીને અહીંયાં પાણીવાળા વિસ્તારને કારણે ખેતીમાં ઉત્પાદન સારું રહેશે. તેમણે કૂવાવડ કંપામાં ૫૦ વિઘા જમીન રાખી અને ખેતી કરવા લાગ્યા. ત્યારબાદ સંવત ૧૯૯૮માં લક્ષ્મણપુરાકંપામાં જે કંપો પણ ધરોઈ ડેમના વિસ્તાર સાથે સંકળાયેલો છે. તેમાં ૧૦૦ વિઘા જમીન રાખી. ત્યારબાદ અરજણભાઈના ફોઈને ૫૦ વિઘા જમીન તેમના ફોઈને કચ્છમાંથી અહીં બોલાવી આપી. તે મુજબ સંવત ૨૦૧૦માં બીજા ફોઈને પણ કચ્છમાંથી બોલાવી અને ૫૦ વિઘા જમીન આપી. ત્યારબાદ સંવત ૨૦૧૧માં નારાયણનગરકંપામાં ૧૫૦ વિઘા જમીન રાખી. સંવત ૨૦૧૬માં આધ્યાત્મિકતાના વિચારોને કારણે અથર્વવેદી કર્મકાંડના મુખી સાહેબ બન્યા. સંવત ૨૦૦૬માં માતુશ્રી કુંવરમાનાં સુપુત્ર વાલજીબાપાને ગુરુ માન્યા અને દીક્ષા લીધી. આજે પણ સાબરકાંઠા જિલ્લામાં કચ્છ કડવા પાટીદાર સમાજના લોકોનું આસ્થાનું સ્થાન વડાલી તાલુકામાં આવેલ લક્ષ્મણપુરાકંપા અને બાયડ તાલુકાના બાજુમાં આવેલ વજેપુરાકંપા રહ્યો છે કારણ કે આ બંને કંપાઓમાં માતુશ્રી કુંવરમાના આશ્રમ આવેલા છે.

સંત માતુશ્રી કુંવરમા અરજણભાઈના ગુરુ વાલજીબાપાના માતુશ્રી હતા. જેઓને આ કચ્છ કડવા પાટીદાર સમાજ એક આદ્યશક્તિના સ્વરૂપે પૂજે છે.

આ સમાજની એક પ્રણાલી રહી છે કે ગુરુ કર્યા વિના કેમ ચાલે ? આ પરિપાટી વર્ષોથી સમાજમાં જળવાઈ રહી છે અને શ્રદ્ધાભાવથી ગુરુનો આદર શિષ્યો જાળવતાં રહ્યા છે. યોગ્ય વ્યક્તિને ગુરુ બનાવીને આ સમાજના બંધુઓ ધન્યતા અનુભવે છે. તે મુજબ અરજણભાઈની માનવતા, આધ્યાત્મિકતા અને સાત્ત્વિકતાભર્યા જીવનને કારણે અનેક શિષ્યોએ તેમની પાસેથી ગુરુ તરીકેની દીક્ષા લીધી છે. અરજણબાપાનું શિષ્યમંડળ ૩૩નું છે. અરજણબાપાના જીવનની પ્રથમ મહાપૂજા તા.૨૯-૪-૨૦૦૩ના રોજ નારાયણનગરકંપા (આ કંપો પણ વડાલી તાલુકામાં આવેલ છે)માં અંબાલાલભાઈના ઘરે કરી હતી જેમાં ૭ યુગલોએ દીક્ષા લીધેલ છે. તેમનું શિષ્યમંડળ નારાયણનગરકંપા, લક્ષ્મણપુરાકંપા, હરિપુરાકંપા, વજેપુરાકંપા, ગણેશપુરાકંપા, રાજલીકંપા, માનકૂવા (કચ્છ), ઝાડુલી (રાજસ્થાન), ખારઘર (મુંબઈ), હાલોલ વગેરે જગ્યાએ વિસ્તરેલું છે. એવું કહી શકાય કે, તેમનું શિષ્યમંડળ કચ્છ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં વિસ્તરેલું

છે. તેમના શિષ્યમંડળે અરજણબાપાની આધ્યાત્મિકતાની જયોત પ્રજવલિત રાખી છે અને સાચા સિષ્ય તરીકેનું ઋણ અદા કરી રહ્યા છે.

પૂજ્ય અરજણબાપાના આશીર્વાદથી અને તેમની પ્રેરણાથી આ વિસ્તારમાં સંત માતુશ્રી કુંવરમા વિદ્યાસંકુલ વિકાસ પામ્યું છે. આજે પણ આ વિદ્યાસંકુલ સાબરકાંઠા જિલ્લાના વિદ્યા સંકુલોમાંનું એક શ્રેષ્ઠ સંકુલ ગણાય છે. આ સંકુલમાં અરજણબાપાના શિષ્યોએ લાખો રૂપિયાનું માતબર દાન આપેલ છે. પૂ.અરજણબાપા માત્ર સંત ન હતા પરંતુ તે કેળવણીકાર તરીકે તેમજ સમાજ સુધારક તરીકે પણ તેમનું વિશેષ યોગદાન રહ્યું છે. માત્ર મંદિરમાં જ બેસી રહીને ભક્તિ કરવી તેટલું પૂરતું ન હતું પરંતુ અન્ય સમાજો પણ આપણા સમાજો છે તેમજ તે એવું પણ કહેતા કે શ્રેષ્ઠ ભક્તિ જો હોય તો તે માતા-પિતાની સેવા અને બીજા ક્રમે રાષ્ટ્રભક્તિ છે.[૯]

પૂજ્ય અરજણબાપાની ઉંમરને કારણે તેમનું શરીર કથળતું ગયું અને તેઓને કેન્સર જેવી બીમારી લાગુ પડતાં તેમનું નિધન તા.૧૫-૧-૨૦૦૮ને મંગળવારના રોજ લક્ષ્મણપુરાકંપા ખાતે થયું.

તેમના નિધન બાદ તેમની દિવ્ય શોભાયાત્રા આખા વડાલી તાલુકામાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. ખૂબ મોટી સંખ્યામાં સાધુ-સંતો તેમજ સમાજના બંધુઓ મોટી સંખ્યામાં તેમના અંતિમ દર્શનનો લાભ લેવા ઊમટી પડ્યા હતા અને તેમના મૃતદેહને કંપામાં તેમના જ ખેતરમાં સમાધિ આપવામાં આવી હતી. જે સમાધિ ઉપર આજેય અનેક લોકો આવીને પોતાનાં દુ:ખોની વ્યથા ઠાલવે છે અને અરજણબાપાના આશીર્વાદથી પોતાની વ્યથા ઓછી કરે છે. આજેય આ સમાધિ અરજણબાપાની દેરી તરીકે પ્રસિદ્ધ છે. તેમની અંતિમ દિવ્ય શોભાયાત્રાના દસ્તાવેજી પુરાવા આજે પણ ઉપલબ્ધ છે.

**સંતશ્રી શામજીદાદા (જય ભગવાન) :**

શામજીદાદા (જય ભગવાન)નો જન્મ ગુજરાતના કચ્છના માંડવી તાલુકાના મોમાઈમોરા ગામે વિક્રમ સંવત ૧૯૮૮ના ભાદરવા સુદ બીજના દિવસે થયો. તેમની માતાનું નામ જમનાબા હતું અને પિતાનું નામ માવજીબાપા હતું. તેમની નોખ[૧] દડગા હતી. જમનાબાને છ દીકરી અને બે દીકરી હતી. આ બધામાં સૌથી મોટા શામજીદાદા હતા. તેમણે શરૂઆતનું પ્રાથમિક શિક્ષણ ૧થી ૩ ચોપડી સુધીનું કચ્છ જિલ્લામાં દરશડી (ગામનું નામ)માં લીધું. ત્યારબાદ આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે વિક્રમ સંવત ૧૯૯૯માં કચ્છમાંથી સ્થળાંતર કરીને સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કુબાધરોલકંપામાં આવીને વસવાટ કર્યો. કુબાધરોલ કંપામાં શામજીદાદાએ ચોથા ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યો અને કુબાધરોલ કંપામાં તેમના ફુઆની સાથે રહીને જમીન ખેડતા. ત્રણ વર્ષ જમીન ખેડી અને ત્યારબાદ સંવત ૨૦૦૨ની સાલમાં દેલવાડાકંપામાં જમીન ખેડવા રાખી. ત્યાર પછી સંવત ૨૦૧૨માં દેલવાડાકંપાથી સ્થળાંતર કરીને બાજુમાં જ આવેલા હાથરવાકંપામાં ૧૦૦ વિઘા જમીન ખરીદી અને ખેતી કરવા લાગ્યા. ત્યારબાદ સંવત ૨૦૧૪માં લક્ષ્મણપુરાકંપામાં બીજી જમીન ખરીદી. આ કંપો પણ વડાલી તાલુકામાં જ આવેલો છે.

શામજીદાદામાં આધ્યાત્મિક વિચારોનું પ્રગટીકરણ દેલવાડાકંપાના મેઘજીભાઈ વસરામભાઈ વેલાણીના સંપર્ક અને સત્સંગ દ્વારા થયું અને તેમનામાં આધ્યાત્મિકતા પ્રગટી. તેમણે સંવત ૨૦૦૮ની સાલમાં લક્ષ્મણપુરાકંપાના નાનજીભાઈ હરદાસભાઈ વેલાણી કચ્છ (માનકૂવા) પાસેથી ગુરુબોધ પાઠ લીધો અને ગુરુ તરીકે તેમનો સ્વીકાર કર્યો અને સમાજની ગુરુ કરવાની પરંપરાને માન આપ્યું. શામજીદાદાએ ગુરુ કર્યા પહેલા વારિયજ્ઞના મંત્રો શીખી લીધા હતા.

સંવત ૨૦૧૨-૧૩ની સાલમાં પિતાનું અવસાન હાથરવાકંપામાં થયું. તેમના લગ્ન ભગવતીબહેન સાથે થયા. તેમને ચાર પુત્રો અને ચાર પુત્રીઓનો જન્મ થયો.

ઈ.સ. ૧૯૭૨માં ગુરુ-શિષ્યની પરંપરાને આગળ ધપાવવા ગુરુના અવસાન બાદ ગુરુનું પદ સંભાળ્યું અને દીક્ષા આપવાનું શરૂ કર્યું. સૌપ્રથમ શિષ્ય તરીકેની દીક્ષા વરતોલકંપામાં ૫ જોડીએ દીક્ષા લીધી અને ગુરુ તરીકે સ્વીકાર્યા. આ ઉપરાંત તેમનું શિષ્યમંડળ આખા ગુજરાતમાં તેમજ ગુજરાતની બહાર પણ વિસ્તરેલું છે. જેમ - મહોરકંપા, વીંછીકંપા, બડોલકંપા, વેડાકંપા, ગાજીપુરાકંપા, ખરેડીયા કંપા, કંજેલી કંપા, લક્ષ્મણપુરા કંપા, કંબોસણીકંપા, રામજીયાણી, હાથરવાકંપા, મેત્રાલ કંપા, માતાજીકંપા, વાસણકંપા, ગોતાકંપા, ધનાલકંપા, ગાંદીનગર, ધોળીવાવ કંપા, રંગીનપુરા કંપા, હરિપુરા કંપા, ડકોર, ભવાનપુરા કંપા, બાયડ, ખેડાસણ કંપા, મોડાસા, કપડવંજ, દહેગામ, પ્રાંતિજ, દાંતા, હિંમતનગર, નાસિક, મુંબઈ, પૂના, ત્રિચિનાપલ્લી, બેંગ્લોર વગેરે સ્થળોએ તેમના અનેક શિષ્યો પથરાયેલા છે. તેમનું શિષ્યમંડળ ૨૦૪નું છે. તેમના શિષ્યો દ્વારા સામાજિક ઉત્થાનની અનેક પ્રવૃત્તિઓ ચાલે છે. તેમના શિષ્યો સમાજ માટે અનેક ગણું દાન કરે છે.

શ્રી શામજીદાદાનો સત્સંગ સાંભળવા અનેક લોકો ઊમટી પડે છે. તેઓ અંધશ્રદ્ધાના સખત વિરોધી છે. તેઓનું ૭૭મું વર્ષ ચાલી રહ્યું છે. તેમનું સ્વાસ્થ્ય નીરોગી, તંદુરસ્ત રહ્યું છે. આજે પણ એક યુવાનને શરમાવે તેવું સ્ફૂર્તિમય તેમનું શરીર રહ્યું છે. અનેક લોકો પોતાના દુ:ખ દૂર કરવા શામજીદાદાની પાસે આવે છે અને પોતાની વ્યથાઓ ઠાલવે છે અને આશીર્વાદ મેળવે છે અને શાંતિ અનુભવે છે.

આમ, શામજીદાદાનું સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજમાં સામાજિક ક્ષેત્રે ખૂબ જ ઊંચુ યોગદાન રહ્યું છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે આજના આ સમાજને વિદેશી અસરથી બચાવવો હશે તો સમાજમાં આધ્યાત્મિકતાનું તેમના આજ વિચારો સમાજ પ્રત્યે કંઈક કરી ચૂકવવાની ભાવનાને પ્રોત્સાહિત કરે છે.

## સંતશ્રી શાંતિદાસજી મહારાજ

વિદ્વાનોએ મનુષ્યની અનેક વ્યાખ્યાઓ આપી છે. માણસ બુદ્ધિશાળી પ્રાણી છે. માણસ સમાજ બાંધીને રહેનારું પ્રાણી છે. માણસ સમૂહમાં રહેનારું પ્રાણી છે વગેરે પરંતુ આપવામાં આવેલી મનુષ્યની બધી જ વ્યાખ્યાઓ અધૂરી છે. કેમકે, કૂતરો, હાથી વગેરે પ્રાણી બુદ્ધિપૂર્વક કામ કરતા જોવામાં આવે છે. ઊધઈ તથા કીડીઓ મનુષ્ય કરતાં વધારે સુસ્થિત અને સમતોલ સમાજ રચીને જીવે છે. એટલે મનુષ્યની આ વ્યાખ્યાઓ

અપૂર્ણ છે.

આહાર, નિદ્રા, ભય, મૈથુન વગેરે મનુષ્યમાં તેમજ પશુઓમાં સમાન છે. તેમની વચ્ચે જો કોઈ મૂળભૂત ભેદ હોય તો એ છે કે માણસ ધર્મવિશિષ્ટ પ્રાણી છે.

શ્રી શાંતિદાસનો જન્મ વિક્રમ સંવત ૨૦૧૨ને આસો સુદ ૧૫ના રોજ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગોતાકંપામાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ ખેતાભાઈ દેવજીભાઈ પોકાર હતું, તેમની માતુશ્રીનું નામ રામબાઈ હતું. તેમના માતા-પિતા ધાર્મિક હતા. આવા સંસ્કારોનો પ્રભાવ શાંતિદાસમાં પડ્યો. શાંતિદાસનો પ્રાથમિક અભ્યાસ ગોતાકંપાની સ્કૂલમાં થયો હતો. તેમની આર્થિક સ્થિતિ મધ્યમ હતી. તેમનું માધ્યમિક શિક્ષણ શેઠ કે.ટી.હાઈસ્કૂલ ખેડબ્રહ્મામાં થયું હતું. તેઓ ૧૧મા ધોરણમાં ભણતા હતા ત્યારે ખિમજીભાઈ ધનજીભાઈ લિંબાણીની પુત્રી (લક્ષ્મીપુરાકંપા) શારદા દેવી સાથે લગ્ન થયાં હતાં. તેમને એક જ સંતાન જેનું નામ ઈશ્વરભાઈ છે.

નાનપણથી શાંતિદાસ તોફાની હતા. સિનેમા જોવાનો ભારે શોખ હતો. તેઓની મુલાકાતમાં જાણવા મળ્યું કે ખેડબ્રહ્માની સિનેમામાં એક પણ ફિલ્મ તેમને છોડ્યું નહોતું. રમતગમતમાં પણ તેમને શોખ હતો. તેમાં ક્રિકેટનો તો વિશેષ શોખ હતો. ૧૯૭૨માં અભ્યાસ પૂરો કરી પિતાશ્રી જોડે ખેતીના વ્યવસાયમાં જોડાયા. આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે ખેતીનો વ્યવસાય સ્વીકારવો પડેલો. ખેતરમાં ખૂબ જ પરિશ્રમ કરતા. એકવાર ખેતરમાં કપાસ વીણતા હતા ત્યારે તેમનાં ધર્મપત્ની શારદાદેવીએ કહ્યું કે, હવે જીવનમાં આપણને શાંતિ ક્યારે મળશે. ત્યારે શાંતિદાસ મજાકમાં કહેતા કે, આ શાંતિ તો તમારી પાસે જ છે. ૧૯૭૬ની સાલમાં સમાજની ગુરુપરંપરા પ્રમાણે ગુરુ કરવાની તાલાવેલી જાગી. ૧૯૭૭ની સાલમાં પાનોલકંપાના સંતશ્રી રામજીબાપુ પાસે દીક્ષા લીધી. ગુરુ સંપર્કથી શાંતિદાસનું આખું જીવન બદલાઈ ગયું. આજે એક પણ ફિલ્મ ન છોડનાર શાંતિદાસ સમાજમાં એક સંત, વિચારક અને સમાજસુધારક તરીકે પ્રસિદ્ધ થયા છે. તેમની વાણી સાંભળવા હજારો લોકો આવે છે. એક પણ દિવસ એવો નહીં હોય કે, એમના સત્સંગનું આયોજન થયું ન હોય. ગામડેગામડે જઈને પણ સત્સંગોનું આયોજન કરે છે. સામાજિક પ્રવૃત્તિમાં પણ શાંતિદાસ અગ્રેસર હોય છે. ગુજરાત પ્રાંત કે અખિલ ભારતીય સ્તરના કચ્છ કડવા પાટીદાર સમાજના જ સંત ન બનતાં અન્ય સમાજો માટે પણ આદર્શ સંત તરીકે માન પામ્યા છે. મોટા સંત સંમેલનમાં પણ તેઓને આમંત્રિત કરવામાં આવે છે. તેઓશ્રીના સત્સંગમાં સમાજમાં ચાલતી અંધશ્રદ્ધા પરના આકરા પ્રહારો તેમજ કુરિવાજો પર પ્રતિબંધ વિશેના વિચારો જોવા મળે છે.

આમ, શાંતિદાસ મહારાજનું જીવન સાબરકાંઠા જિલ્લાના સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ માટે આદર્શ રૂપ બની રહ્યું છે.

## સંતશ્રી શામજીદાદા

ભારતની ભૂમિ એક રીતે પુણ્યશાળી છે. અહીં મહાત્માઓ અને સંતો અવારનવાર પાકતા જ રહ્યા છે. અને આ ભૂમિને પાવન કરતા રહ્યા છે. ખાસ તો લોકો જ્યારે

હતાશ અને નિરાશ થતા હોય તે વખતે કોઈ ને કોઈ મહાત્મા કે સંત પેદા થતા હોય છે અને લોકોને નિરાશામાંથી આશા તરફ લઈ જતા હોય છે. અને પાયાના મૂલ્યોનું સામાજિક અને આધ્યાત્મિક સિંચન કરતા રહ્યા છે. આ છે ભારત વર્ષનો છેલ્લા ૫૦૦૦ વર્ષનો ઇતિહાસ અને ભારતની વિરાસત.

ભૌતિક વિજ્ઞાન કામમાં નહીં આવે પણ આધ્યાત્મિક વિજ્ઞાન તરફ જવું પડશે. ભૌતિક વિજ્ઞાનમાં કેટકેટલાય પ્રસંગો પછી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં તો લોકોને ચમત્કાર જ લાગે છે. વીજળીની શોધ થઈ અને બલ્બમાં પ્રકાશ દેખાયો ત્યારે લોકો માનવા તૈયાર નહોતા. અને આજે જુઓ કયું ક્ષેત્ર નથી કે જ્યાં વીજળી ન વપરાતી હોય તેવું જ,આધ્યાત્મિક વિજ્ઞાનનું. હા, એટલું ખરું કે ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓની પ્રક્રિયા બાહ્ય હોય છે તેથી અનુભવથી અને માનવી સહેલી છે. જ્યારે આધ્યત્મિક વિજ્ઞાનની પ્રક્રિયા આંતરિક છે, તેથી સમજવી મુશ્કેલ છે. પણ તેથી તે નથી તેવું તારણ ન થઈ શકે, ખાસ તો જ્યારે કેટલાંક આધ્યાત્મવાદીઓના જીવનમાં એક નહીં પણ અનેક ચમત્કારિક પ્રસંગો અને કિસ્સાઓ બનતા હોય છે. આના માટે કોઈપણ જાતના પૂર્વગ્રહ વિના આધ્યાત્મ વિજ્ઞાનનો અભ્યાસ કરવો પડે.

ભારતનાં બધાં શાસ્ત્રો મન, બુદ્ધિ, ચિત્ત, આત્મા અને પાંચ કર્મેન્દ્રિઓ અને પાંચ જ્ઞાનેન્દ્રિઓનો એક યા બીજા સ્વરૂપે સ્વીકાર કરે છે. અને તેના કાર્યક્ષેત્ર અને કર્તવ્યોનું વર્ણન કરે છે. આ બધાંમાંથી જ એક વાત ચોક્કસ ફલિત થાય છે કે કેવળ ઇન્દ્રિઓના વિષયોથી ચાલતું શરીર એક સ્થૂળ અને ચીલાચાલુ જીવન છે. પણ તેમાં મન, બુદ્ધિ, ચિત્ત અને આત્મા ભળે છે ત્યારે તે સૂક્ષ્મ અને શરીરાતીત બને છે તેનું વૈજ્ઞાનિક કારણ છે. ઇન્દ્રિઓના સંયમ-ઇન્દ્રિઓનું કેન્દ્રીકરણ અને ઊર્ધ્વીકરણ બાહ્ય શરીરને ન માની શકાય તેવી આંતરિક ચેતના શક્તિ અને ઊર્જા આપે છે. બસ, આ ઊર્જાનો ધોધ ચમત્કારો સર્જે છે.

આ સૃષ્ટિ સદ્‌ભાગી છે. જેના પટ પર સમયાંતરે જ્ઞાન અને કર્મની વિચારણા કરનારા અથવા તેનો યથાશક્તિ સમન્વય સાધનારા મૂઠી ઊંચેરા માનવીઓ મળતા જ રહ્યા છે. જેઓ પોતપોતાના કાળમાં સમકાલીનો ઉપર જુદા જુદા પ્રભાવો પેદા કરતા હોય છે. કેટલાંક પ્રભાવો સમયાંતરે પુષ્ટ થતાં હોય છે, કેટલાંક ક્ષીણ થઈ જાય છે.

આવા સાધનાના ઉપાસક પૂજ્ય શામજીદાદાનો જન્મ કચ્છ જિલ્લામાં આવેલા આણંદસર ગામમાં થયેલ. પિતાનું નામ કાનજીભાઈ છે. કાનજીદાદાનો અભ્યાસ પાંચ (૫) ધોરણ સુધીનો છે. કચ્છમાંથી ૧૯૭૭-૭૮માં કચ્છમાંથી સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકામાં આવેલા વડાગામ મુકામે વસવાટ કર્યો. પૂજ્ય શામજીદાદાનું સાબરકાંઠા જિલ્લામાં કચ્છ કડવા પાટીદાર સમાજમાં ધાર્મિક ક્ષેત્રે આગવું પ્રદાન રહ્યું છે. તેઓ સેવાપ્રવૃત્તિ માટે જાણીતા છે. દર વર્ષે તેઓ બાલ-બાલિકાઓની શિબિરોનું આવાસીય આયોજન કરે છે. તેમાં ધાર્મિક અને આધ્યાત્મિક શિક્ષણ આપવામાં આવે છે. તેઓ સતપંથ ધર્મના ઊંડા અભ્યાસુ છે. સમાજમાં કોઈપણ સદ્‌પ્રવૃત્તિ ચાલતી હોય તેમાં

તેઓની હાજરી હોય જ. નિઃસ્વાર્થ ભાવે સેવા એ જ શામજીદાદાનો મંત્ર છે. સમગ્ર સાબરકાંઠા કચ્છ કડવા પાટીદાર સમાજના યુવાનો માટે શામજીદાદા પ્રેરણારૂપ બની રહ્યા છે.

### પ.પૂ.સંતશ્રી કાનજીબાપા

પૂજ્ય કાનજીબાપાનો જન્મ કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના જીયાપર ગામમાં સંવત ૧૯૮૦ના શ્રાવણ સુદના પ્રથમ રવિવારે થયો હતો. તેમનાં માતુશ્રીનું નામ રામુમા હતું, તેમના પિતાનું નામ વાલજીભાઈ હતું. તેઓએ પ્રાથમિક શિક્ષણ કચ્છમાં જીયાપરમાં લીધું. તેઓએ ૪ ધોરણ સુધી અભ્યાસ કરેલ. તેમના દાદા કરાંચી રહેતા હતા. તેઓ તેમની સાથે કરાંચીનો પ્રવાસ પણ કરતા, ત્યારબાદ તેમના પિતાશ્રીએ સાબરકાંઠામાં સ્થળાંતર કર્યું અને ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરાકંપામાં જમીન રાખી કાયમી વસવાટ કર્યો. અથાગ પરિશ્રમ કરીને ખેતીનો વિકાસ કર્યો, તેઓને નાટક-ભવાઈનો ખૂબ જ શોખ હતો. તેઓ દર વર્ષે નવરાત્રિમાં નાટકો ભજવતા. તેઓ સંગીતના પણ શોખીન હતા. અનેક યાત્રાધામોમાં પ્રવાસ કર્યો ત્યારથી તેમનું જીવન આધ્યાત્મિકતામાં ફેરવાયું. તે તેમનાં માતા-પિતાની ખૂબ સેવા કરતાં તેઓએ ગામના મંદિરની સેવા-પૂજા ૩૩ વર્ષ સુધી કરી. તેઓએ ગુરુ મહારાજ પાસેથી ૧૯૯૭માં દીક્ષા લીધી. તેમની આધ્યાત્મિકતાથી આકર્ષાઈને ગુરુની પરંપરામાં માનનાર આ સમાજે તેમને ગુરુ તરીકે સ્વીકાર્યા. આજે પૂજ્ય કાનજીબાપાના પાંચસો શિષ્યો છે.

શિષ્યોની ગુરુદક્ષિણા જે કંઈ આવે તે રકમ તેઓ અનેક મંદિરોમાં અને આશ્રમોમાં અર્પણ કરે છે. બાકીની મોટા ભાગની રકમ તેઓ પીરાણા મોકલી આપે છે. સમાજના મોટા કાર્યક્રમોમાં તેમજ શૈક્ષણિક સંસ્થાઓ કે સ્વૈચ્છિક સંસ્થાઓમાં તેમનો દાન પ્રવાહ આજે પણ ચાલુ છે. આમ સમગ્ર સાબરકાંઠામાં એક વંદનીય સંત તરીકેનું સ્થાન કાનજીબાપા શોભાવી રહ્યા છે. જે સમગ્ર સાબરકાંઠા જિલ્લા માટે તેમજ સમગ્ર કચ્છી પટેલ જ્ઞાતિ માટે ગૌરવની બાબત છે.

### સંતશ્રી જયરામદાસજી મહારાજ

વડીલોનું મૂળ વતન કચ્છ પ્રદેશના વિથોણ ગામે, સાંખે સુરાણી ભગત. પિતા શિવજીભાઈ, માતા નામે કાનબાઈ, તેમના વડીલો સંવત ૧૯૮૮ની સાલમાં ગુજરાત આવ્યા અને ખેતીકામ કરીને ગુજરાન ચલાવતા હતા. તેમનો જન્મ ધનસુરા તાલુકામાં સંવત ૧૯૯૩ માગસર સુદ અગિયારસને ગુરુવારના રોજ થયો. એ સમયે તેની સ્થિતિ સામાન્ય હતી. તેમનાં માતા-પિતા ધાર્મિક ભાવનાવાળા હતાં. તેમના સદ્ગુણનો જયરામદાસજીમાં આવ્યા. તેમનું મૂળ નામ જેઠાભાઈ હતું, તેમની સાત વર્ષની ઉંમરે તેના પિતાજી ખેડબ્રહ્મા લઈ આવ્યા. ત્યાં ખેતીકામ કરીને ગુજરાન ચલાવતા. સાંજ-સવાર દેવદર્શન ભક્તિભાવથી પોતાનો સમય વ્યતિત કરતા. જેઠાબાપાની દસ વર્ષની ઉંમર થઈ ત્યારે એક વર્ષે નિશાળે ભણવાનો મોકો મળ્યો અને સોળ વર્ષની ઉંમર થી ત્યારે સમાજના રીત-રિવાજ પ્રમાણે લગ્નગ્રંથિથી જોડાયા.

તેમના પિતાશ્રી સ્વધામ પધાર્યા અને પિતાની છત્રછાયા વિનાનું અટૂલું જીવન

બન્યું. તેઓ ચાર ભાઈ અને બે બહેનો સહિત તેમના માતાજીના સહારે રહીને ખેતીકામ કરી જીવન ગુજારતા. તેમનાં માતાજી બહુ જ પવિત્ર અને ભક્તિ રંગે રંગાયેલાં અને આજે સો વર્ષની ઉંમરે હયાત છે. તે સમયે તેમના માતાજીના વિચારો તેમને આકર્ષિત કરતા હતા. તેથી તેમનું મન સદાય સંસારથી ઉદાસીન રહેતું. આ બાજુના વિસ્તારમાં પૂજા, સત્સંગ, સંતોનું આગમન થાય ત્યાં રાત્રે દોડી જતા. જેથી તેમને ખૂબ જ આનંદ થતો. દિવસે ખેતી કામ કરતા અને રાત્રે વાચન. આમ કરતાં એક સમયે પ.પૂ. સંત શ્રી રામદાસ બાપુનાં દર્શન થતાં તેમનું હૃદય તથા મન ખૂબ જ આકર્ષિત બન્યું. ત્યારપછીનો સમય બદલાતો ગયો. ધાર્મિક ભાવના દૃઢ બની. દિનપ્રતિદિન ઊંડા વિચારો હૃદયને કોરી ખાતા. સમય જતાં કચ્છ પ્રદેશથી પ.પૂ.આચાર્ય શ્રી માવજીદાસ મહારાજ અચાનક પધાર્યા અને તેમની સેવાનો ખૂબ જ લાભ મળ્યો અને ધર્મગ્રંથોનો અભ્યાસ કરાવ્યો ત્યારથી મન અને હૃદય પ્રભુના કીર્તનમાં લાગી ગયું.

એક વખત ચોમાસાના દિવસો આવ્યા તે સમયે પ.પૂ.માવજીદાસ મહારાજને મળવાનો ભાવ થયો ને જેઠાબાપા કાદીયા આશ્રમે ગયા. પૂ.આચાર્યશ્રી એકલા જ સમાધિસ્થળે હતા. ત્યાં જઈને પૂ.આચાર્યને મળ્યા અને દસ દિવસ રોકાઈને પૂજ્ય આચાર્ય માવજીદાસ મહારાજની સાથે સત્સંગકાર્યો અને વિચારોની આપ-લે કરી અને પૂજ્ય આચાર્ય માવજીદાસ મહારાજના કહેવા પ્રમાણે પૂજ્ય રામદાસબાપુના સાંનિધ્યમાં ગુરુબોધ લીધો.

આમ દિવસે ખેતીકામ અને રાત્રે શાસ્ત્રોનું વાચન, પૂજા સત્સંગ થતો હોય ત્યાં જરૂરથી પહોંચી જતા આ રીતે મન ભક્તિમાર્ગે ધીરે ધીરે દૃઢ થવા લાગ્યું. પૂ.રામદાસબાપા સત્સંગ નિમિતે જ્યાં જતા ત્યાં સાથે લઈ જતા. ગુજરાતના નાનામોટા વિસ્તારોમાં કચ્છના દરેક ગામમાં કે પછી તમિલનાડુ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હરદ્વાર તેમજ ઘણાં સ્થળોએ ભાવિકજનોમાં સાથે રહીને અભ્યાસ કરાવ્યો. પૂ.રામદાસબાપા જ્યારે ચાલીસ દિવસના અનુષ્ઠાન નિમિત્તે પ્રેરણાપીઠ મુકામે જતા ત્યારે જેઠાબાપા સેવા તથા અનુષ્ઠાનમાં જોડાતા. આમ, રામદાસબાપુ તેમને બધું સમજાવતા.

તેમનું જીવન પૂજ્ય રામદાસબાપા સાથે ત્રીસ વર્ષ રહેવાનો મોકો મળ્યો, સેવાનો લાભ મળ્યો. પૂજ્ય બાપાની પાછળની અવસ્થા આવી ત્યારે જેઠાબાપાનો પરિવાર દહેગામ સ્થિત થયો. ત્યારબાદ અમીરગઢ વિસ્તારમાં પણ ખેતી અર્થે ગયેલા ત્યાંથી ખેડબ્રહ્મા આવ્યા અને રામદાસ બાપાની સેવામાં રહેવા લાગ્યા. વળી, પૂંજાભાઈના સહયોગથી દહેગામ જમીન રાખી. પરિવારને છોડીને પૂ.બાપાના સાંનિધ્યમાં રહીને સેવાનો લાભ મળે તે હેતુથી દહેગામ આવ્યા. પૂ.રામદાસબાપાની પાછળથી અવસ્થામાં જયરે દવાખાને જવાનું થતું ત્યારે પણ અમદાવાદ સાથે જતા. પૂ.રામદાસબાપાના અંતિમ દિવસોમાં પણ દોઢમાસ પહેલાં અગમ સૂચનો કર્યાં હતાં. પૂ.બાપા પોતાના દેહને અંતે છેલ્લે પ્રેરણાપીઠ પીરાણા મુકામે સમાધિ સ્થળ બનાવવા માટે તત્કાલીન પૂ.ગાદીપતિ શ્રી કરસનદાસજી મહારાજના સાંનિધ્યમાં સમાધિસ્થળની જગ્યા નક્કી કરી, જ્યાં જેઠાબાપાએ તેમના હાથે શ્રીફળ મૂક્યું હતું. અંતિમ સમયની તૈયારીની

સૂચના મળતાં સમાધિસ્થળ પૂ.બાપાનાં કપડાં, પાલખી બેરખો વગેરે કાર્યો જેઠાબાપાના હાથે જ થયા હતા. આવા મહાપુરુષનો અંત સમય આવે છે ત્યારે તેના હૃદયમાંથી સાચો ભાવ પ્રગટ થાય છે ને જેનો લાભ સેવા કરનારને જ મળે છે.

સમાધિસ્થળ તૈયાર થયું ત્યારે પવિત્ર ગુરુપૂર્ણિમાના દિવસે પર વંદનીય આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ તેમજ ઘણાબધા ભાવિકોના સાંનિધ્યમાં જ્યોત પ્રગટાવીને સમાધિ મંદિર ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ઝરમર વરસાદ પણ ચાલુ હતો, વાજતેગાજતે આ કાર્ય સંપન્ન થયું. એ સમયે પ્રેરણાપીઠ મુકામે વિશાળ ભાવિકોની ધર્મસભા પરમ વંદનીય આચાર્યશ્રી કરસનદાસજી મહારાજની હાજરીમાં તેમને મહારાજ સાથે બેસાડી સર્વાનુમતે પરમપૂજ્યશ્રી રામદાસબાપાના ઉત્તરાધિકારી તરીકે વરણી કરી, શાલ ઓઢાડીને સન્માન કર્યું અને સૌ ભાવિકોના આશીર્વાદ મળ્યા, આ જશ તેમનાં માતુશ્રીને ફાળે જાય છે.

જીવનના વિચાર વારંવાર બદલાતા ગયા. જેઠાબાપાને પણ આ સમાજના ભાવિકોમાં સત્સંગ ભાવ ફેરી કરવા જવાનાં આમંત્રણો આવતા અને તેઓ ભાવફેરીમાં જતા હતા. સમય જતાં કાદીયા અથર્વવેદી સેવા આશ્રમના આચાર્યશ્રી શિવગણદાસજી મહારાજને વિચાર આવ્યો કે આશ્રમના ધર્મપ્રચાર તેમજ સેવાના કાર્યને વધુ વેગ મળે તે માટે જો જેઠાબાપા અમારા સહાધ્યાયી બને. આવો વિચાર કરીને કચ્છના વડીલોની મિટિંગ બોલાવીને પોતાના વિચારો શ્રી શિવગણદાસજી મહારાજે સમાજના ટ્રસ્ટીઓ આગળ રજૂ કર્યા. સૌ મળીને એક પત્ર દહેગામ મોકલ્યો કે કચ્છના ભાવિકોને ભાવ છે. તમો (જેઠાબાપા) કચ્છ ખાતે આવો અને અમને ધર્મપ્રચાર કાર્યમાં સહકાર આપો એવી અમારી ભાવના છે. આ પત્ર જેઠાબાપાએ વાંચ્યો અને પરિવારના સભ્યોને ભેગા કરી બેસાડી સૌને વાત કરી અને મંજૂરી મેળવી.

સંવત ૨૦૫૮ માગસર વદ નોમના રોજ જેઠાબાપાને આશ્રમમાં ભાવિક ભક્તોની હાજરીમાં ભગવું બંધાવ્યું પછી જેઠાબાપા નામને બદલે જયરામદાસજી મહારાજ તથા શિવગણદાસજી મહારાજ હળીમળીને ધર્મપ્રચાર અને સત્સંગનું કાર્ય કરે છે.

જેઠાબાપા જ્યારે ખેડબ્રહ્મા હતા ત્યારે રામદાસબાપા સાથે અનુષ્ઠાનમાં જોડાતા. પૂજ્ય શ્રીમાન આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ ગાદીપતિએ આવ્યા ત્યારે તેઓએ ૨૨ દિવસનું અનુષ્ઠાન પ્રેરણાપીઠ ખાતે કર્યું હતું. ત્યારથી પીરાણે ગુરુપૂર્ણિમાના પ્રસંગે ૧૧ દિવસનો સત્સંગ ધ્યાનયોગ ૧૦ વર્ષ તેમની હાજરીમાં આચાર્યશ્રી કરસનદાસજી મહારાજની સદ્ભાવના અને દયાથી ખૂબ જ આનંદભેર ઊજવાતો. તે પ્રણાલિકા આજે પણ પીરાણા મુકામે ચાલુ છે.

આશ્રમમાં પરંપરાગત રીતે પવિત્ર ગુરુપુર્ણિમાના ઉત્સવ પછી ૧૧ દિવસનો સત્સંગ ધ્યાનયોગ વર્ષોથી ચાલ્યો આવે છે.

## કરમશીભાઈ (બચુભાઈ) ગોવિંદભાઈ પટેલ

વડીલોનું મૂળ વતન કચ્છ પ્રદેશના ભૂજ તાલુકામાં આવેલ આણંદસર-મંજલવાળી ગામ. સાંખે ભાવાણી. તેમના પિતા ગોવિંદભાઈ જીવરાજભાઈ ભાવાણી. માતા જમનાબહેન. તેમના પિતાજી કચ્છથી ગુજરાત આવ્યા. ૧૯૪૬માં વજેપુરાકંપા ત્યાં

ત્રણ વર્ષ નોકરી કરી. નોકરી કર્યા બાદ બે વર્ષ ભાગમાં જમીન ખેડી ત્યારબાદ હરિપુરાકંપામાં પોતાની જમીન ખેતી માટે લીધી. ૧૯૫૧માં હરિપુરાકંપા આવ્યા અને તા.૮-૧-૫૧ના રોજ તેમનો જન્મ થયો. તેઓ ત્રણ ભાઈ-બહેન છે. તેમના પિતાજીના સાત ભાઈ એટલે આમ મોટો પરિવાર છે. આમ મોટા પરિવારના કારણે વિસ્તરવા માટે હરિપુરા કંપા બે વર્ષ જમીન પોતાની ખેડ્યા બાદ વેચવી પડી અને દામાવાસકંપામાં ચાર ભાગની ખેતી રાખી એટલા માટે કે કચ્છમાંથી બીજા ત્રણ કાકા હરિપુરા આવી ગયા હતા એટલે એમનો સમાવેશ કરવા દામાવાસકંપામાં જમીન રાખી અને આખો પરિવાર દામાવાસ સ્થાયી થયો. હરિપુરાની એક ભાગની ખેતી વેચીને ચાર ભાગ કરવા હતા એટલે ખેતી લીધી. તે જંગલ લીધું અને જંગલ કાઢીને ખેતીમાં ફેરવી. તેમનાં માતા-પિતાએ ખૂબ સંઘર્ષ કર્યો. કરમશીભાઈ ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પિતાના ધંધામાં એટલે કે ખેતીમાં જોડાયા. ઘણાં વર્ષો સુધી ખેતી કરી, પરંતુ પરિસ્થિતિ માંડ ખાતા-પીતા રહ્યા. સમયમાં પરિવર્તન આવ્યું. ખેતીમાં હાઈબ્રીડ ખેતીનો સમય આવ્યો એટલે પિયત કરવા કૂવાઓ ખોદવા પડ્યા. પથી ૬ કૂવા વારાફરતી ખોદ્યા પરંતુ પાણી ન મળ્યું. એ સમય દરમિયાન ૧૯૬૯માં પ્રતાપગઢકંપામાં નિવાસી પટેલ પૂંજાભાઈ મનજીભાઈની દીકરી અમૃતબહેન સાથે તેમનાં લગ્ન થયાં. સંતાનમાં ચાર પુત્રો થયા. જેઓનો અભ્યાસ પ્રથમ દામાવાસકંપા પ્રા.શાળામાં શરૂ કરાવ્યો. એ સમયે પરિવારના ભરણપોષણની જવાબદારી તેમના માથે હતી. પિતાજીએ તેમને વહીવટ સોંપી દીધો હતો. એટલે પરિવારનું યોગ્ય ભરણપોષણ અને સંતાનોનો અભ્યાસ એ બાબતે તેઓ ખૂબ ચિંતિત હતા. તેમને અભ્યાસનો અભાવ સતાવતો હતો. એટલે પુત્રોના અભ્યાસને પ્રાથમિકતા આપી અને દામાવાસની શાળામાં અભ્યાસનું સ્તર નિમ્ન હોવાથી મોટા બે પુત્રોને સતલાસણાની બાજુમાં સુદાસણા ગામે સારા અને વધુ અભ્યાસ માટે મોકલ્યા અને નાના બે દીકરાઓને પણ ઉચ્ચ અભ્યાસ અર્થે અમદાવાદ દાખલ કર્યા. આમ પુત્રોના અભ્યાસને વ્યવસ્થિત માર્ગદર્શન કર્યા બાદ કંઈક નવીન કરવાના લોહીના ગુણે ગામમાં દૂધ મંડળીની સ્થાપના કરાવી. ત્યારબાદ તેમને તેમના માટે અભ્યાસની લાગણી જાગી અને તેના પરિણામે ગામમાં હાઈસ્કૂલ જોઈએ તેમ જણાતાં તેમને દામાવાસ કંપામાં નિર્મળ હૃદય સારસ્વત મંડળની રચના કરી હાઈસ્કૂલની માગણી કરી અને જ્ઞાનતીર્થ વિદ્યાલય નામની સ્કૂલ પણ ચાલુ કરી. જેનો તેમને આદ્યસ્થાપક રહ્યાનો અતિ આનંદ છે. આમ વિચારોની ક્રાંતિથી વ્યવસાયમાં ક્રાંતિ લાવવા માટે ખેતીના વ્યવસાયની સાથે ૧૯૮૭માં નવીન વ્યવસાય માટે નાસિક ગયા. ત્યાં ૮ રૂપિયાના રોજથી કામે લાગ્યા અને ૧ વર્ષ કૉન્ટ્રાક્ટરને ત્યાં મજૂરી કર્યા બાદ બિલ્ડરનો વ્યવસાય પસંદ કર્યો અને તેમાં ઝંપલાવ્યું.

આ વ્યવસાયમાં તેમણે એકલાનો વિચાર ન કરતાં સમાજના બીજા અનેક ભાઈઓને નાસિક લઈ ગયા અને ત્યાં બિલ્ડરના વ્યવસાયમાં લગાડ્યા. જોતજોતામાં ચૌદ ચૌદ વર્ષના વાણા વાઈ ગયા. નાસિકમાં સમય જતાં દીકરાઓએ અભ્યાસ બાદ એકે મેડિકલ લાઇનમાં પ્રવેશ મેળવ્યો. ડૉક્ટરની ડિગ્રી હાંસલ કરી હૉસ્પિટલ ખોલવાનો સમય આવ્યો.

દીકરાઓએ હૉસ્પિટલ વ્યવસાય માટે ડૉ.અમૃતભાઈ સાહેબની સલાહથી હિંમતનગર શહેર પસંદ કર્યું. જેથી હિંમતનગરમાં હૉસ્પિટલ અને મેડિકલ સ્ટોર્સનો વ્યવસાય શરૂ થયો અને નાસિકનો વ્યવસાય બંધ કરવો પડ્યો. આમ આખો પરિવાર હિંમતનગરમાં સ્થાયી થયો. એક દીકરાને અમદાવાદમાં વ્હીકલ બૅટરીની ફેક્ટરી શરૂ કરાવી આપી. પરંતુ આ બધા વચ્ચે તેઓ ૫૧ (એકાવન) વર્ષની ઉંમરે પહોંચ્યા. દીકરાઓને જે વ્યવસાય શરૂ કરાવી આપ્યા તેમાંથી દીકરાઓએ નિવૃત્તિ અપાવી.

મનુષ્ય જન્મે છે ત્યારે બે ધ્યેય લઈને જન્મે છે. (૧) કર્મધ્યેય અને (૨) જીવન કલ્યાણ ધ્યેય. તેમને તેમનો કર્મ ધ્યેય અહીંયાં પૂરો થાય છે તેમ જણાતાં આ સાથે આવેલ 'ટર્નિંગ પોઈન્ટ'ને સમજી લઈને જીવન કલ્યાણના ધ્યેય તરફ વળી જવું જોઈએ તેવું નક્કી કર્યું. જેમાં આધ્યાત્મિકતાના માર્ગે જવું કે સેવા પ્રવૃત્તિ તરફ કયો માર્ગ પસંદ કરવો તે પ્રશ્ન ઉપસ્થિત થયો. પરંતુ લોહીમાં એવા ગુણ હતા કે કદાચ આપણે યોગી તો જ થઈ શકીએ જયારે અન્યને ઉપયોગી થઈ શકીએ. તો તેને અન્યને ઉપયોગી થવાનો માર્ગ પસંદ કર્યો અને સંજોગોવશાત્ અહીં હિંમતનગરમાં ડૉક્ટર ભાઈઓ શરૂ કરેલ દર્દી ટિફિન વિતરણવ્યવસ્થા બંધ કરતા હતા જે તેમના હાથમાં લઈને પ્રવૃત્તિને વેગવંતી બનાવી અને સધ્ધર બનાવી. ત્યારબાદ જીવન જીવતા આ સમાજમાંથી અનુભવેલ પ્રસંગો અને જોયેલા દશ્ય. ગરીબ વર્ગની સ્થિતિનો થયેલ અનુભવ લઈને તેમના માટે કાંઈક કરી છૂટવું એમ નક્કી કરી કચ્છ કડવા પાટીદાર સમાજ માટે 'પાટીદાર સેવા સંઘ'ની રચના કરી અને ગામડેગામડે ફરી દુઃખી, પીડિત સમાજના ભાડભાંડુઓ માટે સેવાકીય પ્રવૃત્તિ શરૂ કરી. જે સેવાકીય પ્રવૃત્તિઓ આ પ્રમાણે છે.

- નિરાધાર માવતર સહાય.
- નિરાધાર વિધવા-ત્યક્તા સહાય.
- વિકલાંગ/અપંગ સહાય.
- તબીબી (માંદગી સારવાર) સહાય
- ગરીબ ઘરની દીકરીઓને કરિયાવર સહાય.
- જરૂરિયાતમંદ દર્દીઓ માટે ઉપયોગી સાધનો વિનામૂલ્યે વાપરવાની સુવિધા.
- સ્વમાનભેર જીવન જીવવા ઇચ્છુકને સાધનસહાય.
- અંધજન સહાય.
- મંદબુદ્ધિ વાળાને જીવનનિર્વાહમાં સહાય.
- શ્રી ઉમા માનવ સેવા મંદિર થકી સંઘના લાભાર્થીઓ માટે પ્રેમ અને વાત્સલ્યપૂર્ણ સેવા યોજના
- સંસ્થાને સ્વનિર્ભર બનાવવા લાભાર્થી ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણની વ્યવસ્થા.

## શ્રી અંબાલાલભાઈ વાલજીભાઈ પટેલ

શ્રી અંબાલાલભાઈનું જન્મસ્થળ ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકાના રાયણનોમાળ મુકામે તારીખ ૭-૬-૧૯૩૮ના રોજ માતા ધનબાઈની કૂખે જન્મ થયેલ.

પિતાજી વાલજીભાઈ ખેતીનો વ્યવસાય કરતા હોઈ બાળપણ રાયણનો માળ મુકામે વિતાવેલ. પ્રાથમિક શિક્ષણ ખેડબ્રહ્મા તાલુકાના ચાંપલપુર મુકામે ધોરણ ૧થી ૪ સુધી કરેલ. ધોરણ ૫ ઈડર મુકામે તથા ધોરણ ૬થી ૧૧ (એસ.એસ.સી.) સુધીનો ધનસુરા મુકામે અભ્યાસ કરેલ તેમજ ઉચ્ચ શિક્ષણમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજ અમદાવાદ વર્ષ ૧૯૫૯માં ઇન્ટર સાયન્સ સુધી અભ્યાસ કરેલ છે.

અભ્યાસકાળ દરમિયાન જ વર્ષ ૧૯૫૪માં શાંતાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. તેઓશ્રીના પરિવારમાં ત્રણ દીકરા (૧) કેશુભાઈ (૨) દિનેશભાઈ (૩) વસંતભાઈ તથા એક દીકરી લક્ષ્મીબહેન છે.

પિતાશ્રીનો વ્યવસાય ખેતીનો હોઈ શ્રી અંબાલાલભાઈએ પણ પોતાનો આનુવંશિક વ્યવસાય ખેતી સ્વીકારેલ. વારસામાં પિતાશ્રીના વ્યવસાયિક સંસ્કારો અને ઇન્ટર સાયન્સ સુધી મેળવેલ શિક્ષણના સમન્વયના કારણે ટેક્નોલૉજીના ઉપયોગથી આધુનિક ખેતીથી મબલખ ઉત્પાદન મેળવવા પુરુષાર્થ કરે છે તેમજ ખેતી અંગેના અનેકવિધ પ્રયોગો, ખેતી જમીનને સુધારવી, અનુકૂળ સિંચાઈ વ્યવસ્થા કરવી તથા ખેતીમાં વપરાતાં ઓજારોની વિશેષ કાળજી લેવી તે તેમના જીવનનો આદર્શ રહેલ છે.

ખેતી વ્યવસાયની સાથોસાથ જાહેર જીવનમાં લોકોને, સમાજને ઉપયોગી બનવા દઢ નિર્ધાર કરી આ ક્ષેત્રમાં ઝંપલાવ્યું. સૌપ્રથમ તાલુકા પંચાયતના સદસ્યથી શરૂઆત કરી ત્યારપછી જમીન વિકાસ બૅંક ખેડબ્રહ્મા તથા તાલુકા ખરીદ વેચાણ સંઘ લિ. ખેડબ્રહ્મામાં ઓનરરી સેક્રેટરી તથા ધી ખેડબ્રહ્મા તાલુકા જીનિંગ એન્ડ પ્રેસિંગ સોસાયટી લિ.માં ૧૭ વર્ષ સુધી ઉપપ્રમુખશ્રી તરીકે તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખેડબ્રહ્મામાં ૧૩ વર્ષ સુધી ચેરમેનશ્રી તરીકે રહી પોતાનું ઉત્તમ યોગદાન આપી તમામ સંસ્થાઓનો વિકાસ કરેલ.

બીજી તરફ શિક્ષણના વિકાસ માટે પણ સખત યોગદાન આપેલ છે. જેમાં ખેડબ્રહ્માની શ્રી કચ્છ કડવા પાટીદાર કેળવણી મંડળ-ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, વિજયનગર વિભાગના વર્ષ ૧૯૮૪થી હાલ સુધી પ્રમુખશ્રી તરીકે રહીને કન્યાકેળવણીની ઉત્તમ સંસ્થાનું નિર્માણ કરેલ છે. આ સંસ્થા સંતશ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલય, ખેડબ્રહ્મા કે.જી.થી ધોરણ ૧૨ સુધી શિક્ષણ આપે છે. ૩૫૦ દીકરીઓની છાત્ર વિભાગ માટેની ઉત્તમ સુવિધાઓ ઊભી કરેલ છે. એક ઉત્તમ સંસ્થા તરીકેની સુવાસ તાલુકા, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર સુધી પ્રસરેલ છે. આ સંસ્થાના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં રૂ.૨,૫૦,૦૦૦/-નું દાન આપી પિતાશ્રી વાલજીભાઈ હંસરાજભાઈ ધોળુ નામ જોડેલ છે.

શ્રી જ્ઞાનવિહાર એજ્યુકેશન ટ્રસ્ટ ખેડબ્રહ્માના પ્રમુખ તરીકે વર્ષ ૧૯૯૯થી તેમજ શ્રી દેવી એજ્યુકેશન ટ્રસ્ટ ખેડબ્રહ્માના પ્રમુખ તરીકે વર્ષ ૨૦૦૫થી સેવાઓ આપી રહ્યા છે. આ શૈક્ષણિક સંસ્થા સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય, ખેડબ્રહ્મામાં ધોરણ ૫ થી ૧૨ સુધી શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ છે. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ વિભાગ ચાલે છે. આ સંસ્થાને શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ

પ્રાપ્ત થયેલ છે. આ સંસ્થામાં તેઓશ્રીએ રૂ.૮,૫૦,૦૦૦/-નું માતબર દાન રાખેલ છે.

આદિવાસી વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થા આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજનું સંચાલન શ્રી અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ કરે છે. આ સંસ્થાના શુભારંભથી તેના ટ્રસ્ટી તરીકે તેમજ વર્ષ ૨૦૦૫થી આ ટ્રસ્ટના કાર્યાધ્યક્ષ તરીકેની સેવાઓ ચાલુ છે. આ સંસ્થામાં પણ તેઓશ્રીએ માતબર દાન આપેલ છે. આ ઉચ્ચશિક્ષણની સંસ્થા પણ તેમની રાહબરી નીચે ઉત્તમ સંસ્થા બની રહી છે.

સંતશ્રી નથ્થુરામબાપા સેવા આશ્રમ, વડાલીકંપા તેના પ્રમુખ તરીકે વર્ષ ૧૯૮૪થી ૨૦૦૬ સુધી સેવાઓ આપીને ઉત્તમ સ્મૃતિ મંદિરનું નિર્માણ કરેલ છે. અનેક શ્રદ્ધાળુ ભક્તિભાવથી આ સંસ્થામાં દર્શનાર્થે આવે છે.

ખેડબ્રહ્મા તાલુકાના ઇન્ટરનીયર વિસ્તારમાં આરોગ્યવિષયક સુવિધાનો પ્રશ્ન ખૂબ જ મહત્ત્વનો હતો. તેવામાં જ્ઞાન મંડળ લક્ષ્મીપુરા ગૃપ પ્રેરિત આરોગ્ય મંડળની સ્થાપના વર્ષ ૧૯૮૪માં થઈ. શરૂઆતથી આ સંસ્થામાં ટ્રસ્ટીશ્રી તરીકે રહી ત્યારબાદ માનદમંત્રીશ્રી અને અત્યારે ટ્રસ્ટના પ્રમુખશ્રી તરીકે સ્થાન શોભાવી આરોગ્ય મંડળનો અવિરત વિકાસ કરવામાં મહત્ત્વની ભૂમિકા બજાવી રહેલ છે. આરોગ્ય મંડળ દ્વારા શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ હૉસ્પિટલ-લક્ષ્મીપુરા ઉચ્ચ પ્રકારની આધુનિક સગવડો સાથે તબીબી સેવાઓ આપી રહેલ છે. આ સંસ્થામાં પણ રૂ.૧,૫૧,૦૦૦/-નું માતબર દાન આપી માતૃઋણ અદા કરી માતાશ્રીનું નામ ધનભાઈ અતિથિગૃહમાં જોડેલ છે.

ટૂંકમાં કહીએ તો ઉત્તમ સંસ્થાઓનું નિર્માણ આવા વ્યક્તિશ્રી સિવાય શક્ય બનતું નથી. તેઓશ્રી પોતે અનેક સંસ્થાઓમાં ખૂબ જ મોટી રકમનું દાન આપેલ છે. જેથી ગરીબોના બેલી એવા દાનવીર પણ ગણાવી શકાય. પોતાના ઘરે આવનાર અતિથિઓનું આદરથી સત્કાર કરી જમાડવા સુધીનો આદરભાવ કરવાનું ક્યારેય ચૂકતા નથી.

બહુ જ મહત્ત્વની વાત કરીએ તો સમય અને શિસ્ત તથા સ્વચ્છતા એ તેમના જીવનની સાચી ઓળખ ગણાવી શકાય. આપણે સૌએ પણ તેમનામાંથી શીખવા જેવું આ મહત્ત્વનું પાસું છે. શિસ્તના આગ્રહની સાથોસાથ પોતે સમય માટે એટલું જ મહત્ત્વ આપે છે. જાહેર કાર્યક્રમ હોય અથવા નાની મિટિંગ હોય તો પણ આપેલ સમયે જ કામકાજ શરૂ થાય તે ચોક્કસતા રાખે છે. સ્વચ્છતા માટે જોઈએ તો તેઓ પોતાના વ્હીકલ, ખેત-ઉપયોગી ઓજારો, મશીનો વગેરે ઘણી વાર પોતે જ સફાઈ કરતા હોઈ તેઓ જે-જે સંસ્થાઓ સાથે સંકળાયેલ છે ત્યાં બધે જ આપણને સ્વચ્છતા-સફાઈ જોવા મળે છે.

આમ, શ્રી અંબાલાલભાઈ તાલુકા પંચાયતના સદસ્યથી માંડી જાહેર જીવનની શરૂઆત કરી અત્યાર સુધી અનેક સંસ્થાઓ સાથે સંકળાઈ પોતાની વિશિષ્ટ બુદ્ધિ-બળ અને અનેકવિધ સંસ્થાઓમાં સતત દાનનો પ્રવાહ વહેવડાવી તેમજ ગરીબોના હામી અને બેલી બનીને, ભૂખ્યા-તરસ્યાની ભૂખ અને તરસ છિપાવીને માનવતાની મહેક પ્રસરાવી છે. અડગ આત્મ શ્રદ્ધા અને દૃઢ મનોબળ તેમની પ્રકૃત્તિની વિશેષતાઓ

છે. આમ તેઓએ શૈક્ષણિક ધાર્મિક, સામાજિક, તબીબી ક્ષેત્રે ઉત્તમ સેવાઓનું પ્રદાન કરીને સાચા માનવીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીને એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે ઊભરી આવ્યા છે.

## શ્રી મહેન્દ્રભાઈ કેશરભાઈ પટેલ

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કુબાધરોલ કંપામાં ૧-૬-૧૯૬૫ના રોજ શ્રી મહેન્દ્રભાઈનો જન્મ થયો. તેમના પિતાનું નામ કેસરભાઈ તેમજ તેમની માતાનું નામ નર્મદાબહેન. તેમનું પ્રાથમિક શિક્ષણ કુબાધરોલ ગામની પ્રાથમિક શાળામાં થયું હતું. ત્યારબાદ ધોરણ ૬થી ૧૦નો અભ્યાસ વડાલી શેઠ સી.જે.હાઈસ્કૂલમાં કર્યો. ધોરણ ૧૧-૧૨નું શિક્ષણ મોડાસા સર્વોદય હાઈસ્કૂલમાં કર્યું. તેમના પિતાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. બાળપણથી જ રાષ્ટ્રભાવના તેમજ સમાજ ભાવના તેમના હૃદયમાં છે સાહસિકતા તેમજ નિર્ભયતા તેમનો મુખ્ય ગુણ છે. ઈ.સ.૧૯૭૭માં તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જોડાયા. તેઓએ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં પ્રશિક્ષણરૂપે પ્રથમ વર્ષ , દ્વિતીય વર્ષ અને ૩૦ દિવસનું તૃતીય વર્ષ નાગપુર મુકામે કર્યું. તેઓ દૃઢપણે માને છે કે, રાષ્ટ્રકાર્ય સિવાય બીજું શ્રેષ્ઠ કોઈ કાર્ય નથી. તેમના આ રાષ્ટ્રીય કાર્યને ધ્યાનમાં લઈ તેઓશ્રીને જિલ્લા સહકાર્યવાહની જવાબદારી સોંપવામાં આવી છે.

કોઈ પણ સમાજની સમસ્યાઓ સામે તેઓ હંમેશાં લડવા માટે તત્પર રહે છે. કોઈ પણ કુદરતી આફત કે દુર્ઘટના બની હોય તેની મહેન્દ્રભાઈને જાણ થતાં જ તેઓ પહેલા અગ્રેસર બનતા હોય છે. સાબરકાંઠા જિલ્લાના યુવાનો મહેન્દ્રભાઈને આદર્શ માને છે. તેમને (બાપુ)ના નામે ઓળખે છે. સામાજિક પ્રવૃત્તિની સાથે સાથે સહકારી સંસ્થાઓમાં પણ તેઓ સક્રિય રહ્યાં છે. ભારતીય કિસાન સંઘની પ્રવૃત્તિ સાથે પણ જોડાયેલા છે. માત્ર પોતાના સમાજનું હિત નહીં, પરંતુ સમગ્ર સમાજનો સર્વાંગીણ વિકાસ થાય તેવું ઇચ્છે છે.

સમાજકાર્યમાં વધુમાં વધુ સમય કેવી રીતે અપાય તેવું જો શીખવું હોય તો મહેન્દ્રભાઈ પાસે જ શિખાય. રમતગમત ક્ષેત્રે પણ તેઓ સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ હરોળમાં રહ્યા છે. આમ, સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજના યુવાનો માટે મહેન્દ્રભાઈ પ્રેરણારૂપ બની રહ્યા છે.

## શ્રી રતનશીભાઈ ખેતાભાઈ પટેલ

પટેલ રતનશીભાઈનો જન્મ ૧૮-૦૧-૧૯૪૩ ના રોજ સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના મોતીપુરા મુકામે થયો. તેમના પિતાનું નામ ખેતાભાઈ હિરજીભાઈ. તેઓશ્રીનો પરિવાર મોતીપુરાથી સ્થળાંતર કરીને ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા કંપામાં આવીને વસવાટ કર્યો. બાળપણથી જ વાચનનો વિશેષ શોખ હતો. કુટુંબની આધ્યાત્મિકતા તેમનામાં ઊતરી હતી. તેમના લગ્ન બાયડ તાલુકાના ધરમેડાકંપાનાં અમૃતબહેન સાથે થયા. તેમને ત્રણ સંતાનો છે, તેઓએ B.Sc., B.Ed. સુધીનો અભ્યાસ કર્યો છે. અભ્યાસ પૂરો કરીને લક્ષ્મીપુરાની માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે પસંદ થયા હતા.

ત્યારબાદ ૧૮૮૯થી ૨૦૦૧ સુધી દામાવાસકંપાની હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે ફરજ બજાવી હતી.

તેઓ ધાર્મિક, આધ્યાત્મિક પ્રવૃત્તિઓ, સામાજિક કાર્યો વગેરે સાથે સંકળાયેલા છે. ૧૯૯૨થી ૨૦૦૯ સુધી તેઓ પ્રેરણાપીઠ પીરાણાના ટ્રસ્ટી તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. ૧૯૭૩માં યુવા આંદોલન તેમજ સામાજિક જાગૃતિમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. સાબરકાંઠા જિલ્લાના જાગૃતિ યુવક મંડળના સ્થાપક તરીકેની તેમની ભૂમિકા રહી છે. શિક્ષણનો વિકાસ તેમજ કન્યા-કેળવણી માટે તેઓ હંમેશાં સમાજમાં તત્પર રહે છે. તેમનો ધ્યેય ધર્મની સાચી સમજ સમાજને આપવી તેમજ સમાજનો સર્વાંગીણ વિકાસ કરવો તે જ રહ્યું છે.

સાબરકાંઠા જિલ્લાના મોટા ભાગના કંપાઓમાં તેમનાં અનેક વ્યાખ્યાનો યોજાય છે. સામાજિક જાગૃતિ એ જ એમનું લક્ષ્ય રહ્યું છે. આમ, રતનશીભાઈનું સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજ માટે મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

## શ્રી સુરેશભાઈ સવજીભાઈ પટેલ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના તાંદલિયાકંપામાં તા.૫-૭-૧૯૬૭ના રોજ સુરેશભાઈનો જન્મ થયો. તેમના પિતાનું નામ સવજીભાઈ છે. તેમને શિક્ષણ M.Sc., B.Ed. સુધી પૂરું કર્યું છે. વર્તમાનમાં તેઓ શ્રી જ્યોતિ વિદ્યાલય ખેડબ્રહ્મામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેઓ શિષ્ટ વાચન, ક્રિકેટ, નાટક, વકતૃત્વ જેવી કળાઓમાં પારંગત છે. તેઓ શ્રી અરવલ્લી પ્રદેશ યુવા સંઘમાં પ્રમુખ તરીકે સેવાઓ બજાવે છે. તેમજ શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ ઉત્તર ગુજરાત ઝોનના પ્રમુખ તરીકે સેવાઓ બજાવે છે. તેમજ સતપંથ પ્રકાશન સમિતિ પ્રેરણાપીઠ પીરાણાના સક્રિય સભ્ય તેમજ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન ટ્રસ્ટ પીરાણા શિક્ષણ સમિતિના સભ્ય તરીકે સેવાઓ બજાવે છે. શિક્ષણકાર્યની સાથે સાથે તેઓ શ્રી આધ્યાત્મિક જ્ઞાન પણ ધરાવે છે. સામાજિક ઉત્થાનમાં તેઓશ્રીનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. સમગ્ર કચ્છી પટેલ સમાજમાં તેમને કોઈ ભાગ્યે જ નહીં ઓળખતું હોય. સારા વક્તાઓમાં જેમનું નામ પ્રથમ હરોળમાં છે. તેઓશ્રી સામાજિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં હંમેશા પ્રથમ હરોળનું સ્થાન ધરાવે છે. આમ, સુરેશભાઈ સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ માટે પ્રેરણારૂપ બની રહ્યા છે.

## શ્રી હરિભાઈ ખીમજીભાઈ પટેલ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગોતાકંપા મુકામે તા. ૨૧-૧૧-૧૯૫૯ના રોજ શ્રી હરિભાઈનો જન્મ થયો. તેમના પિતાનું નામ ખીમજીભાઈ અને માતાનું નામ દેવકીબહેન છે. તેઓ ચાર ભાઈઓ અને એક બહેન છે. આર્થિક પરિસ્થિતિ મધ્યમ હતી. વડાલી શેઠ સી.જે. હાઈસ્કૂલમાં ૧૧ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને લીધે અભ્યાસ અધૂરો મૂકી નાસિકમાં કડિયાકામ માટે ગયા. હરિભાઈમાં સેવાનો ભાવ હંમેશાં તેના સ્વભાવમાં રહેતો. નાસિક છોડીને તેઓ ઘરે પરત આવ્યા તે દરમિયાન ઈડરની બાજુમાં આવેલ માથાસુરમાં ચાલતી માતંગી માનવ

સેવા સંસ્થામાં જોડાયા. આ સંસ્થામાં ૨ વર્ષ કામગીરી બજાવી. આ સમય દરમ્યાન અપંગ ભાઈઓને પાસ કઢાવી આપવા. ટ્રાઈસિકલ અપાવી, બહેરા માટે સાંભળવાના મશીન અપાવવા તેમજ સરકાર તરફથી મળતી સહાય અપાવવી વગેરે સેવાઓ ચાલુ કરી. આ દરમ્યાન તેમના મનમાં વિચાર આવ્યો કે ખેડબ્રહ્મા તાલુકામાં ખૂબ હૉસ્પિટલો આવેલી છે. તો બીમાર દર્દીઓનો નિઃશુલ્ક ટિફિન વ્યવસ્થા પૂરી પાડવામાં આવે તો ખૂબ મોટી સેવા થઈ શકે તેમ છે. તેથી તેઓએ ૬-૧૨-૨૦૦૪ ના રોજ ખેડબ્રહ્મામાં શ્રી અન્નપૂર્ણા અન્નક્ષેત્રની શરૂઆત કરી. આ સંસ્થા આજે પણ ૧૨ હૉસ્પિટલોમાં દર્દીઓને ટિફિન પહોંચાડે છે. આમ, દરરોજ ૧૨૫ દર્દીઓ આ ટિફિનસેવાનો લાભ લે છે.

આ ઉપરાંત હરિભાઈને બીજો એ વિચાર આવ્યો કે માણસ તો કદાચ પોતાનું કરી લેશે. પરંતુ બિચારા મૂંગાં પશુ-પંખીઓનું શું ? માટે જ તેઓશ્રીએ ગામડે ગામડે ફરીને સત્સંગ કરીને પંખીજલ પાત્ર, કીડી આહાર, શ્વાનપાત્ર વગેરે વિના મૂલ્યે ઘરદીઠ આપવાનું શરૂ કર્યું. અત્યાર સુધીમાં ૬૦ જેટલાં ગામોમાં આ સેવા ચાલુ કરવામાં આવી. આ ઉપરાંત ઈડરમાં ૭ દિવસની રામકથાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૧૦૦૦ જેટલાં પશુ-પંખીઓના આહારપાત્રો આપ્યા. આની સાથે સાથે તેઓશ્રીએ યુવાનોમાં જાગૃતિ, વ્યસનમુક્તિ, કન્યાકેળવણી, સ્ત્રીભ્રૂણ હત્યા, નિરાધરોને દાન વગેરે સેવાઓ આરંભી. આજે આ સેવાઓને સમગ્ર સમાજ આવકારે છે.

આમ, સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજના હરિભાઈની સેવા સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ માટે વંદનીય બની રહી છે. તેમની સેવાને બિરદાવીને લોકો અઢળક દાન પણ આપે છે.

## શ્રી બાબુભાઈ ખેતાભાઈ પટેલ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દેલવાડાકંપામાં ૨૭-૫-૧૯૬૩માં જન્મ થયો. પિતાનું નામ ખેતાભાઈ. તેમને પ્રાથમિક શિક્ષણ દેલવાડાકંપાની પ્રાથમિક શાળામાં લીધેલ. ત્યારબાદ ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાનગર તેમજ અમદાવાદ ગયેલ. ત્યાં રહીને બી.કોમ અને એલએલ.બી.નો અભ્યાસ પૂરો કર્યો. અભ્યાસ પૂરો કર્યા બાદ પિતાજીના વ્યવસાયમાં ખેતી સાથે જોડાયા. ડિસેમ્બર ૧૯૮૫માં કંપામાં જિલ્લામાં ડી.એસ.પી. કચેરી દ્વારા ગ્રામ રક્ષક દળની તાલીમ યોજાઈ જેમાં ગામના યુવાનો સાથે જોડાયા તેવામાં જ ભારતીય કિસાન સંઘ નામનું એક સંગઠન ખેડૂતોના પ્રશ્નો માટે કાર્યરત છે, તેવું તેઓશ્રીએ જાણ્યું અને તેઓ હૈદ્રાબાદ ખાતે દ્વિતીય રાષ્ટ્રીય અધિવેશનમાં સૌપ્રથમ ગુજરાતમાંથી ૧૦૦ જેટલા પ્રતિનિધિઓની સાથે જોડાયા અને ત્યારથી જ ભારતીય કિસાન સંઘ નામના સંગઠનની કાર્ય પદ્ધતિથી તેઓ પ્રભાવિત થયા. ટૂંકા જ ગાળામાં તેમની સાબરકાંઠા જિલ્લાના કિસાન સંઘના મંત્રી તરીકેની જવાબદારી સોંપાઈ. ત્યારબાદ સમગ્ર ગુજરાતમાં કિસાનોના પ્રશ્નોને વાચા આપતું સાપ્તાહિક 'કિસાન સંદેશ'ના સહતંત્રી તરીકે જવાબદારી સોંપાઈ, આજે પણ તે કાર્યરત છે. ત્યારબાદ ગુજરાત રાજ્યના કૃષિ વિભાગમાં પણ સલાહકારા સમિતિના સભ્ય તરીકેની તેમની નિમણૂક થઈ. તેમણે ખેડૂતોના પ્રશ્નોને ધ્યાનમાં રાખી ઇઝરાયલ, ઈજિપ્ત, કુવૈત,

નેપાળ જેવા દેશોમાં પ્રવાસ કર્યો. વર્તમાનમાં સમગ્ર ગુજરાતમાં બાબુભાઈને કોઈ ના ઓળખતું હોય તેવું બને તેમ નથી. વર્તમાનમાં ભારતીય કિસાન સંઘ સમગ્ર ગુજરાત પ્રદેશ સહપ્રાંત મહામંત્રી તરીકેની તેની જવાબદારી નિભાવી રહ્યા છે. જે સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજનું એ એક ગૌરવ છે.

આ સર્વે વિકાસયાત્રાનો યશ તેમના પિતાશ્રીએ આપેલા સંસ્કારોને ફાળે જાય છે. કચ્છમાંથી સાબરકાંઠામાં આવ્યા અને ઉચ્ચ જીવન આદર્શ અને ધર્મ-નીતિ, સદાચાર જેવા પવિત્ર સંસ્કાર સાથે અથાગ-કઠોર પરિશ્રમ દ્વારા શૂન્યમાંથી સર્જન કર્યું. એ યશસ્વી સમાજ પરિવારની વિકાસ ગાથાનો ઈતિહાસ એ જ વડીલોની કઠોર સાધના-તપના પરિણામે આજે સમાજ સર્વત્ર અન્ય સમાજના કરતાં મોખરે છે.

**પાદનોંધ :**

૧. 'ભક્તિધારા' બ્રહ્મલીન સંત શ્રી નથ્થુરામબાપાનું જીવન ચરિત્ર પૃ.૫
૨. એજન, પૃ.૬
૩. વારિયજ્ઞ એટલે કચ્છ કડવા પાટીદાર સમાજમાં થતી મહાપૂજા
૪. ડૉ.દીપક રાવલ, બ્રહ્મનિષ્ઠ પૂજ્યપાદ સંતશ્રી રામદાસબાપુ
૫. એજન. પૃ.૪૧
૬. સતપંથ જ્યોત (સામયિક) જાન્યુઆરી-૨૦૦૩ પૃ.૧૨
૭. તા. ૨૮-૮-૨૦૦૯ના રોજ શ્રી તુલસીબાપાની રૂબરૂ મુલાકાત દરમિયાન મળેલી વિગત
૮. તા.૨૭-૧-૨૦૧૦ દરમિયાન અરજણબાપાના દીકરા પરષોત્તમભાઈ પાસેથી જાણવા મળેલ વિગત

# ઉપસંહાર

ઇતિહાસમાં માનવકેન્દ્ર સ્થાને છે. માનવ વગરનો ઇતિહાસ ધડ વિનાના શરીર જેવો છે. ઇતિહાસમાં ત્રણ મુખ્ય અંગો અત્યંત જરૂરી આવશ્યક છે. સમય, સ્થળ અને વ્યક્તિ કે સમાજ. આ ત્રણે તત્ત્વોને પોતીકું અલગ અસ્તિત્વ છે. તેમ છતાં એક બીજા વિના અધૂરા છે. ત્રણેયમાંથી એકેયની ગેરહાજરીથી ઇતિહાસનું અસ્તિત્વ જોખમાય છે અથવા ઇતિહાસ લેખન અસંભવિત બને છે. ઇતિહાસ એ સમાજ વચ્ચે જીવતા માનવીનાં સારાં-નરસાં કાર્યોની યશોગાથા છે. સારાં કાર્યોની સિદ્ધિઓરૂપે દર્શાવવામાં આવે છે. જ્યારે હલકા કાર્યોને તેની અધોગતિની કથા તરીકે આલેખવામાં આવે છે. અહીં આપણે સાબરકાંઠા જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજનું અધ્યયન જેવા અજાણ્યા પાસાને રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

અરવલ્લીની ગિરિમાળાઓથી શોભતા વિસ્તારને આપણે સાબરકાંઠા તરીકે ઓળખીએ છીએ. પ્રાચીન કાળથી આ જિલ્લાનું અનેરું મહત્ત્વ રહ્યું છે. આ જિલ્લો પુરાણકાળમાં 'બ્રહ્મખેટક' નામથી ઓળખાતો હતો. ઈશુની આઠમી સદીમાં વલ્લભીનગરનું પતન થતાં આ વિસ્તારમાં રાજપૂત સત્તા અસ્તિત્વમાં આવી અને તે મહીકાંઠા તરીકે ઓળખાતો હતો. સાબરકાંઠા ઈ.સ. ૧૮૬૭ સુધી એક પરગણા તરીકે ઓળખાતો હતો. ૧૮૬૭ની આસપાસ તેનું નામ 'સાબરકાંઠા' પડ્યું હોવાનું મનાય છે. આ જિલ્લામાં અનેક તીર્થધામો, અનેક ઐતિહાસિક સ્થળો આવેલાં છે. આમ, સાંસ્કૃતિક દૃષ્ટિએ આ જિલ્લામાં ખૂબ મહત્ત્વ રહેલું છે.

આ સાબરકાંઠા જિલ્લામાં અનેક તાલુકાઓમાં કણબીઓએ વસવાટ કર્યો છે. આ સમગ્ર કણબી સમાજમાં કચ્છમાંથી આવેલ કચ્છ કડવા પાટીદાર સમાજનું પણ આગવું સ્થાન રહેલું છે. સમગ્ર સમાજોમાં કચ્છ કડવા પાટીદાર સમાજ ઉદાહરણરૂપ બન્યો છે. આ સમાજના લોકોનું જીવન અન્ય સમાજના લોકો માટે પ્રેરણારૂપ બની રહ્યું છે. આ સમાજના મૂળ પૂર્વજો કચ્છમાં રહેતા હતા પરંતુ કચ્છમાં પડતા દુષ્કાળ તેમજ સુરક્ષા ન હોવાના કારણે આ સમાજના પૂર્વજોએ સ્થળાંતર કર્યું અને સાબરકાંઠા જિલ્લામાં આવીને વસવાટ શરૂ કર્યો. આ જિલ્લામાં આવ્યા ત્યારે ત્યાંના સ્થાનિક ખેડૂતોની સાથે ભાગરૂપે ખેતી કરવાનું શરૂ કર્યું. ખેતીની સૂઝબૂઝના કારણે જે કંઈ કમાણી પ્રાપ્ત થઈ તેનાથી પોતાની જમીનો ખરીદી અને સારું ઉત્પાદન મેળવવા લાગ્યા.

સમયાંતરે વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના કારણે ખેતી ક્ષેત્રે ક્રાંતિ આવી. તેમાં આ સમાજે ખૂબ પ્રગતિ કરી. ખેતીમાંથી કમાણી કરીને તેનાં સંતાનોને બિલ્ડર લાઈનમાં મોકલતા થયાં. આજેય ભારતભરમાં કોઈ એવું શહેર નહીં હોય જ્યાં સાબરકાંઠા જિલ્લાના કચ્છી કડવા પાટીદારો ન હોય.

આજેય સાંપ્રત સમયમાં મોટા ભાગના પરિવારો શહેરોમાં સ્થાયી થયા છે અને આર્થિક રીતે વિકાસ કર્યો છે. તે આ સમાજની વિકાસગાથા દર્શાવે છે. માત્ર આર્થિક રીતે નહીં પરંતુ સામાજિક અને ધાર્મિક રીતે પણ આ સમાજ અન્ય સમાજો માટે આદર્શ બની રહ્યો છે. આ જિલ્લાના લોકોની સમાજભાવના, ધર્મભાવના તેમના વડીલોએ આપેલા સંસ્કારોને આધારે ટકી રહી છે. આ સમાજના રીતરિવાજો ભાવનાસભર અને અર્થસભર જોવા મળે છે. આની સાથે સાથે ધાર્મિકભાવના જોઈએ તો આ સમાજના વડીલોએ ત્રિકાળસંધ્યા નહીં પરંતુ ચાર-ચાર સંધ્યાઓ સમાજના યુવાનોને ભેટ આપી છે. વર્ષભર દરમિયાન વિવિધ ઉત્સવોનું આયોજન, વિવિધ સંઘોનું આયોજન એ આ સમાજની ધાર્મિક ભાવના છતી કરે છે.

શૈક્ષણિક ક્ષેત્રે પણ આ સમાજ હરણફાળ પ્રગતિ કરી રહ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં આ સમાજની અનેક શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. આ સંસ્થાઓ સમગ્ર સાબરકાંઠા જિલ્લાની અન્ય શૈક્ષણિક સંસ્થઆઓમાં અગ્રેસર ગણાતી સંસ્થાઓ છે. દરેક સમાજનાં બાળકો આ સંસ્થાઓમાં અભ્યાસ કરે છે. 'સંસ્કાર સાથે શિક્ષણ' સંસ્થાઓનો ધ્યેય મંત્ર છે. આ સંસ્થાઓમાં દરેક પ્રકારનું શિક્ષણ મળી રહે છે. આ સંસ્થાઓમાં અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓ પણ અભ્યાસાર્થે આવે છે. આ સંસ્થાઓનાં ભવનો નવી ટેક્નૉલૉજીથી સજ્જ છે. વિદ્યાર્થીઓને શાંતિપૂર્ણ શિક્ષણ મળી રહે તેની સંપૂર્ણ તકેદારી આ જિલ્લાના કેળવણીકારો દ્વારા રાખવામાં આવે છે.

કોઈપણ સમાજ કે કોઈપણ સંસ્થાના વિકાસમાં સમાજનું યોગદાન ખૂબ આવશ્યક બને છે. સમાજ દ્વારા ચાલતી સંસ્થાઓનું નિયંત્રણ ખૂબ સારી રીતે થઈ શકે છે. સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજમાં સાબરકાંઠા જિલ્લો સંતો અને કેળવણીકારો આપવામાં અગ્રેસર રહ્યો છે. આ જિલ્લામાં અનેક સમાજસુધારકો અને કેળવણીકારોએ આ સમાજને દરેક ક્ષેત્રે પ્રગતિ અપાવી છે. સમાજનો વિકાસ કઈ રીતે થાય આ વિચારને કેન્દ્રમાં રાખીને આ જિલ્લાના સમાજસુધારકો પ્રયત્નશીલ છે. આ જિલ્લાના સંતોને સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ ગુરુતુલ્ય માને છે. આ સંતોનું શિષ્યમંડળ પણ આખા વિશ્વભરમાં ફેલાયેલું છે. આવા સમાજસુધારકો દ્વારા દરવર્ષે મહાપૂજાઓ, સત્સંગો, ધાર્મિક વ્યાખ્યાનોનું આયોજન થાય છે. આમ આ જિલ્લાના સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજના વિકાસ માટે સમાજના સુધારકોનું આગવું પ્રદાન જોવા મળે છે.

આમ, સાબરકાંઠા જિલ્લાનો કચ્છ કડવા પાટીદાર સમાજ સામાજિક, આર્થિક, ધાર્મિક, શૈક્ષણિક તેમજ રાજકીય ક્ષેત્રે પણ અગ્રેસર રહ્યો છે. આ જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સમાજના લોકોની પ્રગતિ અન્ય સમાજો માટે આંખે ઊડીને વળગે તેવી છે. આમ, આ સમાજ વિશ્વના સમાજોમાં આગવું સ્થાન ધરાવે છે.

# પરિશિષ્ટ

## કણબીને લગતી કહેવતો

કણબીને ગમે તેના વિના ચાલશે પણ કણબી વિના કોઈને ચાલવાનું નથી.

૧. કણબી પાછળ કરોડ, કણબી કોઈને કેડે નહીં.

૨. જ્યાં વરસાદનું ગાજણું, ત્યાં કણબીનું પાદર

૩. ચોર ખાય, મોર ખાય, ઢોર ખાય, વધે તે કણબી લઈ જાય.

૪. ખેડ, ખાતર ને પાણી, લાવે કર્મને તાણી

૫. વાવે કણ, લાવે મણ.

૬. બાવનિયા ધરાનાં પાણી આવ્યાં રામ.

## પહેલાનો અને આજનો કણબી :

ઉનાળાની ધગમગતી માટીમાં ઊભેલો ગરમ ગરમ પવનમાં શેકાતો કણબી આજે આલીશાન ઑફિસમાં મખમલના ગાલીચામાં ચાલતો અને એરકન્ડિશનના ઠંડા ઠંડા પવનમાં બેસતો થઈ ગયો છે. ઉનાળાના તાપમાં, શિયાળાની ટાઢમાં કે ચોમાસામાં બળદના પૂંછડા આંબળતો કણબી આજે ઇમ્પોર્ટેડ એ.સી. ગાડીઓ અને ઇમ્પોર્ટેડ મશીનોની સ્વિચો આમળે છે. કાચાં-પાકાં માટીના ખોરડામાં રહેનારો કણબી આજે કરોડોના આલીશાન ભવ્ય મકાનોમાં રહે છે. કણબીઓની આ સમૃદ્ધિ તેમના અથાગ પરિશ્રમનું પરિણામ છે.

ધરતી સાથે બાથ ભીડી કણમાંથી મણ પેદા કરનારી આ જ્ઞાતિ મૂળભૂત રીતે ખૂબ જ મહેનતુ છે. ખેતી અને પશુપાલનને કારણે કોઈપણ કામ કરવામાં શરમ ન હતી.

આપણા દેશની સમૃદ્ધિના પાયામાં ખેતી દ્વારા થતું ઉત્પાદન હતું ને છે. એટલે કણબીઓ દેશની આર્થિક ધમનીઓ છે. આ જ્ઞાતિ સ્વાવલંબી જ્ઞાતિ છે અને સ્વાવલંબી હોવાને કારણે સ્વમાન અને ખુમારી એના સ્વભાવમાં સ્વાભાવિક રીતે આવી ગયા છે. કણબી પાછળ કોડ (કરોડ) કણબી કોઈની કેડે નહિ એ કહેવતમાં આ વાતનું પ્રતિબિંબ પડે છે.

## સાબરકાંઠા જિલ્લાના કચ્છી-કડવા પાટીદારોના ગોત્ર અને શાખ

| ક્રમ | મૂળ શાખા | પેટા શાખા | ગોત્ર |
|---|---|---|---|
| ૧. | રૂસાત | દડગા | કાર્તિક |
| ૨. | માંડતોલ | લીંબાણી, આણદાણી | ભૃગુઋષિ |
| ૩. | ભેમા | રામજીયાણી | પમદંગની |
| ૪. | ડાકોતર | સેંઘાણી | અગસ્ત્યઋષિ |
| ૫. | મુંજાત | વેલાણી | અસિતઋષિ |
| ૬. | ગામી | રામાણી, રવાણી, સેંધાણી, વાલાણી, ધનાણી, દાનાણી, નાથાણી, રૂમાણી, ભોજાણી, મેપાણી, વાલજીઆણી ડોસાણી, સુરાણી, છભાંણી, ક્રમણી, તેજાણી, પદ્માણી | વશિષ્ટઋષિ |
| ૭. | વિજાયત | કચ્છમાં નથી | અંગરીસઋષિ |
| ૮. | ગોઠી | માકાણી | અર્પમા/સર્પમાં |
| ૯. | મોખાત | નાકરાણા, જાદવાણી, અખીયાણી, સોમજીયાણી, મેઘાણી, પાંચાણી, માનાણી | ભારદ્વાજઋષિ |
| ૧૦. | ફોક | કચ્છમાં નથી | દિવક્ષઋષિ |
| ૧૧. | અમૃતિયા | રંગાણી | શૌનકઋષિ |
| ૧૨. | ટીલાત | માવાણી, લાલાણી, સવાણી, મેપાણી, બુંદકિયા | સૌભરીઋષિ |
| ૧૩. | મૃગલા | કચ્છમાં નથી | કર્વાસઋષિ |
| ૧૪. | ભૂત | કચ્છમાં નથી | પુલહઋષિ |
| ૧૫. | કડવાતર | (ચીકાણી) | રોમેશઋષિ |
| ૧૬. | પહાણ | ઠાકરાણી | દધીચિઋષિ |
| ૧૭. | ભુવા | સુરાલી (ભગત), પદ્માણી, ભોજાણી, રતનાણી, નાથાણી, સોમાણી, મેપાણી, વાલાણી, સેંઘાણી, સુરાણી, ખેતાણી | કશ્યપઋષિ |
| ૧૮. | ચેચાટ | કચ્છમાં નથી | વેદાસીરાઋષિ |
| ૧૯. | જુવાતર | જબવાણી, વાગડિયા | ત્વષ્ઠાઋષિ |
| ૨૦. | સોરઠા | કચ્છમાં નથી | પતંજલિઋષિ |

| | | | |
|---|---|---|---|
| ૨૧. | લારી | (વાડિયા) | ઉતંગઋષિ |
| ૨૨. | લાકોઠા | કચ્છમાં નથી | શ્રુતદેવઋષિ |
| ૨૩. | ગોગડા | (ગોરાણી), માનફુવાઈ, હળપાણી, રાવરાણી, ડોસાણી | યવરવઋષિ |
| ૨૪. | સાકરિયા | (મૈયાત), વાસણી, ભાદાણી, રવાણી | શ્રૃંગીઋષિ |
| ૨૫. | મજીઠિયા | (ગોગારી) | માર્કંડઋષિ |
| ૨૬. | મનવર | (સાંખલા), પ્રેમજીયાણી | દેવલઋષિ |
| ૨૭. | કતવર | કચ્છમાં નથી | આંસુરીઋષિ |
| ૨૮. | દાણી | (ભાવાણી) | સાંડિલ્યઋષિ |
| ૨૯. | ચેણિયા | કચ્છમાં નથી | ગાલવઋષિ |
| ૩૦. | ચપલા | કચ્છમાં નથી | આમ્પાન્તરમઋષિ |
| ૩૧. | હોતી | (ચૌધરી) | વાલ્મીકિઋષિ |
| ૩૨. | હરણિયા | કચ્છમાં નથી | બોધ્યઋષિ |
| ૩૩. | ચપેલિયા | (પજવાણી) | માર્તંડઋષિ |
| ૩૪. | શેઠિયા | (ભીમાણી), પરવાડિયા | પુલત્સ્યઋષિ |
| ૩૫. | લહુઓટ | (ભગત) | રૂચિકઋષિ |
| ૩૬. | કલારા | કચ્છમાં નથી | હિરણ્યલાભઋષિ |
| ૩૭. | કાળપૂછા | કચ્છમાં નથી | કૌશલ્યઋષિ |
| ૩૮. | વગદા | કચ્છમાં નથી | યજ્ઞવલ્ક્યઋષિ |
| ૩૯. | ગોદાળ | (ચૌહાણ) | કૌશિકઋષિ |
| ૪૦. | શીરવી | (રૂડાણી), પાંચાણી, ડાહ્યાણી, મઘાણી, સવજીયાણી, વરતાણી | ચ્યવનઋષિ |
| ૪૧. | એ-ભક્કા | (પારસિયા) | કપિલઋષિ |
| ૪૨. | કુવિરા | કચ્છમાં નથી | કૃપાચાર્યઋષિ |
| ૪૩. | ઢાન-ટોડવા | કચ્છમાં નથી | કરણ્યઋષિ |
| ૪૪. | ઢાંકણિયા | કચ્છમાં નથી | જાતુકર્ણ્યઋષિ |
| ૪૫. | કર્ણાવત | (ઉકાણી), ભોજાણી, ખીમાણી, લાખાણી, | મૈત્રીયઋષિ |
| ૪૬. | ધોળું | નરસીંગાણી | પીપલાદઋષિ |
| ૪૭. | દિવાણી | (ખેતાણી, નાથાણી), કાનાણી, કાનજીઆણી | ગૌતમઋષિ |

| | | | |
|---|---|---|---|
| ૪૮. | ઢેકાળ | કચ્છમાં નથી | આદિના-આદિત્યઋષિ |
| ૪૯. | પોકાર | (બાથાણી), નરસીંગાણી, સેંઘાણી, પેયાણી, સુરાણી, લાખાણી, દાનાણી, લધાણી, ભીમાણી, ધનાણી, સાંગાણી, કેશરાણી, ઉદેડાઈ, સામાણી, વડવાણી, ઉકેડાઈ, રતનાણી અજેરિયા, ગાંગાણી | અત્રિઋષિ |
| ૫૦. | ચોપડા | | કતુઋષિ |
| ૫૧. | કોજર | કચ્છમાં નથી | મીતદેવઋષિ |
| ૫૨. | માંડવિયા | (પારેખ, છાભૈયા), કેશરાણી | અંગીરાઋષિ |

## કચ્છ કડવા પાટીદાર સમાજમાં ગવાતાં લગ્નગીતો

**સામત્રા :**

★ કંકુ છાંટી કંકોતરી મોકલો રે,
મોકલો મોકલો ઊંઝા શહેર ધામે,
ઉમિયામાં વેલાં આવજો રે.
બીજી કંકોતરી બેનલબાને મોકલો રે,
મોકલો મોકલો વડાલી ગામ-બેનલબા વેલા આવજો.

★ સીતાજીનો ચીત રે ફરજો બાજોટિયો
રામે ઘડિયો લક્ષ્મણે ઝડિયો
સીતાજીનો ચીત રે ફરતો બાજોટિયો
ઈરે બાજોટિયે કોણ કોણ બેસશે
ઈરે બાજોટિયે કીયો વીરો બેસશે
સીતાજીનો ચીત રે ફરતો બાજોટિયો

★ સવાલાખે બંગલીઓ ચણાવ્યો રે
અઢી લાખે બંગલીઓ ચીતરાયો રે
ઈરે બંગલે કીયો દાદો સાજન બેઠા રે.
ઈરે બંગલે અંબાલાલ દાદો સાજન બેઠા રે
બેઠે બેઠે લગનીયાં લખાય રે.

**ગણેશ સ્થાપના :**

★ બત્રીસ કરોડી દેવ ભલે રે પધાર્યા
બત્રીસ કરોડી દેવ સીમડીયે આયા

ગોવાળિયે રાખ્યા એના માન રે ગણેશદેવ
ભલે રે પધાર્યા.

બત્રીસ કરોડી દેવ સરોવરે આવ્યા
પનિહારીએ રાખ્યા એના માન રે કરોડીદેવ
ભલે રે પધાર્યા

બત્રીસ કરોડી દેવ ગણેશ પધાર્યા
કીયા ભાઈએ રાખ્યા એનાં માન રે કરોડી દેવ
ભલે રે પધાર્યા.

**માંડવા મુહૂર્ત :**

★ નાણાવટી રે સાજન બેઠું માંડવે
લાખોપતિ રે સાજન બેઠું માંડવે
જેવા રેશમના સાફા એવા મારા કઈ બેનના બાપા.
નાણાવટી રે સાજન બેઠું માંડવે.
જેવી પોલિસ્ટરની સાડી એવી મારી બેનલ બેનની માડી
નાણાવટી રે સાજન બેઠું માંડવે.
જેવી રેશમ માયલા તાકા એવા મારા બેનલબેનના કાકા
નાણાવટી રે સાજન બેઠું માંડવે.
જેવી મોટર બોક્સની ટાંકી એવી મારા બેનલ બેનની કાકી
નાણાવટી રે સાજન બેઠું માંડવે.

★ સહી સહી રે સોના સોગઠિયા
બેનને માંડવે બાંધ્યા ઝૂમખડા
ઝૂમખડા તો બહુ જળકે છે.
સામા બેઠા કીયા દાદા મલકે છે.
તમે આવડા તે મલકો શા માટે.
અમે દીકરો પરણાવીએ તે માટે.
સહી સહી રે સોના સોગઠિયા.

**માંડવા મુહૂર્ત : (ગ્રહશાંતિ) :**

★ લીલી દાંડી ને પીળો માંડવો,
લીલાં નાગરવેલનાં પાન મોટા રે ઘરનો માંડવો
બેસે રાજા ને બેસે રાજિયા,
એવી બેસે મારા કયા દાદાની શોભા મોટા રે ઘરનો માંડવો.
કે માંડવો નાગરવેલે છાંયો રે માંડવો ઘણો શોભે
કે માંડવો કયા દાદા બેસે રે માંડવો ઘણો શોભે

કે માંડવો કઈ માતા બેસે રે માંડવો ઘણો શોભે.
આ રે નીલે નાળિયેર છાંયો, મોતીડે વધાયો મછરણ માંડવો
ઈ રે માંડવે અંબાલાલ દાદો માલે, નીરૂમાતા શેરડીયુમાં સંચરજે

**મામેરું :**

★ ઝાંપા વચ્ચે ચાંપલિયો રોપાવે મારી આઈના
ચાંપલિયે તો ચડી ચડી જોવું વીરની વાટ્ટ,
કોણ આવ્યું ને કોણ આવશે મારી આઈના
દાદો આવ્યા ને માતા આવશે મારી આઈના.

★ રાણા રાળટીયા મામેરા આવ્યા રે,
બેનની માતા મામેરા વધાવે રે,
આજ મોટાનાં મામેરાં આવ્યાં રે,
બેનના દાદા મામેરા ઉતરાવે રે, મામેરાં આવ્યાં રે.

★ સુરત શહેરથી સોનું મંગાવો અમદાવાદી રૂપું રે,
હોસિલા મામા મોસાળા પુરાવો માણરાજ
ચાગલડા મારા કઈ બેનને ચૂંદડી પેરવા જોઈશે રે,
હોસિલા મામા મોસાળા પુરાવો માણરાજ
ચૂંદડી પેરી ફરવા નીસર્યા ઊડ્યો કસુંબીનો છાંટો રે,
હોસિંલા મામા મોસાળા પુરાવો માણારાજ

★ મારો ભર્યો રે માંડવડો ગાજે છે.
મારો કયો ભાઈ મેહને ઘોડે વરસે છે.
મારી કઈ મામી વીજળી ઝબૂકે છે.
મારી કાઈ બેન પહેરામણી પેરે છે.

**તેલ સીંચવા :**

★ અવળી હવળી ઘાણીમાં તેલ કઢાવો,
ઈ તેલ મોગરા વેચાશે,
ઈ તેલ પાયલાનો પાશેરો,
ઈ તેલ કયા ભાઈ શીરે ચડશે.

★ મામા-મામી સૂતાં છો કે જાગો,
ભાણેજને પાટેથી ઉઠાડો.

□□□



ડૉ. દિવ્યા પટેલ
જન્મ તારીખ : ૨૩-૧૧-૧૯૮૫
વતન : કોઠીકંપા, તા. વડાલી, જિ. સાબરકાંઠા

શિક્ષણ :

- ધોરણ ૧ થી ૯ સુધી વડાલી.
- ધોરણ ૧૦થી ૧૨ ખેડબ્રહ્મા.
- બી. એ. (ઇતિહાસ) ૨૦૦૬, આર્ટ્સ કૉલેજ, વડાલી.
- એમ. એ. (ઇતિહાસ) ૨૦૦૮, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ.
- બી.એડ. (ઇતિહાસ) ૨૦૧૦, કૉલેજ ઓફ એજ્યુકેશન, દરામલી.
- પીએચ.ડી. (ઇતિહાસ) ૨૦૧૧, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ.
- એમ.ફીલ. (ઇતિહાસ) ૨૦૧૨, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ.

લેખનકાર્ય :

- 'શબ્દસર', 'વિ-વિદ્યાનગર' જેવાં સામયિકોમાં લેખોનું પ્રકાશન.
- 'રિસન્ટ થૉટ્સ', 'ઇન્ટરનેશનલ રિસર્ચ ઍક્સપો' જેવા નેશનલ જર્નલ્સમાં લેખોનું પ્રકાશન.
- 'પાટીદારગાથા', 'સાબરકાંઠા જિલ્લાનો કચ્છ કડવા પાટીદાર સમાજ', 'વિશ્વયુદ્ધ : આરંભ અને અંત' વગેરે પુસ્તકોનું પ્રકાશન .

# સાબરકાંઠા જિલ્લાનો
# **કચ્છ કડવા પાટીદાર સમાજ**

**ડૉ. દિવ્યા પટેલ**

જ્ઞાનમંદિર પ્રકાશન
ISBN 978-93-82614-03-6

[redacted]